# સ્વાધ્યાય સંચય

# સ્વાધ્યાય સંચય

ૐ

શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર

લામ રોડ, દેવલાલી (જિ. નાસિક)

**પ્રકાશક :**
જયસિંહ નારણદાસ
મેનેજિંગ ટ્રસ્ટી,
શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર,
લામ રોડ, દેવલાલી–૪૨૨ ૪૦૧.
(જિ. નાસિક)

વિક્રમ સંવત ૨૦૪૩
ઈસવી સન ૧૯૮૭
પાંચમી આવૃત્તિ
પ્રત ૬૦૦૦

**ફોટો ટાઈપ સેટિંગ :**
બિપિનભાઈ ગાલા
અનામિકા ટ્રેડિંગ કું.
નવનીત ભવન, શારદાશ્રમ પાસે,
ભવાનીશંકર રોડ,
દાદર, મુંબઈ–૪૦૦ ૦૨૮.
(ફોન : ૪૩૦ ૭૨ ૮૬)

**મુદ્રક :**
ડી. એમ. બાગવે
પેરેમાઉન્ટ લીથો ઑફસેટ
મુંબઈ.

# * પ્રકાશકીય નિવેદન *

શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, દેવલાલીથી પ્રકાશિત થયેલી "સ્વાધ્યાય સંચય"ની ચાર આવૃત્તિઓની બધી પ્રતો અલ્પ સમયમાં ખપી જતાં અને જિજ્ઞાસુ-મુમુક્ષુઓની સતત માગણી રહેતાં આ પાંચમી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમો આનંદ અનુભવીએ છીએ.

આ ગ્રંથમાં જ્ઞાનાવતાર વૈરાગ્યમૂર્તિ આત્મજ્ઞાનસંપન્ન, શ્રીમદ્ રાજચંદ્રજીની શુદ્ધાત્માનુભૂતિજન્ય તત્ત્વસભર અમૃતવાણીની પ્રસાદીરૂપ થોડી ગદ્ય-પદ્ય કૃતિઓ પ્રારંભમાં આપવામાં આવી છે, જે આત્માર્થી સજ્જનોની સત્તત્ત્વદર્શનની પિપાસા બુઝાવે તેવી અને મોક્ષમાર્ગ-પુષ્ટિ-અવલંબન થઈ પડે તેવી છે. આત્માનુભવથી સંપ્રાપ્ત અનુભવસિદ્ધ કથન તો કોઈ અપૂર્વ ચમત્કૃતિભરી અસર કરી દે છે.

"આત્મસિદ્ધિશાસ્ત્ર" તો આ દિવ્ય આત્મદ્રષ્ટાની પરમ અમર કૃતિઓમાં મૂર્ધન્ય સ્થાને છે. તેમાં શ્રુતસાગરનું મંથન કરીને તત્ત્વનવનીત, આત્મલક્ષી મુમુક્ષુઓને અર્પણ કરેલું છે. કોઈ પણ આત્માર્થીને સાક્ષાત્ "આત્મસિદ્ધિ" પમાડવામાં આ શાસ્ત્ર મહાન નિમિત્ત બને તેવું છે. તદુપરાંત શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી, શ્રી યશોવિજયજી તથા શ્રી મોહનવિજયજી કૃત, વર્તમાન ચોવીશી, વીસ વિહરમાન તીર્થંકર તથા ગત ચોવીશીનાં સ્તવનો તથા તેમનાં અન્ય પદો આત્મસંવેદનયુક્ત છે. તેમાં માધુર્ય છે, ઓજસ છે. તેમાં ઊછળતી તત્ત્વજ્ઞાનની છોળો અને મધુર રવ કરતું, ખળખળ વહેતું અમૃતઝરણું મુમુક્ષુઓનાં હૃદયોને ભક્તિરસથી ભરી દે છે.

આત્મહિતના હેતુભૂત અધ્યાત્મવાણી તથા ભક્તિરસનાં કાવ્યોનો પ્રવાહ આ પુસ્તકમાં વહી રહ્યો છે. તે અધ્યાત્મરસના પાનથી જિજ્ઞાસુ આત્માઓ પરમ તૃપ્તિ અનુભવશે.

આ પસ્તકનાં પદ્યોની ગોઠવણી તથા સંકલનથી માંડીને બાઈન્ડિંગ સુધીની વ્યવસ્થા અને પ્રૂફો સુધારવાનું કાર્ય ખૂબ જ ઉલ્લાસભાવથી કરવા બદલ પ્રવીણચંદ્ર પ્રાણલાલ મહેતાના અમે આભારી છીએ.

આ પુસ્તકનું સુંદર મુદ્રણકાર્ય બનતી ત્વરાથી કરી આપવા માટે શ્રી શાંતિભાઈ ગાલા (નવનીત પ્રકાશન કેન્દ્ર, અમદાવાદ)ના અમે આભારી છીએ.

અંતમાં, મુમુક્ષુ આત્માઓ પુસ્તકમાં રહેલા સાચા ભાવને સમજીને, સ્વભાવસન્મુખ થઈને, શાશ્વત સહજ અનંત આનંદના ભોગી બને એ અભ્યર્થના.

દેવલાલી,
તા. ૧૬-૧૧-૧૯૮૬.

સંત ચરણોપાસક
જયસિંહ નારણદાસ

# અનુક્રમણિકા


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| અહો! સત્પુરુષનાં વચનામૃત | ... | ૧ |
| **આજ્ઞા ભક્તિ :** પરમકૃપાળુ દેવની આજ્ઞા માન્ય છે. | ... | ૨ |
| અહો શ્રી સત્પુરુષ કે – મંગળાચરણ | ... | ૩ |
| અનંત અનંત ભાવ ભેદથી – જિનેશ્વરની વાણી | ... | ૪ |
| તીન ભુવન ચૂડારતન – પ્રાતઃકાળની ભાવનાનાં પદો | ... | ૪ |
| અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત – આત્મજાગૃતિનાં પદો | ... | ૫ |
| જડ ને ચૈતન્ય – જડ-ચેતન વિવેક | ... | ૬ |
| ત્રણ મંત્રની માળા | ... | ૬ |
| હે પ્રભુ, હે પ્રભુ – શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય | ... | ૭ |
| યમનિયમ સંજમ–કૈવલ્ય બીજ શું? | ... | ૯ |
| ક્ષમાપના – હે ભગવાન! હું બહુ ભૂલી ગયો | ... | ૧૦ |
| આત્માનાં છ પદનો પત્ર | ... | ૧૨ |
| વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ | ... | ૧૫ |
| મહાદેવ્યાઃ કુક્ષિરત્નં – પ્રાતઃકાળની સ્તુતિ | ... | ૧૬ |
| અહો! અહો! શ્રી સદ્ગુરુ – વંદન તથા પ્રણિપાતસ્તુતિ | ... | ૧૯ |
| સદ્ગુરુ પદમેં સમાત હૈ, – શ્રી સદ્ગુરુ સ્તુતિ | ... | ૨૦ |
| પ્રથમ નમું ગુરુરાજને – શ્રી સદ્ગુરુ ઉપકાર-મહિમા | ... | ૨૧ |
| વીરજીને ચરણે લાગું – શ્રી મહાવીરસ્વામી-સ્તવન | ... | ૨૨ |
| કૌન ઉતારે પાર – શ્રી પ્રભુ-ઉપકાર | ... | ૨૩ |
| આલોચના પાઠ | ... | ૨૩ |
| સામાયિક પાઠ (છ આવશ્યક કર્મ) | ... | ૨૬ |
| સદ્ગુરુ શ્રોત્રિય–મેરી ભાવના | ... | ૩૨ |
| શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર સ્તુતિ | ... | ૩૪ |
| શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર – જે સ્વરૂપ સમજ્યા વિના | ... | ૩૪ |

| વિષય | | પૃષ્ઠ |
| --- | --- | --- |
| અપૂર્વ અવસર–પરમપદપ્રાપ્તિની ભાવના | ... | ૪૭ |
| મૂળ મારગ સાંભળો જિનનો રે–મૂળમાર્ગ રહસ્ય | ... | ૫૧ |
| સાયંકાળની સ્તુતિ તથા દેવવંદન | ... | ૫૨ |
| આરતી (૧) જય જય આરતી સદ્‌ગુરુરાયા | ... | ૫૫ |
| આરતી (૨) જય દેવ, જય દેવ | ... | ૫૬ |
| મંગલ દીવો (૧) દીવો રે દીવો | ... | ૫૬ |
| મંગલ દીવો (૨) દીવો રે દીવો | ... | ૫૭ |
| પરમકૃપાળુ દેવ પ્રતિ | ... | ૫૮ |

## શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત પદો

| | | |
| --- | --- | --- |
| શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજ મન–મંગળ કળશ | ... | ૫૮ |
| શુભ શીતળતામય છાંય રહી–ભક્તિનો ઉપદેશ | ... | ૫૯ |
| બિના નયન પાવે નહીં–શ્રી સદ્‌ગુરુકૃપા માહાત્મ્ય | ... | ૬૦ |
| બહુ પુણ્ય કેરા પુંજથી–અમૂલ્ય તત્ત્વવિચાર | ... | ૬૧ |
| નીરખીને નવયૌવના–બ્રહ્મચર્ય વિષે સુભાષિત | ... | ૬૨ |
| ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા–ગ્રંથારંભ | ... | ૬૨ |
| નાભિનંદનનાથ | ... | ૬૩ |
| જળહળ જ્યોતિ સ્વરૂપ તું–પ્રભુ પ્રાર્થના | ... | ૬૩ |
| સંસારમાં મન અરે | ... | ૬૪ |
| પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને–(શ્રી શાંતિનાથ ભગવાન સ્તુતિ) | ... | ૬૫ |
| શાંતિ કે સાગર અરુ–મુનિને પ્રણામ | ... | ૬૫ |
| મોતી તણી માળા–કાળ કોઈને નહિ મૂકે | ... | ૬૫ |
| સાહ્યબી સુખદ હોય–ધર્મ વિષે | ... | ૬૭ |
| ધર્મ તત્ત્વ જો પૂછ્યું મને–સર્વમાન્ય ધર્મ | ... | ૬૯ |
| મોહિનીભાવ વિચાર અધીન થઈ–સામાન્ય મનોરથ | ... | ૭૦ |
| હતી દીનતાઈ ત્યારે--તૃષ્ણાની વિચિત્રતા | ... | ૭૧ |
| તપોપધ્યાને રવિરૂપ થાય–પૂર્ણમાલિકા મંગલ | ... | ૭૨ |

વિષય પૃષ્ઠ

## ભાવનાઓ વિશેષાર્થ


| | |
|---|---|
| વિદ્યુત લક્ષ્મી | ... ૭૨ |
| લઘુ વયથી અદ્‌ભુત થયો | ... ૭૭ |
| ભિન્ન ભિન્ન મત દેખીએ | ... ૭૮ |
| લોક પુરુષસંસ્થાને કહ્યો | ... ૭૮ |
| આજ મને ઉછરંગ અનુપમ | ... ૮૦ |
| હોત આસવા પરિસવા | ... ૮૧ |
| મારગ સાચા મિલ ગયા | ... ૮૧ |
| બીજાં સાધન બહુ કર્યાં | ... ૮૨ |
| જડ ભાવે જડ પરિણમે—જડ-ચેતન વિવેક | ... ૮૨ |
| જિનવર કહે છે જ્ઞાન તેને | ... ૮૩ |
| પંથ પરમપદ બોધ્યો | ... ૮૪ |
| ધન્ય રે દિવસ આ અહો! | ... ૮૫ |
| સદ્‌ગુરુના ઉપદેશથી | ... ૮૬ |
| ઈચ્છે છે જે જોગી જન—અંતિમ સંદેશ | ... ૮૬ |
| કર્મગતિ વિચિત્ર છે | ... ૮૮ |
| દુર્લભ એવો મનુષ્ય દેહ | ... ૮૮ |
| આઠ યોગદષ્ટિની સજ્ઝાય—શ્રી યશોવિજયજી | ... ૮૯ |
| ધન્ય રે દિવસ આ અહો!—(જિનવર દર્શન) | ... ૯૭ |
| વૈરાગ્ય મણિમાળા—(કૃપા પરમ કૃપાળુની) | ... ૧૦૦ |
| રત્નાકર પચ્ચીસી—(સ્વદોષ-દર્શન) | ... ૧૦૫ |
| આલોચના અધિકાર—બહિરાત્મભાવે હે! પ્રભુ | ... ૧૦૯ |
| આત્માર્થે કરીએ ખામના—આલોચના પદો | ... ૧૨૦ |
| કીધાં હશે કુકર્મ દેહે—આલોચના પદો | ... ૧૨૧ |
| આ ભવ ને ભવોભવ મહીં (મિચ્છા મિ દુક્કડં) | ... ૧૨૧ |
| પ્રાર્થના | ... ૧૨૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ક્ષમાપનાના પત્રો (શ્રીમદ્ રાજચંદ્ર) | ... ૧૨૩ |
| હે! નાથ, ભૂલી હું—ક્ષમાપના પાઠનું પદ્ય | ... ૧૨૮ |
| શ્રી બૃહદ્ આલોયણા (શ્રી લાલાજી રણજીતસિંહજીકૃત) | ... ૧૩૦ |
| ચાર કષાયોની સજ્ઝાય–ક્રોધ, માન, માયા અને લોભ | ... ૧૪૯ |
| સામાયિક પાઠ–સૌ પ્રાણી આ સંસારનાં (શ્રી અમિત ગતિ આચાર્યકૃત) | ૧૫૨ |
| શ્રી ભક્તામર સ્તોત્ર–શ્રી માનતુંગાચાર્ય વિરચિત | ... ૧૫૭ |
| શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર–શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત | ... ૧૬૫ |
| શ્રી મહાવીરાષ્ટક સ્તોત્ર–(કવિ ભાગચંદ્રજી વિરચિત) | ... ૧૭૩ |
| મૂંગા વાચા પામતા | ... ૧૭૪ |
| **<u>ભક્તિના છંદો</u>** | |
| સહજાત્મસ્વરૂપ ટાળો ભવકૂપ | ... ૧૭૫ |
| જય જગતત્રાતા જગતભ્રાતા | ... ૧૭૬ |
| દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી | ... ૧૭૬ |
| અહો! રાજચંદ્ર દેવ | ... ૧૭૭ |
| આજ દેવદિવાળીનો દાડો રે, ગુરુ ગુણ ગાવાને | ... ૧૭૮ |
| આવ્યું આવ્યું અનુપમ નાવ, ભવજલ તરવાને | ... ૧૭૯ |
| જિન શાસનના જ્યોતિર્ધર સોહામણા | ... ૧૮૦ |
| મને મળિયા શ્રી સદ્‌ગુરુ રાયા રે | ... ૧૮૧ |
| હાં રે મારે સજની ટાણું આવ્યું છે | ... ૧૮૩ |
| પરકમ્મા કરીને લાગું પાય રે, સદ્‌ગુરુજી મારા | ... ૧૮૩ |
| ચાલો રે સખી સદ્‌ગુરુ જોવાને જઈએ રે | ... ૧૮૪ |
| લાખ લાખ દીવડાની જ્યોત પ્રગટાવજો | ... ૧૮૫ |
| ગુરુ ઘેર આવ્યા તે દિવાળી | ... ૧૮૬ |
| ધન્ય ગુરુરાજ! બોધિસમાધિનિધિ! | ... ૧૮૮ |
| આજ મારા સભામંડપમાં મોતીના મેહ વરસ્યા રે | ... ૧૮૯ |
| સંકટ સહી સમભાવ, રૂડા રાજને ભજીએ | ... ૧૯૦ |
| શ્રી સહજાત્મ સ્વરૂપ છો, સદ્‌ગુરુ રાજ | ... ૧૯૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|


સહજાત્મ સ્વરૂપ સુણો વિનંતી રે ... ૧૯૨
અતિ આનંદકારી જનહિતકારી ... ૧૯૪
જન્મ્યા કળિકાળ કેવળી ... ૧૯૫
પતિ પરમકૃપાળુ મારા રે—બ્રહ્મચારીજી રચિત સ્તુતિ ... ૧૯૭
લગની તો સદ્‌ગુરુ શું લાગી ... ૧૯૮
હે કૃપાળુ પ્રભુ આપજો આટલું અન્ય ના ... ૧૯૮
શ્રી દેવદિવાળી પર્વનો મહોત્સવ મંડાય ... ૧૯૯
આતમ સાખે ધર્મ જે, તિહાજનનું શું કામ? ... ૧૯૯
દેવ કૃપાળુ દેવ! શ્રી રાજચંદ્ર દેવ! ... ૨૦૦
જાગી જો જીવ તું વિચાર કરી જો શું સાર સંસારમાં? ... ૨૦૦
આ સંસાર અપાર દુઃખ દરિયો ... ૨૦૧
નાથ તેરે દર્શન કી બલિહારી ... ૨૦૨
મારે માથે રાજ ધણી રૂડો ... ૨૦૩
શ્રીમદ્‌ સદ્‌ગુરુ, સેવો સેવ્ય બુદ્ધિ કરી ... ૨૦૩
શ્રી સહજાત્મ સ્વરૂપજી રે લોલ ... ૨૦૬
અખિલ બ્રહ્માંડમાં સાર તું રાયચંદ ... ૨૦૭
ધન્ય તે ભૂમિ વવાણિયા ... ૨૦૮
મંદિરના શિખરે બોલે છે મોરલા ... ૨૦૯
સુણવા યોગ્ય સુસંતની વાણી ધરી નહિ કાન ... ૨૧૦
ઝુકાવ્યું ભક્તિમાં જેણે ... ૨૧૦
આજ ગુરુરાજને ગાઈએ ગૌરવે ... ૨૧૦
રાજ હૃદયમાં રમજો નિરંતર ... ૨૧૧


## વિરહ તથા સ્મરણાંજલિ પદો


શ્રી રાજચંદ્ર શી ઝળહળ જ્યોતિ ઝળકી! ... ૨૧૧
દર્શન દ્યો ગુરુરાજ વિદેહી ... ૨૧૩
આપ વિના અકળાવે રે શ્રીમદ્‌ સદ્‌ગુરુ ... ૨૧૩

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ગુરુ રાજ આનંદધામે પધાર્યા | ... ૨૧૪ |
| સાધુચરિત ગુરુ, સ્મરણ તમારાં શાં કરું? | ... ૨૧૫ |
| સુગુરુ નિત્ય સાંભરે, વ્હાલા શ્રી સહજાત્મ સ્વરૂપ | ... ૨૧૭ |
| વિરહો નહિ રે ખમાય | ... ૨૧૮ |
| તારાં દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાંગી રે | ... ૨૧૮ |
| નાથ! હું જેવો તેવો પણ તારો | ... ૨૧૯ |
| જન્મમરણનાં દુ:ખ તણો કદી ન આવ્યો પાર | ... ૨૧૯ |
| ભૂલો ભલે બીજું બધું, ગુરુરાજને ભૂલશો નહિ | ... ૨૨૦ |
| કહો કૃપાળુ રે, કરશો કૃપા ક્યારે? | ... ૨૨૦ |
| કૌન સુધારત કાજ, રાજ બિન | ... ૨૨૧ |
| શ્રીમદ્ સદ્ગુરુ રે, શ્રી સહજાત્મ સ્વરૂપ સુખકાર | ... ૨૨૨ |
| કહો કહાં ઢૂંઢૂંજી સ્વામી | ... ૨૨૩ |
| શ્રી સહજાત્મ સ્વરૂપજી રે શ્રી શુદ્ધ ચૈતન્ય જ્યોતિ | ... ૨૨૪ |
| અમને અંત સમય ઉપકારી વ્હેલા આવજો રે | ... ૨૨૫ |
| વીતરાગી! તારી માયા લાગી રે | ... ૨૨૫ |
| મંદિરે પધારો સ્વામી સલૂણા! | ... ૨૨૬ |
| હે દીનવત્સલ રાજ! | ... ૨૨૭ |
| કરીને અમને અનાથ પ્રભુ તમે ક્યાં ગયા? | ... ૨૨૮ |
| અહો! અહો! ઉપકાર પ્રભુશ્રીના | ... ૨૩૦ |
| જ્યાં જ્યાં નજર મારી ઠરે | ... ૨૩૧ |
| ત્રીસ વરસ સુખી ઘરવાસે | ... ૨૩૨ |
| સર્વસ્વ હમારા અર્પણ હૈ | ... ૨૩૩ |
| અહો! શી શાંતરસ ઝરતી—અંતિમ સમાધિ-સાધના | ... ૨૩૪ |
| લઘુરાજ પ્રભુ મહારાજ વિનય સુન મેરી | ... ૨૩૬ |
| શી સુંદર દિવ્ય એ જ્યોતિ! | ... ૨૩૭ |
| ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુકૃપાનાં ગાન | ... ૨૩૮ |
| શા સ્મરીએ ઉપકાર! પ્રભુ તુજ | ... ૨૩૯ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| અંગૂઠે સૌ તીરથ વસતાં, સંતશિરોમણિ રૂપેજી | ... ૨૪૧ |
| મલકતું મુખ પ્રભુશ્રીનું | ... ૨૪૨ |
| ઓથ હમારે હે ગુરુ! એક જ આપની | ... ૨૪૩ |
| શું શરણ અજ્ઞાની જનોનું કે કુદેવ ધનાદિનું? | ... ૨૪૪ |
| રે મૂર્ખ કોઈ લાગતામાં તેલ રેડી ઓળાવે | ... ૨૪૪ |
| મન મંદિર આવો રે | ... ૨૪૫ |
| ચિંતવ પદ પરમાત્મ પ્યારે | ... ૨૪૫ |
| તુંને સંસારસુખ કેમ સાંભરે રે લોલ | ... ૨૪૫ |
| કૃપાળુ દેવને વંદી, ખમાવું સર્વ જીવોને—ક્ષમાપના | ... ૨૪૮ |
| કીચસૌ કનક જાકૈ નીચસૌ નરેસપદ—પરમપુરુષદશાવર્ણન | ... ૨૪૮ |


**શ્રી આનંદઘનજી, શ્રી દેવચંદ્રજી, શ્રી યશોવિજયજી તથા**
**શ્રી મોહનવિજયજીકૃત વર્તમાન ચોવીસીનાં જિન સ્તવનો**


| | |
|---|---|
| ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે | ... ૨૪૯ |
| ઋષભ જિણંદશું પ્રીતડી | ... ૨૫૦ |
| બાળપણે આપણ સસનેહી | ... ૨૫૧ |
| પંથડો નિહાળું રે બીજા જિનતણો રે | ... ૨૫૨ |
| અજિત જિણંદશું પ્રીતડી | ... ૨૫૨ |
| અજિત અજિત જિન અંતરજામી | ... ૨૫૩ |
| સમકિત દાતા સમકિત આપો | ... ૨૫૫ |
| અભિનંદનજિન દરિશણ તરસીએ | ... ૨૫૬ |
| કયું જાણી કયું બની આવશે? | ... ૨૫૬ |
| સુમતિચરણકજ આતમઅરપણા | ... ૨૫૭ |
| સુમતિનાથ ગુણશું મિલીજી | ... ૨૫૮ |
| પ્રભુજીશું બાંધી પ્રીતડી | ... ૨૫૯ |
| પદ્મપ્રભ જિન, તુજ-મુજ આંતરુ રે | ... ૨૬૦ |
| શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે | ... ૨૬૦ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા | ... ૨૬૧ |
| શ્રી સુપાસ જિન વંદિયે | ... ૨૬૨ |
| શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવનશિરતાજ | ... ૨૬૨ |
| શ્રી ચંદ્રપ્રભ જિનપદ-સેવા | ... ૨૬૩ |
| ચંદ્રપ્રભ જિન સાહેબા રે | ... ૨૬૪ |
| સુવિધિ જિણેસર પાય નમીને | ... ૨૬૫ |
| દીઠો સુવિધિ જિણંદ | ... ૨૬૬ |
| અરજ સુણો એક સુવિધિ જિણેસર | ... ૨૬૭ |
| શીતલ જનપતિ લલિત ત્રિભંગી | ... ૨૬૮ |
| શીતલ જનપતિ પ્રભુતા પ્રભુની | ... ૨૬૯ |
| શ્રી શીતલજિન ભેટિયે | ... ૨૭૦ |
| શ્રી શ્રેયાંસજિન અંતરજામી | ... ૨૭૦ |
| તુમે બહુમૈત્રી રે સાહેબા, મારે તો મન એક | ... ૨૭૧ |
| શ્રેયાંસ જિન સુણો સાહિબા રે, જિનજી! | ... ૨૭૨ |
| વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી | ... ૨૭૨ |
| પૂજના તો કીજે રે બારમા જિનતણી રે | ... ૨૭૩ |
| સ્વામી તુમે કાંઈ કામણ કીધું | ... ૨૭૪ |
| પ્રભુજીશું લાગી હો પૂરણ પ્રીતડી | ... ૨૭૪ |
| દુ:ખ દોહગ દૂરે ટળ્યાં રે | ... ૨૭૬ |
| વિમલજિન, વિમલતા તાહરીજી | ... ૨૭૬ |
| સેવો ભવિયાં વિમલ જિણેસર | ... ૨૭૭ |
| વિમલજિનંદશું જ્ઞાનવિનોદી | ... ૨૭૮ |
| ધાર તરવારની સોહ્યલી દોહ્યલી | ... ૨૭૮ |
| શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં | ... ૨૮૦ |
| અનંત જિણંદશું વિનતિ | ... ૨૮૦ |
| અનંત જિણંદ અવધારીએ | ... ૨૮૧ |
| ધર્મ જિનેસર ગાઉ રંગશું | ... ૨૮૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ધર્મ જગનાથનો ધર્મ | ... ૨૮૨ |
| થાશું પ્રેમ બન્યો છે રાજ | ... ૨૮૪ |
| હાં રે મારે ધર્મજિણંદશું લાગી | ... ૨૮૫ |
| શાંતિ જિન, એક મુજ વિનતિ | ... ૨૮૬ |
| જગત દિવાકર જગત કૃપાનિધિ | ... ૨૮૭ |
| ધન્ય દિન વેલા, ધન્ય ઘડી તેહ | ... ૨૮૮ |
| મનડું કિમહિ ન બાજે હો | ... ૨૮૯ |
| સમવસરણ બેસી કરી રે | ... ૨૯૧ |
| સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ | ... ૨૯૧ |
| કુંથુજિણંદ કરુણા કરો | ... ૨૯૧ |
| મુજ અરજ સુણો મુજ પ્યારા | ... ૨૯૨ |
| શ્રી અરજિન ભવજલનો તારુ | ... ૨૯૩ |
| અરનાથ અવિનાશી, હો સુવિલાસી | ... ૨૯૪ |
| સેવક કિમ અવગણિયે, હો મલ્લિજિન | ... ૨૯૫ |
| સુગુરુ સુણી ઉપદેશ ધ્યાયો દિલ મેં | ... ૨૯૬ |
| મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો | ... ૨૯૮ |
| મુનિસુવ્રત જિન વંદતાં | ... ૨૯૯ |
| હો પ્રભુ મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો | ... ૨૯૯ |
| ષટ્ દરિસણ જિનઅંગ ભણી જે | ... ૩૦૦ |
| શ્રી નમિ જિનની સેવા કરતાં | ... ૩૦૧ |
| આજ નમિ જિનરાજને કહીએ | ... ૩૦૨ |
| અષ્ટભવાંતર વાલહી રે | ... ૩૦૩ |
| નેમિ જિણેસર નિજ કારજ કર્યું | ... ૩૦૫ |
| તોરણથી રથ ફેરી ગયા રે હાં | ... ૩૦૫ |
| કાં રથ વાળો હો રાજ | ... ૩૦૬ |
| ધ્રુવપદ રામી હો સ્વામી માહરા | ... ૩૦૮ |

**વિષય** **પૃષ્ઠ**


સહજગુણ આગરો, સ્વામી સુખસાગરો ... ૩૦૯
વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે ... ૩૧૦
વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા ... ૩૧૧
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે ... ૩૧૧
ચરમજિણેસર વિગત સ્વરૂપનું રે ... ૩૧૨
વીર જિનેશ્વર પરમેશ્વર જ્યો, જગ જીવન જિન ભૂપ ... ૩૧૩
તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી ... ૩૧૪
ચોવીશે જિનગુણ ગાઈએ ... ૩૧૫
ગિરુઆ રે ગુણ તુમ તણા ... ૩૧૬
દુર્લભ ભવ દોહીલો રે ... ૩૧૬


**શ્રી દેવચંદ્રજી તથા શ્રી યશોવિજયજીકૃત વિહરમાન જિન સ્તવનો, શ્રી યશોવિજયજીકૃત વર્તમાન ચોવીશી તથા શ્રી દેવચંદ્રજીકૃત ગત ચોવીશીનાં જિન સ્તવનો**


શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો ... ૩૧૭
ઋષભ જિનંદા, ઋષભ જિનંદા ... ૩૧૮
પ્રણમું ચરણ પરમ ગુરુજિનના ... ૩૧૮
બાહુજિણંદ દયામયી, વર્તમાન ભગવાન, પ્રભુજી ... ૩૧૯
સાહિબ બાહુ જિણેસર, વીનવું, વિનતડી અવધાર હો ... ૩૨૦
સેનાનંદન સાહિબ સાચો રે ... ૩૨૧
શ્રી સુબાહુજિન અંતરજામી, મુજ મનનો વિશરામી રે ... ૩૨૧
આત્મપ્રદેશ રંગ થલ અનોપમ ... ૩૨૨
સ્વામી સુજાત સુહાયા, દીઠા આણંદ ઉપાયા રે ... ૩૨૨
સાચો સ્વામી સુજાત, પૂરવ અરધ જ્યોરી ... ૩૨૩
સુમતિનાથ દાતાર, કીજે ઓળગ તુમ તણી રે ... ૩૨૪
ધન્ય તું ધન્ય તું ... ૩૨૪
પદ્મપ્રભજિન સાંભળો, કરે સેવક એ અરદાસ હો ... ૩૨૬

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| જગતારક પ્રભુ વીનવું, વિનતડી અવધાર રે | ... ૩૨૬ |
| શ્રી ઋષભાનન વંદિયે, અચલ અનંત ગુણવાસ જિનવર | ... ૩૨૭ |
| શ્રી સુપાર્શ્વ જિનરાજનો રે | ... ૩૨૮ |
| સેમુખ મુખ પ્રભુનો ન મળી શક્યો | ... ૩૨૮ |
| અનંતવીરજ જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંત રે | ... ૩૩૦ |
| જિમ મધુકર મન માલતી રે | ... ૩૩૧ |
| મોરા સ્વામી ચંદ્રપ્રભજિનરાય | ... ૩૩૧ |
| જિમ પ્રીતિ ચંદ્ર ચકોરને | ... ૩૩૨ |
| દેવ વિશાલ, જિણંદની, તમે ધ્યાવો તત્ત્વસમાધિ રે | ... ૩૩૨ |
| શીતલજિન તું મુજ વિચિ આંતરું | ... ૩૩૩ |
| અતિ રૂડી રે અતિ રૂડી, જિનજીની થિરતા અતિ રૂડી | ... ૩૩૩ |
| વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ | ... ૩૩૪ |
| શ્રેયાંસ જિનેશ્વર દાતાજી, સાહિબ સાંભળો | ... ૩૩૫ |
| નમિ નમિ નમિ નમિ વીનવું, સુગુણ સ્વામી જિણંદ નાથ રે | ... ૩૩૬ |
| વાસુપૂજ્ય જિન વાહલા રે | ... ૩૩૭ |
| દીઠો દરિશણ શ્રી પ્રભુજીનો | ... ૩૩૭ |
| ચંદ્રબાહુજિન સેવના, ભવનાશિની તેહ | ... ૩૩૮ |
| વિમળનાથ મુજ મન વસે | ... ૩૩૯ |
| ભુજંગદેવ ભાવે ભજો | ... ૩૩૯ |
| શ્રી અનંત જિન સેવિયે રે લાલ | ... ૩૪૦ |
| શિવગતિ જિનવરદેવ સેવા આ દોહિલી | ... ૩૪૦ |
| સેવો ઈશ્વર દેવ, જિણે ઈશ્વરતા હો નિજ અદ્‌ભુત વરી | ... ૩૪૧ |
| નૃપ ગજસેન જસોદા માત | ... ૩૪૨ |
| ધરમનાથ તુજ સરીખો સાહિબ શિર થકે રે | ... ૩૪૨ |
| કરો સાચા રંગ જિનેશ્વરુ | ... ૩૪૩ |
| જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો | ... ૩૪૪ |
| વીરસેન જગદીશ, તાહરી પરમ જગીશ | ... ૩૪૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સુખદાયક સાહિબ સાંભળો | ... ૩૪૬ |
| મહાભદ્ર જિનરાજ, રાજ રાજ વિરાજે હો આજ | ... ૩૪૬ |
| દેવરાયનો નંદ, માત ઉમા મનચંદ | ... ૩૪૭ |
| અરજિન દરિશન દીજીયેજી | ... ૩૪૮ |
| ચંદ્રયશાજિન રાજીઓ, મનમોહન મેરે | ... ૩૪૮ |
| મલ્લિય જિણેસર મુજને તુમે મિલ્યા | ... ૩૪૯ |
| અજીતવીર્ય જિન વિચરતા રે | ... ૩૪૯ |
| આજ સફળ દિન મુજ તણો | ... ૩૫૦ |
| હું તો પ્રભુ વારિ છું તુમ મુખની | ... ૩૫૦ |
| વંદો વંદો રે જિનવર વિચરંતા વંદો | ... ૩૫૧ |
| મુજ મન પંકજ ભ્રમર લે | ... ૩૫૨ |
| કહા કિયો તુમે કહો મેરે સાંઈ | ... ૩૫૨ |
| ચઉ કષાય પાતાલ કળશ જિહાં, તિસના | ... ૩૫૩ |
| દુઃખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે | ... ૩૫૩ |
| **શ્રી યશોવિજયજીકૃત સ્તવનો** | |
| ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો | ... ૩૫૪ |
| ઋષભદેવ હિતકારી, જગતગુરુ ઋષભદેવ હિતકારી | ... ૩૫૬ |
| અજિત દેવ મુજ વાહાલા | ... ૩૫૭ |
| સંભવ જિન જબ નયન મિલ્યો હો | ... ૩૫૭ |
| પ્રભુ! તેરે નયન કી બલિહારી | ... ૩૫૮ |
| ઘડી ઘડી સાંભરે સાંઈ સલૂના | ... ૩૫૯ |
| ઐસે સ્વામી સુપાર્શ્વ સે દિલ લગા | ... ૩૫૯ |
| શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે | ... ૩૬૦ |
| મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ | ... ૩૬૦ |
| હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં | ... ૩૬૧ |
| મેરે સાહેબ તુમ હી હો | ... ૩૬૨ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી | ... ૩૬૨ |
| રૂપ અનૂપ નિહાળી, સુમતિ જિન તાહરૂં | ... ૩૬૩ |
| મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું | ... ૩૬૪ |
| અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રીજિનરાજ નમો | ... ૩૬૬ |
| મુજને દાસ ગણીજે રાજ, પાર્શ્વજી! | ... ૩૬૬ |


**અન્ય જિન સ્તવનો**

| | |
|---|---|
| રાજુલ કહે છે શામળા | ... ૩૬૭ |
| મરુદેવીનો નંદ માહરો | ... ૩૬૯ |
| ચોવીશ દંડક વારવા, હું વારી લાલ | ... ૩૭૦ |
| મારગ દેશક મોક્ષનો રે, – શ્રી વીરપ્રભુનું દિવાળીનું સ્તવન | ... ૩૭૧ |
| મારે દિવાળી થઈ આજ – શ્રી દિવાળીનું સ્તવન | ... ૩૭૨ |
| આજ ગઈ'તી હું સમવસરણમાં | ... ૩૭૩ |
| સુણો શાંતિ જીણંદ સોભાગી | ... ૩૭૩ |
| વારસ અહો! મહાવીરના શૂરવીરતા રેલાવજો | ... ૩૭૪ |
| વર્ધમાન વચને તદા – શ્રી ગૌતમ સ્વામીનો વિલાપ-૧ | ... ૩૭૫ |
| શાસન સ્વામી સંત સ્નેહી – ગૌતમ સ્વામીનો વિલાપ-૨ | ... ૩૭૬ |


**શ્રી આનંદઘનજીનાં પદો**

| | |
|---|---|
| રીસાની આપ મનાવો રે | ... ૩૭૬ |
| આજ સુહાગન નારી, અબધૂ આજ | ... ૩૭૭ |
| નિસાની કહાં બતાવું રે | ... ૩૭૮ |
| આશા ઔરન કી કયા કીજે | ... ૩૭૮ |
| કિત જાન મતે હો પ્રાણનાથ | ... ૩૭૯ |
| મિલાપી આન મિલાવો રે | ... ૩૭૯ |
| અબ હમ અમર ભયે ન મરેંગે | ... ૩૮૦ |
| પ્રીત કી રીત નહીં હો, પ્રીતમ | ... ૩૮૦ |
| ચેતન! શુદ્ધાતમકું ધ્યાવો | ... ૩૮૦ |

**વિષય** **પૃષ્ઠ**


ચેતન! ઐસા જ્ઞાન વિચારો ... ૩૮૧
દરિસન પ્રાણજીવન મોહે દિજે ... ૩૮૧
નિરાધાર કેમ મૂકી શ્યામ મને? ... ૩૮૨
યા પુદ્ગલ કા કયા વિસવાસા ... ૩૮૨
બેહેર બેહેર નહીં આવે અવસર ... ૩૮૨
અવધૂ કયા માગૂં ગુનહીના ... ૩૮૩
અબ ચલો સંગ હમારે કાયા ... ૩૮૩


## અન્ય ભક્તિનાં પદો


હાં રે કોઈ માધવ લ્યો ... ૩૮૪
ગોવિંદો પ્રાણ અમારો રે ... ૩૮૪
પ્રીત પૂરવની રે શું કરું? ... ૩૮૫
જલદી ખબર લેના મેહરમ મેરી ... ૩૮૬
પ્રભુજી, મન માને જબ તાર ... ૩૮૭
દવ તો લાગેલ ડુંગર મેં ... ૩૮૭
વહારું મારા વીરા રે ... ૩૮૭
મારું મનડું વીંધાણું રાણા ... ૩૮૮
અબ તો મેરા રામનામ ... ૩૮૮
ઘેલાં અમે ભલે થયાં રે ... ૩૮૯
કરના ફકીરી તબ કયા દિલગીરી? ... ૩૮૯
પ્રભુ વિના બીજે ક્યાંયે સુખ નથી ... ૩૯૦
મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા ... ૩૯૦
પ્યારે દરસન દીજ્યો આપ ... ૩૯૧
હાં રે હરિ વસે હરિના જનમાં ... ૩૯૧
રામ રાખે તેમ રહિયે, ઓધવજી ... ૩૯૧
અખંડ વરને વરી સાહેલી ... ૩૯૨
તુમરે કારણ સબ સુખ છોડયા ... ૩૯૨

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| સત્સંગનો રસ ચાખ | ... ૩૯૨ |
| મોહે લાગી લટક ગુરુ-ચરનનકી | ... ૩૯૩ |
| જૂનું તો થયું રે દેવળ | ... ૩૯૩ |
| ઝેર તો પીધાં છે જાણી જાણી | ... ૩૯૩ |
| દીવડા વિના રે અંધારું, મંદિરિયામાં | ... ૩૯૪ |
| હેલી, મ્હાંસ્યુ હરિ બિન રહ્યો ન જાય | ... ૩૯૪ |
| રાણાજી! મ્હાંને યા બદનામી લાગે મીઠી | ... ૩૯૪ |
| પ્રલાપો પ્રેમીના દિલના, સનમ જાણે ધણી જાણે | ... ૩૯૫ |
| અમે ઘેલાં થયાં બાઈ રે | ... ૩૯૫ |
| એક જ દે ચિનગારી, મહાનલ! | ... ૩૯૬ |
| જીવનજ્યોત જગાવો, પ્રભુ હે! | ... ૩૯૬ |
| મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે | ... ૩૯૭ |
| ઈચ્છું નિશદિન એવું દેવ! | ... ૩૯૭ |
| દૂર કાં પ્રભુ! દોડ તું, મારે રમત રમવી નથી | ... ૩૯૮ |
| પ્રભુનું નામ રસાયણ સેવે | ... ૩૯૯ |
| ખોલો ખોલો (૨) ખોલો દયામય! | ... ૪૦૦ |
| –પ્રભો! અન્તર્યામી! | ... ૪૦૦ |
| આજની ઘડી તે રળિયામણી | ... ૪૦૧ |
| રામસભામાં અમે રમવાને ગ્યા'તા | ... ૪૦૨ |
| રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી સાધુ પુરુષને સૂઈ ન રહેવું | ... ૪૦૨ |
| જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહીં | ... ૪૦૩ |
| સંગત સંતન કી કર લે | ... ૪૦૪ |
| મન ફૂલા ફૂલા ફિરે જગત મેં | ... ૪૦૪ |
| સત્સંગનો રસ ચાખ પ્રાણી | ... ૪૦૫ |
| ભૂલ્યો મન ભમરા તું | ... ૪૦૫ |
| સમજણ વિના રે સુખ નહીં | ... ૪૦૬ |
| અંતે સંતને તેડાવે રે | ... ૪૦૭ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| હું દીન માનવ સાધનહીન છું | ... ૪૦૮ |
| વિનતી માહરી આજ પરભાતની | ... ૪૦૮ |
| વ્હાલા મારા હૈયામાં રહેજે | ... ૪૦૯ |
| પરમ કૃપાળુ દીનદયાળુ | ... ૪૧૦ |
| ચેતે તો ચેતાવું તુંને રે | ... ૪૧૦ |
| જાય છે જગત ચાલ્યું રે હો જીવ જોને | ... ૪૧૧ |
| મને મળ્યા ગુરુવર જ્ઞાની રે | ... ૪૧૨ |
| પ્રેમનો પંથ છે ન્યારો, સરવ થકી | ... ૪૧૩ |
| વ્હાલા લાગો છો વિશ્વાધાર રે | ... ૪૧૩ |
| મારે આવ્યો અલૌકિક દાવ રે | ... ૪૧૩ |
| એવી મહાપદ કેરી વાત | ... ૪૧૪ |
| હૈયાના ફૂટયા, હરિ સંગ હેતે ન કીધું | ... ૪૧૪ |
| અંધેરી દુનિયા ભજન બિના | ... ૪૧૫ |
| અમે આવ્યા તમારે આશરે અલબેલાજી | ... ૪૧૫ |
| યોગી એકીલા રે! નહિ જેને સંગ કોઈ | ... ૪૧૬ |
| હાં રે! દિલડું ડોલે નહિ રે! ડોલે નહિ | ... ૪૧૬ |
| જગત મેં ખબર નહીં પલ કી | ... ૪૧૭ |
| અબ મેં સાચો સાહિબ પાયો | ... ૪૧૮ |
| આપ સ્વભાવ મેં રે, અવધૂ સદા મગન મેં રહના | ... ૪૧૮ |
| ભલે દુશ્મન બને દુનિયા | ... ૪૧૯ |
| પ્રભુ આટલું મને આપજે, આયુષ્યની છેલ્લી ઘડી | ... ૪૨૦ |
| ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ | ... ૪૨૧ |
| ઈતના તો કર હો સ્વામી | ... ૪૨૨ |
| મૂકું પગ મહેલમાં જ્યારે | ... ૪૨૨ |
| હરિ આમ છેટા છેટા ન રહીએ | ... ૪૨૩ |
| મનોબુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાઽહં | ... ૪૨૩ |
| તારા દિલડાને પૂછી જોજે રે | ... ૪૨૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શ્રીમદ્ શ્રી ગુરુરાજનો, લહ્યો માર્ગ મેં આય | ... ૪૨૫ |
| દેખો યારોં અજબ તમાસા, ફિર વખત નહીં આનેકા | ... ૪૨૫ |
| કાયા જીવને કહે છે રે, ઓ પ્રાણપતિ! | ... ૪૨૫ |
| જીવ કાયાને સુણાવે રે, ઓ કાયા ભોળી! | ... ૪૨૬ |
| અમે મહેમાન દુનિયાનાં, તમે મહેમાન દુનિયાનાં | ... ૪૨૭ |
| ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના | ... ૪૨૮ |
| માથે કોપી રહ્યો છે કાળ રે, ઊંઘ તને કેમ આવે? | ... ૪૨૮ |
| પરમેશ્વર ઔર પરમ ગુરુ, દોનોં એક સમાન | ૪૨૯ |
| વાસના કયાં લગી રહીશ તું વળગી | ... ૪૩૦ |
| નૈન હીન કો રાહ દીખા પ્રભુ | ... ૪૩૧ |
| અબ કી ટેક હમારી | ... ૪૩૧ |
| હેત ભર્યું હૈયું અર્મીરસથી ઊછળે | ... ૪૩૨ |
| અમારે અને જગત વચ્ચે, હજારો કોસ અંતર છે | ... ૪૩૩ |
| યહ ભક્તિ મેં જો મજા થા | ... ૪૩૪ |
| મૂરખો ગાડી દેખી મલકાવે | ... ૪૩૪ |
| ડૂબા મૈં જા રહા હૂં કર પાર નૈયા મેરી | ... ૪૩૫ |
| લઈ અવતાર માનવનો, ભલું તેં શું કર્યું પરનું? | ... ૪૩૬ |
| જે કોઈ સદ્ગુરુ શરણે જાય, તેના સંશય દૂર પળાય | ... ૪૩૭ |
| કર પ્રભુ સંઘાતે દઢ પ્રીતડી રે | ... ૪૩૭ |
| દાવ છે દાવ છે દાવ છે રે | ... ૪૩૮ |
| એક છે એક છે એક છે રે | ... ૪૩૮ |
| લગની તો સદ્ગુરુ શું લાગી | ... ૪૩૮ |
| જીવનની આ પળ અણમોલ તારા અંતર પટને ખોલ | ... ૪૩૯ |
| આતમ ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ | ... ૪૪૦ |
| અબ સૌંપ દિયા ઈસ જીવન કો | ... ૪૪૧ |

| **વિષય** | **પૃષ્ઠ** |
| --- | --- |
| હું ડગલે ડગલે દંભ કરું | ... ૪૪૨ |
| મહાપ્રભુશ્રી રાજચંદ્ર પ્રગટ પુરષોત્તમરાય | ... ૪૪૨ |
| **<u>શ્રીમદ્ સદ્ગુરવે નમો નમઃ</u>** | |
| અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર | ... ૪૪૩ |
| **<u>પ્રણિપાત સ્તુતિ</u>** | |
| હે પરમકૃપાળુ દેવ | ... ૪૪૪ |
| **કક્કાવારી પ્રમાણે પદોની સૂચિ** | **... ૪૪૫** |

# સ્વાધ્યાય સંચય

ૐ

અહો! સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા
અને સત્સમાગમ!
સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર,
પડતી વૃત્તિને સ્થિર રાખનાર,
દર્શનમાત્રથી પણ નિર્દોષ
અપૂર્વ સ્વભાવને પ્રેરક,
સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ,
અને પૂર્ણ વીતરાગ
નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત;
છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી
અનંત અવ્યાબાધ સ્વરૂપમાં
સ્થિતિ કરાવનાર!
ત્રિકાળ જયવંત વર્તો!
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

—શ્રીમદ્ રાજચંદ્ર (પ. ૮૭૫)

## "શ્રી લઘુરાજસ્વામી(પ્રભુશ્રી)ના કહેવાથી મારે પરમકૃપાળુ દેવની આજ્ઞા માન્ય છે."

## "સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ"

"जिणाणाय कुणंताणं सव्वंपि मोक्खकारणं।
सुंदरपि सुबुद्धिए सव्वं भवणिबंधणं।।"

જિનેશ્વરની આજ્ઞાનુસાર જે જે કરવામાં આવે છે તે સર્વે મોક્ષના કારણરૂપ છે. તે સિવાય અન્ય સુંદર દેખાતું છતાં પણ પોતાની બુદ્ધિએ–સ્વમતિ–કલ્પનાએ જે જે કરવામાં આવે છે તે સર્વ સંસાર વધારનાર છે. શ્રી લઘુરાજસ્વામી(પ્રભુશ્રી)ના કહેવાથી મારી મતિ-કલ્પનાનો ત્યાગ કરી હું તે શ્રીમદ્ રાજચંદ્ર પરમાત્માને સાચો મોક્ષમાર્ગ બતાવનાર અને અનન્ય શરણના આપનાર ગણી તેનું શરણ ગ્રહું છું.

મેં તો આત્મા જાણ્યો નથી, પરંતુ યથાતથ્ય જ્ઞાનીએ (પરમકૃપાળુ દેવે અને અનંતા જ્ઞાનીએ) એ જાણ્યો છે, તેવો મારો આત્મા છે. જ્ઞાનીએ (પરમકૃપાળુ દેવે) જે આત્મા દીઠો છે તે જ મારે માન્ય છે. તે પ્રાપ્ત કરવા તેમનું જ મારે શરણ માન્ય છે. આટલા ભવ મારે તો એ જ કરવું છે. એ જ માનવું છે કે પરમકૃપાળુએ જે આત્મા જાણ્યો, જોયો, અનુભવ્યો, તેવો મારો આત્મા શુદ્ધ, સિદ્ધ સમાન છે. તે મેં જાણ્યો નથી પણ માન્યતા, વિશ્વાસ, શ્રદ્ધા, પ્રતીતિ, રોમરોમ એ જ કરવી છે. આટલો ભવ એટલી જો શ્રદ્ધા થઈ ગઈ તો મારું અહોભાગ્ય.

સમ્યક્ પ્રકારે જ્ઞાનીને વિષે અખંડ વિશ્વાસ રાખવાનું ફળ નિશ્ચયે મુક્તપણું છે.

———*———

# મંગળાચરણ

અહો શ્રી સત્‌પુરુષ કે વચનામૃતં જગહિતકરમ્‌,
મુદ્રા અરુ સત્‌સમાગમ સુતિ ચેતના જાગૃતકરમ;
ગિરતિ વૃત્તિ સ્થિર રખે દર્શન માત્ર સેં નિર્દોષ હૈ,
અપૂર્વ સ્વભાવ કે પ્રેરક સકલ સદ્‌ગુણ કોષ હૈ.

સ્વસ્વરૂપ કી પ્રતીતિ અપ્રમત્ત સંયમ ધારણમ્‌,
પૂરણપણે વીતરાગ નિર્વિકલ્પતા કે કારણમ્‌;
અંતે અયોગી સ્વભાવ જો તાકે પ્રગટ કરતાર હૈ,
અનંત અવ્યાબાધ સ્વરૂપ મેં સ્થિતિ કરાવનહાર હૈ.

સહજાત્મ સહજાનંદ આનંદઘન નામ અપાર હૈ,
સત્‌ દેવ ધર્મ સ્વરૂપ દર્શક સુગુરુ પારાવાર હૈ;
ગુરુ ભક્તિ સેં લહો તીર્થપતિપદ શાસ્ત્ર મેં વિસ્તાર હૈ,
ત્રિકાળ જયવંત વર્તો શ્રી ગુરુરાજને નમસ્કાર હૈ.

એમ પ્રાણમી શ્રી ગુરુરાજ કે પદ આપ-પરહિત કારણમ્‌,
જયવંત શ્રી જિનરાજ વાણી કરું તાસ ઉચ્ચારણમ્‌;
ભવભીત ભવિક જે ભણે ભાવે સુણે સમજે સદ્દહે,
શ્રી રત્નત્રયની ઐક્યતા લહી સહી સો નિજ પદ લહે.

———*———

## જિનેશ્વરની વાણી

અનંત અનંત ભાવ ભેદથી ભરેલી ભલી,
અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે;
સકલ જગત હિતકારિણી, હારિણી મોહ,
તારિણી ભવાબ્ધિ, મોક્ષચારિણી પ્રમાણી છે.
ઉપમા આપ્યાની જેને તમા રાખવી તે વ્યર્થ,
આપવાથી નિજ મતિ મપાઈ મેં માની છે;
અહો! રાજચંદ્ર બાળ ખ્યાલ નથી પામતા એ,
જિનેશ્વર તણી વાણી જાણી તેણે જાણી છે.
[**ગુરુરાજ** તણી વાણી જાણી તેણે જાણી છે.]

**શ્રીમદ્ રાજચંદ્ર, મોક્ષમાળા–શિ. ૧૦૭**

## પ્રાતઃકાળની ભાવનાનાં પદો

તીન ભુવન ચૂડારતન, સમ શ્રી જિનકે પાય;
નમત પાઈએ આપ પદ, સબ વિધિ બંધ નશાય.
આસ્રવ ભાવ અભાવતેં, ભયે સ્વભાવ સ્વરૂપ;
નમો સહજ આનંદમય, અચલિત અમલ અનૂપ.
કરી અભાવ ભવભાવ સબ, સહજ ભાવ નિજ પાય;
જય અપુનર્ભવ ભાવમય, ભયે પરમ શિવરાય.
કર્મ શાંતિ કે અર્થી જિન, નમો શાંતિ કરતાર;
પ્રશમિત દુરિત સમૂહ સબ, મહાવીર જિન સાર.
જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવ પાર.

—*—

# આત્મજાગૃતિનાં પદો

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ, અસંયુક્ત;
જલકમલ, મૃત્તિકા, સમુદ્ર, સુવર્ણ, ઉદક ઉષ્ણ. ૧

ઉષ્ણ ઉદક જેવો રે, આ સંસાર છે;
તેમાં એક તત્ત્વ મોટું રે, સમજણ સાર છે. ૨

સુદ્ધતા વિચારે ધ્યાવે, સુદ્ધતા મેં કેલિ કરૈ;
સુદ્ધતા મેં થિર વ્હૈ, અમૃતધારા બરસે. ૩

એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભ્રામે રે;
થાયે સદ્ગુરુનો લેશ પ્રસંગ રે, તેને ન ગમે સંસારીનો સંગ રે. ૪

હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે, મારું જીવ્યું સફળ તવ લેખું રે;
મુક્તાનંદનો નાથ વિહારી રે, સંતો જીવનદોરી અમારી રે. ૫

---*---

## જડ-ચેતન વિવેક

જડ ને ચૈતન્ય બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
સ્વરૂપ ચેતન નિજ, જડ છે સંબંધ માત્ર,
અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે;
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ-અન્તનો ઉપાય છે. ૧

દેહ જીવ એકરૂપે ભાસે છે અજ્ઞાન વડે,
ક્રિયાની પ્રવૃત્તિ પણ તેથી તેમ થાય છે;
જીવની ઉત્પત્તિ અને રોગ, શોક, દુઃખ, મૃત્યુ,
દેહનો સ્વભાવ જીવ પદમાં જણાય છે;
એવો જે અનાદિ એકરૂપનો મિથ્યાત્વભાવ,
જ્ઞાનીનાં વચન વડે દૂર થઈ જાય છે.
ભાસે જડ ચૈતન્યનો પ્રગટ સ્વભાવ ભિન્ન;
બન્ને દ્રવ્ય નિજ નિજ રૂપે સ્થિત થાય છે. ૨

**પત્રાંક ૯૦૨, મુંબઈ, કા. વ. ૧૧, ૧૯૫૬**

---*---

## ત્રણ મંત્રની માળા

૧. સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ.

૨. આતમભાવના ભાવતાં,
જીવ લહે કેવળજ્ઞાન રે.

૩. પરમગુરુ નિર્ગ્રંથ સર્વજ્ઞદેવ.

---*---

# શ્રી સદ્ગુરુ ભક્તિ રહસ્ય

હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ? ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહીં;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

'હું પામર શું કરી શકું?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮

કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન, નયન, યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહીં, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કંઈ ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય? ૧૩

કેવળ કરુણમૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંત કાળથી આથડયો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહીં અભિમાન. ૧૫

સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય? ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડયો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય? ૧૯

પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

**પત્રાંક ૨૬૪, રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૩૮**

*

ૐ સત્

# શ્રી સદ્‌ગુરુ-માહાત્મ્ય

યમનિયમ સંજમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લહ્યો;
વનવાસ લિયો મુખ મૌન રહ્યો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો. ૧

મન પૌન નિરોધ સ્વબોધ કિયો, હઠજોગ પ્રયોગ સુતાર ભયો;
જપ ભેદ જપે તપ ત્યોં હિ તપે, ઉર સેં હિ ઉદાસી લહિ સબ પૈં. ૨

સબ શાસ્ત્રન કે નય ધારી હિયે, મત મંડન ખંડન ભેદ લિયે;
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો. ૩

અબ ક્યોં ન બિચારત હૈ મન સેં, કુછ ઔર રહા ઉન સાધન સેં?
બિન સદ્‌ગુરુ કોય ન ભેદ લહે, મુખ આગલ હૈં કહ બાહે? તક ૪

કરુના હમ પાવત હે તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી;
પલમેં પ્રગટે મુખ આગલસેં; જબ સદ્‌ગુરુચર્ન સુપ્રેમ બસેં. ૫

તનસેં મનસેં ધનસેં સબસેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસેં;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો. ૬

વહ સત્ય સુધા દરસાવહિંગે, ચતુરાંગુલ હે દૃગસે મિલહે;
રસ દેવ નિરંજન કો પિવહી, ગહિ જોગ જુગોજુગ સો જીવહિ. ૭

પર પ્રેમ પ્રવાહ બઢે પ્રભુસેં, સબ આગમભેદ સુઉર બસે;
વહ કેવલકો બીજ ગ્યાનિ કહે, નિજકો અનુભૌ બતલાઈ દિયે. ૮

**પત્રાંક ૨૬૫, રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૪૭**

---*---

## ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો.

મેં તમારાં અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં.

તમારા કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં.

તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં.

તમારાં કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં.

હે ભગવન્! હું ભૂલ્યો, આથડયો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બનામાં પડયો છું.

હું પાપી છું. હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું.

હે પરમાત્મા! તમારા કહેલા તત્ત્વ વિના મારો મોક્ષ નથી.

હું નિરંતર પ્રપંચમાં પડયો છું. અજ્ઞાનથી અંધ થયો છું.

મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું.

નિરાગી પરમાત્મા! હું હવે તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હુંતે સર્વ પાપથી મુક્ત થઉં એ મારી અભિલાષા છે.

આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરું છું.

જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઉતરું છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે.

તમે નિરાગી, નિર્વિકારી, સત્ચિદાનંદસ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્યપ્રકાશક છો.

હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું.

એક પળ પણ તમારા કહેલા તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલા રસ્તામાં અહોરાત્ર હું રહું, એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ!

હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું? તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઇચ્છું છું.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

**મોક્ષમાળા, શિક્ષાપાઠ ૫૬ : વર્ષ ૧૭મું**

———*———

# છ પદનો પત્ર

## અનન્ય શરણના આપનાર એવા શ્રી સદ્‌ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરુષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યક્ દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે.

**પ્રથમ પદ :** ‘આત્મા છે.’ જેમ ઘટપટ આદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટ આદિ હોવાનું પ્રમાણ છે, તેમ સ્વપરપ્રકાશક એવી ચૈતન્યસત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

**બીજું પદ :** ‘આત્મા નિત્ય છે.’ ઘટપટ આદિ પદાર્થો અમુક કાળવર્તી છે. આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે, કેમકે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવ યોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી, માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમકે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિષે લય પણ હોય નહીં.

**ત્રીજું પદ :** ‘આત્મા કર્તા છે.’ સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયાસહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે, માટે કર્તા છે. તે કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજ સ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવાયોગ્ય–વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્તા છે.

**ચોથું પદ :** 'આત્મા ભોક્તા છે.' જે-જે કંઈ ક્રિયા છે તે-તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે કંઈ પણ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે. વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

**પાંચમું પદ :** 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્તાપણું નિરૂપણ કર્યું, કર્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમકે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય પણ તેના અનભ્યાસથી, તેના અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

**છઠ્ઠું પદ :** તે 'મોક્ષનો ઉપાય છે.' જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ, વૈરાગ્ય, ભકત્યાદિ સાધન પ્રત્યક્ષ છે, જે સાધનના બળે કર્મબંધ શિથિલ થાય છે, ઉપશમ પામે છે, ક્ષીણ થાય છે, માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

શ્રી જ્ઞાની પુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં છે એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે; પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે. તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા

યોગ્ય છે; આ છ પદ અત્યંત સંદેહરહિત છે, એમ પરમ પુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે. અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ, મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય; સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવરૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી, અશુદ્ધ અને અન્ય એવા ભાવને વિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે. સર્વ-વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐક્યતા થઈ છે. તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ, પ્રત્યક્ષ, અત્યંત પ્રત્યક્ષ, અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિશે તેને ઇષ્ટ–અનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી. જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજ સ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે. જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષનાં વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વ સંગથી રહિત થયા છે, થાય છે અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરુણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે. એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે; કેમકે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો, એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે, અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે, તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો!

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે, શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્ય નયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે, તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર, જેના યોગે સહજ માત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!

**શ્રીમદ્ રાજચંદ્ર મુંબઈ, ફાગણ, ૧૯૫૦**

*

વીતરાગનો કહેલો પરમ શાંત રસમય ધર્મ પૂર્ણ સત્ય છે એવો નિશ્ચય રાખવો. જીવના અનધિકારીપણાને લીધે તથા સત્પુરુના યોગ

વિના સમજાતું નથી; તોપણ તેના જેવું જીવને સંસારરોગ મટાડવાને બીજું કોઈ હિતકારી ઔષધ નથી એમ વારંવાર ચિંતવન કરવું.

આ પરમ તત્ત્વ છે; તેનો મને સદાય નિશ્ચય રહો, એ યથાર્થ સ્વરૂપ મારા હૃદયને વિષે પ્રકાશ કરો! અને જન્મ મરણાદિ બંધનથી અત્યંત નિવૃત્તિ થાઓ! નિવૃત્તિ થાઓ!

હે જીવ, આ ક્લેશરૂપ સંસાર થકી વિરામ પામ, વિરામ પામ. કંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા, જાગૃત થા; નહિ તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે.

હે જીવ, હવે તારે સત્પુરુષની આજ્ઞા નિશ્ચયે ઉપાસવા યોગ્ય છે.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

———*———

હે કામ! હે માન! હે સંગઉદય!
હે વચનવર્ગણા! હે મોહ! હે મોહદયા!
હે શિથિલતા! તમે શા માટે અંતરાય કરો છો?
પરમ અનુગ્રહ કરીને હવે અનુકૂળ થાઓ! અનુકૂળ થાઓ!

**શ્રીમદ્ રાજચંદ્ર**

———*———

## પ્રાત:કાળની સ્તુતિ

મહાદેવ્યા: કુક્ષિરત્નં, *શબ્દજીતવરાત્મજમ્;
રાજચંદ્રમહં વંદે, તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુ દેવ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી.

ૐકાર બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિન:
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમ: ૨

---

* પાઠાન્તર : શબ્દરૂતરવાત્મજમ્

મંગલમય મંગલકરણ, વીતરાગ વિજ્ઞાન;
નમો તાહિ જાતે ભયે, અરિહંતાદિ મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ, એક વિમલ ચિદ્રૂપ;
જ્ઞાનાનંદ મહેશ્વરા, જયવંતા જિનભૂપ. ૪

મહત્તત્ત્વ મહનીય મહ: મહાધામ ગુણધામ;
ચિદાનંદ પરમાતમા, વંદો રમતા રામ. ૫

તીનભુવનચૂડારતન, સમ શ્રી જિનકે પાય;
નમત પાઇએ આપ પદ, સબ વિધિ બંધ નશાય. ૬

નમું ભક્તિભાવે, ઋષભ જિન શાંતિ અઘ હરો,
તથા નેમિ પાર્શ્વ, પ્રભુ મમ સદા મંગલ કરો;
મહાવીરસ્વામી ભુવનપતિ કાપો કુમતિને,
જિના શેષા જે તે સકલ મુજ આપો સુમતિને. ૭

અર્હંતો ભગવંત ઇન્દ્રમહિતા:! સિદ્ધાશ્ચ સિદ્ધિસ્થિતા:,
આચાર્યાં જિનશાસનોન્નતિકરા:, પૂજ્યા ઉપાધ્યાયકા:
શ્રીસિદ્ધાન્તસુપાઠકા મુનિવરા: રત્નત્રયારાધકા:
પંચૈતે પરમેષ્ઠિન: પ્રતિદિનં કુર્વંતુ વો મંગલમ્. ૮

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા—
મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્
સમ્યક્પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા—
વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ૯

ય: સંસ્તુત: સકલવાઙ્મયતત્ત્વબોધા—
દુદ્ભૂતબુદ્ધિપટુભિ: સુરલોકનાથૈ:
સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈ:
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્. ૧૦

દર્શનં દેવદેવસ્ય, દર્શનં પાપનાશનમ્,
દર્શનં સ્વર્ગસોપાનં, દર્શનં મોક્ષસાધનમ્. ૧૧

દર્શનાદ્ દુરિતધ્વંસી, વંદનાદ્ વાંચ્છિતપ્રદ:
પૂજનાત્ પૂરક: શ્રીણાં, જિન: સાક્ષાત્ સુરદ્રુમ: ૧૨

પ્રભુદર્શન સુખસંપદા, પ્રભુદર્શન નવ નિધિ;
પ્રભુદર્શનસેં પામીએ, સકલ મનોરથ – સિદ્ધિ. ૧૩

જીવડા જિનવર પૂજીએ, પૂજાનાં ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૧૪

કુંભે બાંધ્યું જળ રહે, જળ વિણ કુંભ ન હોય;
(ત્યમ)જ્ઞાને બાંધ્યું મન રહે, (સદ્)ગુરુ વિણ જ્ઞાન ન હોય. ૧૫

ગુરુ દીવો, ગુરુ દેવતા, ગુરુ વિણ ઘોર અંધાર;
જે ગુરુ વાણી વેગળા, રડવડીઆ સંસાર. ૧૬

તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુ:ખ;
કર્મ રોગ પાતિક ઝરે, નિરખત સદ્ગુરુ મુખ. ૧૭

દરખતસેં ફળ ગિર પડયા, બુઝી ન મનકી પ્યાસ;
ગુરુ મેલી ગોવિંદ ભજે, મિટે ન ગર્ભાવાસ. ૧૮

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવિયે, ભાવે કેવળ જ્ઞાન. ૧૯

ત્વં માતા ત્વં પિતા ચૈવ, ત્વં ગુરુસ્ત્વં બાંધવ,
ત્વમેક: શરણં સ્વામિન્ જીવિતં જીવિતેશ્વર:. ૨૦

ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ, ત્વમેવ ભ્રાતા ચ સખા ત્વમેવ;
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વં મમ દેવદેવ. ૨૧

યત્સ્વર્ગાવતરોત્સવે યદ્ભવજ્જન્માભિષેકોત્સવે;
યદ્દીક્ષાગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે;
યન્નિર્વાણગમોત્સવે જિનપતે: પૂજાદ્ભુતં તદ્ભવૈ:;
સગીતસ્તુતિમંગલૈ: પ્રસરતાં મે સુપ્રભાતોત્સવ: ૨૨

---

## વંદન તથા પ્રણિપાતસ્તુતિ

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જેહ સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

હે પરમકૃપાળુ દેવ! જન્મ, જરા, મરણાદિ સર્વ દુ:ખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળધર્મ (માર્ગ) આપ શ્રીમદે

અનંતકૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું; વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિ:સ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં નમસ્કાર કરું છું. આપની પરમ ભક્તિ અને વીતરાગ પુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગૃત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ

---

## શ્રી સદ્ગુરુ સ્તુતિ

સદ્ગુરુ પદ મેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ;
તાતૈં સદ્ગુરુ ચરણ કૂં, ઉપાસો તજી ગર્વ.

સદ્ગુરુચરણં અશરણશરણં, ભ્રમ–આતપહર રવિ શશિકિરણં;
જયવંત યુગલપદ જયકરણં–મમ સદ્ગુરુચરણ સદા શરણં. ૧

પદ સકલકુશલવલ્લી સમ ધ્યાવો, પુષ્કર સંવર્તમેઘ ભાવો;
સુરગોસમ પંચામૃત ઝરણં—મમ૦ ૨

પદ કલ્પ-કુંભ કામિત દાતા, ચિત્રાવલી ચિંતામણી ખ્યાતા
પદ સંજીવિની હરે જરમરણં—મમ૦ ૩

પદ મંગલ કમલા-આવાસં, હરે દાસનાં આશપાશત્રાસં;
ચંદન ચરણં ચિત્તવૃત્તિઠરણં—મમ૦ ૪

દુસ્તર ભવ તરણ કાજ સાજં, પદ સફરી જહાજ અથવા પાજં;
મહી મહીધરવત્ અભરાભરણં—મમ૦ ૫

સંસાર કાંતાર પાર કરવા, પદ સાર્થવાહ સમ ગુણ ગરવા;
આશ્રિત શરણાપન્ન ઉદ્ધરણં—મમ૦ ૬

શ્રીમદ્ સદ્ગુરુપદ પુનિતં, મુમુક્ષુ-જનમન અમિત વિત્તં;
ગંગાજલવત્ મનમલ-હરણં—મમ૦ ૭

પદકમલઅમલ મમ દિલકમલં, સંસ્થાપિત રહો અખંડ અચલં;
રત્નત્રય હરે સર્વાવરણં—મમ૦ ૮

—————*—————

અનંત ચોવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
જે મુનિવર મુક્તે ગયા, વંદું બે કર જોડ.

—————*—————

## શ્રી સદ્ગુરુ ઉપકાર-મહિમા

પ્રથમ નમું ગુરુરાજને, જેણે આપ્યું જ્ઞાન;
જ્ઞાન વીરને ઓળખ્યા, ટળ્યું દેહ-અભિમાન. ૧

તે કારણ ગુરુરાજને પ્રણમું વારંવાર;
કૃપા કરી મુજ ઉપરે, રાખો ચરણ મોઝાર. ૨

પંચમ કાળે તું મળ્યો, આત્મરત્ન-દાતાર;
કારજ સાર્યાં માહરાં, ભવ્ય જીવ હિતકાર. ૩

અહો! ઉપકાર તુમારડો, સંભારું દિનરાત;
આવે નયણે નીર બહુ, સાંભળતાં અવદાત. ૪

અનંત કાળ હું આથડયો, ન મળ્યા ગુરુ શુદ્ધ સંત;
દુષમ કાળે તું મળ્યો, **રાજ** નામ ભગવંત. ૫

રાજ રાજ સૌ કો કહે, વિરલા જાણે ભેદ;
જે જન જાણે ભેદ તે, તે કરશે ભવ છેદ. ૬

અપૂર્વ વાણી તાહરી, અમૃત સરખી સાર;
વળી તુજ મુદ્રા અપૂર્વ છે, ગુણગાન રત્ન ભંડાર. ૭

તુજ મુદ્રા તુજ વાણીને, આદરે સમ્યક્‌વંત;
નહીં બીજાનો આશરો, એ ગુહ્ય જાણે સંત. ૮

બાહ્યાચરણ સુસંતનાં, ટાળે જનનાં પાપ;
અંતરચારિત્ર ગુરુરાજનું, ભાંગે ભવ સંતાપ. ૯

*

## શ્રી આનંદઘનજીકૃત
## ૨૪ મા શ્રી મહાવીરસ્વામી-સ્તવન

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. વી૦ ૧

છઉમત્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વી૦ ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે;
પુદ્‌ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વી૦ ૩

ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વી૦ ૪

કામવીર્ય વશે જેમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વી૦ ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. વી૦ ૬

આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, **આનંદઘન** પ્રભુ જાગે રે. વી૦ ૭

*

## પ્રભુ-ઉપકાર

કૌન ઉતારે પાર, પ્રભુબિન કૌન ઉતારે પાર?
ભવોદધિ અગમ અપાર, પ્રભુબિન કૌન ઉતારે પાર?

કૃપા તિહારીતેં હમ પાયો, નામ મંત્ર આધાર. પ્રભુ૦
નિકો તુમ ઉપદેશ દિયો હે, સબ સારનકો સાર. પ્રભુ૦
હલકે વ્હૈ ચાલે સેં નિકસે, બૂડે જે શિરભાર. પ્રભુ૦
ઉપકારી કો નહિ વિસરીએ, યેહિ ધર્મ અધિકાર. પ્રભુ૦
ધર્મપાલ પ્રભુ, તું મેરે તારક, ક્યું ભૂલું ઉપકાર? પ્રભુ૦

*

## આલોચના પાઠ

વંદો પાંચોં પરમગુરુ, ચૌવીસૌં જિનરાજ;
કહું શુદ્ધ આલોચના, શુદ્ધિ કરનકે કાજ. ૧

સુનિયે જિન અરજ હમારી, હમ દોષ કિયે અતિ ભારી;
તિનકી અબ નિવૃત્તિ કાજા, તુમ શરન લહી જિનરાજા. ૨

ઇક બે તે ચઉ ઇન્દ્રી વા, મન–રહિત–સહિત જે જીવા;
તિનકી નહિ કરુના ધારી, નિરદઈ વ્હૈ ઘાત વિચારી. ૩

સમરંભ સમારંભ આરંભ, મન વચ તન કીને પ્રારંભ;
કૃત કારિત મોદન કરિકૈં, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈં. ૪

શતં આઠ જુ ઈમ ભેદનતૈં, અઘ કીને પર છેદનતૈં;
તિનકી કહું કોલૌં કહાની, તુમ જાનત કેવલજ્ઞાની. ૫

વિપરીત એકાંત વિનય કે, સંશય અજ્ઞાન કુનય કે;
વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહિ જાત કહીને. ૬

કુગુરન કી સેવ જુ કીની, કેવલ અદયાકર ભીની;
યા વિધિ મિથ્યાત ભ્રમાયો, ચહુંગતિમધિ દોષ ઉપાયો. ૭

હિંસા પુનિ જૂઠ જુ ચોરી, પરવનિતાસોં દગ જોરી;
આરંભ પરિગ્રહ ભીનો, પનપાપ જુ યા વિધિ કીનો. ૮

સપરસ રસના ઘ્રાનન કો, ચખ કાન વિષય સેવન કો;
બહુ કરમ કિયે મનમાને, કછુ ન્યાય અન્યાય ન જાને. ૯

ફલ પંચ ઉદંબર ખાયે, મધુ માંસ મદ્ય ચિત્ત ચાહે;
નહિ - અષ્ટ મૂલગુણધારી, વિસન જુ સેયે દુઃખકારી. ૧૦

દુઈબીસ અભખ જિન ગાયે, સો ભીન નિશદિન ભુંજાયે;
કછુ ભેદાભેદ ન પાયો, જ્યોં ત્યોં કર ઉદર ભરાયો. ૧૧

અનંતાન જુ બંધી જાનો, પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનો;
સંજવલન ચૌકરી ગુનિયે, સબ ભેદ જુ ષોડશ મુનિયે. ૧૨

પરિહાસ અરતિ રતિ શોગ, ભય ગ્લાનિ તિવેદ સંજોગ;
પનવીસ જુ ભેદ ભયે ઈમ, ઈનકે વશ પાપ કિયે હમ. ૧૩

નિદ્રાવશ શયન કરાઈ, સુપનેમધિ દોષ લગાઈ;
ફિર જાગિ વિષય-વન ધાયો, નાનાવિધ વિષફલ ખાયો. ૧૪

કિયે આહાર નિહાર વિહારા, ઈનમેં નહિ જતન વિચારા;
બિન દેખી ધરી ઉઠાઈ, બિન શોધી ભોજન ખાઈ. ૧૫

તબ હી પરમાદ સતાયો, બહુવિધિ વિકલપ ઉપજાયો;
કછુ સુધિ બુધિ નાંહિ રહી હૈ, મિથ્યામતિ છાય ગઈ હૈ. ૧૬

મરજાદા તુમ ઢિંગ લીની, તાહૂમેં દોષ જુ કીની;
ભિનભિન અબ કૈસે કહિયે, તુમ જ્ઞાનવિષૈં સબ પઈયે. ૧૭

હા! હા! મૈં દુઠ અપરાધી, ત્રસજીવનરાશિ વિરાધી;
થાવર કી જતન ન કીની, ઉર મેં કરુણા નહિ લીની. ૧૮

પૃથ્વી બહુ ખોદ કરાઈ, મહલાદિક જાગાં ચિનાઈ;
બિનગાલ્યો પુનિ જલ ઢોલ્યો, પંખાતૈં પવન વિલોલ્યો. ૧૯

હા! હા! મૈં અદયાચારી, બહુ હરિત જુ કાય વિદારી;
યા મધિ જીવન કે ખંદા, હમ ખાયે ધરી આનંદા. ૨૦

હા! મેં પરમાદ બસાઈ, બિન દેખે અગનિ જલાઈ;
તા મધ્ય જીવ જે આયે, તે હૂ પરલોક સિધાયે. ૨૧

વિંધો અન્ન રાતિ પિસાયો, ઈંધન બિનસોધિ જલાયો;
ઝાડૂ લે જાગાં બુહારી, ચિંટિઆદિક જીવ વિદારી. ૨૨

જલ છાનિ જીવાની કીની, સોહૂ પુનિ ડારી જુ દીની;
નહિ જલથાનક પહુંચાઈ, કિરિયા બિન પાપ ઉપાઈ. ૨૩

જલ મલ મોરિનમેં ગિરાયો, કૃમિકુલ બહુ ઘાત કરાયો;
નદિયનિ બિચ ચીર ધુવાયે, કોસન કે જીવ મરાયે. ૨૪

અન્નાદિક શોધ કરાઈ, તામૈં જુ જીવ નિસરાઈ;
તિનકા નહિ જતન કરાયા, ગરિયારે ધૂપ ડરાયા. ૨૫

પુનિ દ્રવ્ય કમાવન કાજે, બહુ આરંભહિંસા સાજે;
કિયે તિસનાવશ ભારી, કરુના નહિ રંચ વિચારી. ૨૬

ઇત્યાદિક પાપ અનંતા, હમ કિને શ્રી ભગવંતા;
સંતતિ ચિરકાલ ઉપાઈ, વાનીતૈં કહિય ન જાઈ. ૨૭

તાકો જુ ઉદય જબ આયો, નાનાવિધ મોહિ સતાયો;
ફલ ભુંજત જિય દુ:ખ પાવે, વચતૈં કૈસેં કરિ ગાવે. ૨૮

તુમ જાનત કેવલજ્ઞાની, દુઃખ દૂર કરો શિવથાની;
હમ તૌ તુમ શ્નરન લહી હૈ, જિન તારન બિરુદ સહી હૈ. ૨૯

જો ગાંવપતિ ઇક હોવૈ, સો ભી દુઃખિયાં દુઃખ ખોવૈ;
તુમ તીન ભુવન કે સ્વામી, દુઃખ મેટો અંતરજામી. ૩૦

દ્રૌપદી કો ચીર બઢાયો, સીતા પ્રતિ કમલ રચાયો;
અંજન સે કિયે અકામી, દુઃખ મેટો અંતરજામી. ૩૧

મેરે અવગુણ ન ચિતારો, પ્રભુ અપનો બિરુદ નિહારો;
સબ દોષરહિત કરિ સ્વામી, દુઃખ મેટહુ અંતરજામી. ૩૨

ઇન્દ્રાદિક પદવી ન ચાહૂં, વિષયનિમેં નાહિ લુભાઉં;
રાગાદિક દોષ હરીજે, પરમાતમ નિજપદ દીજે. ૩૩

**દોહા**

દોષરહિત જિનદેવજી, નિજપદ દીજ્યો મોય;
સબ જીવનકે સુખ બઢૈ, આનંદ મંગલ હોય. ૩૪

અનુભવ માણિક પારખી, જૌહરી આપ જિનંદ;
યેહિ વર મોહિ દીજીયે, ચરન શરન આનંદ. ૩૫

**આલોચનાપાઠ સમાપ્ત**

---

## સામાયિક પાઠ (છ આવશ્યક કર્મ)

### ૧. પ્રતિક્રમણ કર્મ

કાલ અનંત ભ્રમ્યો જગ મેં સહિયે દુઃખ ભારી,
જન્મ મરણ નિત કિયે પાપકો વ્હૈ અધિકારી;
કોડિ ભવાંતર માંહિ મિલન દુર્લભ સામાયિક,
ધન્ય આજ મૈં ભયો જોગ મિલિયો સુખદાયક. ૧

હે સર્વજ્ઞ જિનેશ! કિયે જે પાપ જુ મૈં અબ,
તે સબ મન વચ કાય યોગ કી ગુપ્તિ બિના લભ;
આપ સમીપ હજૂરમાંહિ મૈં ખડો ખડો સબ,
દોષ કહું સો સુનો કરો નઠ દુ:ખ દેહિં જબ. ૨

ક્રોધ માન મદ લોભ મોહ માયાવશ પ્રાની,
દુ:ખસહિત જે કિયે દયા તિનકી નહિ આની;
બિના પ્રયોજન એક ઈન્દ્રિ બિ તિ ચઉ પંચેંદ્રિય,
આપ પ્રસાદહિં મિટે દોષ જો લાગ્યો મોહિ જિય. ૩

આપસ મેં ઈક ઠૌર થાપિકરી જે દુ:ખ દીને,
પેલિ દિયે પગતલેં દાબિકરી પ્રાણ હરીને;
આપ જગત કે જીવ જીતે તિન સબકે નાયક,
અરજ કરું મૈં સુનો દોષ મેટો દુ:ખદાયક. ૪

અંજન આદિક ચોર મહા ઘનઘોર પાપમય,
તિનકે જે અપરાધ ભયે તે ક્ષમા ક્ષમા કિય;
મેરે જે અબ દોષ ભયે તે ક્ષમહુ દયાનિધિ,
યહ પડિકોણોં કિયો આદિ ષટ્કર્મમાંહિં વિધિ. ૫

## ૨. પ્રત્યાખ્યાન કર્મ

જો પ્રમાદ વશ હોઈ વિરાધે જીવ ઘનેરે,
તિનકો જો અપરાધ ભયો મેરે અઘ ઢેરે;
સો સબ જૂઠો હોહુ જગતપતિ કે પરસાદૈ,
જા પ્રસાદતૈં મિલે સર્વ સુખ દુ:ખ ન લાધૈ. ૬

મૈં પાપી નિર્લજ્જ દયાકરિ હીન મહાશઠ,
કિયે પાપ અતિ ઘોર પાપમતિ હોય ચિત્ત દુઠ;
નિંદૂં હૂં મૈં બારબાર નિજ જિયકો ગરહૂં,
સબ વિધિ ધર્મ ઉપાય પાય ફિરિ પાપહિ કરહૂં. ૭

દુર્લભ હૈ નરજન્મ તથા શ્રાવકકુલ ભારી,
સત્સંગતિ–સંયોગ ધર્મ જિન શ્રદ્ધા ધારી;
જિન વચનામૃત ધાર સમાવર્તે જિનવાની,
તોહૂં જીવ સંહારે ધિક્ ધિક્ ધિક્ હમ જાની. ૮

ઈન્દ્રિયલંપટ હોય ખોય નિજ જ્ઞાનજમા સબ,
અજ્ઞાની જિમ કરૈ તિસ વિધિ હિંસક વ્હૈ અબ;
ગમનાગમન કરંતો જીવ વિરાધે ભોલે,
તે સબ દોષ કિયે નિંદૂં અબ મનવચતોલે. ૯

આલોચનવિધિથકી દોષ લાગે જુ ઘનેરે,
તે સબ દોષ વિનાશ હોઉ તુમતૈં જિન મેરે;
બારબાર ઈસ ભાંતિ મોહ મદ દોષ કુટિલતા,
ઈર્ષાદિકતૈં ભયે નિંદિયે જે ભયભીતા. ૧૦

### ૩. સામાયિક કર્મ

સબ જીવન મેં મેરે સમતાભાવ જગ્યો હૈ,
સબ જિય મોસમ સમતા રાખો ભાવ લગ્યો હૈ;
આર્ત્ત રૌદ્ર દ્વય ધ્યાન છાંડિ કરિહૂં સામાયિક,
સંયમ મો કબ શુદ્ધ હોય યહ ભાવ બધાયિક. ૧૧

પૃથિવી જલ અર અગ્નિ વાયુ ચઉ કાય વનસ્પતિ,
પંચહિ થાવરમાંહિ તથા ત્રસજીવ બસૈં જિત;
બે ઈન્દ્રિય તિય ચઉ પંચેન્દ્રિયમાંહિ જીવ સબ,
તિનસૈં ક્ષમા કરાઉં મુજ પર ક્ષમા કરો અબ. ૧૨

ઈસ અવસર મેં મેરે સબ સમ કંચન અરુ ત્રણ,
મહલ મસાન સમાન શત્રુ અર મિત્રહુ સમ ગણ;
જન્મન મરન સમાન જાન હમ સમતા કીની,
સામાયિક કા કાલ જિતૈ યહ ભાવ નવીની. ૧૩

મેરો હૈ ઈક આતમ તામૈં મમત જુ કીનો;
ઔર સબૈ મમ ભિન્ન જાનિ સમતારસ ભીનો;
માત પિતા સુત બંધુ મિત્ર તિય આદિ સબૈં યહ,
મોતૈં ન્યારે જાનિ યથારથ રૂપ કર્યો ગહ. ૧૪

મૈં અનાદિ જગજાલમાંહિં ફંસિ રૂપ ન જાણ્યો,
એકેંદ્રિય દે આદિ જંતુ કો પ્રાણ હરાણ્યો;
તે અબ જીવસમૂહ સુનો મેરી યહ અરજી,
ભવભવ કો અપરાધ ક્ષમા કીજ્યો કરિ૰ મરજી. ૧૫

## ૪. વન્દના કર્મ

નમૌં રિષભ જિનદેવ અજિત જિન જીતિ કર્મ કો,
સંભવ ભવદુ:ખહરન કરન અભિનંદ શર્મ કો;
સુમતિ સુમતિદાતાર તાર ભવસિંધુ પાર કર,
પદ્મપ્રભ પદ્માભ ભાનિ ભવભીતિપ્રીતિ ધર. ૧૬

શ્રી સુપાર્શ્વ કૃતપાશ નાશ ભવ જાસ શુદ્ધકર,
શ્રી ચંદ્રપ્રભ ચંદ્રકાંતિસમ દેહ કાંતિધર;
પુષ્પદંત દમિ દોષકોષ ભવિ પોષ રોષહર,
શીતલ શીતલ કરન હરન ભવતાપ દોષહર. ૧૭

શ્રેયરૂપ જિન શ્રેય ધેય નિત સેય ભવ્યજન,
વાસુપૂજ્ય શત પૂજ્ય વાસવાદિક ભવભય હન;
વિમલ વિમલમતિ દેન અંતગત હૈ અનંત જિન,
ધર્મ શર્મ શિવકરન શાંતિ જિન શાંતિ વિધાયિન. ૧૮

કુંથુ કુંથુમુખ જીવ પાલ અરનાથ જાલહર,
મલ્લિ મલ્લસમ મોહમલ્લ મારન પ્રચારધર;
મુનિસુવ્રત વ્રતકરન નમત સુરસંઘહિ નમિ જિન,
નેમિનાથ જિન નેમિ ધર્મરથમાંહિ જ્ઞાનધન. ૧૯

પાર્શ્વનાથ જિન પાર્શ્વઉપલ સમ મોક્ષરમાપતિ,
વર્દ્ધમાન જિન નમૌં વમૌં ભવદુઃખ કર્મકૃત;
યા વિધિ મૈં જિનસંઘરૂપ ચઉવીસ સંખ્ય ધર,
સ્તઊં નમૂં હૂં બારબાર, વંદૂં શિવસુખકર. ૨૦

## ૫. સ્તવન કર્મ

વંદૂં મૈં જિનવીર ધીર મહાવીર સુસન્મતિ,
વર્દ્ધમાન અતિવીર વંદિહૌં મનવચતનકૃત;
ત્રિશલાતનુજ મહેશ ધીશ વિદ્યાપતિ વંદૂં,
વંદૂં નિત પ્રતિ કનકરૂપતનુ પાપ નિકંદૂં. ૨૧

સિદ્ધારથ નૃપનંદ દ્વંદ્વ દુઃખ દોષ મિટાવન,
દુરિત દવાનલ જ્વલિત જ્વાલ જગજીવ ઉદ્ધારન;
કુંડલપુર કરિ જન્મ જગત જિય આનંદકારન,
વર્ષ બહત્તરિ આયુ પાય સબહી દુઃખ-ટારન. ૨૨

સપ્ત હસ્ત તનુ તુંગ ભંગ કૃત જન્મમરનભય,
બાલ બ્રહ્મમય જ્ઞેય હેય આદેય જ્ઞાનમય;
દે ઉપદેશ ઉધારિ તારિ ભવસિંધુ જીવઘન,
આપ બસે શિવમાંહિં તાહિં વંદૌં મનવચતન. ૨૩

જાકે વંદન થકી દોષ દુઃખ દૂરહિ જાવે,
જાકે વંદન થકી મુક્તિતિય સન્મુખ આવૈ;
જાકે વંદન થકી વંદ્ય હોવૈં સુરગન કે,
ઐસે વીર જિનેશ વંદિહોં ક્રમયુગ તિન કે. ૨૪

સામાયિક ષટ્કર્મમાંહિં વંદન યહ પંચમ,
વંદે વીર જિનેંદ્ર ઇન્દ્રશતવંદ્ય વંદ્ય મમ;
જન્મમરણ ભય હરો કરો અઘશાંતિ શાંતિમય,
મૈં અઘકોશ સુપોષ દોષ કો દોષ વિનાશય. ૨૫

## ૬. કાયોત્સર્ગ કર્મ

કાયોત્સર્ગવિધાન કરું અંતિમ સુખદાઈ,
કાય ત્યજનમય હોય કાય સબકો દુ:ખદાઈ;
પૂરવ દક્ષિણ નમું દિશા પશ્ચિમ ઉત્તર મૈં,
જિનગૃહ વંદન કરું હરું ભવ પાપતિમિર મૈં. ૨૬

શિરોનતી મૈં કરું નમું મસ્તક કર ધરિકૈં,
આવર્તાદિક ક્રિયા કરું મનવચ મદ હરિકૈં;
તીનલોક જિનભવનમાંહિ જિન હૈં જુ અકૃત્રિમ,
કૃત્રિમ હૈં દ્વયઅર્દ્ધદ્વીપમાંહિ વંદૌં જિમ. ૨૭

આઠકોડિપરિ છપ્પન લાખ જુ સહસ સત્યાણું,
ચ્યારિ શતક પરિ અસી એક જિનમંદિર જાણું;
વ્યંતર જ્યોતિષિમાંહિં સંખ્યરહિતે જિનમંદિર,
જિનગૃહ વંદન કરું હરહુ મમ પાપ સંઘકર. ૨૮

સામાયિક સમ નાહિં ઔર કોઉ વૈર મિટાયક,
સામાયિક સમ નાહિં ઔર કોઉ મૈત્રીદાયક;
શ્રાવક અણુવ્રત આદિ અંત સપ્તમ ગુણથાનક,
યહ આવશ્યક કિયે હોય નિશ્ચય દુ:ખહાનક. ૨૯

જે ભવિ આતમકાજકરણ ઉદ્યમ કે ધારી,
તે સબ કાજ વિહાય કરો સામાયિક સારી;
રાગ દોષ મદ મોહ ક્રોધ લોભાદિક જે સબ,
બુધ 'મહાચંદ્ર' બિલાય જાય તાતૈં કીજ્યો અબ. ૩૦

## સામાયિક પાઠ સમાપ્ત

---*---

# મેરી ભાવના

સદ્‌ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠપદ-સેવાથી શુદ્ધ જ્ઞાન થશે;
અવર ઉપાસન કોટિ કરો પણ, શ્રીહરિથી નહિ હેત થશે.
(એ દેશી)

જિસને રાગદ્વેષકામાદિક જીતે, સબ જગ જાન લિયા,
સબ જીવોં કો મોક્ષમાર્ગ કા નિઃસ્પૃહ હો, ઉપદેશ દિયા;
બુદ્ધ વીર જિન હરિ હર બ્રહ્મા, યા ઉસકો સ્વાધીન કહો,
ભક્તિ ભાવ સેં પ્રેરિત હો યહ, ચિત્ત ઉસીમેં લીન રહો. ૧

વિષયોં કી આશા નહિં જિનકે, સામ્યભાવ ધન રખતે હૈં,
નિજ-પર કે હિત સાધન મેં જો, નિશદિન તત્પર રહતે હૈં;
સ્વાર્થ ત્યાગ કી કઠિન તપસ્યા, બિના ખેદ જો કરતે હૈં,
ઐસે જ્ઞાની સાધુ જગત કે, દુઃખસમૂહ કો હરતે હૈં. ૨

રહે સદા સત્સંગ ઉન્હીંકા, ધ્યાન ઉન્હીંકા નિત્ય રહે,
ઉનહીં જૈસી ચર્યા મેં યહ, ચિત્ત સદા અનુરક્ત રહે;
નહીં સતાઊં કીસી જીવ કો, જૂઠ કભી નહિ કહા કરૂં,
પરધન વનિતા પર ન લુભાઊં, સંતોષામૃત પિયા કરૂં. ૩

અહંકાર કા ભાવ ન રખ્ખૂં, નહીં કિસી પર ક્રોધ કરૂં.
દેખ દૂસરોં કી બઢતીકો, કભી ન ઈર્ષ્યા ભાવ ધરૂં;
રહે ભાવના ઐસી મેરી, સરલ સત્ય વ્યવહાર કરૂં,
બને જહાં તક ઈસ જીવન મેં, ઔરોં કા ઉપકાર કરૂં. ૪

મૈત્રીભાવ જગત મેં મેરા, સબ જીવોં સે નિત્ય રહે,
દીન-દુઃખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત વહે;
દુર્જન-ક્રૂર-કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુજકો આવે,
સામ્યભાવ રખ્ખૂં મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે. ૫

ગુણીજનોં કો દેખ હૃદય મેં, મેરે પ્રેમ ઉમડ આવે,
બને જહાં તક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે;
હોઉં નહીં કૃતઘ્ન કભી મૈં, દ્રોહ ન મેરે ઉર આવે,
ગુણ-ગ્રહણ કા ભાવ રહે નિત, દૃષ્ટિ ન દોષોં પર જાવેં. ૬

કોઈ બુરા કહો યા અચ્છા, લક્ષ્મી આવે યા જાવે,
લાખોં વર્ષો તક જીઊં યા મૃત્યુ આજ હી આ જાવે;
અથવા કોઈ કૈસા હી ભય, યા લાલચ દેને આવે,
તો ભી ન્યાયમાર્ગ સેં મેરા, કભી ન પદ ડિગને પાવે. ૭

હોકર સુખ મેં મગ્ન નં ફૂલે, દુ:ખ મેં કભી ન ગભરાવે,
પર્વત નદી સ્મશાન ભયાનક, અટવી સે નહિ ભય ખાવે;
રહે અડોલ અકંપ નિરંતર, યહ મન દૃઢતર બન જાવે,
ઈષ્ટવિયોગ-અનિષ્ટયોગ મેં, સહનશીલતા દિખલાવે. ૮

સુખી રહેં સબ જીવ જગત કે, કોઈ કભી ન ઘબરાવે,
વૈર પાપ-અભિમાન છોડ જગ, નિત્ય નયે મંગલ ગાવે;
ઘર ઘર ચર્ચા રહે ધર્મ કી, દુષ્કૃત દુષ્કર હો જાવેં,
જ્ઞાનચરિત ઉન્નત કર અપના, મનુજ જન્મફલ સબ પાવેં. ૯

ઈતિ-ભીતિ વ્યાપે નહિં જગ મેં, વૃષ્ટિ સમય પર હુઆ કરે,
ધર્મનિષ્ઠ હોકર રાજા ભી, ન્યાય પ્રજા કા કિયા કરે;
રોગ-મરી-દુર્ભિક્ષ ન ફૈલે, પ્રજા શાન્તિ સે જિયા કરે,
પરમ અહિંસા ધર્મ જગત મેં, ફૈલ સર્વ હિત કિયા કરે. ૧૦

ફૈલે પ્રેમ પરસ્પર જગ મેં, મોહ દૂર પર રહા કરે,
અપ્રિય-કટુક-કઠોર-શબ્દ નહિં, કોઈ મુખ સે કહા કરે;
બનકર સબ 'યુગ-વીર' હૃદય સે, દેશોન્નતિરત રહા કરે,
વસ્તુસ્વરૂપ વિચાર ખુશી સે, સબ દુ:ખ-સંકટ સહા કરે. ૧૧

—*—

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર સ્તુતિ

પતિત જન પાવની, સૂર સરિતા સમી,
અધમ ઉદ્ધારિણી આત્મસિદ્ધિ;
જન્મ જન્માંતરો, જાણતાં જોગિએ,
આત્મઅનુભવ વડે આજ દીધી...... હે! પતિત...

ભક્ત ભગીરથ સમા, ભાગ્યશાળી મહા,
ભવ્ય સૌભાગ્યની વિનતિથી...... હે! પતિત...

ચરોતર ભૂમિના, નગર નડિયાદમાં,
પૂર્ણ કૃપા પ્રભુએ કરી'તી...... હે! પતિત...

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૧

વર્તમાન આ કાળમાં, મોક્ષમાર્ગ બહુ લોપ,
વિચારવા આત્માર્થીને, ભાખ્યો અત્ર અગોપ્ય. ૨

કોઈ ક્રિયા-જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ. ૩

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતરભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયાજડ આંહીં. ૪

બંધ મોક્ષ છે કલ્પના, ભાખે વાણીમાંહીં;
વર્ત્તે મોહાવેશમાં, શુષ્ક જ્ઞાની તે આંહીં. ૫

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમજ આતમજ્ઞાનની, પ્રાપ્તિતણાં નિદાન. ૬

ત્યાગ-વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ-વિરાગમાં, તો ભૂલે નિજ ભાન. ૭

જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ. ૮

સેવે સદ્‌ગુરુચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ;
પામે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ. ૯

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરુલક્ષણ યોગ્ય. ૧૦

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં, પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના ઊગે ન આત્મવિચાર. ૧૧

સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યા વણ ઉપકાર શો? સમજ્યે જિનસ્વરૂપ. ૧૨

આત્માદિ અસ્તિત્વનાં, જેહ નિરૂપક શાસ્ત્ર;
પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગ નહીં, ત્યાં આધાર સુપાત્ર. ૧૩

અથવા સદ્‌ગુરુએ કહ્યાં, એ અવગાહન કાજ;
તે તે નિત્ય વિચારવાં, કરી મતાંતર ત્યાજ. ૧૪

રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ;
પામ્યા એમ અનંત છે, ભાખ્યું જિન નિર્દોષ. ૧૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુ-યોગથી સ્વચ્છંદ તે રોકાય;
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય. ૧૬

સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ. ૧૭

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય. ૧૮

જે સદ્‌ગુરુ ઉપદેશથી, પામ્યો કેવળજ્ઞાન;
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ, વિનય કરે ભગવાન. ૧૯

એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય. ૨૦

અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;
મહા મોહનીય કર્મથી, બૂડે, ભવજળ માંહીં. ૨૧

હોય મુમુક્ષુ જીવ તે, સમજે એહ વિચાર;
હોય મતાર્થી જીવ તે, અવળો લે નિર્ધાર. ૨૨

હોય મતાર્થી તેહને, થાય ન આતમલક્ષ;
તેહ મતાર્થી લક્ષણો, અહીં કહ્યાં નિર્પક્ષ. ૨૩

## મતાર્થી લક્ષણ

બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહીં, તે માને ગુરુ સત્ય;
અથવા નિજ કુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ. ૨૪

જે જિનદેહપ્રમાણ ને, સમવસરણાદિ સિદ્ધિ;
વર્ણન સમજે જિનનું, રોકી રહે નિજ બુદ્ધિ. ૨૫

પ્રત્યક્ષ સદ્‌ગુરુયોગમાં, વર્ત્તે દૃષ્ટિ વિમુખ;
અસદ્‌ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય. ૨૬

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મતવેષનો, આગ્રહ મુક્તિનિદાન. ૨૭

લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહીં પરમાર્થને, લેવા લૌકિક માન. ૨૮

અથવા નિશ્ચયનય ગ્રહે, માત્ર શબ્દની માંય,
લોપે સદ્‌વ્યવહારને, સાધન રહિત થાય. ૨૯

જ્ઞાનદશા પામ્યો નહીં, સાધનદશા ન કાંઈ;
પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહીં. ૩૦

એ પણ જીવ મતાર્થમાં, નિજ માનાદિ કાજ;
પામે નહીં પરમાર્થને, અન્ અધિકારી-માંજ. ૩૧

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરળપણું ન મધ્યસ્થતા, એ મતાર્થી દુર્ભાગ્ય. ૩૨

લક્ષણ કહ્યાં મતાર્થીનાં, મતાર્થ જાવા કાજ;
હવે કહું આત્માર્થીનાં આત્મ-અર્થ સુખસાજ. ૩૩

## આત્માર્થી લક્ષણ

આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય;
બાકી કુળગુરુકલ્પના, આત્માર્થી નહિ જોય. ૩૪

પ્રત્યક્ષ સદ્ગુરુ પ્રાપ્તિનો, ગણે પરમ ઉપકાર;
ત્રણે યોગ એકત્વથી, વર્તે આજ્ઞાધાર. ૩૫

એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત. ૩૬

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ. ૩૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ. ૩૮

દશા ન એવી જ્યાં સુધી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહિ, મટે ન અંતર રોગ. ૩૯

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુબોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય. ૪૦

જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજ જ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ. ૪૧

ઊપજે તે સુવિચારણા, મોક્ષમાર્ગ સમજાય;
ગુરુશિષ્ય સંવાદથી, ભાખું ષટ્પદ' આંહી. ૪૨

## ષટ્પદનામકથન

'આત્મા છે', 'તે નિત્ય છે', 'છે કર્તા નિજ કર્મ;
'છે ભોક્તા' વળી 'મોક્ષ છે', 'મોક્ષ ઉપાય સુધર્મ'. ૪૩

ષટ્સ્થાનક સંક્ષેપમાં, ષટ્દર્શન પણ તેહ;
સમજાવા પરમાર્થને, કહ્યાં જ્ઞાનીએ એહ. ૪૪

## (૧) શંકા-શિષ્ય ઉવાચ :

નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહીં, તેથી ન જીવસ્વરૂપ. ૪૫

અથવા દેહ જ આતમા, અથવા ઇંદ્રિય પ્રાણ;
મિથ્યા જુદો માનવો, નહીં જુદું એંધાણ. ૪૬

વળી જો આત્મા હોય તો, જણાય તે નહિ કેમ?
જણાય જો તે હોય તો, ઘટ પટ આદિ જેમ. ૪૭

માટે છે નહિ આત્મા, મિથ્યા મોક્ષ ઉપાય;
એ અંતર શંકાતણો, સમજાવો સદુપાય. ૪૮

## (૧) સમાધાન-સદ્ગુરુ ઉવાચ :

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. ૪૯

ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બન્ને ભિન્ન છે, જેમ અસિ ને મ્યાન. ૫૦

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ. ૫૧

છે ઇંદ્રિય પ્રત્યેકને, નિજ નિજ વિષયનું જ્ઞાન;
પાંચ ઇંદ્રિયના વિષયનું, પણ આત્માને ભાન. ૫૨

દેહ ન જાણે તેહને, જાણે ન ઇંદ્રિય, પ્રાણ;
આત્માની સત્તા વડે, તેહ પ્રવર્ત્તે જાણ. ૫૩

સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય. ૫૪

ઘટ, પટ, આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહિ, કહિયે કેવું જ્ઞાન? ૫૫

પરમ બુદ્ધિ કૃષ દેહમાં, સ્થૂળ દેહ મતિ અલ્પ;
દેહ હોય જો આત્મા, ઘટે ન આમ વિકલ્પ. ૫૬

જડ ચેતનનો ભિન્ન છે, કેવળ પ્રગટ સ્વભાવ;
એકપણું પામે નહીં, ત્રણે કાળ દ્વયભાવ. ૫૭

આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;
શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ. ૫૮

## (૨) શંકા-શિષ્ય ઉવાચ :

આત્માના અસ્તિત્વના, આપે કહ્યા પ્રકાર;
સંભવ તેનો થાય છે, અંતર કર્યે વિચાર. ૫૯

બીજી શંકા થાય ત્યાં, આત્મા નહિ અવિનાશ;
દેહ યોગથી ઊપજે, દેહવિયોગે નાશ. ૬૦

અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહીં, આત્મા નિત્ય જણાય. ૬૧

## (૨) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

દેહ માત્ર સંયોગ છે, વળી જડરૂપી દૃશ્ય;
ચેંતનનાં ઉત્પત્તિ લય, કોના અનુભવ વશ્ય? ૬૨

જેના અનુભવ વશ્ય એ, ઉત્પન્ન-લયનું જ્ઞાન;
તે તેથી જુદા વિના, થાય ન કેમે ભાન. ૬૩

જે સંયોગો દેખીએ, તે તે અનુભવ દૃશ્ય;
ઊપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૬૪

જડથી ચેતન ઊપજે, ચેતનથી જડ થાય;
એવો અનુભવ કોઈને, ક્યારે કદી ન થાય. ૬૫

કોઈ સંયોગોથી નહીં, જેની ઉત્પત્તિ થાય;
નાશ ન તેનો કોઈમાં તેથી નિત્ય સદાય. ૬૬

ક્રોધાદિ તરતમ્યતા, સર્પોદિકની માંય.
પૂર્વ જન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય. ૬૭

આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;
બાળાદિ વય ત્રણ્યનું, જ્ઞાન એકને થાય. ૬૮

અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. ૬૯

ક્યારે કોઈ વસ્તુનો, કેવળ હોય ન નાશ;
ચેતન પામે નાશ તો, કેમાં ભળે તપાસ. ૭૦

## (૩) શંકા-શિષ્ય ઉવાચ :

કર્તા જીવ ન કર્મનો, કર્મ જ કર્તા કર્મ;
અથવા સહજ સ્વભાવ કાં કર્મ જીવનો ધર્મ. ૭૧

આત્મા સદા અસંગ ને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઈશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. ૭૨

માટે મોક્ષ ઉપાયનો, કોઈ ન હેતુ જણાય;
કર્મતણું કર્તાપણું, કાં નહિ કાં નહિ જાય. ૭૩

## (૩) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ?
જડસ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ. ૭૪

જો ચેતન કરતું નથી, નથી થતાં તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ. ૭૫

કેવળ હોત અસંગ જો, ભાસત તને ન કેમ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાને તેમ. ૭૬

કર્તા ઈશ્વર કોઈ નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ;
અથવા પ્રેરક તે ગણ્યે, ઈશ્વર દોષપ્રભાવ. ૭૭

ચેતન જો નિજભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્તે નહિ નિજભાનમાં, કર્તા કર્મ—પ્રભાવ. ૭૮

## (૪) શંકા-શિષ્ય ઉવાચ :

જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;
શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય? ૭૯

ફળદાતા ઈશ્વર ગણ્યે, ભોક્તાપણું સધાય;
એમ કહ્યે ઈશ્વરતણું, ઈશ્વરપણું જ જાય. ૮૦

ઈશ્વર સિદ્ધ થયા વિના, જગત્ નિયમ નહિ હોય;
પછી શુભાશુભ કર્મનાં, ભોગ્યસ્થાન નહિ કોય. ૮૧

## (૪) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;
જીવવીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડધૂપ. ૮૨

ઝેર સુધા સમજે નહીં, જીવ ખાય ફળ થાય;
એમ શુભાશુભ કર્મનું, ભોક્તાપણું જણાય. ૮૩

એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, એ જ શુભાશુભ વેદ્ય. ૮૪

ફળદાતા ઈશ્વરતણી, એમાં નથી જરૂર;
કર્મ સ્વભાવે પરિણમે, થાય ભોગથી દૂર. ૮૫

તે તે ભોગ્ય વિશેષનાં, સ્થાનક દ્રવ્ય સ્વભાવ;
ગહન વાત છે શિષ્ય આ, કહી સંક્ષેપે સાવ. ૮૬

## (૫) શંકા-શિષ્ય ઉવાચ :

કર્તા ભોક્તા જીવ હો, પણ તેનો નહિ મોક્ષ;
વીત્યો કાળ અનંત પણ, વર્તમાન છે દોષ. ૮૭

શુભ કરે ફળ ભોગવે, દેવાદિ ગતિમાંય;
અશુભ કરે નર્કાદિ ફળ, કર્મરહિત ન ક્યાંય. ૮૮

## (૫) સમાધાન-સદ્‌ગુરુ ઉવાચ :

જેમ શુભાશુભ કર્મપદ, જાણ્યાં સફળ પ્રમાણ;
તેમ નિવૃત્તિ સફળતા, માટે મોક્ષ સુજાણ. ૮૯

વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઊપજે મોક્ષ સ્વભાવ. ૯૦

દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખ ભોગ. ૯૧

## (૬) શંકા-શિષ્ય ઉવાચ :

હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;
કર્મો કાળ અનંતનાં, શાથી છેદ્યાં જાય? ૯૨

અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક;
તેમાં મત સાચો કયો, બને ન એહ વિવેક. ૯૩

કઈ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના બને, ઘણા ભેદ એ દોષ. ૯૪

તેથી એમ જણાય છે, મળે ન મોક્ષ ઉપાય;
જીવાદિ જાણ્યા તણો, શો ઉપકાર જ થાય? ૯૫

પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;
સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ૯૬

## (૬) સમાધાન-સદ્ગુરુ ઉવાચ :

પાંચે ઉત્તરની થઈ, આત્મા વિષે પ્રતીત;
થાશે મોક્ષોપાયની, સહજ પ્રતીત એ રીત. ૯૭

કર્મભાવ અજ્ઞાન છે, મોક્ષભાવ નિજ વાય;
અંધકાર અજ્ઞાન સમ, નાશે જ્ઞાનપ્રકાશ. ૯૮

જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ-અંત. ૯૯

રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ. ૧૦૦

આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામીએ, મોક્ષપંથ તે રીત. ૧૦૧

કર્મ અનંત પ્રકારનાં, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ. ૧૦૨

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ;
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩

કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ;
પ્રત્યક્ષ અનુભવ સર્વને, એમાં શો સંદેહ? ૧૦૪

છોડી મત દર્શનતણો, આગ્રહ તેમ વિકલ્પ;
કહ્યો માર્ગ આ સાધશે, જન્મ તેહના અલ્પ. ૧૦૫

ષટ્પદનાં ષટ્પ્રશ્ન તેં, પૂછ્યાં કરી વિચાર;
તે પદની સર્વાંગતા, મોક્ષમાર્ગ નિર્ધાર. ૧૦૬

જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, એમાં ભેદ ન કોય. ૧૦૭

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ-અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ. ૧૦૮

તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ. ૧૦૯

મત દર્શન આગ્રહ તજી, વર્તે સદ્ગુરુલક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ. ૧૧૦

વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત,
વૃત્તિ વહે નિજભાવમાં, પરમાર્થે સમકિત. ૧૧૧

વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ. ૧૧૨

કેવળ નિજસ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ. ૧૧૩

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગ્રત થતાં શમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય. ૧૧૪

છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ. ૧૧૫

એ જ ધર્મથી મોક્ષ છે, તું છો મોક્ષસ્વરૂપ;
અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ. ૧૧૬

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ. ૧૧૭

નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય;
ધરી મૌનતા એમ કહી સહજ સમાધિમાંય. ૧૧૮

**શિષ્યબોધ બીજપ્રાપ્તિ**

સદ્‌ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન;
નિજપદ નિજમાંહી લહ્યું, દૂર થયું અજ્ઞાન. ૧૧૯

ભાસ્યું નિજસ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ. ૧૨૦

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજ ભાવમાં, થયો અકર્તા ત્યાંય. ૧૨૧

અથવા નિજ પરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૧૨૨

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. ૧૨૩

અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૧૨૪

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન. ૧૨૫

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન. ૧૨૬

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૧૨૭

## ઉપસંહાર

દર્શન ષટે સમાય છે, આ ષટ્ સ્થાનક માંહી;
વિચારતાં વિસ્તારથી, સંશય રહે ન કાંઈ. ૧૨૮

આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુઆજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. ૧૨૯

જો ઇચ્છો પરમાર્થ તો, કરો સત્ય પુરુષાર્થ;
ભવસ્થિતિ આદિ નામ લઈ, છેદો નહિ આત્માર્થ. ૧૩૦

નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય. ૧૩૧

નય નિશ્ચય એકાંતથી, આમાં નથી કહેલ;
એકાંતે વ્યવહાર નહીં, બન્ને સાથ રહેલ. ૧૩૨

ગચ્છમતની જે કલ્પના, તે નહિ સદ્‌વ્યવહાર;
ભાન નહીં નિજ રૂપનું, તે નિશ્ચય નહીં સાર. ૧૩૩

આગળ જ્ઞાની થઈ ગયા, વર્તમાનમાં હોય;
થાશે કાળ ભવિષ્યમાં, માર્ગભેદ નહિ કોય. ૧૩૪

સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય;
સદ્‌ગુરુઆજ્ઞા જિનદશા, નિમિત્ત કારણમાંય. ૧૩૫

ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત;
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત. ૧૩૬

મુખથી જ્ઞાન કથે અને, અંતર છૂટયો ન મોહ;
તે પામર પ્રાણી કરે, માત્ર જ્ઞાનીનો દ્રોહ. ૧૩૭

દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ત્યાગ, વૈરાગ્ય;
હોય મુમુક્ષુઘટ વિષે, એહ સદાય સુજાગ્ય. ૧૩૮

મોહભાવ ક્ષય હોય જ્યાં અથવા હોય પ્રશાંત;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી કહીએ ભ્રાંત. ૧૩૯

સકળ જગત તે એંઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહીએ જ્ઞાનીદશા, બાકી વાચાજ્ઞાન. ૧૪૦

સ્થાનક પાંચ વિચારીને, છઠ્ઠે વર્ત્તે જેહ;
પામે સ્થાનક પાંચમું, એમાં નહિ સંદેહ. ૧૪૧

દેહ છતાં જેની દશા, વર્ત્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો! વંદન અગણિત. ૧૪૨

**—શ્રી નડિયાદ, આસો વદ ૧, ગુરુ, ૧૯૫૨**

---

## પરમપદપ્રાપ્તિની ભાવના

ૐ

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો? અપૂર્વ૦ ૧

સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી;
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ૦ ૨

દર્શનમોહ વ્યતીત થઈ ઊપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ૦ ૩

આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરીષહ કે ઉપસર્ગભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ૦ ૪

સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં;
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ૦ ૫

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ૦ ૬

ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ૦ ૭

બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ૦ ૮

નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ૦ ૯

શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્ત્તે સમભાવ જો. અપૂર્વ૦ ૧૦

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો. અપૂર્વ૦ ૧૧

ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્‌ગલ એક સ્વભાવ જો. અપૂર્વ૦ ૧૨

એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધસ્વભાવ જો. અપૂર્વ૦ ૧૩

મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણ સ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ૦ ૧૪

ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ૦ ૧૫

વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ પૂર્ણે, મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ૦ ૧૬

મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ૦ ૧૭

એક પરમાણુ માત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુ, લઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. અપૂર્વ૦ ૧૮

પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઊર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ૦ ૧૯

જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ૦ ૨૦

એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુઆજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ૦ ૨૧

**—પત્રાંક ૭૩૮, વવાણિયા, સં. ૧૯૫૩**

—————*—————

# મૂળમાર્ગ રહસ્ય

મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ; મૂ૦
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવદુ:ખ. મૂ૦ ૧

કરી જોજો વચનની તુલના રે, જોજો શોધીને જિનસિદ્ધાંત; મૂ૦
માત્ર કહેવું પરમારથહેતુથી રે, કોઈ પામે મુમુક્ષુ વાત મૂ૦ ૨

જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરૂદ્ધ; મૂ૦
જિનમારગ તે પરમાર્થથી રે; એક કહ્યું સિદ્ધાંતે બુધ. મૂ૦ ૩

લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ; મૂ૦
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ. મૂ૦ ૪

હવે જ્ઞાન દર્શનાદિ શબ્દનો રે, સંક્ષેપે સુણો પરમાર્થ; મૂ૦
તેને જોતાં વિચારી વિશેષથી રે, સમજાશે ઉત્તમ આત્માર્થ. મૂ૦ ૫

છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ; મૂ૦
એમ જાણે સદ્‌ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ. મૂ૦ ૬

જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્તે છે શુદ્ધ પ્રતીત; મૂ૦
કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકીત. મૂ૦ ૭

જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ; મૂ૦
તેવો સ્થિર સ્વભાવ તે ઊપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ. મૂ૦ ૮

તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂ૦
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂ૦ ૯

એવાં મૂળ જ્ઞાનાદિ પામવા રે, અને જવા અનાદિ બંધ; મૂ૦
ઉપદેશ સદ્‌ગુરુનો પામવો રે, ટાળી સ્વચ્છંદ ને પ્રતિબંધ. મૂ૦ ૧૦

એમ દેવ જિનંદે ભાખિયું રે, મોક્ષમારગનું શુદ્ધ સ્વરૂપ; મૂ૦
ભવ્ય જનોના હિતને કારણે રે, સંક્ષેપે કહ્યું સ્વરૂપ. મૂ૦ ૧૧

**—પત્રાંક ૭૧૫, આણંદ, આસો સુદ ૧, ૧૯૫૨**

—*—

# સાયંકાળની સ્તુતિ તથા દેવવંદન

મહાદેવ્યા:કુક્ષિરત્નં શબ્દજીતરવાત્મજમ્;
રાજચંદ્રમહં વંદે તત્ત્વલોચનદાયકમ્. ૧

જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય સ્વામી.
ૐકારં બિંદુસંયુક્ત નિત્યં ધ્યાયંતિ યોગિન: ૨

કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમોનમ:
મંગલમય મંગલકરણ વીતરાગ વિજ્ઞાન,
નમો તાહી જાતે ભયે અરિહંતાદિ મહાન. ૩

વિશ્વભાવ વ્યાપિ તદપિ એક વિમલ ચિદ્રૂપ,
જ્ઞાનાનંદ મહેશ્વરા જયવંતા જિન ભૂપ. ૪
મહત્તત્ત્વ મહનીય મહ: મહાધામ ગુણધામ;
ચિદાનંદ પરમાતમા વંદો રમતા રામ. ૫

તીન ભુવન ચૂડા રતન સમ શ્રી જિનકે પાય;
નમત પાઈએ આપ પદ સબ વિધિ બંધ નશાય. ૬

દર્શનં દેવદેવસ્ય દર્શનં પાપનાશનમ,
દર્શનં સ્વર્ગસોપાનં દર્શનં મોક્ષસાધનમ્. ૭

દર્શનાદ્ દુરિતધ્વંસી વંદનાદ્ વાંછિતપ્રદ:
પૂજનાત્ પૂરક: શ્રીણાં જિન: સાક્ષાત્ સુરદ્રુમ: ૮

પ્રભુ દર્શન સુખ સંપદા પ્રભુ દર્શન નવનિધિ,
પ્રભુ દર્શનસેં પામિયે સકલ મનોરથ સિદ્ધિ. ૯

બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્,
દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્;
એકં નિત્યં વિમલમચલં સર્વદા સાક્ષીભૂતમ્,
ભવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરું તં નમામિ. ૧૦

આનન્દમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં શ્રીમદ્‌ગુરું નિત્યમહં નમામિ. ૧૧

શ્રીમદ્ પરબ્રહ્મગુરું વદામિ શ્રીમદ્ પરબ્રહ્મગુરું નમામિ;
શ્રીમદ્ પરબ્રહ્મગુરું ભજામિ શ્રીમદ્ પરબ્રહ્મગુરું સ્મરામિ. ૧૨

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ર્ગુરુર્દેવો મહેશ્વર:,
ગુરુ: સાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમ: ૧૩

ધ્યાનમૂલં ગુરુમૂર્તિ: પૂજામૂલં ગુરુપદમ્,
મંત્રમૂલં ગુરુવાક્યં મોક્ષમૂલં ગુરુકૃપા. ૧૪

અખંડમંડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્;
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમ: ૧૫

અજ્ઞાનતિમિરાન્ધાનાં જ્ઞાનાંજનશલાકાયા,
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમ: ૧૬

ધ્યાનધૂપં મન:પુષ્પં પંચેન્દ્રિય હુતાશનમ્,
ક્ષમાજાપસંતોષપૂજા પૂજ્યો દેવો નિરંજન: ૧૭

દેવેષુ દેવોઽસ્તુ નિરંજનો મેં, ગુરુર્ગુરુષ્વસ્તુ દમી શમી મેં;
ધર્મેષુ ધર્મોઽસ્તુ દયાપરો મે, ત્રીણ્યેવ તત્ત્વાનિ ભવે ભવે મે. ૧૮

પરાત્પરગુરવે નમ: પરંપરાચાર્યગુરવે નમ:
પરમગુરવે નમ: સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરવે નમો નમ: ૧૯

અહો! અહો! શ્રી સદગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર. ૨૦

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન. ૨૧

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન. ૨૨

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાનથકી તરવારવત્, એ ઉપકાર અમાપ. ૨૩

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત. ૨૪

## નમસ્કાર

**જય** જય ગુરુદેવ! સહજાત્મસ્વરૂપ પરમગુરુ શુદ્ધ ચૈતન્ય **સ્વામી** અંતરજામી ભગવાન ઈચ્છામિ ખમાસમણો **વંદિઉં** જાવણિજ્જાએ નિસિહિઆએ મત્થએણ વંદામિ.

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૨૫

## નમસ્કાર

જય જય ગુરુદેવ!..............મત્થએણ વંદામિ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૨૬

## નમસ્કાર

જય જય ગુરુદેવ!................ મત્થએણ વંદામિ.

નમોઽસ્તુ નમોઽસ્તુ નમોઽસ્તુ, શરણં, શરણં, શરણં, ત્રિકાલ શરણં, ભવો ભવ શરણં, સદ્ગુરુશરણં, સદા સર્વદા, ત્રિવિધ ત્રિવિધ ભાવવંદન હો, વિનયવંદન હો; સમયાત્મક વંદન હો, ૐ નમોસ્તુ જય ગુરુદેવ શાંતિ; પરમ તારુ, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ દયાળ, પરમ માયાળ, પરમ કૃપાળ, વાણીસુરસાળ, અતિ સુકુમાળ, જીવદયા પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, 'મા હણો મા હણો', શબ્દના કરનાર, આપકે ચરણકમળ મેં મેરા મસ્તક.

આપકે ચરણકમળ મેરે હૃદયકમળ મેં અખંડપણે, સંસ્થાપિત રહેં, સંસ્થાપિત રહેં; સત્પુરુષોં કા સત્સ્વરૂપ, મેરે ચિત્ત સ્મૃતિ કે પટ પર ટંકોત્કીર્ણવત્ સદોદિત, જયવંત રહેં, જયવંત રહેં.
આનંદમાનન્દકરં પ્રસન્નં જ્ઞાનસ્વરૂપં નિજબોધરૂપમ્;
યોગીન્દ્રમીડયં ભવરોગવૈદ્યં શ્રીમદ્ગુરું નિત્યમહં નમામિ.

## આરતી (૧)

જય જય આરતી સદ્ગુરુરાયા,
શ્રીમદ્ રાજચંદ્ર નમું (તુજ) પાયા. જય જય૦ ૧

પહેલી આરતી મિથ્યા ટાળે,
સમ્યગ્જ્ઞાન પ્રકાશ નિહાળે. જય જય૦ ૨

બીજી આરતી બીજ ઉગાડે,
દ્વંદ્વાતીતપણાને પમાડે. જય જય૦ ૩

ત્રીજી આરતી ત્રિકરણ શુદ્ધિ,
થાએ સહેજે નિર્મળ બુદ્ધિ. જય જય૦ ૪

ચોથી આરતી અનંત ચતુષ્ટય,
પરિણામે આપે પદ અવ્યય. જય જય૦ ૫

પંચમી આરતી પંચ સંવરથી,
શુદ્ધ સ્વભાવ સહજ લહે અરથી. જય જય૦ ૬

શ્રીમદ્ સદ્ગુરુરાજ કૃપાએ,
સત્ય મુમુક્ષુપણું પ્રગટાયે. જય જય૦ ૭

## આરતી (૨)

જય દેવ, જય દેવ, જય પંચ પરમ પદ સ્વામી,
પ્રભુ પંચ પરમ પદ સ્વામી;
મોહાદિક હણ્યાથી (૨) અનંત ગુણધામી. જય દેવ૦ ૧

લોકાલોક પ્રકાશક, સૂર્ય પ્રગટ જ્ઞાની; પ્રભુ૦
આરતી કરી જીવ પામે (૨) શિવ પદ સુખ ખાણી. જય દેવ૦ ૨

પહેલી આરતી પ્રભુની, જિજ્ઞાસુ કરતા; પ્રભુ૦
નિજ પદ લક્ષ લહીને (૨) મિથ્યામતિ હરતા. જય દેવ૦ ૩

બીજી આરતી પ્રભુની, સમકિતી કરતા; પ્રભુ૦
પ્રભુ સમ નિજ ચિદ્રૂપને (૨) અંતર અનુભવતા. જય દેવ૦ ૪

ત્રીજી આરતી પ્રભુની, શાંત સુધા ઝરતા; પ્રભુ૦
રત્નત્રય ઉજ્જવલથી (૨) ધર્મ ધ્યાન ધરતા. જય દેવ૦ ૫

ચોથી આરતી પ્રભુની, શ્રેણી ક્ષપક ચડતા; પ્રભુ૦
શુકલ ધ્યાન વર યોગે, (૨) મોહ શત્રુ હણતા. જય દેવ૦ ૬

પંચમી આરતી પ્રભુની, કેવલશ્રી વરતા; પ્રભુ૦
ધન્ય ધન્ય સહજાત્મા, (૨) સિદ્ધિસદન વસતા. જય દેવ૦ ૭

શુદ્ધ ચિદાત્મની આરતી, આત્માર્થી કરતા; પ્રભુ૦
શ્રી ગુરુરાજ-કૃપાથી (૨) ભવજલધિ તરતા. જય દેવ૦ ૮

## મંગલ દીવો (૧)

દીવો રે દીવો પ્રભુ માંગલિક દીવો,
શ્રીમદ્ સદ્ગુરુ શાશ્વત્ જીવો. દીવો૦ ૧

સમ્યગ્ દર્શન નયન અજવાળે,
કેવલ જ્ઞાન પ્રકાશ નિહાળે. દીવો૦ ૨

ભવભ્રમતિમિરનું મૂળ નસાવે,
મોહ પતંગની ભસ્મ બનાવે. દીવો૦ ૩

પાત્ર મુમુક્ષુ ન નીચે રાખે,
તપવે નહીં એ અચરિજ દાખે. દીવો૦ ૪

કલિમલ સબ ઉત્પત્તિ જાયે,
શ્રીમદ્ સદ્ગુરુ સદાય વરાયે. દીવો૦ ૫

શ્રોતા વક્તા ભક્ત સકલ મેં.
શિવકર વૃદ્ધિ કરે મંગલ મેં. દીવો૦ ૬

શ્રીમદ્ સેવક ભાવ પ્રભાવે,
સેવક સેવ્ય અભેદ સ્વભાવે. દીવો૦ ૭

## મંગલ દીવો (૨)

દીવો રે દીવો પ્રભુ માંગલિક દીવો;
જ્ઞાન દીવો પ્રભુ તુજ ચિરંજીવો. દીવો૦ ૧

નિશ્ચય દીવે પ્રગટે દીવો;
પ્રગટાવો ભવિ દિલમાં દીવો. દીવો૦ ૨

પ્રગટ દીવો જ્ઞાની પરમાત્મા;
તેને અર્પણ હો નિજ આત્મા. દીવો૦ ૩

બહિરાતમતા તજી પ્રભુ શરણે;
બનો અંતરાત્મા પ્રભુ સ્મરણે. દીવો૦ ૪

પરમાતમતા નિશદિન ભાવે;
આતમ અર્પણતા તો થાવે. દીવો૦ ૫

આત્મભાવના સતત અભ્યાસે;
નિજ સહજાત્મસ્વરૂપ પ્રકાશે. દીવો૦ ૬

આત્મદૃષ્ટિ દીવો જ્વલહલતો;
પ્રગટ્યો ઉરમાં જન્મ સફલ તો. દીવો૦ ૭

શ્રીમદ્ સદ્‌ગુરુ રાજ કૃપાથી;
સ્વરૂપસિદ્ધિ સાધે મોક્ષાર્થી. દીવો૦ ૮

---*---

પરમ કૃપાળુ દેવ પ્રતિ, વિનય વિનંતિ એહ;
ત્રય તત્ત્વ ત્રણ રત્ન મુજ, આપો અવિચલ સ્નેહ. ૧

તત્ત્વોપદેષ્ટા તુમ તણા, માર્ગ તણે અનુસાર;
લક્ષ લક્ષણ રહો સદા, ખરેખરો એક તાર. ૨

મિથ્યા તમને ફેડવા, ચંદ્ર સૂર્ય તુમ જ્ઞાન;
દર્શનની સુવિશુદ્ધિથી, ભાવ ચરણ મલ હાન. ૩

ઈચ્છા વર્તે અંતરે, નિશ્ચય દૃઢ સંકલ્પ;
મરણ સમાધિ સંપજો, ન રહો કાંઈ કુવિકલ્પ. ૪

કામિતદાયક પદ શરણ, મન સ્થિર કર પ્રભુ ધ્યાન;
નામ સ્મરણ ગુરુ રાજનું, પ્રગટ કલ્યાણ-નિદાન. ૫

ભુવન જન-હિતકર સદા, કૃપાળુ કૃપાનિધાન;
પાવન કરતા પતિતને, સ્થિર ગુણનું દઈ દાન. ૬

સર્વજ્ઞ સદ્‌ગુરુ પ્રતિ, ફરિ ફરિ અરજ એ નેક;
લક્ષ રહો પ્રભુ સ્વરૂપમાં, હો રત્નત્રય એક. ૭

## મંગળ કળશ

શ્રી રાજચંદ્ર કૃપાળુ ભજ મન પતિતપાવનકર વરં,
સમકિત નિર્મળ, દઈ સુદર્શન ચક્ર અરિબળ ક્ષયકરં;
અજ્ઞાનઅંધિત દૃષ્ટિઅંજિત તત્ત્વરંજિત મતિકરં,
સહજાત્મશ્રી પ્રગટાવી રમણીય મુક્તિ રમણી રતિધરં. ૧

ભવભીતિ ભંજન, દુઃખ નિકંદન, પાપમંજન શુચિકરં,
સહજાત્મ મગ્નં, કર્મભગ્નં, મુક્તિલગ્નં, શિવકરં;
અમૃતવચનં, શાંતચિત્તં, ધ્યાનરક્તં, શમધર,
ચૈતન્યવ્યક્તં, મોહત્યક્તં, સિદ્ધિસક્તં, સુખકરં, ૨

ભવવારિ તારી દુઃખ નિવારી મુક્તિનારી દાયકં,
અદ્‌ભુત શક્તિ આત્મવ્યક્તિ ભવવિરક્તિ વિધાયકં;
સર્વજ્ઞશાસન ભવ વિનાશન શિવપ્રકાશન પથવરં,
ભવિહિત, વિધાનં, યુગપ્રધાનં, બોધિદાનં દ્યો વરં. ૩

જલકમલવત્ નિર્લેપ કર્મે, આત્મધર્મે સ્થિતિધરં,
અશરીરી ભાવે, નિજસ્વભાવે, રમણ કરતા ગુરુવરં;
ભવતરણ-તારણ દુઃખ-નિવારણ, શર્મકારણ જયકરં,
જયવંત હો! ત્રણ કાળ, હે આત્મસ્થ યોગીગણ વરં! ૪

બોધિ સમાધિ નિધાન અદ્‌ભુત વિશ્વશાંતિ સુખકરં,
તુજ ચરણ-શરણે રમણ વારણ મરણ વ્યાધિ ભયહરં;
તન મન વચન આત્મા સમર્પણ ચરણકજ હો ભવહરં,
સહજાત્મરામી, દુઃખવિરામી, શાંતિધામી શિવકરં. ૫

## શ્રીમદ્ રાજચંદ્ર-પ્રણીત પદો

## ભક્તિનો ઉપદેશ

શુભ શીતળતામય છાંય રહી, મનવાંછિત જ્યાં ફળપંક્તિ કહી;
જિનભક્તિ ગ્રહો તરુકલ્પ અહો, ભજીને ભગવંત ભવંત લહો. ૧

નિજ આત્મસ્વરૂપ મુદા પ્રગટે, મનતાપ ઉતાપ તમામ મટે;
અતિ નિર્જરતા વણદામ ગ્રહો, ભજીને ભગવંત ભવંત લહો. ૨

સમભાવિ સદા પરિણામ થશે, જડ મંદ અધોગતિ જન્મ જશે;
શુભ મંગળ આ પરિપૂર્ણ ચહો, ભજીને ભગવંત ભવંત લહો. ૩

શુભ ભાવ વડે મન શુદ્ધ કરો, નવકાર મહાપદને સમરો;
નહિ એહ સમાન સુમંત્ર કહો, ભજીને ભગવંત ભવંત લહો. ૪

કરશો ક્ષય કેવળ રાગ કથા, ધરશો શુભ તત્ત્વસ્વરૂપ યથા;
નૃપચંદ્ર પ્રપંચ અનંત દહો, ભજીને ભગવંત ભવંત લહો. ૫

**—શ્રીમદ્ રાજચંદ્ર, વિ. સં. ૧૯૪૧**

---

બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;
સેવે સદ્ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્. ૧

બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝન કી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિતિ. ૨

એહી નહિ હૈ કલ્પના, એહી નહિ વિભંગ;
કયિ નર પંચમકાળ મેં, દેખી વસ્તુ અભંગ. ૩

નહિ દે તું ઉપદેશ કું, પ્રથમ લેહિ ઉપદેશ,
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાની કા દેશ. ૪

જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંત કી, પાઈ કૃપા અનૂપ. ૫

પાયા કી એ બાત હૈ, નિજ છંદન કો છોડ;
પિછે લાગ સત્પુરુષ કે, તો સબ બંધન તોડ. ૬

**—શ્રીમદ્ રાજચંદ્ર, મું. અ. ૧૯૪૭**

---

# અમૂલ્ય તત્ત્વવિચાર

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો, આંટો નહિ એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો! રાચી રહો? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે;
એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે;
પર વસ્તુમાં નહિ મૂંઝવો એની દયા મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યાં. ૪

તો પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

**—શ્રીમદ્ રાજચંદ્ર, વિ. સં. ૧૯૪૧**

—*—

## બ્રહ્મચર્ય વિષે સુભાષિત

નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન;
ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન. ૧

આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ;
એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોકસ્વરૂપ. ૨

એક વિષયને જીતતાં, જીત્યો સૌ સંસાર;
નૃપતિ જીતતાં જીતિયે, દળ પુર ને અધિકાર. ૩

વિષયરૂપ અંકૂરથી, ટળે જ્ઞાન ને ધ્યાન;
લેશ મદિરાપાનથી, છાકે જ્યમ અજ્ઞાન. ૪

જે નવ વાડ વિશુદ્ધથી, ધરે શિયળ સુખદાઈ;
ભવ તેનો લવ પછી રહે, તત્ત્વવચન એ ભાઈ. ૫

સુંદર શિયળ સુરતરુ, મન વાણી ને દેહ;
જે નરનારી સેવશે, અનુપમ ફળ લે તેહ. ૬

પાત્ર વિના વસ્તુ ન રહે, પાત્રે આત્મિક જ્ઞાન;
પાત્ર થવા સેવો સદા, બ્રહ્મચર્ય મતિમાન. ૭

**—શ્રીમદ્ રાજચંદ્ર, વિ. સં. ૧૯૪૧**

---*---

## ગ્રંથારંભ

ગ્રંથારંભ પ્રસંગ રંગ ભરવા, કોડે કરું કામના;
બોધું ધર્મદ મર્મ ભર્મ હરવા, છે અન્યથા કામ ના;
ભાખું મોક્ષ સુબોધ ધર્મ ધનના, જોડે કથું કામના;
એમાં તત્ત્વ-વિચાર સત્ય સુખદા, પ્રેરો પ્રભુ કામના.

---*---

નાભિનંદનનાથ, વિશ્વવંદન વિજ્ઞાની;
ભવબંધનના ફંદ, કરણ ખંડન સુખદાની;
ગ્રંથ પંથ આદ્યંત, ખંત પ્રેરક ભગવંતા;
અખંડિત અરિહંત, તંતહારક જયવંતા;
શ્રી મરણહરણ તારણતરણ, વિશ્વોદ્ધારણ અઘ હરે;
તે ઋષભદેવ પરમેશપદ, રાયચંદ વંદન કરે.

---

## પ્રભુ પ્રાર્થના

જળહળ જ્યોતિ સ્વરૂપ તું, કેવળ કૃપાનિધાન;
પ્રેમ પુનિત તુજ પ્રેરજે, ભયભંજન ભગવાન. ૧

નિત્ય નિરંજન નિત્ય છો, ગંજન ગંજ ગુમાન,
અભિનંદન અભિવંદના, ભયભંજન ભગવાન. ૨

ધર્મધરણ તારણતરણ, શરણ ચરણ સન્માન;
વિઘ્નહરણ પાવનકરણ, ભયભંજન ભગવાન. ૩

ભદ્ર-ભરણ ભીતિહરણ, સુધાઝરણ શુભવાન;
ક્લેશહરણ ચિંતાચૂરણ, ભયભંજન ભગવાન. ૪

અવિનાશી અરિહંત તું, એક અખંડ અમાન;
અજર અમર અણજન્મ તું, ભયભંજન ભગવાન. ૫

આનંદી અપવર્ગી તું, અકળગતિ અનુમાન;
આશિષ અનુકૂળ આપજે, ભયભંજન ભગવાન. ૬

નિરાકાર નિર્લેપ છો, નિર્મળ નીતિનિધાન;
નિર્મોહક નારાયણા, ભયભંજન ભગવાન. ૭

સચરાચર સ્વયંભૂ પ્રભુ, સુખદ સોંપજે સાન;
સૃષ્ટિનાથ સર્વેશ્વરા, ભયભંજન ભગવાન. ૮

સંકટ શોક સકળ હરણ, નૌતમ જ્ઞાન નિદાન,
ઈચ્છા વિકળ અચળ કરો, ભયભંજન ભગવાન. ૯

આધિ વ્યાધિ ઉપાધિને, હરો તંત તોફાન;
કરુણાળુ કરુણા કરો, ભયભંજન ભગવાન. ૧૦

કિંકરની કંકર મતિ, ભૂલ ભયંકર ભાન,
શંકર તે સ્નેહે હરો, ભયભંજન ભગવાન. ૧૧

શક્તિ શિશુને આપશો, ભક્તિ મુક્તિનું દાન;
તુજ જુક્તિ જાહેર છે, ભયભંજન ભગવાન. ૧૨

નીતિ પ્રીતિ નમ્રતા, ભલી ભક્તિનું ભાન;
આર્ય પ્રજાને આપશો, ભયભંજન ભગવાન. ૧૩

દયા શાંતિ ઔદાર્યતા, ધર્મ મર્મ મનધ્યાન;
સંપ જંપ વણકંપ દે, ભયભંજન ભગવાન. ૧૪

હર આળસ એદીપણું, હર અઘ ને અજ્ઞાન;
હર ભ્રમણા ભારત તણી, ભયભંજન ભગવાન. ૧૫

તન મન ધન ને અન્નનું, દે સુખ સુધા સમાન;
આ અવનીનું કર ભલું, ભયભંજન ભગવાન. ૧૬

વિનય વિનંતી રાયની, ધરો કૃપાથી ધ્યાન;
માન્ય કરો મહારાજ તે, ભયભંજન ભગવાન. ૧૭

**વર્ષ ૧૭ મું**

---*---

## (વસંતતિલકા વૃત્ત)

સંસારમાં મન અરે ક્યમ મોહ પામે?
વૈરાગ્યમાં ઝટ પડયે ગતિ એ જ જામે;
માયા અહો ગણી લહે દિલ આપ આવી,
"આકાશ-પુષ્પ થકી વંધ્યસુતા વધાવી."

---*---

## શ્રી શાંતિનાથ ભગવાન

(સ્તુતિ)

પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને,
પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને;
નીરાગી મહા શાંત મૂર્તિ તમારી,
પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.

દઉં ઉપમા તો અભિમાન મારું,
અભિમાન ટાળ્યા તણું તત્ત્વ તારું.
છતાં બાળરૂપે રહ્યો શિર નામી,
સ્વીકારો ઘણી શુદ્ધિએ શાંતિ સ્વામી.

સ્વરૂપે રહી શાંતતા શાંતિ નામે,
બિરાજ્યા મહા શાંતિ આનંદ ધામે.

(અપૂર્ણ)

---

## મુનિને પ્રણામ

શાંતિ કે સાગર અરુ, નીતિ કે નાગર નેક,
દયા કે આગર જ્ઞાન, ધ્યાન કે નિધાન હો;
શુદ્ધબુદ્ધિ બ્રહ્મચારી, મુખબાની પૂર્ણ પ્યારી,
સબન કે હિતકારી, ધર્મ કે ઉદ્યાન હો.

રાગ દ્વેષ સે રહિત, પરમ પુનિત નિત્ય,
ગુન સેં ખચિત ચિત્ત, સજ્જન સમાન હો;
રાયચંદ્ર ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે, પ્રનામ અમાન હો.

માયા માન મનોજ મોહ મમતા, મિથ્યાત મોડી મુનિ,
ધોરી ધર્મ ધરેલ ધ્યાન ધરથી, ધારેલ ધૈર્યે ધૂની;

છે સંતોષ, સુશીલ સૌમ્ય સમતા, ને શીયળે ચંડના,
નીતિ રાય દયા-ક્ષમાધર મુનિ, કોટિ કરું વંદના.

વર્ષ ૧૭ મું

---

## કાળ કોઈને નહિ મૂકે

મોતી તણી માળા ગળામાં મૂલ્યવંતી મલકતી,
હીરા તણા શુભ હારથી બહુ કંઠકાંતિ ઝળકતી;
આભૂષણોથી ઓપતા ભાગ્યા મરણને જોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૧

મણિમય મુગટ માથે ધરીને કર્ણ કુંડળ નાખતા;
કાંચન-કડાં કરમાં ધરી કશીએ કચાશ ન રાખતા;
પળમાં પડયા પૃથ્વીપતિ એ, ભાન ભૂતળ ખોઈને;
જન જાણીએ મન માનીએ, નવ કાળ મૂકે કોઈને. ૨

દશ આંગળીમાં માંગળિક મુદ્રા જડિત માણિક્યથી,
જે પરમ પ્રેમે પે'રતા પોંચી કળા બારીકથી;
એ વેઢ વીંટી સર્વ છોડી ચાલિયા મુખ ધોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૩

મૂછ વાંકડી કરી ફાંકડા થઈ લીંબુ ધરતા તે પરે,
કાપેલ રાખી કાતરા હરકોઈનાં હૈયાં હરે;
એ સાંકડીમાં આવિયા છટક્યા તજી સૌ સોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૪

છો ખંડના અધિરાજ જે ચંડે કરીને નીપજ્યા,
બ્રહ્માંડમાં બળવાન થઈને ભૂપ ભારે ઊપજ્યા;
એ ચતુર ચક્રી ચાલિયા હોતા નહોતા હોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૫

જે રાજનીતિનિપુણતામાં ન્યાયવંતા નીવડ્યા,
અવળા કર્યે જેના બધા સવળા સદા પાસા પડ્યા;
એ ભાગ્યશાળી ભાગિયા તે ખટપટો સૌ ખોઈને,
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૬

તરવાર બહાદુર ટેક ધારી પૂર્ણતામાં પેખિયા,
હાથી હણે હાથે કરી એ કેસરી સમ દેખિયા;
એવા ભલા ભડવીર તે અંતે રહેલા રોઈને
જન જાણીએ મન માનીએ નવ કાળ મૂકે કોઈને. ૭

---

## ધર્મ વિષે

(કવિત)

સાહ્યબી સુખદ હોય, માનતણો મદ હોય,
ખમા ખમા ખુદ હોય, તે તે કશા કામનું?
જુવાનીનું જોર હોય, એશનો અંકોર હોય,
દોલતનો દોર હોય, એ તો સુખ નામનું;
વનિતા વિલાસ હોય, પ્રૌઢતા પ્રકાશ હોય,
દક્ષ જેવા દાસ હોય, હોય સુખ ધામનું,
વદે રાયચંદ એમ, સદ્ધર્મને ધાર્યા વિના,
જાણી લેજે સુખ એ તો, બેએ જ બદામનું. ૧

મોહ માન મોડવાને, ફેલપાણું ફોડવાને,
જાળફંદ તોડવાને, હેતે નિજ હાથથી,
કુમતિને કાપવાને, સુમતિને સ્થાપવાને,
મમત્વને માપવાને, સકળ સિદ્ધાંતથી;
મહામોક્ષ માણવાને, જગદીશ જાણવાને,
અજન્મતા આણવાને, વળી ભલી ભાતથી,
અલૌકિક અનુપમ, સુખ અનુભવવાને,
ધર્મ ધારણાને ધરો, ખરેખર ખાંતથી. ૨

દિનકર વિના જેવો, દિનનો દેખાવ દીસે,
શશી વિના જેવી રીતે, શર્વરી સુહાય છે;
પ્રજાપતિ વિના જેવી, પ્રજા પુરતણી પેખો,
સુરસ વિનાની જેવી, કવિતા કહાય છે;
સલિલ હીન જેવી, સરિતાની શોભા અને,
ભર્ત્તાર વિહીન જેવી, ભામિની ભળાય છે;
વદે રાયચંદ વીર, સદ્ધર્મને ધાર્યા વિના,
માનવી મહાન તેમ, કુકર્મી કળાય છે. ૩

ચતુરો ચોંપેથી ચાહી, ચિંતામણિ ચિત્ત ગણે,
પંડિતો પ્રમાણે છે, પારસમણિ પ્રેમથી;
કવિઓ કલ્યાણકારી, કલ્પતરુ કથે જેને,
સુધાનો સાગર કથે, સાધુ શુભ ક્ષેમથી;
આત્માના ઉદ્ધારને ઉમંગથી અનુસરો જો,
નિર્મળ થવાને કાજે, નમો નીતિ નેમથી;
વદે રાયચંદ વીર, એવું ધર્મરૂપ જાણી,
“ધર્મવૃત્તિ ધ્યાન ધરો, વિલખો ન વે'મથી.” ૪

ધર્મ વિના પ્રીત નહીં, ધર્મ વિના રીત નહીં,
ધર્મ વિના હિત નહીં, કથું જન કામનું;
ધર્મ વિના ટેક નહીં, ધર્મ વિના નેક નહીં,
ધર્મ વિના ઐક્ય નહીં, ધર્મ ધામ રામનું;
ધર્મ વિના ધ્યાન નહીં, ધર્મ વિના જ્ઞાન નહીં,
ધર્મ વિના ભાન નહીં, જીવ્યું કોના કામનું?
ધર્મ વિના તાન નહીં, ધર્મ વિના સાન નહીં,
ધર્મ વિના ગાન નહીં, વચન તમામનું. ૫

ધર્મ વિના ધનધામ, ધાન્ય ધૂળધાણી ધારો,
ધર્મ વિના ધરણીમાં ધિક્કતા ધરાય છે;
ધર્મ વિના ધીમંતની, ધારણાઓ ધોખે ધરે,

ધર્મ વિના ધાર્યું ધૈર્ય, ધુમ્ર થઈ ધમાય છે;
ધર્મ વિના ધરાધર, ધુતાશે, ન ધામધુમે,
ધર્મ વિના ધ્યાની ધ્યાન, ઢોંગઢંગે ધાય છે;
ધારો, ધારો ધવળ, સુધર્મની ધુરંધરતા,
ધન્ય! ધન્ય! ધામે ધામે, ધર્મથી ધરાય છે. ૬

**વિ. સં. ૧૯૪૧**

---

## સર્વમાન્ય ધર્મ

ધર્મતત્ત્વ જો પૂછયું મને,
તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર,
સર્વમાન્ય સહુને હિતકાર. ૧

ભાખ્યું ભાષણમાં ભગવાન,
ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ,
દ્યો પ્રાણીને, દળવા દોષ. ૨

સત્ય શીલ ને સઘળાં દાન,
દયા હોઈ ને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહીં એક,
વિના સૂર્ય કિરણ નહીં દેખ. ૩

પુષ્પપાંખડી જ્યાં દુભાય,
જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ,
મહાવીરની શિક્ષા મુખ્ય. ૪

સર્વ દર્શને એ ઉપદેશ,
એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ,
દયા દયા નિર્મળ અવિરોધ! ૫

એ ભવતારક સુંદર રાહ,
ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ,
એ વણ ધર્મ સદા પ્રતિકૂળ. ૬
તત્ત્વરૂપથી એ ઓળખે,
તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ,
રાજચંદ્ર કરુણાએ સિદ્ધ. ૭

**વિ. સં. ૧૯૪૧**

---

## સામાન્ય મનોરથ

મોહિનીભાવ વિચાર અધીન થઈ,
ના નીરખું નયને પરનારી;
પથ્થરતુલ્ય ગણું પરવૈભવ,
નિર્મળ તાત્ત્વિક લોભ સમારી. ૧

દ્વાદશવ્રત અને દીનતા ધરી,
સાત્ત્વિક થાઉં સ્વરૂપ વિચારી;
એ મુજ નેમ સદા શુભ ક્ષેમક,
નિત્ય અખંડ રહો ભવહારી. ૨

તે ત્રિશલાતનયે મન ચિંતવી,
જ્ઞાન, વિવેક, વિચાર વધારું;
નિત્ય વિશોધ કરી નવ તત્ત્વનો,
ઉત્તમ બોધ અનેક ઉચ્ચારું. ૩

સંશયબીજ ઊગે નહિ અંદર,
જે જિનનાં કથનો અવધારું;
રાજ્ય, સદા મુજ એ જ મનોરથ,
ધાર, થશે અપવર્ગઉતારુ. ૪

---

## તૃષ્ણાની વિચિત્રતા

હતી દીનતાઈ ત્યારે તાકી પટેલાઈ અને,
મળી પટેલાઈ ત્યારે તાકી છે શેઠાઈને;
સાંપડી શેઠાઈ ત્યારે તાકી મંત્રિતાઈ અને,
આવી મંત્રિતાઈ ત્યારે તાકી નૃપતાઈને.
મળી નૃપતાઈ ત્યારે તાકી દેવતાઈ અને,
દીઠી દેવતાઈ ત્યારે તાકી શંકરાઈને,
અહો! રાજચંદ્ર માનો માનો શંકરાઈ મળી,
વધે તૃષ્ણાઈ તોય જાય ન મરાઈને. ૧

કરોચલી પડી દાઢી, ડાચાં તણો દાટ વળ્યો,
કાળી કેશપટી વિષે, શ્વેતતા છવાઈ ગઈ;
સૂંઘવું સાંભળવું ને, દેખવું તે માંડી વાળ્યું,
તેમ દાંત-આવલી તે, ખરી કે ખવાઈ ગઈ.
વળી કેડ વાંકી, હાડ ગયાં, અંગરંગ ગયો,
ઊઠવાની આય જતાં, લાકડી લેવાઈ ગઈ;
અરે! રાજચંદ્ર એમ, યુવાની હણાઈ પણ,
મનથી ન તોય રાંડ, મમતા મરાઈ ગઈ. ૨

કરોડોના કરજના, શિર પર ડંકા વાગે,
રોગથી રૂંધાઈ ગયું, શરીર સુકાઈને;
પુરપતિ પણ માથે, પીડવાને તાકી રહ્યો;
પેટતણી વેઠ પણ, શકે ન પુરાઈને.

પિતૃ અને પરણી તે, મચાવે અનેક ધંધ,
પુત્ર, પુત્રી ભાખે, ખાઉં ખાઉં દુઃખદાઈને;
અરે! રાજચંદ્ર તોય, જીવ ઝાવાદાવા કરે,
જંજાળ છંડાય નહીં, તજી તૃષનાઈને. ૩

થઈ ક્ષીણ નાડી, અવાચક જેવો રહ્યો પડી,
જીવન-દીપક પામ્યો કેવળ ઝંખાઈને;
છેલ્લી ઈસે પડયો ભાળી ભાઈએ ત્યાં એમ ભાખ્યું,
હવે ટાઢી માટી થાય તો તો ઠીક ભાઈને.
હાથને હલાવી ત્યાં તો, ખીજી બુઢ્ઢે સૂચવ્યું એ,
બોલ્યા વિના બેસ, બાળ તારી ચતુરાઈને!
અરે! રાજચંદ્ર દેખો દેખો આશાપાશ કેવો?
જતાં ગઈ નહીં ડોસે મમતા મરાઈને! ૪

**વિ. સં. ૧૯૪૧**

---*---

## પૂર્ણમાલિકા મંગલ

**તપોપધ્યાને રવિરૂપ થાય, એ સાધીને સોમ રહી સુહાય,**
**મહાન તે મંગલ પંક્તિ પામે, આવે પછી તે બુધના પ્રણામે.**

**નિર્ગ્રંથ જ્ઞાતા ગુરુ સિદ્ધિદાતા, કાં તો સ્વયં શુક્ર પ્રપૂર્ણ ખ્યાતા,**
**વિયોગ ત્યાગ કેવળ મંદ પામે, સ્વરૂપે સિદ્ધે વિચરી વિરામે.**

## ભાવનાઓ

### અનિત્ય ભાવના

**વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ;**
**પુરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યાં ક્ષણનો પ્રસંગ.**

**વિશેષાર્થ :** લક્ષ્મી વીજળી જેવી છે. વીજળી ઝબકારો જેમ થઈને ઓલવાઈ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે. અધિકાર

પતંગના રંગ જેવો છે, પતંગનો રંગ જેમ ચાર દિવસની ચટકી છે, તેમ અધિકાર માત્ર થોડો કાળ રહી હાથમાંથી જતો રહે છે. આયુષ્ય પાણીના મોજા જેવું છે, પાણીનો હિલોળો આવ્યો કે ગયો, તેમ જન્મ પામ્યા અને એક દેહમાં રહ્યા કે ન રહ્યા ત્યાં બીજા દેહમાં પડવું પડે છે. કામભોગ આકાશમાં ઉત્પન્ન થતા ઇંદ્રના ધનુષ્ય જેવા છે. જેમ ઇંદ્રધનુષ્ય વર્ષાકાળમાં થઈને ક્ષણવારમાં લઈ થઈ જાય છે, તેમ યૌવનમાં કામના વિકાર ફળીભૂત થઈ જરાવયમાં જતા રહે છે; ટૂંકામાં, હે જીવ! એ સઘળી વસ્તુઓનો સંબંધ ક્ષણભર છે. એમાં પ્રેમબંધનની સાંકળે બંધાઈને શું રાચવું? તાત્પર્ય એ કે સઘળા ચપળ અને વિનાશી છે, તું અખંડ અને અવિનાશી છે; માટે તારા જેવી નિત્ય વસ્તુને પ્રાપ્ત કર!

## અશરણ ભાવના

**સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;**
**અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાહ્ય સ્હાશે.**

**વિશેષાર્થ :** સર્વજ્ઞ જિનેશ્વર દેવે નિઃસ્પૃહતાથી બોધેલો ધર્મ ઉત્તમ શરણરૂપ જાણીને મન, વચન અને કાયાના પ્રભાવ વડે હે ચેતન! તેને તું આરાધ, આરાધ. તું કેવળ અનાથરૂપ છો તે સનાથ થઈશ. એના વિના ભવાટવી ભ્રમણમાં તારી બાંય કોઈ સાહનાર નથી. જે આત્માઓ સંસારના ભાવિક સુખને કે અવદર્શનને શરણરૂપ માને તે અધોગતિ પામે, તેમજ સદૈવ અનાથ રહે એવો બોધ કરનારું ભગવાન અનાથી મુનિનું ચરિત્ર પ્રારંભીએ છીએ. એથી આશરણભાવના સુદૃઢ થશે.

## એકત્વ ભાવના

**શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય, તે કોઈ અન્યે લઈ ના શકાય;**
**એ ભોગવે એક સ્વ-આત્મ પોતે, એકત્વ એથી નય સુજ્ઞ ગોતે.**

**વિશેષાર્થ :** શરીરમાં પ્રત્યક્ષ દેખાતા રોગાદિક જે ઉપદ્રવ થાય છે તે સ્નેહી, કુટુંબી, જાયા કે પુત્ર કોઈથી લઈ શકાતા નથી; એ માત્ર એક પોતાનો આત્મા પોતે જ ભોગવે છે. એમાં કોઈ પણ ભાગીદાર થતું

નથી. તેમજ પાપ પુણ્યાદિ સઘળા વિપાકો આપણો આત્મા જ ભોગવે છે. એ એકલો આવે છે, એકલો જાય છે; એવું સિદ્ધ કરીને વિવેક ભલી રીતે જાણવાવાળા પુરુષો એકત્વને નિરંતર શોધે છે.

**રાણી સર્વ મળી સુચંદન ઘસી, ને ચર્ચવામાં હતી,**
**બૂઝયો ત્યાં કકળાટ કંકણતણો, શ્રોતી નમી ભૂપતિ;**
**સંવાદે પણ ઇંદ્રથી દૃઢ રહ્યો, એકત્વ સાચું કર્યું,**
**એવા એ મિથિલેશનું ચરિત આ, સંપૂર્ણ અત્રે થયું.**

**વિશેષાર્થ :** રાણીઓનો સુમદાય ચંદન ઘસીને વિલેપન કરવામાં રોકાયો હતો; તત્સમયમાં કંકણના ખળભળાટને સાંભળીને નમિરાજ બૂઝયો. ઇંદ્રની સાથે સંવાદમાં પણ અચળ રહ્યો; અને એકત્વને સિદ્ધ કર્યું.

એવા એ મુક્તિ સાધક મહાવૈરાગીનું ચરિત્ર 'ભાવના બોધ' ગ્રંથે તૃતીય ચિત્રે પૂર્ણતા પામ્યું.

## અન્યત્વ ભાવના

**ના મારાં તન રૂપ કાંતિ યુવતી, ના-પુત્ર કે ભ્રાત ના,**
**ના મારાં ભૂત સ્નેહીઓ સ્વજન કે, ના ગોત્ર કે જ્ઞાત ના;**
**ના મારાં ધન ધામ યૌવન ધરા, એ મોહ અજ્ઞાત્વના.**
**રે! રે! જીવ વિચાર એમ સદા, અન્યત્વદા ભાવના.**

**વિશેષાર્થ :** આ શરીર તે મારું નથી, આ રૂપ તે મારું નથી, આ કાંતિ તે મારી નથી; આ સ્ત્રી તે મારી નથી, આ પુત્ર તે મારા નથી; આ ભાઈઓ તે મારા નથી, આ દાસ તે મારા નથી, આ સ્નેહીઓ તે મારા નથી, આ સંબંધીઓ તે મારા નથી, આ ગોત્ર તે મારું નથી, આ જ્ઞાતિ તે મારી નથી, આ લક્ષ્મી તે મારી નથી, આ મહાલય તે મારા નથી, આ યૌવન તે મારું નથી, અને આ ભૂમિ તે મારી નથી, માત્ર એ મોહ અજ્ઞાનપણાનો છે. સિદ્ધગતિ સાધવા માટે હે જીવ! અન્યત્વનો બોધ દેનારી એવી તે અન્યત્વ ભાવનાનો વિચાર કર! વિચાર કર!

મિથ્યા મમત્વની ભ્રમણા ટાળવા માટે, અને વૈરાગ્યની વૃદ્ધિને માટે પ્રભાવથી મનન કરવા યોગ્ય રાજરાજેશ્વર ભરતનું ચરિત્ર અહીં આગળ ટાંકીએ છીએ :

**દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્યવેગે ગયા,**
**છાંડી રાજ સમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાની થયા;**
**ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,**
**જ્ઞાનીનાં મન તેહ રંજન કરો, વૈરાગ્યભાવે યથા.**

**વિશેષાર્થ :** પોતાની એક આંગળી અડવી દેખીને વૈરાગ્યના પ્રવાહમાં જેણે પ્રવેશ કર્યો, રાજસમાજને છોડીને જેણે કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત કર્યું, એવા તે ભરતેશ્વરનું ચરિત્ર ધારણ કરીને આ ચોથું ચિત્ર પૂર્ણતા પામ્યું. તે જેવો જોઈએ તેવો વૈરાગ્યભાવ દર્શાવીને જ્ઞાની પુરુષના મનને રંજન કરનારાઓ!

ભાવના બોધ ગ્રંથે અન્યત્વ ભાવનાના ઉપદેશ માટે પ્રથમ દર્શનના ચર્તુથ ચિત્રમાં ભરતેશ્વરનું દૃષ્ટાંત અને પ્રમાણશિક્ષા પૂર્ણતા પામ્યા.

## અશુચિ ભાવના

**ખાણ મૂત્રને મળની, રોગ જરાનું નિવાસનું ધામ;**
**કાયા એવી ગણી ને, માન ત્યજીને કર સાર્થક આમ.**

**વિશેષાર્થ :** મળ અને મૂત્રની ખાણરૂપ, રોગ અને વૃદ્ધતાને રહેવાનાં ધામના જેવી કાયાને ગણીને હે ચૈતન્ય! તેનું મિથ્યા માન ત્યાગ કરીને સનતકુમારની પેઠે તેને સફળ કર!

એ ભગવાન સનતકુમારનું ચરિત્ર અહીં આગળ અશુચિ-ભાવનાની પ્રમાણિકતા બતાવવા માટે આરંભાશે.

**પ્રમાણશિક્ષા :** રક્તપિત્ત જેવા સદૈવ લોહીપરુથી ગદ્ગદતા મહારોગની ઉત્પત્તિ જે કાયામાં છે, પળમાં વણસી જવાનો જેનો સ્વભાવ છે; જેના પ્રત્યેક રોમે પોણા બબ્બે રોગનો નિવાસ છે; તેવા

સાડાત્રણ કરોડ રોમથી તે ભરેલી હોવાથી કરોડો રોગનો તે ભંડાર છે એમ વિવેકથી સિદ્ધ છે. અન્નાદિની ન્યૂનાધિકતાથી તે પ્રત્યેક રોગ જે કાયામાં દેખાવ દે છે; મૂળમૂત્ર, નરક, હાડ, માંસ, પરુ અને શ્લેષ્મથી જેનું બંધારણ ટક્યું છે; ત્વચાથી માત્ર જેની મનોહરતા છે, તે કાયાનો મોહ ખરે! વિભ્રમ જ છે! સનતકુમારે જેનું લેશમાત્ર માન કર્યું તે પણ જેથી સંખાયું નહીં તે કાયામાં અહો પામર તું શું મોહે છે? એ મોહ મંગળદાયક નથી."[1]

આમ છતાં પણ[2] આગળ ઉપર મનુષ્યદેહને સર્વદેહોત્તમ કહેવો પડશે. એનાથી સિદ્ધ ગતિની સિદ્ધિ છે એમ કહેવાનું છે. ત્યાં આગળ નિઃશંક થવા માટે અહીં નામ માત્ર વ્યાખ્યાન આપ્યું છે. આત્માના શુભ કર્મનો જ્યારે ઉદય આવ્યો ત્યારે તે મનુષ્યદેહ પામ્યો. મનુષ્ય એટલે બે હાથ, બે પગ, બે આંખ, બે કાન, એક મુખ, બે ઓષ્ઠ, એક નાકવાળા દેહનો અધીશ્વર એમ નથી પણ એનો મર્મ જુદો જ છે. જો એમ અવિવેક દાખવીએ તો પછી વાનરને મનુષ્ય ગણવામાં દોષ શો? એ બિચારાએ તો એક પૂંછડું પણ વધારે પ્રાપ્ત કર્યું છે. પણ નહીં, મનુષ્યનો મર્મ આમ છે : વિવેક બુદ્ધિ જેના મનમાં ઉદય પામી છે, તે જ મનુષ્ય; બાકી બધાય એ સિવાયનાં તે દ્વિપાદરૂપે પશુ જ છે. મેધાવી પુરુષો નિરંતર એ માનવત્વનો આમ જ મર્મ પ્રકાશે છે. વિવેકબુદ્ધિના ઉદય વડે મુક્તિના રાજમાર્ગમાં પ્રવેશ કરાય છે અને એ માર્ગમાં પ્રવેશ એ જ માનવદેહની ઉત્તમતા છે તો પણ સ્મૃતિજ્ઞાન થવું યથોચિત છે કે, તે દેહ કેવળ અશુચિમય તે અશુચિમય જ છે. એના સ્વભાવમાં અન્યત્વ નથી.

## અંતદર્શન—નિવૃત્તિ બોધ

અનંત સૌખ્ય નામ દુઃખ, ત્યાં રહી ન મિત્રતા!
અનંત દુઃખ નામ સૌખ્ય, પ્રેમ ત્યાં, વિચિત્રતા!
ઉઘાડ ન્યાય-નેત્રને, નિહાળ રે, નિહાળ તું;
નિવૃત્તિ શીઘ્રમેવ ધારી, ને પ્રવૃત્તિ બાળ તું.

## (દોહરા)

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે ઊતરે ભવ પાર.

જ્ઞાની કે અજ્ઞાની જન, સુખદુ:ખ રહિત ન કોય;
જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય

## (વીતરાગવાણી)

મંત્ર તંત્ર ઔષધ નહીં, જેથી પાપ પલાઈ,
વીતરાગ વાણી વિના, અવર ન કોઈ ઉપાય.

વચનામૃત વીતરાગના, પરમ શાંત રસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયર તે પ્રતિકૂળ.

*

જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુ:ખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ દ્વેષ અણહેતુ.

નથી ધર્યો દેહ વિષય વધારવા;
નથી ધર્યો દેહ પરિગ્રહ ધારવા.

---*---

લઘુ વયથી અદ્ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ,
એ જ સૂચવે એમ કે, ગતિ-આગતિ કાં શોધ? ૧

જે સંસ્કાર થવો ઘટે, અતિ અભ્યાસે કાંય;
વિના પરિશ્રમ તે થયો, ભવશંકા શી ત્યાંય? ૨

જેમ જેમ મતિ અલ્પતા, અને મોહ ઉદ્યોત,
તેમ તેમ ભવશંકના, અપાત્ર અંતર જ્યોત. ૩

કરી કલ્પના દૃઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર. ૪

આ ભવ વણ ભવ છે નહીં, એ જ તર્ક અનુકૂળ;
વિચારતાં પામી ગયા, આત્મધર્મનું મૂળ. ૫

**(અંગત) વિ. સં. ૧૯૪૫**

---*---

ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ;
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ. ૧

તેહ તત્ત્વરૂપ વૃક્ષનું, આત્મધર્મ છે મૂળ;
સ્વભાવની સિદ્ધિ કરે, ધર્મ તે જ અનુકૂળ. ૨

પ્રથમ આત્મસિદ્ધિ થવા, કરીએ જ્ઞાન વિચાર;
અનુભવી ગુરુને સેવીએ, બુધજનનો નિર્ધાર. ૩

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા, અને વિભાવિક મોહ;
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય. ૪

બાહ્ય તેમ અભ્યંતરે, ગ્રંથ ગ્રંથિ નહિ હોય;
પરમ પુરુષ તેને કહો, સરળ દૃષ્ટિથી જોય. ૫

બાહ્ય પરિગ્રહ ગ્રંથિ છે, અભ્યંતર મિથ્યાત્વ;
સ્વભાવથી પ્રતિકૂળતા, . . . . . . . .

**વિ. સં. ૧૯૪૫**

---*---

૧. લોક પુરુષસંસ્થાને કહ્યો,
એનો ભેદ તમે કંઈ લહ્યો?
એનું કારણ સમજ્યા કાંઈ,
કે સમજાવ્યાની ચતુરાઈ?

શરીર પરથી એ ઉપદેશ,
જ્ઞાન દર્શને કે ઉદ્દેશ;
જેમ જણાવો સુણીએ તેમ,
કાં તો લઈએ દઈએ ક્ષેમ.

૨. શું કરવાથી પોતે સુખી?
શું કરવાથી પોતે દુઃખી?
પોતે શું? ક્યાંથી છે આપ?
એનો માગો શીઘ્ર જવાબ.

૩. જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ,
જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન,
પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.

ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય;
તે ઉપજવા પૂર્વિત ભાગ્ય;
તેમ નહીં તો કંઈ સત્સંગ,
તેમ નહીં તો કંઈ દુઃખરંગ.

૪. જે ગાયો તે સઘળે એક,
સકળ દર્શને એ જ વિવેક;
સમજાવ્યાની શૈલી કરી,
સ્યાદ્વાદ સમજણ પણ ખરી.

મૂળ સ્થિતિ જો પૂછો મને,
તો સોંપી દઉં યોગી કને;
પ્રથમ અંત ને મધ્યે એક,
લોકરૂપ અલોકે દેખ.

જીવાજીવ સ્થિતિને જોઈ,
ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય;
'ઉપાય કાં નહીં?'' શંકા જાય.

એ આશ્ચર્ય જાણે તે જાણ,
જાણે જ્યારે પ્રગટે ભાણ;

સમજે બંધ-મુક્તિયુત જીવ,
નીરખી ટાળે શોક સદીવ.
બંધયુક્ત જીવ કર્મ સહિત,
પુદ્‌ગલરચના કર્મ ખચીત;
પુદ્‌ગલજ્ઞાન પ્રથમ લે જાણ,
નર દેહે પછી પામે ધ્યાન.

જો કે પુદ્‌ગલનો એ દેહ,
તો પણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજાણ બીજી પછી કહીશ,
જ્યારે ચિત્તે સ્થિર થઈશ.

૫. જહાં રાગ અને વળી દ્વેષ,
તહાં સર્વદા માનો કલેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ,
સકળ દુઃખનો છે ત્યાં નાશ.

સર્વ કાલનું છે ત્યાં જ્ઞાન,
દેહ છતાં ત્યાં છે નિર્વાણ;
ભવ છેવટની છે એ દશા,
રામ ધામ આવીને વસ્યા.

**મુંબઈ, ફા. વદ ૧, ૧૯૪૬**

---*---

આજ મને ઉછરંગ અનુપમ,
જન્મકૃતાર્થ જોગ જણાયો;
વાસ્તવ્ય વસ્તુ વિવેક વિવેચક,
તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો.

**મુંબઈ. વૈ. વદ ૪, ગુરુ, ૧૯૪૬**

હોત આસવા પરિસવા, નહિ ઇનમેં સંદેહ;
માત્ર દૃષ્ટિ કી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહિ.

રચના જિન ઉપદેશ કી, પરમોત્તમ તિનુ કાલ;
ઇનમેં સબ મત રહત હૈ, કરતેં નિજ સંભાલ.

જિન સો હી હૈ આતમા, અન્ય હોઈ સો કર્મ;
કર્મ કટે સો જિન બચન, તત્ત્વજ્ઞાની કો મર્મ.

જબ જાન્યો નિજરૂપ કો, તબ જાન્યો સબ લોક;
નહિ જાન્યો નિજરૂપ કો, સબ જાન્યો સો ફોક.

એહિ બચન સેં સમજ લે, જિનપ્રવચન કી છાપ.
જિનસેં ભાવ બિનુ કબૂ, નહિ છૂટત દુઃખદાવ.

વ્યવહાર સેં દેવ જિન, નિહચે સેં હૈ આપ;
એહિ બચન સેં સમજ લે, જિનપ્રવચન કી છાપ.

એહિ નહીં હૈ કલ્પના, એહિ નહીં વિભંગ;
જબ જાગેંગે આત્મા, તબ લાગેંગે રંગ.

**મુંબઈ, વૈ. વદ ૪ ગુરુ, ૧૯૪૬**

---

મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.
સમજ પિછે સબ સરલ હૈ, બિનૂ સમજ મુશકિલ;
યે મુશકિલી ક્યા કહૂં? ...........................

ખોજ પિંડ બ્રહ્માંડકા, પત્તા તો લગ જાય;
યેહી બ્રહ્માંડી વાસના, જબ જાવે તબ......
આપ આપકું ભૂલ ગયા, ઇનસેં ક્યા અંધેર?
સમર સમર અબ હસત હૈ, નહિ ભૂલેંગે ફેર.

જહાં કલપના-જલપના, તહાં માનું દુઃખ છાંઈ;
મિટે કલપના–જલપના, તબ વસ્તુ તિન પાઈ.

હે જીવ, ક્યા ઇચ્છત હવે? હે ઇચ્છા દુ:ખમૂલ;
જબ ઇચ્છા કા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.

ઐસી કહાં સે મતિ ભઈ, આપ આપ હૈ નાહીં;
આપનકું જબ ભૂલ ગયે, અવર કહાં સે લાઈ.

આપ આપ એ શોધસે, આપ આપ . મિલ જાય;
આપ મિલન નય બાપકો; ............

**મુંબઈ, વૈ. વદ ૪, ગુરુ, ૧૯૪૬.**

*

૧. બીજાં સાધન બહુ કર્યાં, કરી કલ્પના આપ;
અથવા અસદ્‌ગુરુ થકી, ઊલટો વધ્યો ઉતાપ.

૨. પૂર્વ પુણ્યના ઉદયથી, મળ્યો સદ્‌ગુરુયોગ;
વચનસુધા શ્રવણે જતાં, થયું હૃદય ગતશોગ.

૩. નિશ્ચય એથી આવિયો, ટળશે અહીં ઉતાપ;
નિત્ય કર્યો સત્સંગ મેં, એક લક્ષથી આપ.

**મોરબી, આસો, ૧૯૪૬**

*

## જડ-ચેતન વિવેક

જડ ભાવે જડ પરિણમે, ચેતન, ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧

જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨

જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩

બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪

વત બધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫

ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત? ૬

પ્રથમ દેહદૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭

જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત,
કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮

મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯

હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧૧

---*---

**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.**

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧

નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર-તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩

કેવળ નહિ બ્રહ્મચર્યથી,
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪

શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫

આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજ કલ્પનાથી કોટી શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬

ચાર વેદ પુરાણ આદિ, શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રીનંદીસૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં; એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭

વ્રત નહીં પચખાણ નહીં, નહિ ત્યાગ વસ્તુ કોઈનો;
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લ્યો,
છેદ્યા અનંતા ..............................

**રાળજ, ભા. ૧૯૪૭**

---*---

પંથ પરમપદ બોધ્યો, જેહ પ્રમાણે પરમ વીતરાગે;
તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિરાગે. ૧

મૂળ પરમપદ કારણ, સમ્યક્દર્શન જ્ઞાન ચરણ પૂર્ણ;
પ્રણમે એક સ્વભાવે, શુદ્ધ સમાધિ ત્યાં પરિપૂર્ણ. ૨

જે ચેતન જડ ભાવો, અવલોક્યા છે મુનીંદ્ર સર્વજ્ઞે;
તેવી અન્તર આસ્થા, પ્રગટયે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે. ૩

સમ્યક્ પ્રમાણપૂર્વક તે તે ભાવો જ્ઞાન વિષે ભાસે;
સમ્યગ્જ્ઞાન કહ્યું તે, સંશય; વિભ્રમ, મોહ ત્યાં નાશ્યે. ૪

વિષયારંભનિવૃત્તિ, રાગદ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યગ્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય. ૫

ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;
પૂર્ણ પરમપદપ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય. ૬

જીવ, અજીવ પદાર્થો, પુણ્ય, પાપ, આશ્રવ તથા બંધ,
સંવર, નિર્જરા, મોક્ષ, તત્ત્વ કહ્યાં નવ પદાર્થ સંબંધ. ૭

જીવ, અજીવ વિષે તે, નવે તત્ત્વનો સમાવેશ થાય,
વસ્તુ વિચાર વિશેષે, ભિન્ન પ્રબોધ્યા મહા મુનિરાય. ૮

**વવાણિયા૦ કા. ૧૯૫૩**

---*---

ધન્ય રે દિવસ આ અહો, જાગી રે શાંતિ અપૂર્વ રે,
દશ વર્ષે રે ધારા ઉલસી, મટયો ઉદયકર્મનો ગર્વ રે. ધન્ય૦ ૧

ઓગણીસસેં ને એકત્રીસે, આવ્યો અપૂર્વ અનુસાર રે;
ઓગણીસસેં ને બેતાલીસે, અદ્ભુત વૈરાગ્ય ધાર રે. ધન્ય૦ ૨

ઓગણીસસેં ને સુડતાલીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે. ધન્ય૦ ૩

ત્યાં આવ્યો રે ઉદય કારમો, પરિગ્રહ કાર્ય પ્રપંચ રે;
જેમ જેમ તે હડસેલીએ, તેમ વધે ન ઘટે રંચ રે. ધન્ય૦ ૪

વધતું એમ જ ચાલિયું, હવે દીસે ક્ષીણ કાંઈ રે;
ક્રમે કરીને રે તે જશે, એમ ભાસે મનમાંહી રે. ધન્ય૦ ૫

યથાહેતુ જે ચિત્તનો, સત્ય ધર્મનો ઉદ્ધાર રે;
થશે અવશ્ય આ દેહથી, એમ થયો નિરધાર રે. ધન્ય૦ ૬

આવી અપૂર્વ વૃત્તિ અહો, થશે અપ્રમત્ત યોગ રે;
કેવળ લગભગ ભૂમિકા, સ્પર્શીને દેહ વિયોગ રે. ધન્ય૦ ૭

અવશ્ય કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે;
તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે. ધન્ય૦ ૮

**વવાણિયા૦ ફા. વદ ૧૨, ૧૯૫૩**

---

સદ્‌ગુરુના ઉપદેશથી, સમજે જિનનું રૂપ;
તો તે પામે નિજદશા, જિન છે આત્મસ્વરૂપ. ૧

પામ્યા શુદ્ધ સ્વભાવને, છે જિન તેથી પૂજ્ય;
સમજો જિનસ્વભાવ તો, આત્મભાનનો ગુંજ્ય. ૨

સ્વરૂપસ્થિત ઇચ્છારહિત, વિચરે પૂર્વપ્રયોગ;
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્‌ગુરુ લક્ષણ યોગ્ય. ૩

**નડિયાદ, આ૦ વદ ૨, ૧૯૫૨**

---

## ૐ શ્રી જિન પરમાત્મને નમઃ

(૧)

ઇચ્છે છે જે જોગી જન, અનંત સુખસ્વરૂપ,
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિનસ્વરૂપ. ૧

આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર. ૨

જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહીં કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાઈ. ૩

જિનપ્રવચન દુર્ગમ્યતા, થાકે અતિ મતિમાન;
અવલંબન શ્રી સદ્ગુરુ, સુગમ અને સુખખાણ. ૪

ઉપાસના જિનચરણની, અતિશય ભક્તિ સહિત;
મુનિજન-સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત. ૫

ગુણપ્રમોદ અતિશય રહે, રહે અંતર્મુખ યોગ;
પ્રાપ્તિ શ્રી સદ્ગુરુ વડે, જિનદર્શન અનુયોગ. ૬

પ્રવચન સમુદ્ર બિંદુમાં, ઊલટી આવે એમ;
પૂર્વ ચૌદની લબ્ધિનું, ઉદાહરણ પણ તેમ. ૭

વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ. ૮

મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર;
કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર. ૯

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ;
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્ય પાત્ર મહાભાગ્ય. ૧૦

નહીં તૃષ્ણા જીવ્યાતણી, મરણ યોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમ યોગ જિતલોભ. ૧૧

## (૨)

આવ્યે બહુ સમ દેશમાં, છાયા જાય સમાઈ;
આવ્યે તેમ સ્વભાવમાં મન સ્વરૂપ પણ જોઈ. ૧

ઊપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહિ વાર. ૨

(૩)

સુખધામ અનંત સુસંત ચહી,
દિન-રાત્ર રહે તદ્ધ્યાનમહીં;
પરશાન્તિ અનંત સુધામય જે,
પ્રણમું પદ તે વર તે જય તે. ૧

**રાજકોટ, ચૈત્ર સુદ ૯, ૧૯૫૭**

---

કર્મગતિ વિચિત્ર છે. નિરંતર મૈત્રી, પ્રમોદ, કરુણા અને ઉપેક્ષા ભાવના રાખશો.

મૈત્રી એટલે સર્વ જગતથી નિર્વૈરબુદ્ધિ, પ્રમોદ એટલે કોઈ પણ આત્માના ગુણ જોઈ હર્ષ પામવો, કરુણા એટલે સંસાર તાપથી દુ:ખી આત્માના દુ:ખથી અનુકંપા પામવી, અને ઉપેક્ષા એટલે નિ:સ્પૃહ ભાવે જગતના પ્રતિબંધને વિસારી આત્મહિતમાં આવવું. એ ભાવનાઓ કલ્યાણમય અને પાત્રતા આપનારી છે.

**મોરબી, ચૈત્ર વદ ૯, ૧૯૪૫**

---

દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંત વાર પ્રાપ્ત થવા છતાં કંઈ પણ સફળપણું થયું નહીં; પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાની પુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો.

જે પુરુષના આશ્રયે અનેક પ્રકારના મિથ્યા આગ્રહાદિની મંદતા થઈ, તે પુરુષના આશ્રયે આ દેહ છૂટે એ જ સાર્થકતા છે.

જન્મ-જરા-મરણાદિને નાશ કરવાળું આત્મજ્ઞાન જેમના વિષે વર્તે છે, તે પુરુષનો આશ્રય જ જીવને જન્મ-જરા-મરણાદિનો નાશ કરી શકે, કેમ કે તે યથાસંભવ ઉપાય છે.

સંયોગ સંબંધે આ દેહ પ્રત્યે આ જીવને જે પ્રારબ્ધ હશે તે વ્યતીત થયે તે દેહનો પ્રસંગ નિવૃત્ત થશે. તેનો ગમે ત્યારે વિયોગ નિશ્ચયે છે, પણ આશ્રયપૂર્વક દેહ છૂટે એ જ જન્મ સાર્થક છે કે જે આશ્રયને પામીને જીવ તે ભવે અથવા ભાવિ એવા થોડા કાળે પણ સ્વસ્વરૂપમાં સ્થિતિ કરે.

શ્રી સદ્ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથમાર્ગનો સદાય આશ્રય રહો.

હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ સ્ત્રી-પુત્રાદિ કોઈ મારાં નથી.

શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, અવિનાશી એવો હું આત્મા છું એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય.

**મુંબઈ, બીજા જેઠ વદ, ૧૯૫૨**

---

**શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયકૃત**

# આઠ યોગદૃષ્ટિની સજ્ઝાય

## પ્રથમ મિત્રાદૃષ્ટિ

શિવ સુખ કારણ ઉપદિશી, યોગતણી અડ દિઠ્ઠી રે;
તે ગુણ થુણી જિન **વીરનો,** કરશું ધર્મની પુઠ્ઠી રે;
વીર જિનેસર દેશના૦ ૧

સઘન અઘન દિનરયણિમાં, બાલવિકલ ને અનેરા રે;
અર્થ જુએ જેમ જુજુઆ, તેમ ઓઘ નજરના ફેરા રે. વીર૦ ૨

દર્શન જે થયાં જુજુઆં, તે ઓઘ નજરને ફેરે રે;
ભેદ થિરાદિક દૃષ્ટિમાં, સમકિત દૃષ્ટિને હેરે રે. વીર૦ ૩

દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે;
હિતકરી જનને સંજીવની, ચારો તેહ ચરાવે રે. વીર૦ ૪

દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુક્તિ પ્રયાણ ન ભાજે રે;
રયણિશયન જેમ શ્રમ હરે, સુરનર સુખ તિમ છાજે રે. વીર૦ ૫

એહ પ્રસંગથી મેં કહ્યું, પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;
જિહાં **મિત્રા** તિહાં બોધ જે, તે તૃણ અગનિસો લહીએ રે. વીર૦ ૬

વ્રત પણ યમ ઇહાં સંપજે, ખેદ નહીં શુભ કાજે રે;
દ્વેષ નહીં વળી અવરશું, એહ ગુણ અંગ વિરાજે રે. વીર૦ ૭

યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;
ભાવાચારજ સેવના, ભવ-ઉદ્વેગ સુઠામો રે. વીર૦ ૮

દ્રવ્ય અભિગ્રહ પાળવા, ઔષધ પ્રમુખને દાને રે;
આનર આગમ આસરી, લિખનાદિક બહુમાને રે. વીર૦ ૯

લેખન પૂજન આપવું, શ્રુત વાચના ઉદ્ગ્રાહો રે;
ભાવ વિસ્તાર સજઝાયથી, ચિંતન ભાવન ચાહો રે. વીર૦ ૧૦

બીજકથા ભલી સાંભળી, રોમાંચિત હુવે દેહ રે;
એહ અવંચક યોગથી, લહીએ ધરમ સનેહ રે. વીર૦ ૧૧

સદ્ગુરુ યોગે વંદન ક્રિયા, તેહથી ફળ હોય જેહો રે.
યોગ ક્રિયા ફળ ભેદથી, ત્રિવિધ અવંચક એહો રે. વીર૦ ૧૨

ચાહે ચકોર તે ચંદને, મધુકર માલતી ભોગી રે;
તિમ ભવિ સહજગુણે હોયે, ઉત્તમ નિમિત્ત સંયોગી રે. વીર૦ ૧૩

એહ અવંચક યોગ તે, પ્રગટે ચરમાવર્તે રે;
સાધુને સિદ્ધ દશા સમું, બીજનું ચિત્ત પ્રવર્તે રે, વીર૦ ૧૪

કરણ અપૂર્વના નિકટથી, જે પહેલું ગુણઠાણું રે;
મુખ્યપણે તે ઇહાં હોયે, **સુયશ** વિલાસનું ટાણું રે. વીર૦ ૧૫

## બીજી તારા દૃષ્ટિ

દર્શન **તારા** દૃષ્ટિમાં, મનમોહન મેરે; ગોમય અગ્નિ સમાન; મ૦
શૌચ સંતોષ ને તપ ભલું, મ૦ સજઝાય ઈશ્વર ધ્યાન. મ૦ ૧

નિયમ પંચ ઇહાં સંપજે, મ૦ નહીં કિરિઆ ઉદ્વેગ; મ૦
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મ૦ પણ નહીં નિજ હઠ ટેગ. મ૦ ૨

એહ દૃષ્ટિ હોય વરતતા, મ૦ યોગકથા બહુ પ્રેમ; મ૦
અનુચિત તેહ ન આચરે, મ૦ વાળ્યો વળે જિમ હેમ. મ૦ ૩

વિનય અધિક ગુણીનો કરે, મ૦ દેખે નિજગુણ હાણ; મ૦
ત્રાસ ધરે ભવભય થકી, મ૦ ભવ માને દુઃખખાણ. મ૦ ૪

શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મ૦ શિષ્ટ કહે તે પ્રમાણ; મ૦
**સુયશ** લહે એ ભાવથી, મ૦ ન કરે જૂઠ ડફાણ. મ૦ ૫

## ત્રીજી બલા દૃષ્ટિ

ત્રીજી દૃષ્ટિ **બલા** કહીજી, કાષ્ટઅગ્નિ સમ બોધ;
ક્ષેપ નહીં આસન સધેજી, શ્રવણ *સમીહા સોધ રે.
જિનજી! ધન ધન તુજ ઉપદેશ! ૧

તરુણ સુખી સ્ત્રી પરિવર્યોજી, જિમ ચાહે સુરગીત,
સાંભળવા તિમ તત્ત્વનેજી, એ દૃષ્ટિ સુવિનીત રે. જિ૦ ૨

સરી એ બોધ પ્રવાહનીજી, એ વિણ શ્રુત થલકૂપ;
શ્રવણ સમીહા તે કિસીજી, શયિત સુણે જિમ ભૂપ રે. જિ૦ ૩

મન રીઝે તન ઉલ્લસેજી, રીઝે બુઝે એક તાન;
તે ઈચ્છા વિણ ગુણકથાજી, બહેરા આગળ ગાન રે. જિ૦ ૪

વિઘન ઈહાં પ્રાયે નહીંજી, ધર્મ હેતુમાં કોય;
અનાચાર પરિહારથીજી, **સુયશ** મહોદય હોય રે. જિ૦ ૫

## ચોથી દીપ્રા દૃષ્ટિ

યોગદૃષ્ટિ ચોથી કહીજી, **દીપ્રા** તિહાં ન ઉત્થાન;
પ્રાણાયામ તે ભાવથીજી, દીપપ્રભા સમ જ્ઞાન.
મનમોહન જિનજી! મીઠી તાહરી વાણ. ૧

બાહ્ય ભાવ રેચક ઈહાંજી, પૂરક અંતર ભાવ;
કુંભક થિરતા ગુણે કરીજી, પ્રાણાયામ સ્વભાવ. મન૦ ૨

* વાંચ્છા

ધર્મ અર્થે ઈહાં પ્રાણનેજી; છાંડે પણ નહીં ધર્મ;
પ્રાણ અર્થે સંકટ પડેજી, જુઓ એ દૃષ્ટિનો મર્મ. મન૦ ૩

તત્ત્વશ્રવણ મધુરોદકેજી, ઈહાં હોયે બીજ પ્રરોહ;
ખાર ઉદક સમ ભવ ત્યજેજી, ગુરુભક્તિ અદ્રોહ. મન૦ ૪

સૂક્ષ્મ બોધ તો પણ ઈહાંજી, સમકિત વિણ નહિ હોય;
**વેદ્યસંવેદ્ય** પદે કહ્યોજી, તે ન અવેદ્યે જોય. મન૦ ૫

વેદ્ય બંધ શિવ હેતુ છેજી, સંવેદન તસ નાણ;
નયનિક્ષેપે અતિ ભલુંજી, વેદ્યસંવેદ્ય પ્રમાણ. મન૦ ૬

તે પદ ગ્રંથિવિભેદથીજી, છેહલી પાપ પ્રવૃત્તિ;
તપ્તલોહ પદ ધૃતિ સમીજી, તિહાં હોય અંત નિવૃત્તિ. મન૦ ૭

એહ થકી વિપરીત છેજી, પદ તે **અવેદ્યસંવેદ્ય;**
ભવાભિનંદી જીવનેજી, તે હોય વજ્ર અભેદ્ય. મન૦ ૮

લોભી કૃપણ દયામણોજી, માયી મચ્છર ઠાણ;
ભવાભિનંદી ભય ભર્યોજી, અફલ આરંભ અયાણ. મન૦ ૯

એવા અગુણવંતનુંજી, પદ છે અવેદ્ય કઠોર;
સાધુ સંગ આગમતણોજી, તે જીત્યો ધુરંધોર. મન૦ ૧૦

તે જિતે સહેજે ટળેજી, વિષમ કૃતર્ક પ્રકાર;
દૂર નિકટ હાથી હણેજી, જિમ એ બઠર વિચાર. મન૦ ૧૧

હું પામ્યો સંશય નહીંજી, મૂરખ કરે એ વિચાર.
આળસુઆ ગુરુ શિષ્યનોજી, તે તો વચન પ્રકાર. મન૦ ૧૨

ધીજે તે પતિ આવવુંજી, આપમતે અનુમાન;
આગમ ને અનુમાનથીજી, સાચું લહે સુજ્ઞાન. મન૦ ૧૩

નહીં સર્વજ્ઞો જુજુઆજી, તેહના જે વળી દાસ;
ભક્તિ દેવની પણ કહીજી, ચિત્ર અચિત્ર પ્રકાશ. મન૦ ૧૪

દેવ સંસારી અનેક છેજી, તેહની ભક્તિ વિચિત્ર;
એક રાગ પર દ્વેષથીજી, એક મુક્તિની અચિત્ર. મન૦ ૧૫
ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છેજી, જ્ઞાન છે આગમ હેત;
અસંમોહ શુભ કૃતિ ગુણેજી, તિણે ફલભેદ સંકેત. મન૦ ૧૬
આદર કિરિયા રતિ ઘણીજી, વિઘન ટળે મિલે લચ્છિ;
જિજ્ઞાસા બુદ્ધ સેવનાજી, શુભકૃતિ ચિહ્ન પ્રત્યચ્છિ. મન૦ ૧૭
બુદ્ધિક્રિયા ભવફલ દીએજી, જ્ઞાનક્રિયા શિવઅંગ;
અસંમોહ કિરિઆ દીએજી, શીઘ્ર મુગતિફલ ચંગ. મન૦ ૧૮
પુદ્ગલરચના કારમીજી, તિહાં જસ ચિત્ત ન લીન;
એક માર્ગ તે શિવ તણોજી, ભેદ લહે જગ દીન. મન૦ ૧૯
શિષ્ય ભણી જિન દેશનાજી, કહે જન પરિણતિ ભિન્ન;
કહે મુનિની નય દેશનાજી, પરમાર્થથી અભિન્ન. મન૦ ૨૦
શબ્દ ભેદ ઝગડો કિસ્યોજી, પરમારથ જો એક;
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફરે નહીં છે. મન૦ ૨૧
ધર્મ ક્ષમાદિક, પણ મિટેજી, પ્રગટે ધર્મસંન્યાસ;
તો ઝગડા ઝંઝા તણોજી, મુનિને કવણ અભ્યાસ. મન૦ ૨૨
અભિનિવેશ સઘળો ત્યજીજી, ચાર લહિ જોણે દૃષ્ટિ,
તે લેશે હવે પંચમીજી, **સુયશ** અમૃત ઘનવૃષ્ટિ. મન૦ ૨૩

## પાંચમી સ્થિરા દૃષ્ટિ

દૃષ્ટિ **થિરા** માંહે દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ, પ્રત્યાહાર વખાણો રે. ૧
એ ગુણ વીર (રાજ) તણો ન વિસારું, સંભારું દિનરાત રે;
પશુ ટાલી સુરરૂપ કરે જે, સમકિતને અવદાત રે. એ ગુણ૦ ૨
બાલ ધુલિઘર લીલા સરખી, ભવચેષ્ટા ઇહાં ભાસે રે;
રિદ્ધિસિદ્ધિ સવિ ઘટમાં પેસે, અષ્ટ મહાસિદ્ધિ પાસે રે. એ૦ ૩

વિષય વિકારે ન ઇંદ્રિય જોડે, તે ઇહાં પ્રત્યાહારો રે;
કેવળ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે. એ૦ ૪

શીતળ ચંદનથી પણ ઉપન્યો, અગ્નિ દહે જેમ વનને રે;
ધર્મ જનિત પણ ભોગ ઇહાં તેમ, લાગે અનિષ્ટ તે મનને રે. એ૦ ૫

અંશે હોય ઇહાં અવિનાશી, પુદ્‌ગલ જાલ તમાસી રે;
ચિદાનંદ ધન **સુયશ** વિલાસી, કિમ હોય જગનો આશી રે. એ૦ ૬

## છઠ્ઠી કાંતા દૃષ્ટિ

અચપંલ રોગરહિત નિઠુર નહિ, અલ્પ હોય દોય નીતિ;
ગંધ તે સારો રે કાન્તિ પ્રસન્નતા, સુસ્વર પ્રથમ પ્રવૃત્તિ.
ધન! ધન! શાસન શ્રી જિનવરતણું. ૧

ધીર પ્રભાવી રે આગલે યોગથી, મિત્રાદિક યુત ચિત્ત;
લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા, જન પ્રિયતા હોય નિત્ય. ધન૦ ૨

નાશ દોષનો રે તૃપ્તિ પરમ લહે, સમતા ઉચિત સંયોગ;
નાશ વૈરનો રે બુદ્ધિઋતંભરા, એ નિષ્પન્નહ યોગ. ધન૦ ૩

ચિહ્‌ન યોગનાં રે જે પરગ્રંથમાં, યોગાચારય દિઠ્ઠ;
પંચમ દૃષ્ટિ થકી તે જોડીએ, એહવા તેહ ગરિઠ્ઠ. ધન૦ ૪

છઠ્ઠી દિઠ્ઠિ રે હવે **કાંતા** કહું, તિહાં તારાભ્ર પ્રકાશ;
તત્ત્વમિમાંસા રે દૃઢ હોયે ધારણા, નહિ અન્ય શ્રુત વાસ. ધન૦ ૫

મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત;
તેમ શ્રુતધર્મે રે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત. ધન૦ ૬

એહવે જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહિ ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત. ધન૦ ૭

માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ;
સાચું જાણી રે બીતો રહે, ન ચલે ડામાડોલ. ધન૦ ૮

ભોગતત્ત્વને રે એમ ભય નવિ ટળે, જૂઠા જાણે રે ભોગ;
તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે, લહે વળી **સુયશ** સંયોગ. ધન૦ ૯

## સાતમી પ્રભા દૃષ્ટિ

અર્કપ્રભા સમ બોધ **પ્રભા**માં ધ્યાન પ્રિયા એ દિઠ્ઠી;
તત્ત્વ તણી પ્રતિપત્તિ ઈહાં વળી, રોગ નહીં સુખપુઠ્ઠી
રે ભવિકા! **વીર** વચન ચિત્ત ધરીએ. ૧

સઘળું પરવશ તે દુ:ખલક્ષણ, નિજવશ તે સુખ લહીએં;
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ? રે. ભ૦ ૨

નાગરસુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ, કુણ જાણે નરનારી; રે. ભ૦ ૩

એહ દૃષ્ટિમાં નિર્મળ બોધે, ધ્યાન સદા હોય સાચું;
દૂષણ રહિત નિરંતર જ્યોતિ, રત્ન તે દીપે જાચું. રે. ભ૦ ૪

વિષભાગક્ષય, શાંત વાહિતા, શિવ મારગ ધ્રુવનામ;
કહે અસંગ ક્રિયા ઈહાં યોગી, વિમલ **સુયશ** પરિણામ. રે ભ૦ ૫

## આઠમી પરા દૃષ્ટિ

દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ **પરા** તસ જાણુંજી;
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણુંજી,
નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહીં અતિચારીજી,
આરોહે આરુઢે ગિરિને, તિમ એહની ગતિ ન્યારીજી. ૧

ચંદન ગંધ સમાન ક્ષમા ઈહાં, વાસકને ન ગવેષેજી,
આસંગે વરજિત વળી એહમાં, કિરિયા નિજ ગુણ લેખેજી;
શિક્ષાથી જેમ રતન નિયોજન, દૃષ્ટિ ભિન્ન તેમ એહોજી,
તાસ નિયોગે કરણ અપૂરવ, લહે મુનિ કેવલ ગેહોજી. ૨

ક્ષીણદોષ સર્વજ્ઞ મહામુનિ, સર્વ લબ્ધિ ફલ ભોગીજી,
પરઉપગાર કરી શિવસુખ તે, પામે યોગ અયોગીજી;
સર્વ શત્રુક્ષય સર્વ વ્યાધિલય, પૂરણ સર્વ [1]સમીહાજી,
સર્વ અરથ યોગે સુખ તેહથી, અનંતગુણ નિરીહાજી. ૩

## ઉપસંહાર

એ અડ દિઠ્ઠી કહી સંક્ષેપે, યોગશાસ્ત્ર સંકેતેજી,
**કુલયોગી ન પ્રવૃત્તચક્ર** જે, તેહ તણે હિત હેતેજી;
યોગી કુલે જાયા તસ ધર્મે, અનુગત તે કુલયોગીજી,
અદ્વેષી ગુરુદેવદ્વિજ પ્રિય, દયાવંત ઉપયોગીજી. ૪

શુશ્રૂષાદિક અડ ગુણ સંપૂરણ, પ્રવૃત્તિચક્ર તે કહિયેજી,
યમદ્વય લાભી પરદુગ અર્થિ, આદ્ય અવંચક લહિયેજી;
ચાર અહિંસાદિક યમ ઇચ્છા, પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામેજી,
શુદ્ધ રુચે પાલે અતિચારહ ટાલે ફળ પરિણામેજી. ૫

કુલયોગી ને પ્રવૃત્તચક્રને, શ્રવણ શુદ્ધ પક્ષપાતજી,
યોગદૃષ્ટિ ગ્રંથે હિત હોવે, તિણે કહી એ વાતજી.
શુદ્ધ ભાવ ને સૂનિ કિરિયા, બેહુમાં અંતર કેતોજી,
ઝળહળતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી. ૬

ગુહ્ય ભાવ એ કહિયે તેહશું, જેહશું અંતર ભાંજેજી,
જેહશું ચિત્ત પટંતર હોવે, તેહશું ગુહ્ય ન છાજેજી;
યોગ્ય અયોગ્ય વિભાગ અલહતો, કરશે મોટી વાતોજી,
ખમશે તે પંડિત પરખદમાં, મુષ્ટિપ્રહાર ને લાતોજી. ૭

સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ, **નંદીસૂત્રે** દિસેજી,
તે જાણી એ ગ્રંથ યોગ્યને, દેજો સુગુણ જગીશેજી;
લોક પૂરજો નિજ નિજ ઇચ્છા, યોગ ભાવ ગુણરયણેજી,
શ્રી નયવિજય વિબુધ પયસેવક, વાચક **યશ**ને વયણેજી. ૮

---

૧. વાંચ્છા

## શ્રી પદ્મનંદિ પંચવિંશતિમાંથી

# કેટલાક પદ્યાનુવાદો

## જિનવર દર્શન

### પ્રાસ્તાવિક પદ્ય

૧. ધન્ય રે દિવસ આ અહો! પ્રભુદર્શન આજ પમાય રે;
સુધર્મ પ્રભાત પ્રગટ થતાં, દુ:ખસ્વપ્નની રાત્રિ ગમાય રે. ધ૦

૨. મોહ અંધારે હું આથડયો, વીત્યો રે કાળ અનંત રે;
માર્ગદર્શક સત્ય ના મળ્યા, દીઠા નહિ ભગવંત રે. ધ૦

૩. મારું મારું પરને ગણ્યું, ધરી વેશ અનેક પ્રકાર રે;
ત્રિવિધ તાપમાં હું બળ્યો, ટળ્યો નહિ અહંકાર રે. ધ૦

૪. ભીડ-ભંજન ભગવંત તું, ગ્રહું શરણ અનન્ય રે;
ચરણકમળમાં રાખજો, ગુરુકૃપા કરે ધન્ય રે. ધ૦

૫. જ્ઞાન અનંતાનંત તુજ, દર્શને મોક્ષસ્વરૂપ રે;
અચળ અનંત છે શક્તિ તુજ, મુજ લક્ષ રહો એ રૂપ રે. ધ૦

(રાગ-એનું સ્વપ્ને જો દર્શન પામે રે, તેનું મન ન ચઢે બીજે ભામે રે.)

તારા દર્શનથી જિનરાજ રે, સર્યાં સર્યાં મારાં સહુ કાજ રે;
ભમ્યો અંધ બની ભવ માંહી રે; કાળ અનંત, પામ્યો ન કાંઈ રે. ૧

તારાં દર્શનથી જિનરાજ રે, મારાં નયન સફળ થયા આજ રે;
શીઘ્ર શીતળ તન મન થાય રે, જાણે આજ અમૃત વરસાય રે. ૨

તારાં દર્શનથી જિનરાજ રે, ટળ્યાં મોહ-પડળ મુજ આજ રે;
વાસ્તવિક વસ્તુનું સ્વરૂપ રે, હતું તેવું દીઠું મેં અનૂપ રે. ૩

તારાં દર્શનથી જિનરાજ રે, ઉર આનંદ આજ ન માય રે;
હવે આત્મા ન ઈચ્છે કાંઈ રે, જાણે મુક્ત થયો હું આંહી રે. ૪

તારાં દર્શનથી જિનરાય રે, મારાં મહા પાપોય પળાય રે;
રવિ ઊગ્યે ન લાગે વાર રે, જાય રાત્રિતણો અંધકાર રે. ૫

તારાં દર્શનથી જિનરાય રે, એવો પુણ્ય ઉદય મને થાય રે;
જેથી આ ભવમાં રિદ્ધિ પામી રે, થાય પરભવમાં સિદ્ધિ સ્વામી રે. ૬

તારાં દર્શનથી જિનરાય રે, એવો પુણ્ય લાભ મને થાય રે;
જેથી થશે અનુપમ સુખ રે, અક્ષય મોક્ષથી ટળશે દુ:ખ રે. ૭

તારાં દર્શનથી જિનરાય રે, સંતોષ પરમ મને થાય રે;
ઈન્દ્રવૈભવ પણ તૃણ લાગે રે, લેશ તૃષ્ણા નહિ ઉરે જાગે રે. ૮

તારાં દર્શન તો ભગવંત રે, નિર્વિકાર ને ઉપશમવંત રે;
તેથી ઉલ્લાસ જેને ન થાય રે, તેના જન્મ મરણ નહિ જાય રે. ૯

તારાં દર્શન કરી જિનરાય રે, બીજાં કામે મારું મન જાય રે;
તે તો પૂર્વકર્મોનો દોષ રે, રહે ઉર અતિશય રોષ રે. ૧૦

તારાં દર્શનથી જિનનાથ રે, ભવાંતરની જવા દ્યો વાત રે;
આ ભવમાં ઝટ સુખ થાય રે, દુ:ખમાત્ર દર્શનથી જાય રે. ૧૧

તારાં દર્શનથી જિનરાય રે, દિન આજ ઉત્તમ ગણાય રે;
બીજા બધા દિનોમાં આજ રે, સફળતાથી બની શિરતાજ રે. ૧૨

તારાં દર્શનથી ભગવંત રે, માનું મંદિર બહુ મૂલ્યવંત રે;
સર્વ સંપત્તિસૂચક સ્થાન રે, થાય સૌભાગ્યનું અનુમાન રે. ૧૩

તારાં દર્શનથી જિનરાય રે, ભક્તિ જળથી ક્ષેત્ર ભીંજાય રે;
દિલે રોમાંચ જે દેખાય રે, પુણ્ય અંકુર સમ સોહાય રે. ૧૪

તારાં દર્શનથી જિનભૂપ રે, શ્રુત-અમૃત સાગર રૂપ રે;
રાગી, દ્વેષી દેવો ન મનાય રે, કેમ કાચ તે હીરા ગણાય રે? ૧૫

તારાં દર્શનથી જિનરાય રે, મોક્ષ દુર્લભ તોયે થાય રે;
મનનો મિથ્યાત્વ મળ જો જાય રે, તો તો મોક્ષ સમીપ ભળાય રે. ૧૬

તારાં દર્શન હે! જિનરાય રે, ચર્મચક્ષુથી પણ જો થાય રે;
તો તે પુણ્યે નયન દિવ્ય પામે રે, કેવળજ્ઞાન ને દર્શન નામે રે. ૧૭

તારાં દર્શનથી જિનરાય રે, કૃતકૃત્યતા જો ન મનાય રે;
ભવસાગરે ડૂબકાં ખાય રે, બહુકાળ એનો એળે જાય રે. ૧૮

તારાં દર્શનથી જિનરાય રે, નિશ્ચય દષ્ટિથી જે કંઈ થાય રે;
સ્વાનુભવમાં આવે, ન કહાય રે, વચનાતીત કેમ વદાય રે? ૧૯

તારાં દર્શનથી જિનભૂપ રે, અહો! કેવળજ્ઞાન સ્વરૂપ રે;
હવે દર્શનશુદ્ધિ પામી રે, માનું પરનો નહિ હું સ્વામી રે. ૨૦

તારાં દર્શનથી જિનરાય રે, થાય દૃષ્ટિ નિર્મળ સુખસાજ રે;
પછી સૂરજનું શું કામ રે, અતિ પ્રતાપી આતમરામ રે. ૨૧

તારાં દર્શન તો જિનભૂપ રે, કેવળજ્ઞાન નિર્દોષ સ્વરૂપ રે;
વીર વગર દૃષ્ટિ ક્યાં માણે રે, નભે તો દોષાકર જડ જાણે રે. ૨૨

તારાં દર્શનથી જિનરાય રે, નિસ્તેજ જેવાં આ જણાય રે;
ચિંતામણિ, સુરતરુ, કામધેનુ રે, તડકે આગીઆ–તેજ શાનું રે.? ૨૩

તારાં દર્શનથી જિનરાય રે, મનમાં પ્રેમરસ ઉભરાય રે;
અંદરથી એ બાહેર આવે રે, આનંદઅશ્રુરૂપે સુહાવે રે. ૨૪

તારાં દર્શનથી જિનરાય રે, કલ્યાણ પરંપરા થાય રે;
વગર તેડે એ આગળ હાલે રે, ચંદ્ર પહેલાં કિરણ જેમ ચાલે રે. ૨૫

તારાં દર્શનથી જિનરાય રે, દશ દિશાવેલી ફળી આજ રે;
ફૂલ્યા વિનાય ઈષ્ટ અપાય રે, રત્નવૃષ્ટિ આકાશથી થાય રે. ૨૬

તારાં દર્શનથી જિનરાય રે, મોહ-નિદ્રા ને ભય દૂર થાય રે;
જેમ કુમુદ ચાંદની માંય રે, સરોવરમાં પ્રફુલ્લિત હોય રે. ૨૭

તારાં દર્શનથી જિનરાય રે, મહાસુખ ઉરે ઉલસાય રે;
જેમ ચંદ્ર પૂનમનો જોઈ રે, ઊછળે ઉદધિ ધૃતિ ખોઈ રે. ૨૮

તારાં દર્શનથી જિનરાય રે, ઉરમાં આનંદ નહિ માય રે;
ઈન્દ્ર નેત્ર હજાર બનાવે રે, તોય આનંદ આવો ન આવે રે. ૨૯

તારાં દર્શનથી જિનરાય રે, મુજ મિત્ર આ ભવ પણ થાય રે;
તુજ દર્શન આ ભવે પામ્યો રે, સઘળો શોક જેથી વિરામ્યો રે. ૩૦

તારાં દર્શનથી જિનરાય રે, ભક્તિરાગી ભવ્યો ને થાય રે;
લીલામાત્રમાં સિદ્ધિ સઘળી રે, પહેલાં શ્રમથી પણ જે ન મળી રે. ૩૧

તારાં દર્શનથી જિનરાય રે, શુભ ગતિનું સાધન થાય રે;
મરણકાળે ધીરજ એથી આવે રે, નિર્ભય થઈ પરલોકે જાવે રે. ૩૨

તારાં દર્શનથી જિનરાય રે, પ્રાપ્તિ ચરણકમળની થાય રે;
જેથી બાકી રહે નહીં કાંઈ રે, કોને દર્શન ઇચ્છા નાંહીં રે. ૩૩

તારાં દર્શનથી જિનરાય રે, પદ્મનંદિ-દર્શન સ્તુતિ કાજ રે;
ત્રિકાળ, પ્રભુ, જે ભણશે રે, જન્મ મરણ તે નિજ હણશે રે. ૩૪

તારાં દર્શનથી જિનરાય રે, થયું સ્તવન જન સુખદાય રે;
ભવ્યને ભણવા યોગ્ય ભાળ રે, જગમાં જય પામો ત્રિકાળ રે. ૩૫

તારાં દર્શનથી જિનરાય રે, (ગુરુરાય રે),
જીવન-વસંત સમ્યક્ થાય રે;
અનુવાદ થયો ગુરુ શરણે રે, વસંતપંચમીએ સંત ચરણે રે. ૩૬

———*———

### શ્રી ચંદ્ર કવિ કૃત

## વૈરાગ્ય મણિમાળા

### પદ્યાવતરણ

કૃપા પરમ કૃપાળુની, સંત ચરણની છાંય;
અપૂર્વ બોધ, વિરાગતા, તારે ગ્રહી અમ બાંહ્ય.

*

(क्षणमपि सज्जन संगतिरेका भवति भवार्णवतरणे नौका —એ છંદ)

ચિંતવ પદ પરમાતમ પ્યારે, યોગી જનો જે પદ ઉર ધારે;
જહાજ બની ભવજળથી તારે, કેવળ બોધ સુધારસ ધારે. ૧

તજ તૃષ્ણા ધન આદિક કેરી, મૂક મમતા, ટળશે ભવ ફેરી;
ધરી ચારિત્ર સદા શીલ પાળે, શિવરમણી સુખ તો તું ભાળે. ૨

વિચાર વિનાશી શરીર સગાઈ, માત, પિતા, સ્ત્રી, ધન, સુત, ભાઈ;
વાંછે છે જીવ અતિશય આને, મૂઢ મરણ દેખે નહિ શાને? ૩

બાળ વયે ક્રીડામાં રાચે, યૌવનમાં રમણીશું માચે;
ઘડપણમાં પણ ધનની આશા, હે! જીવ, જો તુજ દુષ્ટ તમાસા. ૪

યૌવનની શી કરવી માયા? જળ પરપોટા જેવી કાયા;
જાવું પડશે નરકે મરીને? આવી ધનની આશા કરીને. ૫

ભવ તરવા ઇચ્છે જો ભાઈ, સંત શિખામણ સુણ સુખદાઈ;
કામ ક્રોધ ને મોહ તજી દે, સમ્યગ્જ્ઞાન સમાધિ સજી લે. ૬

કોણ પતિ, પત્ની, પુત્રો તુજ? દુઃખમય પણ સંસાર ગણે મુજ;
પૂર્વ ભવે પાપે પીડેલો, કોણ હતો કર્મે જકડેલો? ૭

સંસારી શરણાં ગણ સૂનાં, અર્થ અનર્થક, વચન પ્રભુનાં;
નશ્વર કાયા પ્રબળ જણાતી, વાંછા શાની એની થાતી? ૮

જીવ એકલો નરકે જાશે, શુભ–વિવેકે સુરગતિ થાશે;
રાજા, ધનપતિ થાય એકલો, દાસ એકલો વિનય ભૂલેલો. ૯

રોગી એકલો, શોક ભરેલો, દુઃખ રહિત, દુઃખમાંહીં વસેલો;
વળી વેપારી, દરિદ્ર એકલો, નીચ એકલો ભમે ભૂલેલો. ૧૦

પરિજન, પુત્ર, કલત્ર વિનાશી, સર્વ મળીને દુઃખરાશિ;
ચિંતવ ચિત્તે નિશ્ચે ભાઈ, કોણ પિતા મા કોની સગાઈ? ૧૧

સ્ત્રી અર્થે હિંસા કરનારા, ભૂત ભ્રમિત સમ જીવ, બિચારા;
પાપ પમાડે નરક નઠારું, ઘોર દુઃખો દળશે તન તારું. ૧૨

વિષય-ભૂતનો મોહ મૂકી દે, કષાય ચારે નિર્મૂળ કરી લે;
કામ, માનનો કૂચો કરી દે, ઇન્દ્રિય ચોરો પાંચ દમી લે ૧૩

શરીર ઝૂંપડી કૂડો કૂથો, માંસ–ચામડી મોહે ચૂંથો;
દ્વાર નવે ગંદાં મળ ગળતાં, શું સુખ એ કચરામાં કળતાં? ૧૪

ભવસાગરમાં કાળ અનંતો, વસ્યો વાસના નીચ કરંતો;
આજ સુધી વિષયોમાં રાચ્યો, મૂઢ વિરાગ સજી લે સાચો. ૧૫

દુર્ગતિ દુઃખ અનેકે કૂટયો, તોય પીછો તેનો ના છૂટયો;
જાણે ભૂત-ભ્રમિત, મદમત્ત, જીવ અનાચારે રહે રક્ત. ૧૬

સપ્ત ધાતુમય પુદ્‌ગલપિંડ, કીડા ખદબદતો મળકુંડ;
આવો નિંદિત દેહ છતાં હા! માથે જમનો દંડ ફરે આ. ૧૭

મા કર યૌવન-ધનગૃહ-ગર્વ, કાળ હરી લેશે એ સર્વ;
ઇન્દ્રજાલ સમ નિષ્ફળ સહુ તજ, મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ. ૧૮

નીલકમલ-દલ-જલ-સમ ચંચલ, ઇન્દ્ર ધનુષ-વીજળી જીવનપળ;
ક્ષણભંગુર સંસાર વિચારો, ભ્રાંતિ વડે ના જાણો સારો. ૧૯

શોક વિયોગ ભયંકર ભારે, ભવ-દરિયાથી કોણ ઉગારે?
મજબૂત તારો હાથ ગ્રહીને, કોણ બોધશે કરુણા કરીને? ૨૦

મૂક પરિગ્રહ-મમતા ભાઈ! પાળ સુચારિત્ર સત્સુખદાઈ;
કામ-ક્રોધને તજવા કાજે, જ્ઞાન, ધ્યાન વિચારે આજે. ૨૧

કામ-કૃત વિનોદ મૂકી દે, શુભ શિવ-સુખ સદા સમરી રહે;
ધર્મ-શુકલ બે ધ્યાન સખા છે, ઉત્તમ ગતિના છે નેતા એ. ૨૨

આશા-વસ્ત્ર-વિહીન બનીને, કામ-ઉપાધિ-કષાય હણીને;
ગિરિ ગુફા ઉપવને વસીને, આતમ ધ્યાન ધરો સમજીને. ૨૩

યમ નિયમ આસન યોગાચાર, પ્રાણાયામ પછી પ્રત્યાહાર;
ધ્યેય-ધારણા, ધ્યાન, સમાધિ, ટાળે જવની ભવ-ઉપાધિ. ૨૪

અર્હત્ સિદ્ધ મુનીશ્વર સાખે, શીલે વ્રતાદિ જે તું રાખે;
જીવતા સુધી પાળી લે લાવ, એ ભવસાગર તરવા નાવ. ૨૫

ત્યાગ તણી મર્યાદા કર જે, શુદ્ધ મને નિયમ અનુસર તે;
ઉદાસીનતા, સમતા ભજજે, આશા-દાસી-સંગત તજજે. ૨૬

પર્યંકાદિ વિધિ-અભ્યાસે, યત્ન વડે કરી યોગોલ્લાસે;
દુર્ધર મોહ-મહા-વિષ-સર્પ, વશ કર બોધ ગ્રહી દળી દર્પ. ૨૭

પૂરક, કુંભક, રેચક અનિલે–, સંસાર ઇંધન-દાહક અનલે,
નિર્મલ પહેલી કાયા કરીએ, અપૂર્વ મોક્ષેચ્છા જો ધરીએ. ૨૮

નાકે નીકળ્યો પવન સમૂહ, રોકી ફેડો પાપ સમૂહ;
દશમ દ્વારે વિલીન કરે જે, કેવલ જ્ઞાન અનંત વરે તે. ૨૯

હૃદયથી નાભિ સુધી પૂરે, વાયુ તેને પૂરક કહે છે;
યોગાભ્યાસ-ચતુર યોગીજન, તંદ્રા તજી કહે પૂરક લક્ષણ. ૩૦

નાભિકાળે સ્થિર રૂપે એ, પૂરક વાયુ, પૂર્ણ નિરોધે;
પૂર્ણ કુંભવત્ પૂરે વાયુ, કુંભકરૂપ યોગીથી કહાયું. ૩૧

પવન નીકળવા દે પછી ધીરે, રેચક વાયુ, કહ્યો તે વીરે;
તે વચને યોગી પણ કહે છે, મોક્ષ પમાડે પરંપરાએ. ૩૨

અચલિત ચિત્ત ધરે જો, બંધુ, પાર પામશે તો ભવસિંધુ;
કેવલજ્ઞાની તો તું થાય, શિવ-સરોવર હંસ ગણાય. ૩૩

શુદ્ધરૂપ ચૈતન્ય પિંડનું, જ્ઞાન જ્યોતિ ચિત્-શક્તિમંતનું;
ચિદ્-રમ્યચિત્-ચાંદની રૂપનું, સ્મરણ કર જ્ઞાની ગુણ નૃપનું. ૩૪

હે! જીવ, જો શિવ શાંત, અખંડિત, નિર્મળ ચૈતન્ય અમૃત ઉલ્લસિત;
શુકલ ધ્યાન-કજકમળ વિકાસી, શિવસુંદરી સરહંસ વિલાસી. ૩૫

જ્ઞાનવારિધિ-તરંગાવલી, મોક્ષરૂપમાં રમે સદા વળી;
નવ કેવળ લબ્ધિથી પૂરા, આત્માને સેવે મુનિ શૂરા. ૩૬

ચિંતવ પરમાત્મા-ઉર્વશીને, કેવલ-કુમુદ-વિકાસી શશીને;
મુક્તિ-કામિની કર્ણ ભૂષણ જે, ત્રિભુવન લક્ષ્મી ભાલ તિલકને. ૩૭

લબ્ધિરત્નના મહેલ-કલશ જે, શિવ હંસીના સ્નેહ મિલનએ;
અષ્ટગુણી, સામ્યે જગદષ્ટ્રા, વિદેહી, બોધિ-સુધા રસ પીતા. ૩૮

અનાદિ, અખંડ, અચલસુખભોગી, યોગી જનોને વંદ્ય સુયોગી;
વંદે હરિ, હર, બ્રહ્મા જેને, કેવલ-મંગલ-ઉત્સવ તેને. ૩૯

શ્રુત-સરિતાના સુરગિરિને, મોક્ષ લક્ષ્મી-કર-આરસી સમ જે;
કર્મ-પહાડ ફાડવે વજ્ર જે, શિવ-સુંદરી-હાર શુભ્ર જે. ૪૦

પુરુષાકારે અરૂપી, નભ સમ, સંસારીસંતાપરહિત શમ;
કામાગ્નિના કષ્ટ-હારી જે, સર્વ ભવ્ય, જીવ હિતકારીને. ૪૧

સ્મર નિજ દેહ વિષે વસનારો, નહિ તો ભવ ભમવાનો વારો;
મૂર્ખ શિરોમણિ સદા મનાશે, વીર્યવિહીન અજ્ઞાની ગણાશે. ૪૨

એમ અનેક ગુણોના સ્વામી, ચિંતવ પરમાત્મા શિરનામી;
અષ્ટ વચન માતાના પિતા, સંસાર પાર પામ્યા સુવિહિતા. ૪૩

સ્વરૂપ અનેક એક રૂપ ધારો, શુદ્ધ અશુદ્ધ સ્વરૂપ વિચારો;
લક્ષ્ય અલક્ષ્ય ચિંતવી તારો, કર્મરૂપ કલંક વિદારો. ૪૪

અંતર્ ભેદ વિજ્ઞાન વિચારે, નય નિશ્ચય-વ્યવહાર આધારે;
સમ્યક્જ્ઞાની વિષય વિરક્ત, વર્ણવતા આત્મા દેહસ્થ. ૪૫

બુદ્ધમુક્ત, ને રિક્ત, અરિક્ત, શૂન્ય અશૂન્ય, વ્યક્ત અવ્યક્ત;
રાગી-વિરાગી, દુષ્ટ અદુષ્ટ, શિષ્ટ અશિષ્ટ એ પુષ્ટ અપુષ્ટ. ૪૬

ન રમ ન રમ બાહ્યાદિ પદાર્થે, રમ રમ મોક્ષ-પદે જ હિતાર્થે;
આત્મ કાર્ય જો તૂર્ત કરીશ, તો તું કેવલજ્ઞાન વરીશ. ૪૭

મૂક, મૂક વિષય-માંસના ભોગ, છોડ છોડ, નિજ તૃષ્ણા રોગ;
કર કર વશ મન-ગજ જે ગાંડો, અંતરાત્મ પરમાત્મે જોડો. ૪૮

ચિંતવ સિદ્ધ સમ નિજ દેહસ્થ, પરમજ્ઞાન રૂપ ગણ કાયસ્થ;
પરમ વિશુદ્ધ તે સ્મર પિંડસ્થ, પામ કેવલ ક્રિડા શિવ-લબ્ધ. ૪૯

વૈરાગ્ય મણિ માલા તણી, કડી અઠ્ઠાવન જોઈ;
ચંદ્ર કવિની કૃતિને, ગુર્જર સૂત્રે પ્રોઈ.

———*———

### રત્નાકર પચ્ચીસી અનુસાર

# સ્વદોષ-દર્શન

## મંગલાચરણ

આપ્ત પુરુષ ગુરુરાજ મુજ, દીનાનાથ દયાળ;
દિલ ખોલી કહું દોષ મુજ, શરણાગત પ્રતિપાળ. ૧

સ્વપ્ન રૂપ સંસારમાં, રચી-પચી મન મૂંઝાય;
જાગૃત કરી નિર્મળ કરો, દૃષ્ટિ મુજ ગુરુરાય. ૨

*

મોક્ષ લક્ષ્મી લટકાં કરે, ક્ષાયક વીર્ય પ્રતાપ;
ઈન્દ્ર નરેન્દ્ર પડે પગે, અતિશય-શાળી આપ. ૩

ચિરંકાળ જયવંત હો! સર્વજ્ઞ ગુરુ દેવ;
બંધાયેલો અજ્ઞ હું, અંધ, બંધની ટેવ. ૪

ત્રણ જગનો આધાર તું, કૃપાતણો અવતાર;
ભારે ભવ-વ્યાધિ થકી, વૈદ્ય નિરાગી તાર. ૫

જાણો છો સહુ હે! પ્રભુ, તો પણ વીતક વાત;
કંઈક કહું હું આપને, ભોળા ભાવે તાત. ૬

બાળ બાળલીલા સહિત, દોષ કહે જે હોય;
ભોળા ભાવે તાતની, આગળ ભય સહુ ખોય. ૭

તેમ કહું છું સત્ય હું, મુજ અંતરના ભાવ;
પશ્ચાત્તાપ વડે ગ્રહી, રાજપ્રભુ, તુજ પાવ. ૮

ના દીધું મેં દાન કે, શીલ ન સેવ્યું શુદ્ધ;
તપ તપીઓ નહીં આ ભવે, થયો ન ભાવ પ્રબુદ્ધ. ૯

ઉત્તમ નર ભવ પામીને, કર્યું ન કરવા જોગ;
ભ્રાન્તિમાં ભમતાં વૃથા, લૂંટાયો મુજ યોગ. ૧૦

ક્રોધ-લાય લાગી ઊઠી, ડસ્યો લોભરૂપ નાગ;
અભિમાન-અજગર ગળે, નહિ નાઠાનો લાગ. ૧૧

મૂંઝવે માયા-જાળ આ, ઘેરી રહી ચોફેર;
ભય ભંજન ભગવાન તું, ભજું તને કઈ પેર? ૧૨

પરભવનું હિત ના કર્યું, આ ભવમાં ધરી ખંત;
આ ભવમાં સુખ ના દીઠું, શું કહું? હે ભગવંત. ૧૩

ભવ ભવ ભમવા ભવ ધર્યો, મુજ સમ જગમાં કોણ?
અધમોદ્ધારણ 'નાથ બિન, બિગરી સુધારે કૌન?' ૧૪

મનહર વર્તનવંત તું, મુખ-શશી અમી સમ વેણ;
અપૂર્વ યોગે સાંભળી, હર્ષ ઝરે નહિ નેણ. ૧૫

કઠોર મુજ મન હું ગણું, જડ જેવું યે નાંહીં;
ચદ્રકાન્ત પત્થર છતાં, દ્રવે ચાંદની માંહીં. ૧૬

ભવ ભમતાં હું પામીઓ આપ કૃપાથી સાર—
રત્નત્રય દુર્લભ મહા, ભાવ દયા-દાતાર. ૧૭

પ્રમાદરૂપ નિદ્રા વશે, ખોયા એ ત્રણ રત્ન;
કોને કહું તે હે! પ્રભુ! કેવો કરું પ્રયત્ન? ૧૮

વૈરાગ્યરંગે જન ઠગ્યા, દઈ જન-રંજન બોધ;
વાદ કર્યા વિદ્યા ભણી, કરણી હસવા જોગ. ૧૯

પરનિંદા-વિષ્ટા વડે, ખરડાયું મુખ પૂર્ણ;
પરનારી નિરખી નયન, અંજાયાં, વિષ-ચૂર્ણ. ૨૦

પરનું બૂરું ચિંતવ્યે, મન મુજ થયું મલીન;
શીય વલે મારી થશે? દીન-બંધુ હું દીન. ૨૧

કામ-પીડા વશ થઈ, અરે! વિષય વિષે બની અંધ;
આત્માનો વૈરી થયો, બાંધી કર્મના બંધ. ૨૨

આ કહું આપ સમક્ષ હું, આણી મનમાં લાજ;
વગર કહ્યે જાણો છતાં, સર્વજ્ઞ ગુરુ રાજ. ૨૩

મંત્ર તંત્ર મિથ્યા ભણ્યો, આત્મ-હિત હણનાર;
તજી 'પરમ ગુરુ' મંત્ર જે, ઉતારે ભવપાર. ૨૪

કુશાસ્ત્ર વચનો વડે, ઉથાપ્યાં સત્શાસ્ત્ર;
આરાધ્યા કુદેવને, મિથ્યા વર્તન માત્ર! ૨૫

પ્રભુ દર્શન પામ્યો છતાં, ભ્રાંત-મતિ મોહાંધ;
ચિંતવતો ચંચળ નયન, નારી અંગોપાંગ. ૨૬

મૃગ-નયના નિહાળતાં, લાગ્યો લવ ઉર રાગ;
શાસ્ત્ર-સમુદ્રે મગ્ન મન, તોય તજે નહિ ડાઘ. ૨૭

મળે ન મુજમાં રૂપ ગુણ, કળા, પ્રભા, પ્રભુતાય;
તો પણ માન મુકાય ના, અહંકાર ઉભરાય. ૨૮

ક્ષણ ક્ષણ જીવન જાય પણ, પાપ બુદ્ધિ નહિ જાય;
વય ગઈ, તોય ન વિષયની, અભિલાષા દૂર થાય. ૨૯

દોડ દવા કરવા કરું, ઢીલ ધર્મમાં થાય;
મહા મોહ મૂંઝવે મને, સ્વામી! કરો સહાય. ૩૦

કેવળજ્ઞાન-રવિ સમા, પ્રગટ દેવ ગુરુ આપ;
છતાં હું સુણતો ફર્યો, "નહીં પુણ્ય કે પાપ. ૩૧

નહિ આત્મા, નહિ ભવ વળી," વિષયી જનનાં વેણ;
વિષ સમ વિષય વધારતાં, પીધાં મેં જીવ-લેણ. ૩૨

દેવ, પૂજ્ય પૂજ્યા નહીં, ધર્યો ન સાધુ-ધર્મ;
શ્રાવક-વ્રત સેવ્યાં નહીં, ગહન ધર્મનો મર્મ. ૩૩

મનુષ્ય ભવ મોંઘો મળ્યો, ચિંતામણિ સમાન,
અરણ્ય-રુદન સમ ગયો, વહી વ્યર્થ, ભગવાન. ૩૪

કામધેનુ ચિંતામણિ, કલ્પવૃક્ષના ભોગ;
રટી આર્ત ધ્યાને વહ્યો, કર્યું ન કરવા જોગ. ૩૫

પ્રગટ સુખદ જિન ધર્મથી રંગાયા નહિ ભાવ;
એ મુજ મૂઢ દશા પ્રભુ! કહી સંક્ષેપે સાવ; ૩૬

'ભોગ રોગનું બીજ,' ના-જાણ્યું કરતાં મોજ;
ધનનું ધ્યાન ધરું સદા, મરણ ન સમરું રોજ. ૩૭

સ્ત્રી-ચિંતન-ફળ નરક છે, ચિત્ત ન ચેતે તોય;
કૃત્ય અધમ કરતાં નહીં, પાછું વળી જોય. ૩૮

સંતોષ્યું નહિ સંત ઉર, સેવી સાધુ ચરિત્ર;
પરોપકાર કરી નહીં-પામ્યો, સુયશ પવિત્ર. ૩૯

તીર્થોદ્ધારક કાર્યમાં, કર્યો નહિ પુરુષાર્થ;
વ્યર્થ ગુમાવ્યો ભવ બધો, વિસારી આત્માર્થ. ૪૦

સદ્‌ગુરુનાં વચનો સુણી, જાગ્યો નહિ વૈરાગ્ય;
શાંતિ સેવી ના શક્યો, સુણી દુર્જનનાં વાક્ય. ૪૧

આત્મજ્ઞાનનો લેશ નહિ, મુજમાં હે! ગુરુ રાજ!
ભવજળ કેમ તરાય તો? તું મુજ ધર્મ જહાજ. ૪૨

પુણ્ય કર્યું નહિ પર ભવે, આગળ પણ નહિ થાય;
આ ભવ, ગત ભવ, ભાવી ભવ, ત્રણે નકામા જાય! ૪૩

શું દેવાધિદેવને, વ્યર્થ કરું મુજ વાત!
ક્યાં ત્રિભુવન-દર્શક પ્રભુ, શી મુજ વાત વિસાત! ૪૪

તુજ સમ તારક કો નથી, દીન જનના આધાર;
દયામણો મુજ સમ નહીં, જગમાં જગદાધાર. ૪૫

તો પણ કંઈ પણ યાચના, ના ધનની ધરું ઉર;
કિંતુ યાચું આટલું, કેવળ, કેવલ-સૂર! ૪૬

રત્નાકર, મંગલનિધિ, બોધિ-રત્ન દે દાન;
ભવ-ભય-ક્ષય જેથી થતાં, પામું મોક્ષ નિદાન. ૪૭

---*---

### શ્રી પદ્મનંદિ મુનિ વિરચિત

# પદ્મનંદિ પંચવિંશતિમાંથી

## આલોચના અધિકાર

### ગુજરાતી અવતરણ

**પ્રાસ્તાવિક પદ્ય :**

બહિરાત્મભાવે હે! પ્રભુ, થયું ભ્રમણ ભ્રાંતિમાં ઘણું,
ઈન્દ્રિય ખાડીમાં ખૂંચ્યો, જળ ડહોળું જ્યાં વિષયો તણું;
કાદવ કષાય ગળા સુધી-કંટાળતાં પણ ના ટળે,
સ્વચ્છંદ સાથી મોહનો પુરુષાર્થ-પ્રેરક પણ કળે. ૧

પરિગ્રહતણાં ધરી પોટલાં, માથે ડૂબ્યા બહુ બાપડા,
તારાતણું અભિમાન ધરનારા અહીં બહુ આથડયા;
તરવા જતાં તળિયે જતા, પાણી પીતાં તે ડૂબતા,
વળી તારવા પડનાર અજ્ઞાની ઘણા ખાતાં ખતા. ૨

આગ્રહ-ગ્રાહ કને જતાં, મુશ્કેલ તેથી છૂટવું,
મત મતાંતર-મચ્છનું જ્યાં ગચ્છ-પુચ્છે ગર્જવું;
પેઠા પછી જો નીકળે, બળવાન તે કળિમાં કહું,
મિથ્યાત્વથી જ્યાં મોજ માણે, પુણ્યકાળે જન સહુ. ૩

સંસાર દરિયો દુઃખનો, પણ મોહ ભૂલવી રીઝવે,
કારણ ઉપાસે દુઃખનાં તો દુઃખ આખર મૂંઝવે;
સંસાર શોભા ઝેર તોયે, જીવ અમૃત જો ગણે,
ઇચ્છા કરી ઉપાસતાં, પરિણામ પામે વિષપણે. ૪

આ મોહ ને અજ્ઞાનથી, મુકાવનારા, આપ છો,
કરુણા કરી સદ્બોધ ખડ્ગે, શત્રુ-શિરો કાપજો;
અમૃત વાણી આપની પીધા કરું એ યાચના,
વળી આપના ચરણે વસીને ઉચ્ચરું આલોચના. ૫

(શું કહું નાથ? તમે જાણો છો સઘળું, ગર્વે કરીને ગોથાં ખાધાં—એ દેશી)

### ૧. મંગલ પ્રાર્થના :

હું ગુરુરાજ! તમે જાણો છો સઘળું, છોરુ અમે તો તમારાં,
બાંહ્ય ગ્રહી હવે શરણે રાખો, પાપ પ્રજાળો અમારાં;
શક્તિ નહીં કંઈ કરી શકવાની, જ્ઞાન નથી બળવાળું,
આ કળિકાળમાં નામ તમારું, કલ્યાણ કરજો અમારું.
હે! ગુરુરાજ૦

### ૨. પ્રભુસ્મરણનો પ્રભાવ :

આનંદસાગર પ્રભુ, આપ અનુપમ, તત્ત્વસ્વરૂપ તમારું,
સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રે, ચિત્ત વહે જો અમારું;
આપના નામની સ્મૃતિરૂપી જે, મંત્ર અનંત પ્રભાવી,
હોયે સજ્જનના વિમલ હૈયે તો, વિઘ્ન શકે કેમ આવી?
હે! ગુરુરાજ૦

**૩. સંતનો આદર્શ :**

સંગ તજી, રાગ તજી, સમતા સજી, પ્રભુ કર્મોનો નાશ કરીને,
જ્ઞાતા, દ્રષ્ટા થયા વિશ્વ સકળના, સુખ વીર્ય અનંત વરીને;
સંસાર ત્યાગ કર્યો આવા ક્રમે તમે, શુદ્ધ સ્વભાવી બનીને,
તેથી તવ ચરણકમળની સેવા, સંતોએ પ્રિય ગણી છે.
હે! ગુરુરાજ૦

**૪. સેવાનું ફળ :**

ત્રિલોકનાથ! તુમ સેવાથી નિશ્ચે, નિશ્ચળ સ્થિતિ અમારી,
બળવાન સંસારશત્રુ હવે કેમ, જીતે?—અમે બ્રહ્મચારી;
શીતળ જળ-અમી વરસે ફુવારા-ગ્રીષ્મગૃહે રહે કોઈ,
તો તહીં તાપ મધ્યાહ્‌ન તણો શો, ખરા ઉનાળાની માંહી?
હે! ગુરુરાજ૦

**૫. આશ્રયનું ફળ :**

નિર્મળ બુદ્ધિથી ઊંડું વિચારે, સાર અસાર જો કોઈ,
તો ત્રણ જગના સર્વ પદાર્થમાં, સારરૂપે પ્રભુ હોય;
તેમ તમારા આશ્રયે અમને, લાગ્યો સંસાર અકારો,
શાંતિ મહા મળી આપને શરણે, અમને નાથ ઉદ્ધારો!
હે! ગુરુરાજ૦

**૬. પરમાત્મદર્શન એ જ સર્વસ્વ :**

કેવળ દર્શન-જ્ઞાન સ્વરૂપી, વીર્ય અનંત સુખધામી,
રૂપ અનુરૂપ નિર્મળ પ્રભુતા, -ગુણ અનંતના સ્વામી;
જો જિનને યોગ દૃષ્ટિથી દેખે, સદાય સમ્યગ્યોગી,
તો તેને બાકી રહ્યું શું જોવું? સર્વ જાણી લીધું ભોગી.
હે! ગુરુરાજ૦

**૭. અનન્ય શરણ :**

માનું તને એક જગનાથ સ્વામી, સૌ કર્મ-અરિ હણનારો,
માત્ર તને નમું, હૃદયે ધરું નિત્ય, તુજ સેવાસ્તુતિ કરનારો;
તારું એક જ શરણું ગ્રહી રહું છું, હવે કહું શું બહું હું?
તુજ વિણ કોઈની સાથે પ્રયોજન, ભવમાં ન હોશો એ યાચું.
હે! ગુરુરાજ૦

**૮. નવ પ્રકારના પાપની નિંદા :**

પાપ કરાવ્યું, કર્યું, ભલું માન્યું, મન-વચને વળી કાયે,
વર્તમાન, ભૂત, ભાવિ કાળે મેં, એવા ભેદો નવ થાયે;
હે જિનરાજ! હું પામર, પાપી, આત્મનિંદા કરું આજે,
આપ સમક્ષ ઊભો ઊભો યાચું, સૌ પાપ અફળ થવા કાજે.
હે! ગુરુરાજ૦

**૯. આલોચનાનો હેતુ :**

હે જિનરાજ! તું જાણે છે સઘળું, ત્રિકાળનું એક કાળે,
અનંત ભેદે લોક અલોકના, પર્યાય સર્વ નિહાળે;
તો તમે નાથ, શું જાણો નહિ કંઈ, આ ભવમાં મુજ પાપો!
તો પણ કહું તુમ આગળ તે, શુદ્ધ થવા સપશ્ચાત્તાપો.
હે! ગુરુરાજ૦

**૧૦. નિઃશલ્યતા :**

વ્યવહાર નયથી મૂલ ઉત્તરગુણ-ધારી મુનિ-ધર્મમાં જે,
દોષો થયેલા યાદ રહ્યા છે, તે દૂર કરવાને કાજે;
પ્રભુ તમારી આગે આલોચું, માયા મિથ્યાદિ વૃથા હો,
નિઃશલ્ય હૈયું કરે સમજુ જન, સર્વથા સંત પ્રથા જો.
હે! ગુરુરાજ૦

**૧૧. સદ્‌ગુરુનો સહવાસ એ પરમ પ્રાયશ્ચિત્ત :**

વ્યક્ત અવ્યક્ત વિકલ્પનાં જાળાં, લોક પ્રમાણ અસંખ્ય,
ગૂંથી ગૂંચાયો દોષ અસંખ્યે, જીવ એ વાત નિ:શંક;
સર્વ વિકલ્પ જનિત દૂષણનાં પ્રાયશ્ચિત્તો નથી શાસ્ત્રે,
તો તે દોષો નિવારણ થાયે, સદ્‌ગુરુના સહવાસે.
હે! ગુરુરાજ૦

**૧૨. સદ્‌ગુરુના સહવાસ માટે યોગ્યતા :**

સંગ તજી, સત્શ્રુત-સાર ગ્રહીને, શાંત બનીને એકાંતે,
બાહ્ય પદાર્થથી મુક્ત કરી મન, ઈન્દ્રિય ને ઇચ્છાને;
વિધિથી સમ્યક્ જ્ઞાનમૂર્તિ નિત્ય, આપની ઉરે ધરે જે,
તે ભવ્ય તુજ સહવાસ લહે છે, ધન્ય ધન્ય તે નિશ્ચે છે.
હે! ગુરુરાજ૦

**૧૩. સદ્‌ગુરુના યોગમાં વિઘ્ન :**

જે પદ દુર્લભ બ્રહ્માદિને પણ, નિશ્ચે મળે પ્રભુ પામી,
પૂર્વ ભવોમાં કષ્ટે કરેલાં, પુણ્યો પમાડે સ્વામી;
અર્હજિનેન્દ્ર! ઉપાય બતાવો, તુમ સહવાસ ચહું હું,
ચિત્ત ચરણમાં ધરવા જતાં તો, બાહ્ય દોડે હું કરું શું?
હે! ગુરુરાજ૦

**૧૪. મનની ચંચળતા :**

સંસાર તો બહુ દુ:ખદાયી નક્કી, સુખદાયી શિવપદ સાચું,
મોક્ષ માટે ઘરબાર તજી સૌ, વને વસું, નહિ યાચું;
દુષ્કર વ્રતો પણ વિધિથી પાળું, સંશય સર્વે ટાળું,
તોય પીંપળ-પાન સમ મન ચંચળ, તેથી ન સિદ્ધિ ભાળું.
હે! ગુરુરાજ૦

### ૧૫. કલ્યાણ કેમ નથી થતું?

બાહ્ય પદાર્થો ઈચ્છી ભટકતું, દોદશ ઝાંવાં મારે;
આકુળવ્યાકુળ નિત્ય કરે નકામું, જ્ઞાનસ્વરૂપ આત્માને;
સંસાર-વર્ધક કર્મ-સખા મન, ઈન્દ્રિય ગામ વસાવે,
જીવે એવું મન ત્યાં સુધી ક્યાંથી, સંયમી કલ્યાણ પાવે.
હે! ગુરુરાજ૦

### ૧૬. મન મરે શાથી?

શુદ્ધ જ્ઞાની પ્રભુ, આપ સમીપે, આવતાં મનડું મરે,
વિવિધ વિકલ્પો ભર્યું સદા દૂર, બાહેર આપથી ફરે;
મોહવશે કોણ ડરે ન મોતે? મોહ અહિત કરનારો,
યાચના એટલી સ્વામી અમારી, મોહ અમારો મારો.
હે! ગુરુરાજ૦

### ૧૭. મરણના ભયનું કારણ :

મોહ બહુ બળવાન સર્વે કર્મોમાં, મૃત્યુભય એના પ્રભાવે;
ચંચળતા મનની પણ તેથી, દોદશ ભટકે વિભાવે;
મોહ વિના નહિ જીવે મરે કો, જોઈ પર્યાયથી જગલીલા,
દ્રવ્ય દૃષ્ટિથી ન નાશ ઉત્પત્તિ, નાથ નિત્યતા સંગ રસીલા.
હે! ગુરુરાજ૦

### ૧૮. અનિત્ય ભાવનાથી નિત્યમાં વાસ :

વાયુથી જલધિના જલમાં ઊછળતાં, ક્ષણભંગુર મોજાં પ્રમાણે;
ક્ષણભંગુર આ વિશ્વ સદાયે, સર્વત્ર મુજ મન માને;
સંસાર-વર્ધક સર્વ પ્રવૃત્તિથી, ઉદાસ થઈ મન ઇચ્છે,
વિકારવિણ પરમાનંદ બ્રહ્મમાં, રહેવા આપ સમીપે.
હે! ગુરુરાજ૦

**૧૯. શુભાશુભ ભાવરૂપ સંસાર અને શુદ્ધ ભાવરૂપ પરમાત્મા :**

પાપ અશુભ ઉપયોગથી થાતાં, દુઃખ પામે જન તેથી,
શુભ ઉપયોગે ધર્મ થતાં કંઈ, આવી મળે સુખ એથી;
પાપ પુણ્યનાં દ્વંદ્વ રૂપે આ, સંસારમાં સહુ બને,
નિત્ય આનંદઘન પદ મળ્યું તમને, શુદ્ધ ઉપયોગે હો મને.
હે! ગુરુરાજ૦

**૨૦. અસંગ, શુદ્ધસ્વરૂપ :**

જે, નથી સ્થિતિ અંદર કે બાહેર, નહિ સ્થૂલ, સૂક્ષ્મ, દિશામાં,
ભારે નથી, હલકી નથી, કે ના—સ્ત્રી, નર કે નુપંસકમાં;
જેને નથી કર્મ, સ્પર્શ, શરીર, રૂપ, ગંધ, સંખ્યા, વ્યવહાર,
નિર્મળ સમ્યગ્જ્ઞાન-દર્શનરૂપ, જ્યોતિ હું આત્માકાર.
હે! ગુરુરાજ૦

**૨૧. કર્મશત્રુથી બચવા પ્રાર્થના :**

ચૈતન્યથી ઉન્નતિ-ક્ષય કરતો, શાશ્વત્ શત્રુ તો કર્મ,
નિષ્કર્મ નાથ, અવસ્થા આપણી, એક જ જે શુદ્ધ ધર્મ;
કર્મ દુષ્ટ બિનકારણ વૈરી, ભેદી કરો દૂર છેદી-
સંતની રક્ષા ને દુષ્ટ-શિક્ષા-ધર્મ, ન્યાયી પ્રભુનો અનાદિ.
હે! ગુરુરાજ૦

**૨૨. ભેદવિજ્ઞાનથી નિર્વિકાર ભાવના :**

આધિ, વ્યાધિ, જરા, મૃત્યુ આદિ તો, શરીર કેરાં સંબંધી,
એ જડ શું કરી શકે કહો મને? ભગવાન ભિન્ન હું એથી;
મેઘ અનેક આકારે વિકારો, કરી ફરે નભમાંહીં
તો પણ નભસ્વરૂપ ફરે ના, અરૂપીને નડે ન કાંઈ.
હે! ગુરુરાજ૦

## ૨૩. સંતાપ અને શાંતિનાં નિમિત્ત :

સ્થળ પર તરફડે માછલી તેમ જ, ભવ-દાવાનળ બાળે;
ત્રિવિધ તાપનો દાહ સહું હું, નાથ સદા સંસારે;
સુખી પરમ રહું જ્યાં લગી લીન છે, હૃદય સમર્પિત મારું;
કરુણા-જલના સંગે શીતળ, પદપંકજ જ્યાં તમારું.
હે! ગુરુરાજ૦

## ૨૪. કર્મબંધનથી બચવાનો ઉપાય :

બાહ્ય પદાર્થોનો સંગ કરે છે, ઇન્દ્રિયો ને મન તેથી—
કર્મ બંધાય છે તેથી છું ભિન્ન હું, સદા સર્વથા નિશ્ચયથી;
શુદ્ધ ચૈતન્ય તમે પ્રભુ ભિન્ન છો, નિર્લેપ છો કર્મ મળથી,
તે કારણ થકી તુમ ચરણે હું, વસું છું નિશ્ચયબળથી.
હે! ગુરુરાજ૦

## ૨૫. પરને પોતાનાં માનવાથી ભૂલથી બંધન :

હે! શુદ્ધ આત્મા, શું કામ તારે, લોક કે દ્રવ્ય આશ્રયનું,
ઇન્દ્રિય, પ્રાણ કે વાણી કાયાનું, વિકલ્પ પુદ્‌ગળમયનું?
અરે! એ પુદ્‌ગલ ભિન્ન તારાથી, ભૂલીને મારાં માને,
આશ્રય અતિશય કરી પરનો દૃઢ, વ્યર્થ બંધાય તું શાને?
હે! ગુરુરાજ૦

## ૨૬. ભેદવિજ્ઞાનથી અનાદિની ભૂલ લાગે છે :

ધર્મ, અધર્મ, નભ, કાલ એ ચારે, અહિત કરે નહિ કાંઈ,
ગતિ આદિમાં સહાય કરે સૌ, એક પુદ્‌ગલ વૈરી આંહી;
કર્મ નોકર્મરૂપે રહી પાસે, બંધન હેતુ થાયે,
ભેદવિજ્ઞાનરૂપી તરવારે, હવે મુજ વૈરી હણાયે.
હે! ગુરુરાજ૦

**૨૭. સમજુ જન રાગદ્વેષ દૂર કરે :**

જેવી રીતે રાગદ્વેષ રૂપાંતર, પુદ્‌ગલનાં પરિણામો,
તેવાં કરે નહિ ચારે અરૂપી, નભાદિ વિભાવિક કામો;
કર્મ-બંધન રાગદ્વેષે નિરંતર, ભવે ભ્રમણ ગણ તેથી,
દુ:ખ પરંપરા ભવથી, તો યત્ને, સુજ્ઞ રહે દૂર બેથી
હે! ગુરુરાજ૦

**૨૮. વિકલ્પ તજવા ને મોક્ષ મેળવવા પ્રેરણા :**

શાને કરે બહુ વૃથા વિકલ્પો, મન ધરી બાહ્ય પદાર્થે?
કર્મ અશુભ દુ:ખદાઈ તું બાંધે, રાગાદિ કરી પર અર્થે;
શુદ્ધ આત્મિક સુખ ભેદવિજ્ઞાને, પામીશ નિશ્ચે વિશાળ,
તેથી આનંદ-જલ-સાગરમાં વસી,– ધ્યાને નિર્વાણ નિહાળ.
હે! ગુરુરાજ૦

**૨૯. કર્મશત્રુ સામે ફરિયાદ :**

હે જિન! તુમ પદ પ્રસાદથી એમ, વિચારી જન સ્થિર ચિત્તે,
અધ્યાત્મ પલ્લે એ પગ મૂકે જ્યાં, આત્માવિશુદ્ધિ નિમિત્તે;
કે કર્મ અરિ બીજી બાજુ કરે બળ, રૂપ ભયંકર ધારી,
દોષો કરાવી ભ્રષ્ટ કરે આ, મધ્યસ્થ સાક્ષી તમારી.
હે! ગુરુરાજ૦

**૩૦. નિર્વાણનો ક્રમ :**

સંસાર રાગાદિ દ્વૈત રૂપ છે, અદ્વૈત નિર્વાણ નિશ્ચે,
સંક્ષેપથી બંધ-મોક્ષ હેતુ આ, કહ્યા ઉત્કૃષ્ટ સ્થિતિએ;
પ્રથમ પક્ષ તજી ધીમે ધીમે, અન્ય આલંબન સ્હાયે,
તે બને બ્રહ્માદિ નામ વ્યવહારે, નિશ્ચય અનામી થાયે.
હે! ગુરુરાજ૦

### ૩૧. કળિકાળમાં ભક્તિનું આલંબન :

કેવળજ્ઞાનીએ કહ્યું ચારિત્ર, મુક્તિ પમાડે જ તેવું,
આ કળિકાળે મારા જેવાથી, દુષ્કર પળવું એવું;
પૂર્વપુણ્યના પુંજથી પામ્યો, ભક્તિ આ ભવમાં તારી,
સંસાર-સાગર-તારક બનશે, નાવ એ શ્રદ્ધા અમારી.
હે! ગુરુરાજ૦

### ૩૨. જીવ શું નથી પામ્યો?

**નાથ,** નિગોદથી ઇન્દ્ર સુધીની, યોનિ અનેકમાં જાયો,
**વાર** અનંત ભમ્યો ભવમાં, પણ ક્યાંય અપૂર્વ ન પાયો;
**સમ્યક્** દર્શન જ્ઞાન ચારિત્રની, પૂર્ણતા પદવી સાચી,
**મોક્ષ**દાયી એ રત્નત્રયી દઈ, કર કૃતાર્થ અયાચી.
હે! ગુરુરાજ૦

### ૩૩. બોધબીજ આગળ ત્રણ લોકનું રાજ્ય તુચ્છ છે :

પ્રસન્ન મનથી શ્રીવીર દેવે, ઉત્તમ પદ અર્પવાને,
બોધ-વચન-ઉત્તમ-બીજ વાવ્યું, જે મુજ ઉર-ઉદ્યાને;
તેની આગળ શું રાજ્ય જગતનું? તુચ્છ ત્રિલોક જણાય!
પ્રિય નથી ક્ષણભંગુર ભોગો, પ્રભુ શ્રીમત્ જિનરાય.
હે! ગુરુરાજ૦

### ૩૪. આલોચનાનું માહાત્મ્ય :

પદ્મનંદિસૂરિની આ આલોચના, ત્રિકાળ અર્હંત આગળ,
શ્રદ્ધાભક્તિથી જે ભવ્ય ભણશે, નિષ્કામ ભાવે નિર્મળ;
આનંદધામ ઉત્તમ ધ્રુવપદ તે, પામે બુદ્ધિધન આણે,
યોગીન્દ્ર પણ તપ ચિરકાળ તપતાં, જે પદ પામે પરાણે.
હે! ગુરુરાજ૦

## ૩૫. * સદ્‌ગુરુ બોધે નિશ્ચય અને આશ્રય કર્તવ્ય :

મૃગશીર્ષમાં બે શ્યામ શૃંગ જેવાં, ગુરુ પૂર્ણચંદ્ર સમીપે,
પ્રબોધ-પ્રકાશે પ્રકાશી ઊઠે તેમ, અજ્ઞાન જ્ઞાન બની દીપે;
ચારગતિ વિશેષ લખ ચોરાશી રૂપે, યોનિઓ ગણીશ નહિ હું,
નિશ્ચય તારો અને આશ્રય તારો, પામ્યા પછીથી રહે શું?
હે! ગુરુરાજ૦

---

* આ ગાથાના પ્રથમ ચરણમાં માગશર વદ ૨ ને ગુરુ અને ત્રીજા ચરણમાં ૧૯૮૮ સંવતનો ગર્ભિત નિર્દેશ છે.

## આલોચના પદો

વીતરાગ શાસન વિષે, વીતરાગતા હોય;
જહાં કષાયકી પોષણા, કષાય શાસન સોય. ૧

આત્માર્થે કરીએ ખામના, સબ દોષ પાપ હો જાય ફના;
સબ દોષ પાપ હો જાય ફના, આત્માર્થે કરીએ ખામના.
એ ટેક૦

દશવિધ્ સુધર્મ-કલ્પતરું મેં, ક્ષમા ધર્મ આદિ ગના–(૨)આ૦ ૧
મુનિકો પક્ષ, શ્રાદ્ધ ચૌમાસી, સંવત્સર સમકિતિના–(૨)આ૦ ૨
ઈન હદ તક અવિરાધના આખી, અતઃપરં વિરાધના–(૨)આ૦ ૩
પ્રત્યક્ષ અરુ પરોક્ષ ઉભયવિધિ, ક્ષમાપના કી આગના–(૨)આ૦ ૪
અવલ હી નિજ ઉપકારી પ્રત્યે, કીજે ક્ષમા કી પ્રયાચના–(૨)આ૦ ૫
અસિઆઉસા-પરમેષ્ઠિ પણ, સાધર્મી અરુ સજ્જના–(૨)આ૦ ૬
તત્પશ્ચાત્ ચૌરાસીવાસી, સાથે કીજે ક્ષમાપના–(૨)આ૦ ૭
ભૂતકાલ કી ક્ષમા સફલ જબ, હોય ભવિષ્ય કી પ્રતિગના–(૨)આ૦ ૮
અસમર્થ કો રક્ષણ ક્ષાંતિ, સમર્થકું ભૂષણ ભના–(૨) આ૦ ૯
શ્રીમદ્ વીતરાગ શાસનમેં, ઉત્તમ ક્ષમા કી સ્થાપના–(૨)આ૦ ૧૦
તાતેં ક્ષમી ક્ષમાવી, ભાવો–**રત્નત્રય કી** ભાવના–(૨)આ૦ ૧૧

---

ૐ

જગદ્ ભૂષણ જિનવરા, જગદ્ વંદ્ય જગમાંય;
યજ્ઞ કર્મના દૂષણને, પાવન કરો પળમાંય.

## સ્વધર્મ-બંધુ !

કીધાં હશે કુકર્મ દેહે, તમ પ્રતિ આ વરસમાં,
છોડયાં હશે વળી વાક્શસ્ત્રો, તમ પ્રતિ આ વરસમાં;
ચિંતવ્યું હશે બૂરું તમારું, મન મહીં આ વરસમાં,
દોષ અગણિત મમ થકી, એવા થયા આ વરસમાં.
દોષનો દેણદાર હું, દેવું પતાવા મરું મથી,
માફી મૂડી વિણ લાજ પ્રભુજી, હાથ મુજ રહેવી નથી;
બાંધવ બની બંધ વાળજો, હિસાબ એ મૂડી થકી,
જંજીર જડેલાં હાલ તોડો, કાલ મૃત્યુ છે નકી.

સ્મૃતિનું સરોવર જોઈએ તેવું નિર્મળ નહીં હોવાથી જન્મ પામેલી 'હશે' એવી ઉડાઉ કબૂલાત માફીની પરમ જિજ્ઞાસાને લેશ પણ ક્ષીણ કરતી નથી, એમ વિચારશો.

દોષના દાવાનલને બુઝાવનાર પરમ શીતલમય પર્વનો અદ્ભુત અનુભવ માત્ર દોષ રહિત વિરલાને જ થાય. મમ જેવા રાંકને શું?

એ જ નામું માંડી વાળવા વિનંતિ.

## મિચ્છા મિ દુક્કડં

આ ભવ ને ભવોભવ મહીં, થયું વેર વિરોધ,
અંધ બની અજ્ઞાનથી, કર્યો અતિશય ક્રોધ—
તે સવિ મિચ્છા મિ દુક્કડં.

જીવ ખમાવું છું સવિ, ક્ષમા કરજો સદાય;
વેર વિરોધ ટળી જજો, અક્ષય પદ સુખ સોય,
સમભાવિ આતમ થશે.

ભારે કર્મી જીવડા, પીવે વેરનું ઝેર;
ભવ અટવીમાં તે ભમે, પામે નહિ શિવ લહેર,
ધર્મનું મર્મ વિચારજો.

*

# પ્રાર્થના

અશુદ્ધાત્મા શુદ્ધાત્માને અરજ કરે છે.

હે પરમેશ્વર! શુદ્ધાત્મા! મારા હૃદયને દયાથી ભરપૂર કર. હે સત્ય! મારા હૃદયમાં આવ.

હે શીલના સ્વામી! મને કુશીલથી બચાવ. મને સંતોષથી ભરપૂર કર કે હું પરવસ્તુ પર નજર ન કરું. જે જેને ભોગવવાને તેં આપ્યું તે હું ના ચાહું.

તું નિષ્પાપ, પૂર્ણ પવિત્ર છે. તારી પવિત્રતા મારામાં ભર. મને પાપરહિત કર. જ્ઞાન, ધૈર્ય, શાંતિ અને નિર્ભયતા મને આપ. તારાં પવિત્ર વચનથી મારાં પાપ ધો.

હે આનંદ! મને આનંદથી ભરપૂર કર, મને તારી તરફ ખેંચ.

હે દેવ! મેં તારી આજ્ઞા તોડી છે, તો મારો હવે શું હવાલ થશે?*

હું પાપમાં બૂડી રહ્યો છું. હું દર સમય પાપના કામમાં જ હર્ષ માની રહ્યો છું. તારી કૃપાદાનનું તેડું મારી તરફ આવ્યું કે તું મને પોતા તરફ બોલાવે છે. તારી પવિત્રતા મને દર વખત ચેતાવે છે કે આ પાપમાં તું ના પેસ. માટે હવે હું તારી પવિત્રતાનું સન્માન કરું. મને પવિત્ર આત્માથી ભરપૂર કર.

તારી સર્વે આજ્ઞા પાળવાની બુદ્ધિ તથા શક્તિ મને આપ. મોહ શત્રુના કબજામાંથી મને છોડાવ. હું બાળક છું, માટે દર સમય મને બચાવ, પડવા ન દે. મને તારામાં રાખ; તું મારામાં રહે, જે તારી કૃપા નજર થઈ તે પૂરી કર.

તારા સિવાય કોઈ દાતા નથી. તારી આજ્ઞાના બગીચામાંથી મને બહાર ના મૂક. તારી શાંતિના સમુદ્રમાં મને ઝીલાવ. તારો સર્વે મહિમા મને દેખાડ.

તું આનંદ છે, તું પ્રેમ છે, તું દયા છે, તું સત્ય છે, તું સ્થિર છે, તું અચળ છે, તું નિર્ભય છે, તું એક શુદ્ધ નિત્ય છે, તું અબાધિત છે, તારા અનંત અક્ષય ગુણથી મને ભરપૂર કર.

દૈહિક કામનાથી અને વિષયની ભીખથી મારા દિલને વાર. કષાયની તપ્તિથી બચાવ. મારાં સર્વે વિઘ્ન દૂર કર, કે સ્થિરતા અને આનંદથી હું તારી સિદ્ધિને અનુભવું.

મારી સર્વે શુભેચ્છા તારા વચનપસાયથી પૂર. સાચા માર્ગ બતાવનાર ગુરુના પસાયથી પૂર. મને જૂઠા હઠવાદથી અને જૂઠા ધર્મથી છોડાવ. કુગુરુના ફંદથી બચાવ.

તારા પસાયથી મન, વચન ને શરીર આદિ જે શક્તિ હું પામ્યો છું તે સર્વે શક્તિ હું ખોટા વા પાપના કામમાં ન વાપરું. અને ફોગટ વખત ન ગુમાવું એ બુદ્ધિ આપ.

તારા પસાયથી હું સર્વેને સુખનું કારણ થાઉં, કોઈને દુઃખનું કારણ ન થાઉં માટે મને સત્ય અને દયાથી ભરપૂર કર. અને જે મને યોગ્ય હોય તે આપ. ખોટા મનોરથ અને વ્યર્થ વિચારથી, હંમેશાં બચાવ.

---*---

# ક્ષમાપનાના પત્રો

## (શ્રીમદ્ રાજચંદ્ર)

### ૧

**વવાણીઆ. ૧૯૪૬, પ્ર. ભા. સુ. ૬.**

પ્રથમ સંવત્સરી અને આજ દિવસ પર્યંત કોઈ પણ પ્રકારે તમારો અવિનય, અશાતના, અસમાધિ મારા મન, વચન, કાયાના કોઈ પણ યોગાધ્યવસાયથી થઈ હોય તેને માટે પુનઃ પુનઃ ક્ષમાવું છું.

અંતર્જ્ઞાનથી સ્મરણ કરતાં એવો કોઈ કાળ જણાતો નથી, વા સાંભરતો નથી કે જે કાળમાં, જે સમયમાં, આ જીવે પરિભ્રમણ ન કર્યું હોય, સંકલ્પ-વિકલ્પનું રટણ ન કર્યું હોય અને એ વડે 'સમાધિ' ન ભૂલ્યો હોય. નિરંતર એ સ્મરણ રહ્યા કરે છે, અને એ મહા વૈરાગ્યને આપે છે.

વળી સ્મરણ થાય છે કે, એ પરિભ્રમણ કેવળ સ્વચ્છંદથી કરતાં જીવને ઉદાસીનતા કેમ ન આવી? બીજા જીવો પરત્વે ક્રોધ કરતાં, માન કરતાં, માયા કરતાં, લોભ કરતાં, કે અન્યથા કરતાં, તે માઠું છે એમ યથાયોગ્ય કાં ન જાણ્યું? અર્થાત્ એમ જાણવું જોઈતું હતું, છતાં ન જાણ્યું. એ વળી ફરી પરિભ્રમણ કરવાનો વૈરાગ્ય આપે છે.

વળી સ્મરણ થાય છે કે, જેના વિના એક પળ પણ હું નહીં જીવી શકું એવા કેટલાક પદાર્થો (સ્ત્રીઆદિક) તે અનંતવાર છોડતાં, તેનો વિયોગ થયાં અનંત કાળ પણ થઈ ગયો; તથાપિ તેના વિના જિવાયું એ કંઈ થોડું આશ્ચર્યકારક નથી. અર્થાત્ જે જે વેળા તેવો પ્રીતિભાવ કર્યો હતો, તે તે વેળા તે કલ્પિત હતો. એવો પ્રીતિભાવ કાં થયો? એ ફરી ફરી વૈરાગ્ય આપે છે.

વળી જેનું મુખ કોઈ કાળે પણ નહીં જોઉં, જેને કોઈ કાળે હું ગ્રહણ નહીં જ કરું, તેને ઘેર પુત્રપણે, સ્ત્રીપણે, દાસપણે, દાસીપણે, નાના જંતુપણે શા માટે જન્મ્યો? અર્થાત્ એવા દ્વેષથી એવા રૂપે જન્મવું પડયું! અને તેમ કરવાની તો ઇચ્છા નહોતી! કહો, એ સ્મરણ થતાં આ કલેષિત આત્મા પરત્વે જુગુપ્સા નહીં આવતી હોય? અર્થાત્ આવે છે.

વધારે શું કહેવું? જે જે પૂર્વના ભવાંતરે ભ્રાંતિપણે ભ્રમણ કર્યું, તેનું સ્મરણ થતાં હવે કેમ જીવવું? એ ચિંતના થઈ પડી છે; ફરી ન જ જન્મવું અને ફરી એમ ન જ કરવું એવું દઢત્વ આત્મામાં પ્રકાશે છે; પણ કેટલીક નિરુપાયતા છે; ત્યાં કેમ કરવું?

જે દઢતા છે તે પૂર્ણ કરવી; જરૂર પૂર્ણ પડવી એ જ રટન છે; પણ જે કંઈ આડું આવે છે, તે કોરે કરવું પડે છે, અર્થાત્ ખસેડવું પડે છે, અને તેમાં કાળ જાય છે. જીવન ચલ્યું જાય છે એને ન જવા દેવું, જ્યાં સુધી યથાયોગ્ય જય ન થાય ત્યાં સુધી, એ દઢતા છે તેનું કેમ કરવું?

કદાપિ કોઈ રીતે તેમાંનું કંઈ કરીએ તો તેવું સ્થાન ક્યાં છે કે જ્યાં જઈને રહીએ? અર્થાત્ તેવા સંતો ક્યાં છે કે જ્યાં જઈને એ દશામાં બેસી તેનું પોષણ પામીએ; ત્યારે હવે કેમ કરવું?

"ગમે તેમ હો—ગમે તેટલાં દુ:ખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડે, ગમે તેટલી આધિઓ આવી પડે, ગમે તો જીવન કાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ.

ત્યાં સુધી હે જીવ! છૂટકો નથી." આમ નેપથ્યમાંથી ઉત્તર મળે છે, અને તે યથાયોગ્ય લાગે છે.

ક્ષણે ક્ષણે પલટાતી સ્વભવૃત્તિ નથી જોઈતી; અમુક કાળ સુધી શૂન્ય સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સંત સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો અમુક કાળ સુધી સત્સંગ સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો આર્યાચરણ સિવાય કંઈ નથી જોઈતું; (આર્યાચરણ = આર્ય પુરુષોએ કરેલાં આચરણ) તે ન હોય તો જિનભક્તિમાં અતિ શુદ્ધ ભાવે લીનતા સિવાય કંઈ નથી જોઈતું; તે ન હોય તો પછી માગવાની ઇચ્છા પણ નથી.

ગમ પડયા વિના આગમ અનર્થકારક થઈ પડે છે; સત્સંગ વિના ધ્યાન તે તરંગરૂપ થઈ પડે છે; સંત વિના અંતની વાતમાં અંત પમાતો નથી. લોકસંજ્ઞાથી લોકાગ્રે જવાતું નથી; લોકત્યાગ વિના વૈરાગ્ય યથયોગ્ય સ્થિતિ પામવો દુર્લભ છે. એ જ વિજ્ઞાપના.

**વિ૰ રાયચંદના યથાયોગ્ય.**

## ૨

**સં. ૧૯૪૮, ભા. સુ.**

ઉદય જોઈને ઉદાસપણું ભજશો નહિ.

સંસાર ભજવાના આરંભકાળ (?)થી તે આજ દિન પર્યંત તમ પ્રત્યે જે કંઈ અવિનય, અભક્તિ અને અપરાધાદિ દોષ ઉપયોગપૂર્વક કે અનુપયોગે થયા હોય તે સર્વ અત્યંત નમ્રપણે ક્ષમાવું છું.

શ્રી તીર્થંકરે જેને મુખ્ય એવું ધર્મ પર્વ ગણવાનું યોગ્ય ગણ્યું છે, એવી સંવત્સરી આ વર્ષ સંબંધી વ્યતીત થઈ. કોઈ પણ જીવ પ્રત્યે કોઈ પણ પ્રકારે, કોઈ પણ કાળને વિષે અત્યંત અલ્પ પણ દોષ કરવો યોગ્ય નથી, એવી વાત જેને પરમોત્કૃષ્ટપણે નિર્ધાર થઈ છે, એવા આ ચિત્તને નમસ્કાર કરીએ છીએ, અને તે જ વાક્ય માત્ર સ્મરણયોગ્ય એવા તમને લખ્યું છે; કે જે વાક્ય નિઃશંકપણે તમે જાણો છો.

———*———

## ૩

**સં. ૧૯૪૮, ભા. સુ. ૧૦**

સંસારકાળથી તે અત્ર ક્ષણ સુધીમાં તમ પ્રત્યે કોઈ પણ પ્રકારનો અવિનય, અભક્તિ, અસત્કાર કે તેવા બીજા અન્ય પ્રકાર સંબંધી કોઈ પણ અપરાધ મન, વચન, કાયાના પરિણામથી થયો હોય તે સર્વ અત્યંત નમ્રપણે તે સર્વ અપરાધોના અત્યંત લય પરિણામરૂપ આત્મસ્થિતિએ કરી હું સર્વ પ્રકારે ક્ષમાવું છું; અને તે ક્ષમાવવાને યોગ્ય છું, તમને કોઈ પણ પ્રકારે તે અપરાધાદિનો અનુપયોગ હોય તો પણ અત્યંતપણે અમારી તેવી પૂર્વકાળ સંબંધીની કોઈ પ્રકારે પણ સંભાવના જાણી અત્યંતપણે ક્ષમા આપવા યોગ્ય આત્મસ્થિતિ કરવા અત્ર ક્ષણ લઘુત્વપણે વિનંતિ છે.

———*———

૪

**સંવત ૧૯૪૮, ભા. સુ. ૧૦**

અત્ર ક્ષણ પર્યંત તમ પ્રત્યે કોઈ પણ પ્રકારે પૂર્વાદિ કાળને વિષે મન, વચન, કાયાના યોગથી જે અપરાધાદિ કાંઈ થયું હોય તે સર્વ અત્યંત આત્મભાવથી વિસ્મરણ કરી ક્ષમા ઈચ્છું છું; હવે પછીના કોઈ પણ કાળને વિષે તમ પ્રત્યે તે પ્રકાર થવો અસંભવિત જાણું છું, તેમ છતાં પણ કોઈક અનુપયોગ ભાવે દેહપર્યંતને વિષે તે પ્રકાર ક્વચિત્ થાય તો તે વિષે પણ અત્ર અત્યંત નમ્ર પરિણામે ક્ષમા ઈચ્છું છું; અને તે ક્ષમારૂપ ભાવ આ પત્રને વિચારતાં વારંવાર ચિંતવી તમે પણ તે સર્વપ્રકાર અમ પ્રત્યેના પૂર્વકાળના વિસ્મરણ કરવાને યોગ્ય છો.

———*———

૫

**સંવત ૧૯૫૩, ભા. સુદ ૬**

**પરમકૃપાળુ પૂજ્ય પિતાશ્રીજી,**

આજ દિવસ પર્યંત મેં આપનો કાંઈ પણ અવિનય, અભક્તિ કે અપરાધ કર્યાં હોય તે બે હાંથ જોડી મસ્તક નમાવીને શુદ્ધ અંતઃકરણથી ક્ષમાવું છું. કૃપા કરીને આપ ક્ષમા આપશો. મારાં માતુશ્રી પ્રત્યે પણ તે જ રીતે ક્ષમાવું છું. તેમજ બીજા સાથ સર્વે પ્રત્યે મેં કોઈ પણ પ્રકારનો અપરાધ કે અવિનય જાણતાં અથવા અજાણતાં કર્યો હોય તે શુદ્ધ અંતઃકરણથી ક્ષમાવું છું. કૃપા કરીને સૌ ક્ષમા આપશોજી.

———*———

### શ્રીમદ્ રાજચંદ્રપ્રણીત

## ક્ષમાપના પાઠનું પદ

હે! નાથ, ભૂલી હું ભવસાગરમાં ભટક્યો;
નહિ અધમ કામ કરતાં, હું કદી પણ અટક્યો.

તમ વચન અમૂલખ, લક્ષમાંહી નહિ લીધાં;
નહિ તત્ત્વ વિચારથી કહ્યાં તમારાં કીધાં.

સેવ્યું નહિ ઉત્તમ, શીલ પ્રણીત તમારું;
તજી યાદી આપની, મેં જ બગાડયું મારું.

પ્રભુ, દયા, શાંતિ ને ક્ષમા આદિ મેં છોડી;
વળી પવિત્રતાની, ઓળખાણ પણ તોડી.

હું ભૂલ્યો, આથડયો, અને રખડયો ભારી;
આ સંસારે વિભુ, વિટંબના થઈ મારી.

હું પાપી મદોન્મત્ત, મલિન કર્મના રજથી;
વિણ તત્ત્વ મોક્ષ મેળવાય નહિ, પ્રભુ મુજથી.

હે પરમાત્મા, હું પ્રપંચમાંહી પડયો છું;
હું મૂઢ, નિરાશ્રિત, મહા ખુવાર બન્યો છું.

બની અંધ અમિત અજ્ઞાનથી ભૂલ્યો ભક્તિ;
નથી નિશ્ચય મુજમાં, નાથ વિવેકની શક્તિ.

ઓ રાગરહિત પ્રભુ! મુજને જાણી અનાથ;
આ દીન દાસનો, ગ્રહો હેતથી હાથ.

હું શરણ હવે તો ગ્રહણ કરું છું તમારું;
તુમ ધર્મ સાથ તુમ, મુનિનું શરણ સ્વીકારું.

હું માગું છું પ્રભુ, મુજ અપરાધની માફી;
કરી દીઓ પાપથી મુક્ત, કહું પછી કાંહી.

એ અભિલાષા અવિનાશી, પૂરણ કરજો;
મુજ દોષ દયાનિધિ, દેવ દીલે નવિ ધરજો.

હું પાપનો પશ્ચાત્તાપ, હવે કરું છું;
વળી સૂક્ષ્મ વિચારથી, સદા ઊંડો ઊતરું છું.

તુમ તત્ત્વ ચમત્કૃતિ, નજરે તૂર્ત તરે છે;
એ મુજ સ્વરૂપનો વિકાસ નાથ કરે છે.

છો આપ નિરાગી, અનંત ને અવિકારી;
વળી સ્વરૂપ સત્ ચિદાનંદ ગણું સુખકારી.

છો સહજાનંદી, અનંતદર્શી જ્ઞાની;
ત્રૈલોક્ય પ્રકાશક, નાથ, શું આપું નિશાની?

મુજ હિત અર્થે દઉં, સાક્ષી માત્ર તમારી;
હું ક્ષમા ચાહું, મતિ સદા આપજો સારી.

તુમ પ્રણીત તત્ત્વમાં શંકાશીલ ન થાઉં;
જે આપ બતાવો, માર્ગ ત્યાં જ હું જાઉં.
મુજ આકાંક્ષા ને, વૃત્તિ એવી નિત્ય થાજો;
લઈ શકું જેથી હું, મહદ્ મુક્તિનો લાવો.

હે! સર્વજ્ઞ પ્રભુ શું વિશેષ કહું હું તમને;
નથી લેશ અજાણ્યું, આપથી નિશ્ચય મુજને.

હું કેવલ પશ્ચાત્તાપથી દિલ દહું છું;
મુજ કર્મજન્મ પાપની ક્ષમા ચાહું છું.

ૐ શાંતિ શાંતિ, કરો કૃપાળુ શાંતિ;
ગુરુ રાજચંદ્ર જિન વચન, હરો મમ ભ્રાંતિ.

———*———

# શ્રી લાલાજી રણજીતસિંહજીકૃત

## શ્રી બૃહદ્ આલોયણા

સિદ્ધ શ્રી પરમાતમા, અરિગંજન અરિહંત;
ઈષ્ટ દેવ વંદું સદા, ભય ભંજન ભગવંત. ૧

અરિહા સિદ્ધ સમરું સદા, અચારજ, ઉવઝાય;
સાધુ સકળકે ચરનકું, વંદું શિષ નમાય. ૨

શાસન નાયક સમરિયે, ભગવંત વીર જિનંદ;
અલિય[1] વિઘન દૂરે હરે, આપે પરમાનંદ. ૩

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણો ભંડાર;
શ્રી ગુરુ ગૌતમ સમરિયે, વાંછિત ફલ દાતાર. ૪

શ્રી ગુરુદેવ પ્રસાદસેં, હોત મનોરથ સિદ્ધ;
ધન વરસત વેલી તરુ, ફૂલ ફલનકી વૃદ્ધ. ૫

પંચ પરમેષ્ઠી દેવકો, ભજનપૂર પહિચાન;
કર્મ અરિ ભાજે સભી, હોવે પરમ કલ્યાન. ૬

શ્રી જિનયુગ પદ કમળ મેં, મુજ મન ભ્રમર વસાય;
કબ ઊગે વો દિનકરુ, શ્રીમુખ દરિસન પાય. ૭

પ્રણમી પદપંકજ ભણી, અરિગંજન અરિહંત;
કથન કરૌં અબ જીવકો, કિંચિત્ મુજ વિરતંત.[1] ૮

આરંભ વિષય કષાયવશ, ભમિયો કાળ અનંત;
લક્ષચોરાશી યોનિ સેં, અબ તારો ભગવંત. ૯

દેવ ગુરુ ધર્મ સૂત્ર મેં, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિથ્યા દુષ્કૃત મોય.[2] ૧૦

---

૧. અનિષ્ટ ૨. વૃતાંત, વર્તન. ૩. મારાં માઠાં કામ નિષ્ફળ થાઓ

મિથ્યા મોહ અજ્ઞાન કો, ભરિયો રોગ અથાગ;
વૈદ્યરાજ ગુરુ શરણથી, ઔષધ જ્ઞાન વિરાગ. ૧૧

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
પ્રભુ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર. ૧૨

બૂરા બૂરા સબકો કહે, બૂરા ન દીસે કોઈ;
જો ઘટ શોધે આપનો, મોસું બૂરા ન કોઈ. ૧૩

કહેવામાં આવે નહિ, અવગુણ ભર્યા અનંત;
લિખવામાં ક્યું કર લિખું, જાણો શ્રી ભગવંત. ૧૪

કરુણાનિધિ કૃપા કરી, કર્મ કઠિન મુજ. છેદ;
મિથ્યા મોહ અજ્ઞાનકો, કરજો ગ્રંથિ ભેદ. ૧૫

પતિત ઉદ્ધારન નાથજી, અપનો બિરુદ વિચાર;
ભૂલચૂક સબ માહરી, ખમીએ વારંવાર. ૧૬

માફ કરો સબ માહરા, આજ તલકના દોષ;
દીનદયાળુ દો મુજે, શ્રદ્ધા શીલ સંતોષ. ૧૭

આતમનિંદા શુદ્ધ ભની, ગુનવંત વંદન ભાવ;
રાગદ્વેષ પતલા કરી, સબસેં ખીમત ખીમાવ.[1] ૧૮

છૂટું પિછલાં પાપસેં, નવાં ન બાંધું કોઈ;
શ્રી ગુરુદેવ પ્રસાદસેં, સફળ મનોરથ હોઈ. ૧૯

પરિગ્રહ મમતા તજી કરી, પંચ મહાવ્રત ધાર;
અંત સમય આલોચના, કરું સંથારો સાર. ૨૦

તિન મનોરથ એ કહ્યા, જો ધ્યાવે, નિત મન્ન;
શક્તિ સાર[2] વર્તે સહી, પાવે શિવસુખ ધન્ન. ૨૧

અરિહા દેવ નિર્ગ્રંથગુરુ, સંવર નિર્જર ધર્મ;
આગમ શ્રી કેવલિ કથિત, એહી જૈન મત મર્મ. ૨૨

૧. ક્ષમી; ક્ષમાવો. ૨. અનુસાર, પ્રમાણે

આરંભ વિષય કષાય તજ, શુદ્ધ સમકિત વ્રત ધાર;
જિન આજ્ઞા પરમાન કર, નિશ્ચય ખેવો[3] પાર. ૨૩

ક્ષણ નિકમો રહનો નહીં, કરનો આતમ કામ;
ભણનો ગુણનો શીખનો, રમનો જ્ઞાનારામ. ૨૪

અરિહા સિદ્ધ સબ સાધુજી, જિનાજ્ઞા, ધર્મસાર;
માંગલિક ઉત્તમ સદા, નિશ્ચય શરણાં ચ્'ર. ૨૫

ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સ્મરણકો ચાવ[4];
નરભવ સફલો જો કરે, દાન શીલ તપ ભાવ. ૨૬

## (દોહા)

સિદ્ધોં જૈસો જીવ હૈ, જીવ સોઈ સિદ્ધ હોય;
કર્મ મેલકા અંતરા, બૂઝે વિરલા કોય. ૧

કર્મ પુદ્‌ગલરૂપ હૈ, જીવરૂપ હૈ જ્ઞાન;
દો મિલકર બહુ રૂપ હૈ, વિછડયાં[5] પદ નિર્વાણ. ૨

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ્ય જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસેં, ધીરજ ધ્યાન જગાય. ૩

દ્રવ્ય થકી જીવ એક હૈ, ક્ષેત્ર અસંખ્ય પ્રમાન;
કાળ થકી રહે સર્વદા, ભાવે દર્શન જ્ઞાન. ૪

ગર્ભિત પુદ્‌ગલ પિંડમેં, અલખ અમૂરતિ દેવ;
ફિરે સહજ ભવ ચક્રમેં, યહ અનાદિકી ટેવ. ૫

ફૂલ અત્તર ઘી દૂધમેં, તિલમેં તૈલ છિપાય;
યું ચેતન જડ કરમ સંગ, બાંધ્યો-મમતા પાય. ૬

જો જો પુદ્‌ગલકી દશા, તે નિજ માને હંસ;[1]
યાહી ભરમ વિભાવ તેં, બઢે કરમકો વંશ. ૭

---

૩. ઉત્તરો. ૪. ઉત્સાહ. ૫. છૂટાં થયે. ૧. જીવ.

રતન બંધ્યો ગઠડી વિષે, સૂર્ય છિપ્યો ઘનમાંહી;
સિંહ પિંજરામેં દિયો, જોર ચલે કછુ નાંહી. ૮

જ્યું બંદર મદિરા પિયા, વિછુ ડંકિત ગાત,
ભૂત લગ્યો કૌતુક કરે, કર્મોંકા ઉત્પાત. ૯

કર્મ સંગ જીવ મૂઢ હૈ, પાવે નાના રૂપ;
કર્મ રૂપ મલકે ટલે, ચેતન સિદ્ધ સરૂપ. ૧૦

શુદ્ધ ચેતન ઉજ્જ્વલ દરવં, રહ્યો કર્મ મલ છાય;
તમ સંયમસે ધોવતાં, જ્ઞાન જ્યોતિ બઢ જાય.* ૧૧

જ્ઞાન થકી જાને સકલ, દર્શન શ્રદ્ધા રૂપ;
ચરિત્રથી આવત રૂકે, તપસ્યા ક્ષપન સરૂપ. ૧૨

કર્મ રૂપ મલકે શુધે, ચેતન ચાંદી રૂપ;
નિર્મળ જ્યોતિ પ્રગટ ભયાં, કેવળજ્ઞાન અનૂપ. ૧૩

મૂસી[1] પાવક સોહગી, ફુકાંતનો ઉપાય;
રામ ચરણ ચારુ મિલ્યા, મૈલ કનકકો જાય. ૧૪

કર્મરૂપ બાદલ મિટે, પ્રગટે ચેતન ચંદ;
જ્ઞાનરૂપ ગુન ચાંદની, નિર્મળ જ્યોતિ અમંદ. ૧૫

રાગ દ્વેષ દો બીજસેં, કર્મબંધકી વ્યાધ;[2]
આત્મજ્ઞાન વૈરાગસેં, પાવે મુક્તિ સમાધ.[3] ૧૬

અવસર વીત્યો જાત હૈ, અપને વશ[4] કછુ હોત;
પુણ્ય જતાં પુણ્ય હોત હૈ, દીપક દીપક જ્યોત. ૧૭

કલ્પવૃક્ષ ચિંતામણી, ઈન ભવમેં સુખકાર;
જ્ઞાન વૃદ્ધિ ઈનસે અધિક, ભવ-દુ:ખ ભંજનહાર. ૧૮

° દ્રવ્ય, * વધી જાય

૧. સોનું ગાળવાની કુલડી, ૨. વ્યાધિ, રોગ. ૩. સમાધિ સુખ, ૪. પોતાના હાથમાં અવસર હોય ત્યારે કંઈ બને છે.

રાઈમાત્ર ઘટવધ નહીં, દેખ્યાં કેવળજ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ[5] ધ્યાન. ૧૯

દૂજા[6] કુછભી ન ચિંતીએ, કર્મબંધ બહુ દોષ;
ત્રીજા[7] ચોથા[8] ધ્યાયકે, કરીએ મન સંતોષ. ૨૦

ગઈ વસ્તુ સોચે નહીં, આગમ વાંછા નાંહીં;
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગ માંહીં. ૨૧

અહો! સમદૃષ્ટિ આતમા, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતર્ગત ન્યારો રહે, (જ્યુ) ધાવ ખિલાવે બાળ. ૨૨

સુખ દુ:ખ દોનું વસત હૈ, જ્ઞાની કે ઘટ માંહીં;
ગિરિ સર[9] દીસે મુકરમે[10], ભાર ભીંજવો નાંહીં. ૨૩
જો[1] જો પુદ્‌ગલ ફરસના, નિશ્ચે ફરસે સોય;
મમતા સમતા ભાવ સેં, કરમ બંધ-ક્ષય હોય. ૨૪

બાંધ્યાં સોહી ભોગવે, કર્મ[2] શુભાશુભ ભાવ;
ફલ નિરજરા હોત હૈ, યહ સમાધિ ચિત્ત ચાવ. ૨૫

બાંધ્યાં બિન ભુગતે નહિ, બિન ભુગત્યા[3] ન છુટાય;
આપહી કરતા ભોગતા, આપહી દૂર કરાય. ૨૬

પુથ કુપથ ઘટવધ કરી, રોગ હાનિ વૃદ્ધિ થાય;
પુણ્ય પાપ કિરિયા કરી, સુખ દુ:ખ જગમેં પાય. ૨૭

---

૫. આર્ત્ત-દુ:ખરૂપ પરિણામ. ૬. રૌદ્ર-પાપરૂપ પરિણામ. ૭. ધર્મ-શુભ ભાવરૂપ .પરિણામ. ૮. શુકલ-શુદ્ધ પરિણામ. ૯. ગિરિ-પર્વત; સર-સરોવર. ૧૦. દર્પણમાં. ૧. જે જે પુદ્‌ગલોનો સ્પર્શ થવાનો છે, તે નક્કી થશે. તેમાં મમતા ભાવથી કર્મબંધ અને સમતા ભાવથી કર્મ ક્ષય થાય છે. ૨. બાંધેલાં કર્મ ભોગવતાં શુભાશુભ ભાવથી ફળ થાય છે, સમભાવમાં ચિત્ત હોય તો નિર્જરા થાય છે. ૩. ભોગવ્યા વિના.

સુખ દીધે સુખ હોત હૈ, દુ:ખ દીધાં દુ:ખ હોય;
આપ હણે નહિ અવરકું, (તો) આપને હણે ન કોય. ૨૮

જ્ઞાન ગરીબી ગુરુવચન, નરમ વચન નિર્દોષ;
ઈનકું કભી ન છાંડિયે, શ્રદ્ધા શીલ સંતોષ. ૨૯

સત મત છોડો હો નરા!, લક્ષ્મી ચૌગુની હોય;
સુખ દુ:ખ રેખા કર્મકી, ટાલી ટલે ન કોય. ૩૦

ગોધન ગજધન રતન ધન, કંચન ખાન સુખાન;
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂળ સમાન. ૩૧

શીલ રતન મ્હોટો રતન, સબ રતનાં કી ખાન;
તીન લોકકી સંપદા, રહી શીલ મેં આન.[૪] ૩૨

શીલે સર્પ ન આભડે,[૫] શીલે શીતલ આગ;
શીલે અરિ કરિ કેસરી, ભય જાવે સબ ભાગ. ૩૩

શીલ રતનકે પારખું, મીઠા બોલે બૈન;
સબ જગસેં ઊંચા રહે, (જો) નીચાં રાખે નૈન. ૩૪

તનકર મનકર વચનકર, દેત ન કાહુ દુ:ખ;
કર્મ રોગ પાતિક જરે, દેખત વાકા મુખ. ૩૫

## (દોહા)

પાન ખરંતાં ઈમ કહે, સુન તરુવર વનરાય;
અબકે[૧] વિછુરે કબ મિલે, દૂર પડેંગે જાય. ૧

તબ તરુવર ઉત્તર દિયો, સુનો પત્ર ઈક બાત;
ઈસ ઘર એસી રીત હૈ, એક આવત એક જાત. ૨

વરસ[૨] દિનાકી ગાંઠકો, ઉત્સવ ગાય બજાય;
મૂરખ નર સમજે નહીં, વરસ ગાંઠકો જાય. ૩

૪. આવીને. ૫. અથડાય. ૧. હમણાં છૂટાં પડેલા ક્યારે મળીશું?
૨. વર્ષગાંઠનો દિવસ ઊજવે છે.

(સોરઠો)

*પવન તણો વિશ્વાસ, કિણ કારણ તે દૃઢ કિયો;
ઈનકી એહી રીત, આવે કે આવે નહીં. ૪

(દોહા)

કરજ ×બિરાના કાઢકે, ખરચ કિયા બહુ નામ;
જબ મુદત પૂરી હુવે, દેનાં પડશે દામ. ૧

બિનું દિયાં છૂટે નહીં, યહ નિશ્ચય કર માન;
હસ હસ કે ક્યું ખરચીએ, દામ બિરાના જાન. ૨

જીવ હિંસા કરતાં થકાં, લાગે મિષ્ટ અજ્ઞાન;[3]
જ્ઞાની ઈમ જાને સહી, વિષ મિલિયો પકવાન. ૩

કામ ભોગ પ્યારા લગે, ફલ કિંપાક[4] સમાન;
મીઠી ખાજ ખુજાવતાં, પીછે દુઃખકી ખાન. ૪

જપ તપ સંયમ દોહિલો, ઔષધ કડવી જાન;
સુખકારણ પીછે ઘનો, નિશ્ચય પદ નિરવાન. ૫

ડાભ અણી જલબિંદુઓ, સુખ વિષયન કો ચાવ;
ભવસાગર દુઃખ જલ ભર્યો, યહ સંસાર સ્વભાવ. ૬

ચઢ ઉત્તંગ જહાંસે પતન, શિખર નહીં વો કૂપ;
જિસ સુખ અંદર દુઃખ વસે, સો સુખ ભી દુઃખરૂપ. ૭

જબ લગ જિન કે પુણ્ય કા, પહોંચે નહિ કરાર;[1]
તબ લગ ઉસકો માફ હૈ, અવગુન કરે હજાર. ૮

પુણ્ય ખીન જબ હોત હૈ, ઉદય હોત હૈ પાપ;
દાઝે વન કી લાકરી, પ્રજલે આપોઆપ. ૯

---

*વા, શ્વાસોશ્વાસ, × પારકા વ્યાજે લાવી. ૩. અજ્ઞાનીને. ૪. ઝેરી-ઝાડનું નામ. ૧. મુદત પુરી થઈ નથી.

પાપ છિપાયાં ના છીપે, છીપે તો મહાભાગ;
દાબી ડૂબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૦

બહુ વીતી થોડી રહી, અબ તો સુરત[2] સંભાર;
પરભવ નિશ્ચય ચાલનો, વૃથા જન્મ મત હાર. ૧૧

ચાર કોશ ગ્રામાંતરે, ખરચી બાંધે લાર;[3]
પરભવ નિશ્ચય જાવણો, કરીએ ધર્મ વિચાર. ૧૨

રજ વિરજ ઊંચી ગઈ, નરમાઈ કે પાન;[4]
પત્થર ઠોકર ખાત હૈ, કરડાઈ કે તાન.[5] ૧૩

અવગુન ઉર ધરીએ નહિ, જો હુવે વિરખ[6] બબૂલ;
ગુન લીજે કાલુ કહે, નહિ છાયા મેં સૂલ. ૧૪

જૈસી જાપે વસ્તુ હૈ, વૈસી દે દિખલાય;
વાકા બૂરા ના માનીએ, કહાં લેને વો જાય? ૧૫

ગુરુ કારીગર સારીખા, ટાંકી[1] વચન વિચાર;
પત્થર સે પ્રતિમા કરે, પૂજા લહે અપાર. ૧૬

સંતન કી સેવા કિયા, પ્રભુ રીજત હૈ આપ;
જાકા બાલ ખિલાઈએ, તાકા રીજત બાપ. ૧૭

ભવસાગર સંસાર મેં, દિપા શ્રી જિનરાજ;
ઉદ્યમ કરી પ્હોચે તીરે, બેઠી ધર્મ જહાજ. ૧૮

નિજ આતમકું દમનકર, પર આતમકું ચીન;
પરમાતમ કો ભજન કર, સોઈ મત પરવીન. ૧૯

સમજુ શંકે[2] પાપ સેં, અણસમજુ હરખંત;
વે લૂખાં વે ચીકણાં, ઈણ વિધ કર્મ બધંત. ૨૦

---

૨. લક્ષ. ૩. સાથે. ૪. નરમાશ પણાથી. ૫. તન્મય ૬. બાવળનું
૧. ટાંકણારૂપ વચન ગણ. ૨. ડરે.

સમજ સાર સંસાર મેં, સમજુ ટાલે દોષ;
સમજ સમજ કરિ જીવહી, ગયા અનંતા મોક્ષ. ૨૧

ઉપશમ વિષય કષાયનો, સંવર તીનું યોગ;
કરિયા જતન વિવેક સેં, મિટે કર્મ દુઃખ રોગ. ૨૨

રોગ મિટે સમતા વધે, સમકિત વ્રત આરાધ;
નિવૈરી સબ જીવ સેં, પાવે મુક્તિ સમાધ. ૨૩

**ઈતિ ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં**

———*———

## શ્રી પંચપરમેષ્ઠિ ભગવદ્‌ભ્યો નમઃ

અનંત ચૌવીશી જિન નમું, સિદ્ધ અનંતા ક્રોડ;
વર્તમાન જિનવર સવે, કેવલી દો નવ ક્રોડ.

ગુણધરાદિ સબ સાધુજી, સમકિત વ્રત ગુણધાર;
યથાયોગ્ય વંદન કરું, જિન આજ્ઞા અનુસાર.

એક નવકાર ગણવો

પ્રણમી પદપંકજ ભની, અરિગંજન અરિહંત;
કથન કરું હવે જીવનું, કિંચિત્ મુજ વિરતંત.

(અંજનાની દેશી)

હું અપરાધી અનાદિ કો, જનમ જનમ ગુના કિયા ભરપૂર કે;
લૂંટીઆ પ્રાણ છ કાયના, સેવ્યાં પાપ અઢારાં કરૂર કે.

*

(હવેનું ગદ્ય મૂળ હિંદી ભાષામાં છે, તેનું ગુર્જર ભાષાંતર મૂક્યું છે.)

આજ સુધી આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતા ભવમાં કુગુરુ, કુદેવ અને કુધર્મની સદ્દહણા, પ્રરૂપણા, ફરસના સેવનાદિક સંબંધી પાપદોષ લાગ્યા તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

અજ્ઞાનપણે, મિથ્યાત્વપણે, અવ્રતપણે, કષાયપણે, અશુભયોગે કરી, પ્રમાદે કરી અપછંદ–અવિનીતપણું મેં કર્યું તે સર્વે મિચ્છા મિ દુક્કડં.

શ્રી અરિહંત ભગવંત વીતરાગ કેવળજ્ઞાની મહારાજની, શ્રી ગણધરદેવની, શ્રી આચાર્યની, શ્રી ધર્માચાર્યની, શ્રી ઊપાધ્યાયની, અને શ્રી સાધુ સાધ્વીની, શ્રાવક-શ્રાવિકાની, સમદષ્ટિ-સાધર્મી ઉત્તમ પુરુષોની શાસ્ત્રસૂત્રપાઠની, અર્થ-પરમાર્થની, ધર્મ સંબંધી અને સકલ પદાર્થોની અવિનય, અભક્તિ, અશાતનાદિ કરી, કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાલથી અને ભાવથી સમ્યક્પ્રકારે વિનય, ભક્તિ, આરાધના, પાલન, સ્પર્શના, સેવનાદિક યથાયોગ્ય અનુક્રમે નહીં કરી, નહીં કરાવી, નહીં અનુમોદી, તેવા મને ધિક્કાર, ધિક્કાર; વારંવાર મિચ્છા મિ દુક્કડં. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ સર્વે માફ કરો; ક્ષમા કરો; હું મન, વચન, કાયાએ કરી ખમાવું છે.

**(દોહા)**

અપરાધી ગુરુદેવ કો, તીન ભુવન કો ચોર;
ઠગું વિરાણા માલ મેં, હા હા કર્મ કઠોર.

કામી કપટી લાલચી, અપછંદા અવિનીત;
અવિવેકી ક્રોધી કઠિન, મહાપાપી ભયભીત.

જે મેં જીવ વિરાધિયા, સેવ્યાં પાપ અઢાર;
નાથ તુમારી સાખસેં, વારંવાર ધિક્કાર.

## પહેલું પાપ પ્રાણાતિપાત :

છકાયપણે મેં છકાય જીવની વિરાધના કરી; પૃથ્વીકાય, અપકાય, તે ઉપાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઇંદ્રિય, તેઇંદ્રિય,

ચૌરિંદ્રિય, પંચેંદ્રિય, સંજ્ઞી, અસંજ્ઞી, ગર્ભજ ચૌદે પ્રકારે સંમૂર્છિમ આદિ ત્રસ સ્થાવર જીવોની વિરાધના કરી, કરાવી, અનુમોદી; મન, વચન અને કાયાએ કરી, ઊઠતાં, બેસતાં, સૂતાં, હાલતાંચાલતાં, શસ્ત્ર, વસ્ત્ર, મકાનાદિક ઉપકરણો ઉઠાવતાં, મૂકતાં, લેતાંદેતાં, વર્તતાં, વર્તાવતાં, અપડિલેહણા, દુપડિલેહણા સંબંધી, અપ્રમાર્જના, દુઃપ્રમાર્જના સંબંધી, અધિકી ઓછી, વિપરીત પૂજના પડિલેહણા સંબંધી આહાર વિહારાદિક નાના પ્રકારનાં ઘણાં ઘણાં કર્તવ્યોમાં સંખ્યાતા, અસંખ્યાતા અને નિગોદ આશ્રયી અનંતા જીવના જેટલા પ્રાણ લૂંટયા, તે સર્વ જીવોનો હું પાપી અપરાધી છું. નિશ્ચય કરી બદલાનો દેણદાર છું. સર્વ જીવ મને માફ કરો. મારી ભૂલચૂક, અવગુણ, અપરાધ, સર્વે માફ કરો. દેવસીય, રાઈય, પાક્ષિક, ચૌમાસી અને સાંવત્સરિક સંબંધી વારંવાર મિચ્છા મિ દુક્કડં, વારંવાર ક્ષમાવું છું; તમે સર્વે ક્ષમજો.

खामेमी सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।
मित्ती में सव्व भूएसु, वेरं मजझं न केणई।।

તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું છએ કાયના જીવોના વૈરબદલાથી નિવૃત્તિ પામીશ, સર્વ ચોરાશી લાખ જીવયોનિને અભયદાન દઈશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## બીજું પાપ મૃષાવાદ :

ક્રોધવશે, માનવશે, માયાવશે, લોભવશે, હાસ્યે કરી, ભયવશે ઈત્યાદિક કરી મૃષા વચન બોલ્યો, નિંદા-વિકથા કરી, કર્કશ, કઠોર, માર્મિક ભાષા બોલી ઈત્યાદિક અનેક પ્રકારે મૃષા-જૂઠું બોલ્યો-બોલાવ્યું, બોલતા પ્રત્યે અનુમોદ્યું તે સર્વે મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે મૃષાવાદનો ત્યાગ કરીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## ત્રીજું પાપ અદત્તાદાન :

અણદીધી વસ્તુ ચોરી કરીને લીધી, વિશ્વાસઘાત કરી થાપણ ઓળવી, પરસ્ત્રી, પરધન હરણ કર્યાં તે મોટી ચોરી લૌકિક વિરુદ્ધની, તથા અલ્પ ચોરી તે ઘર સંબંધી નાના પ્રકારનાં કર્તવ્યોમાં ઉપયોગ સહિતે ને ઉપયોગ રહિતે ચોરી કરી, કરાવી, કરતા પ્રત્યે અનુમોદી, મન-વચન-કાયાએ કરી; તથા ધર્મ સંબંધી જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ શ્રી ભગવંત ગુરુદેવોની આજ્ઞા વગર કર્યાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું સર્વથા પ્રકારે અદત્તાદાનનો ત્યાગ કરીશ. તે મારો પરમ કલ્યાણમય દિન થશે.

## ચોથું પાપ અબ્રહ્મ :

મૈથુન સેવવામાં મન, વચન અને કાયાના યોગ પ્રવર્તાવ્યા; નવ વાડ સહિત બ્રહ્મચર્ય પાળ્યું નહિ, નવ વાડમાં અશુદ્ધપણે પ્રવૃત્તિ કરી; પોતે સેવ્યું, બીજા પાસે સેવરાવ્યું, સેવનાર પ્રત્યે ભલું જાણ્યું, તે મન, વચન, કાયાએ કરી મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે કે જે દિવસે હું નવ વાડ સહિત બ્રહ્મચર્ય–શીલરત્ન આરાધીશ, સર્વથા પ્રકારે કામવિકારોથી નિવર્તીશ. તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

## પાંચમું પરિગ્રહ પાપસ્થાનક :

સચિત પરિગ્રહ તે દાસ, દાસી, દ્વિપદ, ચૌપદ આદિ, મણિ, પત્થર આદિ અનેક પ્રકારે છે અને અચિત પરિગ્રહ, સોનું, રૂપું, વસ્ત્ર, આભરણ આદિ અનેક વસ્તુ છે. તેનું મમતા, મૂર્છા, પોતાપણું કર્યું, ક્ષેત્ર ઘર આદિ નવ પ્રકારના બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહને ધાર્યો, ધરાવ્યો, ધરતા પ્રત્યે અનુમોદ્યો; તથા રાત્રિભોજન , અભક્ષ્ય આહારાદિ સંબંધી પાપ દોષ સેવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. તે દિવસ મારો ધન્ય હશે

કે જે દિવસે હું સર્વથા પ્રકારે પરિગ્રહનો ત્યાગ કરી સંસારના પ્રપંચોથી નિવર્તીશ તે દિવસ મારો પરમ કલ્યાણમય થશે.

**છઠ્ઠું ક્રોધ પાપસ્થાનક :**

ક્રોધ કરીને પોતાના આત્માને અને પરના આત્માને તપ્તાયમાન કર્યા, દુ:ખિત કર્યા, કષાયી કર્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સાતમું માન પાપસ્થાનક :**

માન એટલે અહંભાવ સહિત ત્રણ ગારવ ને આઠ મદ આદિ કર્યા; તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**આઠમું માયા પાપસ્થાનક :**

સંસાર સંબંધી તથા ધર્મ સંબંધી અનેક કર્તવ્યોમાં કપટ કર્યું, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**નવમું લોભ પાપસ્થાનક :**

મૂર્છાભાવ કર્યો, આશા, તૃષ્ણા, વાંચ્છાદિ કર્યાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**દશમું રાગ પાપસ્થાનક :**

મનગમતી વસ્તુઓમાં સ્નેહ કીધો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**અગિયારમું દ્વેષ પાપસ્થાનક :**

અણગમતી વસ્તુ જોઈ દ્વેષ કર્યો તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**બારમું કલહ પાપસ્થાનક :**

અપ્રશસ્ત વચન બોલી ક્લેશ ઉપજાવ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**તેરમું અભ્યાખ્યાન પાપસ્થાનક :**

અછતાં આળ દીધાં તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**ચૌદમું પૈશુન્ય પાપસ્થાનક :**

પરની ચુગલી, ચાડી કરી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**પંદરમું પરપરિવાદ પાપસ્થાનક :**

બીજાનાં અવગુણ, અવર્ણવાદ બોલ્યો, બોલાવ્યા, અનુમોદ્યા તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સોળમું રતિઅરતિ પાપસ્થાનક :**

પાંચ ઇંદ્રિયના ૨૩ વિષયો, ૨૪૦ વિકારો છે તેમાં મનગમતામાં રાગ કર્યો, અણગમતામાં દ્વેષ કર્યો, સંયમ તપ આદિમાં અરતિ કરી, કરાવી, અનુમોદી તથા આરંભાદિ અસંયમ, પ્રમાદમાં રતિભાવ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

**સત્તરમું માયામૃષાવાદ પાપસ્થાનક :**

કપટ સહિત જૂઠું બોલ્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

## અઢારમું મિથ્યાદર્શનશલ્ય પાપસ્થાનક :

શ્રી જિનેશ્વર દેવના માર્ગમાં શંકા, કાંક્ષાદિક વિપરીત પ્રરૂપણા કરી, કરાવી, અનુમોદી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એવં અઢાર પાપસ્થાનક તે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, જાણતાં-અજાણતાં મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યા, અનુમોદ્યા; અર્થે, અનર્થે, ધર્મ અર્થે, કામવશે, મોહવશે, સ્વવશે, પરવશે કર્યાં; દિવસે, રાત્રે, એકલા કે સમૂહમાં, સૂતાં વા જાગતાં, આ ભવમાં, પહેલાં સંખ્યાતા, અસંખ્યાતા, અનંતા ભવોમાં પરિભ્રમણ કરતાં આજ દિન અદ્યક્ષણ પર્યંત રાગ-દ્વેષ, વિષય-કષાય, આળસ પ્રમાદાદિક પૌદ્‌ગલિક પ્રપંચ, પરગુણપર્યાયને પોતાના માનવારૂપ વિકલ્પે કરી ભૂલ કરી, જ્ઞાનની વિરાધના કરી, દર્શનની વિરાધના કરી, ચારિત્રની વિરાધના કરી, દેશચારિત્રની વિરાધના કરી, તપની વિરાધના કરી, શુદ્ધ શ્રદ્ધા-શીલ; સંતોષ, ક્ષમાદિક નિજસ્વરૂપની વિરાધના કરી; ઉપશમ, વિવેક, સંવર સામાયિક, પોસધ, પ્રતિક્રમણ, ધ્યાન, મૌનાદિ નિયમ, વ્રત પચ્ચક્‌ખાણ, દાન, શીલ, તપાદિની વિરાધના કરી; પરમ કલ્યાણકારી આ બોલોની આરાધના, પાલના આદિક મન, વચન અને કાયાએ કરી નહિ, કરાવી નહિ, અનુમોદી નહિ, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

છએ આવશ્યક, સમ્યક્‌પ્રકારે વિધિ-ઉપયોગ સહિત આરાધ્યા નહિ, પાળ્યા નહિ, સ્પર્શ્યા નહિ, વિધિ-ઉપયોગ રહિત-નિરાદરપણે કર્યા, પરંતુ આદર-સત્કાર, ભાવ-ભક્તિ સહિત નહિ કર્યા; જ્ઞાનના ચૌદ, સમકિતના પાંચ, બાર વ્રતના સાઠ, કર્માદાનના પંદર, સંલેખનાના પાંચ, એવં નવ્વાણું અતિચારમાં તથા ૧૨૪ અતિચાર મધ્યે તથા સાધુના ૧૨૫ અતિચાર મધ્યે તથા બાવન અનાચરણના શ્રદ્ધાદિકમાં વિરાધનાદિ જે કોઈ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચારાદિ સેવ્યા, સેવરાવ્યા,

અનુમોદ્યા, જાણતાં, અજાણતાં, મન, વચન, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મેં જીવને અજીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; અજીવને જીવ સદ્દહ્યા, પ્રરૂપ્યા; ધર્મને અધર્મ અને અધર્મને ધર્મ સદ્દહ્યા, પ્રરૂપ્યા; સાધુને અસાધુ અને અસાધુને સાધુ સદ્દહ્યા, પ્રરૂપ્યા તથા ઉત્તમ પુરુષ, સાધુ, મુનિરાજ, સાધ્વીજીની સેવા-ભક્તિ યથાવિધિ માનતાદિ નહિ કરી, નહિ કરાવી, નહિ અનુમોદી; તથા અસાધુઓની સેવા-ભક્તિ આદિ માનતા, પક્ષ કર્યો; મુક્તિના માર્ગમાં સંસારનો માર્ગ યાવત્ પચીસ મિથ્યાત્વમાંનાં મિથ્યાત્વ સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, મને કરી, વચને કરી, કાયાએ કરી; પચીસ કષાય સંબંધી, પચીસ ક્રિયા સંબંધી, તેત્રીશ આશાતના સંબંધી, ધ્યાનના ઓગણીસ દોષ, વંદનાના બત્રીસ દોષ, સામાયિકના બત્રીસ દોષ અને પોસધના અઢાર દોષ સંબંધી મને, વચને, કાયાએ કરી જે કાંઈ પાપ દોષ લાગ્યા, લગાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

મહામોહનીય કર્મબંધનાં ત્રીસ સ્થાનકને મન, વચન, કાયાએ કરી સેવ્યાં, સેવરાવ્યાં, અનુમોદ્યાં, શીલની નવ વાડ, આઠ પ્રવચન માતાની વિરાધનાદિક તથા શ્રાવકના એકવીસ ગુણ અને બાર વ્રતની વિરાધનાદિ મન, વચન અને કાયાએ કરી, કરાવી, અનુમોદી તથા ત્રણ અશુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની સેવના કરી અને ત્રણ શુભ લેશ્યાનાં લક્ષણોની અને બોલોની વિરાધના કરી, ચર્ચા, વાર્તા, વ્યાખ્યાનમાં શ્રી જિનેશ્વરદેવનો માર્ગ લોપ્યો; ગોપવ્યો, નહિ માન્યો, અછતાની સ્થાપના કરી-પ્રવર્તાવ્યો, છતાની સ્થાપના કરી નહિ અને અછતાની નિષેધના કરી નહિ, છતાની સ્થાપના ને અછતાને નિષેધ કરવાનો નિયમ કર્યો નહિ, કલુષતા કરી તથા છ પ્રકારે જ્ઞાનાવરણીય બંધના બોલ તેમજ છ પ્રકારના દર્શનાવરણીય બંધના બોલ યાવત્ આઠ કર્મની અશુભ પ્રકૃતિ બંધના પંચાવન કારણે કરી બ્યાસી પ્રકૃતિ પાપોની બાંધી-બંધાવી-અનુમોદી, મને કરી, વચને કરી, કાયાએ કરી, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક-એક બોલથી માંડી કોડાકોડી યાવત્ સંખ્યાત, અસંખ્યાત, અનંતાનંત બોલ પર્યંત મેં જાણવા યોગ્ય બોલને સમ્યક્ પ્રકારે જાણ્યા નહિ, સદ્દહ્યા-પ્રરૂપ્યા નહિ તથા વિપરીતપણે શ્રદ્ધાન આદિ કરી કરાવી, અનુમોદી, મન, વચન કાયાએ કરી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં. એક-એક બોલથી માંડી યાવત્ અનંતા બોલમાં છાંડવા યોગ્ય બોલને છાંડયા નહિ અને તે મન, વચન, કાયાએ કરી સેવ્યા, સેવરાવ્યા, અનુમોદ્યા, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

એક-એક બોલથી માંડી યાવત્ અનંતાનંત બોલમાં આદરવા યોગ્ય બોલ આદર્યા નહિ, આરાધ્યા-પાળ્યા-સ્પર્શ્યા નહિ, વિરાધના ખંડનાદિક કરી, કરાવી, અનુમોદી, મન, વચન, કાયાએ કરી તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

હે જિનેશ્વર વીતરાગ! આપની આજ્ઞા આરાધવામાં જે જે પ્રમાદ કર્યો, સમ્યક્પ્રકારે ઉદ્યમ નહિ કર્યો, નહિ કરાવ્યો, નહિ અનુમોદ્યો, મન, વચન, કાયાએ કરી અથવા અનાજ્ઞા વિષે ઉદ્યમ કર્યો, કરાવ્યો, અનુમોદ્યો, એક અક્ષરના અનંતમાં ભાગ માત્ર-કોઈ સ્વપ્ન-માત્રમાં પણ આપની આજ્ઞાથી ન્યૂન-અધિક, વિપરીતપણે પ્રવર્ત્યો, તે મને ધિક્કાર, ધિક્કાર, વારંવાર મિચ્છા મિ દુક્કડં.

તે મારો દિવસ ધન્ય હશે કે જે દિવસે હું આપની આજ્ઞામાં સર્વથા પ્રકારે સમ્યક્પણે પ્રવર્તીશ.

*

## (દોહા)

શ્રદ્ધા અશુદ્ધ પ્રરૂપણા, કરી ફરસના સોય;
અનજાને પક્ષપાત મેં, મિચ્છા દુક્કડ મોય.

સૂત્ર અર્થ જાનું નહિ, અલ્પબુદ્ધિ અનજાન;
જિનભાષિત સબ શાસ્ત્ર કા, અર્થ પાઠ પરમાન.

દેવગુરુ ધર્મ સૂત્રકું, નવ તત્ત્વાદિક જોય;
અધિકા ઓછા જે કહ્યા, મિચ્છા દુક્કડ મોય.

હું મગસેલીઓ હો રહ્યો, નહીં જ્ઞાન રસભીજે;
ગુરુસેવા ન કરી શકું, કિમ મુજ કારજ સીઝ.

જાને દેખે જે સુને, દેવે સેવે મોય;
અપરાધી ઉન સબન કો, બદલા દેશું સોય.

જૈન ધર્મ શુદ્ધ પાયકે, વરતું વિષય કષાય;
એહ અચંબા હો રહ્યા, જલ મેં લાગી લાય.

એક કનક અરુ કામિની, દો મોટી તરવાર;
ઊઠયૌ થો જિન ભજનકું, બિચ મેં લિયો માર.

## (સવૈયા)

સંસાર છાર તજી ફરી, છારનો વેપાર કરું;
પ્હેલાંનો લાગેલો કીચ, ધોઈ કીચ બીચ કરું;
તેમ મહાપાપી હું તો, માનું સુખ વિષયથી,
કરી છે ફકીરી એવી, અમીરીના આશયથી.

## (દોહા)

ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષય વચન જિમ આહાર;
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર.

કામી કપટી લાલચી, કઠણ લોહકો દામ;
તુમ પારસ પરસંગથી, સુવરન થાશું સ્વામ.

જપ તપ સંવર હીન હું, વળી હું સમતા હીન;
કરુણાનિધિ કૃપાળ હે! શરણ રાખ હું દીન.

નહિ વિદ્યા નહિ વચન બળ, નહિ ધીરજ ગુણ જ્ઞાન;
તુલસીદાસ ગરીબ કી, પત રાખો ભગવાન.

આઠ કર્મ પ્રબળ કરી, ભમીઓ જીવ અનાદિ;
આઠ કર્મ છેદન કરી, પાવે મુક્તિ સમાધિ.

સુસા જૈસેં અવિવેક હું, આંખ મીંચ અંધિયાર;
મકડી જાલ બિછાયકે, ફસું આપ ધિક્કાર.

સબભક્ષી જિમ અગ્નિ હું, તપીઓ વિષય કષાય;
અવછંદા અવિનીત મેં, ધર્મી ઠગ દુ:ખદાય.

કહા ભયો ઘર છાંડકે, તજ્યો ન માયા સંગ;
નાગ ત્યજી જિમ કાંચલી, વિષ નહિ તજીયો અંગ.
પુત્ર કુપાત્ર જ મેં હુઓ, અવગુણ ભર્યો અનંત;
યાહિત વૃદ્ધ વિચારકે, માફ કરો ભગવંત.

શાસનપતિ વર્દ્ધમાનજી, તુમ લગ મેરી દોડ;
[2]જૈસે સમુદ્ર જહાજ વિણ, સૂજત ઔર ન ઠોર.

ભવભ્રમણ સંસાર દુ:ખ, તાકા વાર ન પાર;
નિર્લોભી સદ્‌ગુરુ બિના, કવણ ઉતારે પાર.

શ્રી પંચપરમેષ્ઠી ભગવંત ગુરુદેવ મહારાજ આપની સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, તપ, સંયમ, સંવર, નિર્જરા આદિ મુક્તિમાર્ગ યથાશક્તિએ શુદ્ધ ઉપયોગ સહિત આરાધન પાલન સ્પર્શ ન કરવાની આજ્ઞા છે, વારંવાર શુભ ઉપયોગ સંબંધી સજઝાય, ધ્યાનાદિક અભિગ્રહ-નિયમ પચ્ચખાણાદિ કરવા, કરાવવાની સમિતિ-ગુપ્તિ આદિ સર્વ પ્રકારે આજ્ઞા છે.

નિશ્ચ ચિત્ત શુધ મુખ, પઢત, તીન યોગ થિર થાય;
દુર્લભ દિસે કાયરા, હલુ કર્મી ચિત ભાય.

---

૨. સમુદ્રમાં વહાણના પક્ષીને બીજે ઊડીને જવાનું સ્થળ નથી તેમ.

અક્ષર પદ હીણો અધિક, ભૂલચૂક કહી હોય;
અરિહા સિદ્ધ નિજ સાખસેં, મિચ્છા દુક્કડ મોય,
ભૂલચૂક મિચ્છા મિ દુક્કડં.

**બૃહદ્ આલોચના સમાપ્ત**

---

# ચાર કષાયોની સજ્ઝાય

## ક્રોધની સજ્ઝાય

કડવાં ફળ છે. ક્રોધનાં, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીને, હલાહલ તોલે. કડવાં૦ ૧

ક્રોધ ક્રોડ પૂરવતણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહિત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં૦ ૨

સાધુ ઘણો તપીઓ હતો, ધરતો મન વૈરાગ,
શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશીઓ નાગ. કડવાં૦ ૩

આગ ઊઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે;
જલનો જોગ જો નવિ મળે, તો પાસેનું પરજાળે. કડવાં૦ ૪

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવળ નાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એ જાણી. કડવાં૦ ૫

**ઉદયરત્ન** કહે ક્રોધને, કાઢજો ગલે **સાહી;**
કાયા કરજો નિર્મળી, ઉપશમરસ નાહી. કડવાં૦ ૬

## માનની સજ્ઝાય

રે જીવ! માન ન કીજીએ, માને વિનય ન આવે રે;
વિનય વિના વિદ્યા નહીં, તો કિમ સમકિત પાવે રે. રે જીવ૦૧

સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે;
મુક્તિના સુખ છે શાશ્વતાં, તે કેમ લહીએ જુક્તિ રે. રે જીવ૦૨

વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે;
માને ગુણ જાયે ગલી, પ્રાણી જો જો વિચારી રે. રે જીવ૦૩
માન કર્યું જો રાવણે, તે તો રામે માર્યો રે;
દુર્યોધન ગર્વે કરી, અંતે સવિ હાર્યો રે. રે જીવ૦૪
સૂકાં લાકડાં સરીખો, દુઃખદાયી એ ખોટો રે;
**ઉદયરત્ન** કહે માનને, દેજો દેશવટો રે. રે. જીવ.૦૫

## માયાની સજ્ઝાય

**સમ**કિતનું મૂલ જાણીએજી, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસેજી, માયામાં મિથ્યાત રે,
પ્રાણી મ કરીશ માયા લગાર. ૧

મુખ મીઠો જૂઠો મનેજી, કૂડ કપટનો રે કોટ;
જીભે તો જીજી કરે, ચિત્તમાંહે તાકે ચોટ રે. પ્રાણી૦ ૨

આપ ગરજે આઘો પડેજી, પણ ન ધરે વિશ્વાસ;
મનશું રાખે આંતરોજી, એ માયાનો વાસ રે. પ્રાણી૦ ૩

જેહશું બાંધે પ્રતડીજી, તેહશું રહે પ્રતિકૂલ;
મેલ ન છંડે મન તણોજી, એ માયાનું મૂલ રે. પ્રાણી૦ ૪

તપ કીધું માયા કરીજી, મિત્રશું રાખ્યો ભેદ;
મલ્લિ જિનેશ્વર જાણજોજી, તો પામ્યા સ્રીવેદ રે. પ્રાણી૦ ૫

**ઉદયરતન** કહે સાંભળોજી, મેલો માયાની બુદ્ધ;
મુક્તિપુરી જાવા તણોજી, એ મારગ છે શુદ્ધ રે. પ્રાણી૦ ૬

## લોભની સજ્ઝાય

તુમે લક્ષણ જોજો લોભનાં રે,
લોભે મુનિજન પામે ક્ષોભના રે;

લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે,
લોભે દુર્ઘટ પંથે સંચરે રે. તુમે૦ ૧

તજે લોભ તેનાં લેઉં ભામણાં રે,
વળી પાયે નમીને કરું ખામણા રે;
લોભે મર્યાદા ન રહે કેહની રે,
તુમે સંગત મેલો તેહની રે. તુમે૦ ૨

લોભે ઘર મેલી રણમાં મરે રે,
લોભે ઊંચ તે નીચું આચરે રે;
લોભે પાપ ભણી પગલાં ભરે રે,
લોભે અકાર્ય કરતાં ન ઓસરે રે. તુમે૦ ૩

લોભે મનડું ન રહે નિર્મળું રે,
લોભે સગપણ નાસે વેગળું રે;
લોભે ન રહે પ્રીતિ ને પાવઠું રે,
લોભે ધન મેલે બહુ એકઠું રે. તુમે૦ ૪

લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે,
લોભે હત્યા પાતક નવિ ગણે રે;
તે તો દામતણે લોભ કરી રે,
ઉપર મણિધર થાયે તે મરી રે. તુમે૦ ૫

જોતાં લોભનો થોભ દીસે નહિ રે,
એવું સૂત્રસિદ્ધાંતે કહ્યું સહી રે;
લોભે ચક્રી સુભૂમ નામે જુઓ રે,
તે તો સમુદ્રમાંહે ડૂબી મુઓ રે. તુમે૦ ૬

એમ જાણીને લોભને છંડજો રે,
એક ધર્મશું મમતા મંડજો રે;
કવિ **ઉદયરતન** ભાખે મુદા રે,
વંદું લોભ તજે તેહને રે. તુમે૦ ૭

---*---

## શ્રી અમિત ગતિ આચાર્ય કૃત

# સામાયિક પાઠ

સૌ પ્રાણી આ સંસારનાં, સન્મિત્ર મુજ વહાલાં થજો,
સદ્‌ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુ:ખિયા પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હ્રદયમાં સ્થિરતા. ૧

અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે, શરીરથી, વિભિન્ન છે;
હું શરીરથી જૂદો ગણું, એ જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારું, નાથ! તે સત્વર ટળો. ૨

સુખદુ:ખમાં અરિમિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખ ભોગમાં;
મમ સર્વ કાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ! ૩

તુજ ચરણકમળનો દીવડો, રૂડો હ્રદયમાં રાખજો,
અજ્ઞાનમય અધંકારના, આવાસને તમે બાળજો;
તદ્રૂપ થઈ એ દીવડો, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહીં, હું પ્રેમથી નિત્ય ડૂબતો. ૪

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ! અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં;
છેદી વિભેદી દુ:ખ દઈ મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક, નાથ! વીનવું આપને. ૫

કષાયને પરવશ થઈ બહુ, વિષય સુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકૂળ થઈ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણ મેં આદર્યું,
જોકર ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું. ૬

મન વચન કાય કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારનાં દુઃખ બીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું?
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી,
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતું વાદીથી. ૭

મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી;
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માગું ક્ષમા હું હૃદયથી. ૮

મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો;
તે અતિચારી સમજવો, જે વિષયસુખમાં મ્હાલતો,
અતિ વિષયસુખ આસક્તને, હું અનાચારી ધારતો. ૯

મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોય તો;
યથાર્થ વાણીભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦

પ્રભુવાણી! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઇષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧

સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઇન્દ્ર નર ને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેનાં, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૨

જેનું સ્વરૂપ સમજાય છે, સદ્‌જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;
પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં;
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૩

જે કઠિન કષ્ટો કાપતાં, ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં;
યોગી જનોને ભાસતા, જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૪

જન્મો મરણનાં દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ;
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ;
કલંકહીન દિવ્યરૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫

આ વિશ્વનાં સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા;
વિશુદ્ધ ઈન્દ્રિય શૂન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬

ત્રિલોકમાં વ્યાપી રહ્યા છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૭

સ્પર્શ તલભર તિમિર કેરો, થાય નહિ જ્યમ સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મના, અડકી શકે નહિ આપને;
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૮

રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯

જો થાય દર્શન સિદ્ધનાં, તે વિશ્વદર્શન થાય છે,
જ્યમ સૂર્યના દીવા થકી, સુસ્પષ્ટ સૌ દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૦

જેણે હણ્યા નિજ બળ વડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૧

હું માગતો નહિ કોઈ આસન, દર્ભ પત્થર કાષ્ઠનું,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,
અણમલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો. ૨૨

મેળા બધા મુજ સંઘના, નહિ લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગ બળ લે હોંશથી. ૨૩

આ જગતની કો વસ્તુમાં તો સ્વાર્થ છે નહિ મુજ જરી,
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિ;
આ તત્ત્વને સમજી ભલા, તું મોહ પરનો છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં સ્થિર તું થજે. ૨૪

જે જ્ઞાનમય સહજ આત્મ, તે સ્વાત્મા થકી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, આમ અનુભવ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
સંપૂર્ણ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫

આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્‌ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬

જો આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તો એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહ પર, પામે પછી શું સ્થિરતા? ૨૭

આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે,
તો જન્મ મૃત્યુ ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે;
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮

સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી;
વળી બાહ્યથી છે આત્મ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯

કર્મો કર્યાં જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ;
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને. ૩૦

સંસારનાં સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો ભોક્તા નહિ કો આપણું;
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બૂરી,
પ્રભુ ધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧

શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હૃદયથી ગુણ ગાય તુજ સામર્થ્યના;
પ્રગટતા જો ગુણ બધા, મુજ આત્મમાં સદ્ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી? ૩૨

(દોહરો)

બત્રીસ ચરણનું આ બન્યું, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતાં એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય. ૩૩

*

### શ્રી માનતુંગાચાર્ય વિરચિત

## શ્રી ભક્તામર સ્તોત્ર

## ગુર્જર પદ્યાનુવાદ

દીપાવે જે મુગટ-મણિનાં તેજને દેવતાના,
સંહારે જે [1]અઘતિમિરને માનવોના સદાના;
જે છે ટેકારૂપ ભવમહીં ડૂબતાં પ્રાણીઓને,
એવા [2]આદિ-જિન-ચરણને વંદીને રૂડી રીતે. ૧

જેની બુદ્ધિ અતિશય બની શાસ્ત્રનું તત્ત્વ જાણી,
તે ઇંદ્રોએ સ્તુતિ પ્રભુતણી રે કરી ભાવ આણી;
ત્રિલોકીના જનમન હરે સ્તોત્રમાંહે અધીશ,
તે શ્રી આદિ-જિનવરતણી હું સ્તુતિને કરીશ. ૨
(યુગ્મ)

૧. પાપાંધકાર. ૨. આદિજિન = ઋષભદેવ ભગવાન.

દેવો સર્વે મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં ભક્તિ મારી અનેરી;
જોઈ ઇચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાળ વિના સહેજે. ૩

સદ્ગુણોથી ભરપૂર તમે ચંદ્રવત્ શોભનારા,
દેવાના એ ગુરુ નવ શકે ગુણ ગાઈ તમારા;
જે [3]સિંધુમાં પ્રલય સમયે ઊછળે પ્રાણીઓ રે!
તેને ક્યારે પણ તરી શકે કોણ રે! બાહુ જોરે? ૪

એવો હું છું ગરીબજન તોયે પ્રભુ! ભક્તિ કાજે,
શક્તિ જો કે મુજમહીં નથી ગુણ ગાઈશ આજે;
જો કે શક્તિ નિજ મહીં નથી તોય શું મૃગલીયે,
રક્ષા માટે શિશુતણી નથી સિંહ સામે જતી એ? ૫

જો કે હું છું મતિહીન ખરે! લાગું છું પંડિતોને,
તોયે ભક્તિવશ થકી પ્રભુ! હું સ્તવું છું તમોને;
કોકિલાઓ ટુહુટુહુ કરે ચૈત્રમાંહી જ કેમ?
માનું આવે પ્રતિદિન અહા! આમ્રનો મોર જેમ. ૬

જન્મોના જે બહુ બહુ કર્યાં પાપ તે દૂર થાય,
ભક્તો કેરી પ્રભુગુણમહીં ચિત્તવૃત્તિ ગૂંથાય;
વીંટાયું જે *તિમિર સઘળું રાત્રિએ વિશ્વમાંય,
નાસે છે રે! સૂરજ ઊગતાં સત્વરે તે સદાય. ૭

એવું માની સ્તવન કરવાનો થયો આજ ભાવ,
તેમાં માનું મનમહીં ખરે! આપનો છે પ્રભાવ;
મોતી જેવું કમળ પરનું વારિબિંદુ જ જે છે,
એવી સ્તુતિ મનહર અહા! સજ્જનોને ગમે છે. ૮

---

૩. સમુદ્ર. * અંધકાર

દૂરે રાખો સ્તવન કરવા આપના એક ધારા,
પાપો નાશે જગજનતણાં નામ માત્રે તમારા;
જો કે દૂરે રવિ રહી અને કિરણોને પ્રસારે,
તોયે ખીલે કમળદળ તે કિરણોથી વધારે. ૯

એમાં કાંઈ નથી નવીનતા નાથ! દેવાધિદેવ!
ભક્તો સર્વે પદ પ્રભુ તણું પામતાં નિત્યમેવ;
લોકો સેવે કદી ધનિકને તો ધની જેમ થાય,
સેવા થાતાં પ્રભુપદ તણી આપ જેવા જ થાય. ૧૦
જોવા જેવા જગમહીં કદી હોય તો આપ એક,
બીજા સર્વે સકળ પ્રભુથી ઊતરે છે જ છેક;

પીધું હોયે ઊજળું દૂધ જો ચંદ્ર જેવું મજાનું,
ખારાં ખારાં [1]ઉદધિ-જળને કો પીએ કેમ માનું? ૧૧

જે જે ઊંચા અણુ જગતમાં ઠામ ઠામે પડયા છે,
તે તે સર્વે ગ્રહી ગ્રહી અહા! આપ માંહીં જડયા છે;
આ પૃથ્વીમાં પરમ અણુઓ તેટલા માત્ર દિસે,
તે હેતુથી પ્રભુ તુજ સમું રૂપ ના અન્ય કો છે. ૧૨

જેણે જીતી ત્રિભુવન તણી ઉપમા સર્વ રીતે,
દેવોના ને જગગણતણા ચિત્તને ખેંચતી તે;
થાતો ઝાંખો શશિ પણ પ્રભુ! આપના મુખ પાસે,
મેલા જેવો દિનમહીં અને છેક પીળો જ દિસે. ૧૩

વ્યાપ્યા ગુણો ત્રિભુવનમહીં હે પ્રભુ! શુભ એવા,
શોભે સર્વે સકળ કળના પૂર્ણિમા ચંદ્ર જેવા;
તારા જેવા જિનવરતણા આશરે તે રહે છે,
સ્વેચ્છાથી તો અહીંતહીં જતાં કોણ રોકી શકે છે? ૧૪

---

૧. સમુદ્રનું પાણી.

ઇંદ્રાણીઓ ચલિત કરવા આદરે જો પ્રકારો,
તોયે થાતાં કદી નહિ અહા! આપને રે! વિકારો;
ડોલે જો કે સકળ [2]મહિધરો કલ્પના વાયરાથી,
ડોલે તોયે કદી નવ અહા! મેરુ એ વાયરાથી. ૧૫

ક્યારે હોતાં નથી કદી અહા! ધૂમ્ર કે વાટ જેમાં,
એકી સાથે ત્રિભુવન-દીપે એ ખૂબી છે જ તેમાં;
ના ઓલાયે કદી પવનથી હો કદીએ નમેરો,
એવો કોઈ અજબ પ્રભુજી! દીવડો આપ કેરો. ૧૬

જેને રાહુ કદી નવ ગ્રસે અસ્ત થાતો નથી જે,
આપે સૌને પ્રભુરૂપ રવિ-તેજ લોકોમહીં જે;
જેની કાંતિ કદી નવ હણે વાદળાંઓ સમીપે,
એવો કોઈ અભિનવ રવિ આપનો નાથ! દીપે. ૧૭

શોભે રૂડું મુખ પ્રભુતણું મોહ જેનાથી થાકે,
જેને રાહુ પણ નવ ગ્રસે વાદળાંઓ ન ઢાંકે;
શોભે એવો મુખ-શશિ અહો! હે પ્રભુ! આપ કેરો,
જે દિપાવે જગત સઘળું ચંદ્ર જાણે અનેરો. ૧૮

અંધારાને પ્રભુમુખરૂપી ચંદ્રમા જો નસાડે,
રાત્રે ચાંદો દિનમહીં રવિ માનવા તો જ આડે;
જે ક્યારામાં શુભ રીત વડે શાલિ પાકી અતિશે,
તેમાં ક્યારે પણ નવ અહા! મેઘનું કામ દીસે? ૧૯

જેવું ઊંચું પ્રભુમહીં રહ્યું જ્ઞાન ગાંભીર્યવાળું,
બીજા દેવો મહીં નવ દીસે જ્ઞાન એવું રૂપાળું;
જેવી કાંતિ મણિમહીં અહા! તેજના પુંજ માપી,
તેવી કાંતિ કદી નવ દીસે કાચની રે! કદાપિ. ૨૦

---

૨. ગિરિ, પર્વતો.

જોયા દેવો પ્રભુજી! સઘળા તે થયું ઠીક માનું,
જોયા તેથી તુજમહીં અહા! ચિત્ત તો સ્થિર થાતું;
જોયા તેથી મુજ મનમહીં ભાવના એ ઠરે છે,
બીજો કોઈ તુજ વિણ નહિ ચિત્ત મારું હરે છે. ૨૧

સ્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહિ પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે! અનેક,
કિંતુ ધારે રવિ-કિરણને પૂર્વ દિશા જ એક. ૨૨

મોટા મોટા મુનિજન તને માનતા નાથ તો તે,
તેજસ્વી છો રવિસમ અને દૂર અજ્ઞાનથીયે;
સારી રીતે અમર બનતા આપને પામવાથી,
મુક્તિ માટે નવ કદી બીજો માનજો માર્ગ આથી. ૨૩

સંતો માને પ્રભુજી! તમને આદિ ને અવ્યયી તો,
બ્રહ્મા જેવા અનવધિ પ્રભુ! કામકેતુ સમા છો;
યોગીઓના પણ પ્રભુ! બહુ એકરૂપે રહ્યા છો,
જ્ઞાનીરૂપે વળી વિમળતા પૂર્ણ તત્ત્વે ભર્યા છો. ૨૪

દેવે પૂજ્યા વિમળ મતિથી, છો ખરા બુદ્ધ આપ,
ત્રિલોકીને સુખ દીધું તમે તો 'મહાદેવ' આપ;
મુક્તિ કેરી વિધિ કરી તમે, છો વિધાતા જ આપ,
ખુલ્લું છે એ પ્રભુજી! સઘળા ગુણથી કૃષ્ણ આપ. ૨૫

થાઓ મારાં નમન તમને, દુ:ખને કાપનારા,
થાઓ મારાં નમન તમને, ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને, આપ દેવાધિદેવ,
થાઓ મારાં નમન તમને, સંસૃતિ કાળ જેવા. ૨૬

સર્વે ઊંચા ગુણ પ્રભુ! આપમાંહીં સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા, ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીંતહીં ફરે, દૂર ને દૂર જાય,
જોયા દોષો કદી નવ પ્રભુ! આપને સ્વપ્નમાંય. ૨૭

ઊંચા એવા તરુવર અશોકે પ્રભુઅંગ શોભે,
જાણે આજે રવિરૂપ ખરું દીપતું છે: મોભે;
અંધારાને દૂર કરી રહ્યું સૂર્યનું બિંબ હોય,
નિશ્ચે પાસે ફરી ફરી વળ્યાં વાદળાંરૂપ તોય. ૨૮

રત્નો કેરા કિરણ-સમુહે ચિત્ર-વિચિત્ર છાજે,
એવા સિંહાસન પર પ્રભુ! આપનો દેહ રાજે;
વિસ્તારે છે રૂપ ગગનની મધ્યમાં જેમ ભાનુ,
ઊંચા ઊંચા ઉદયગિરિના શિખરે તેમ માનું. ૨૯

શોભે રૂડું શરીર પ્રભુજી! સ્વર્ણ જેવું મઝાનું,
વીંઝે જેને વિબુધ-જનતા ચામરો એમ માનું;
દીસે છે જે વિમળ ઝરણું ચંદ્ર જેવું જ હોય,
મેરૂ કેરા શિખર સરખું સ્વર્ણરૂપે ન હોય? ૩૦

શોભે છત્રો પ્રભુ ઉપર તો ઉજળા ચંદ્ર જેવા,
થંભાવે તે રવિ-કિરણનાં તેજને દેવદેવા;
મોતીઓથી મનહર દીસે છત્રશોભા અનેરી,
દેખાડે છે ત્રણ ભુવનની સ્વામિતા આપકેરી. ૩૧

પૂર્યા ભાગો સકળ દિશના ઉચ્ચ ગંભીર શબ્દે,
આ આદર્શો ત્રિજગ-જનને સૌખ્ય સંપત્તિ આપે,
કીધાં જેણે બહુ જ વિજયો, રાજ સદ્ધર્મના ત્યાં,
એ દુંદુભી યશ નભમહીં ઘોષણાથી જે ગાજે. ૩૨

મંદારાદિ સુરતરુ તણાં, પુષ્પ સુપારિજાત,
વૃષ્ટિ તેની પ્રભુ પર થતાં, દિવ્ય ધારા થતી જે;
એ ધારામાં શીતળ જળનો, વાયુ સુગંધી આપે,
જાણે લાગે જિનવચનની રમ્ય માળા પડે છે. ૩૩

કાંતિ તારી અતિ સુખભરી, તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતના દ્રવ્યનાં તેજને યે;
જો કે ભાસે રવિ સમૂહની ઉગ્રતાથીય ઉગ્ર,
તોયે લાગે શીતળ બહુ એ, ચંદ્રની ઠંડીથીય. ૩૪

પદવીદાતા કુશળ અતિશે, મોક્ષ ને સ્વર્ગ બંને,
સાચો ધર્મી ત્રિજગભરમાં, શુદ્ધ તત્ત્વે પ્રવીણ;
એવો તારો વિશદ ધ્વનિ ભાવાર્થ ગૂઢે ભરેલો,
ભાષાગુણે સકળ પરિણામે સ્વભાવે રહેલો. ૩૫

સોના જેવા નવીન કમળો રૂપ શોભા ધરી છે,
એવી જેના નખ-સમૂહની કાંતિ શોભી રહી છે;
જ્યાં જ્યાં વિશ્વે પ્રભુજી! પગલાં આપ કેરાં ઠરે છે,
ત્યાં ત્યાં દેવો કમળદળની સ્થાપનાને કરે છે. ૩૬

દીસે એવી પ્રભુજી! વિભૂતિ આપકેરા ખજાને,
દેતા જ્યારે જગતભરમાં, ધર્મની દેશનાને;
જેવી કાંતિ તિમિર હરતી સૂર્યકેરી દીસે છે,
તેવી ક્યાંથી ગ્રહગણતણી કાંતિ વાસો વસે છે? ૩૭

જે કોપ્યો છે ભ્રમરગણના ગૂંજવાથી અતિશે,
જેનું માથું મદ-ઝરણથી છેક ભીનું જ દીસે;
એવો ગાંડો મૃગપતિ[1] કદી આવતો હોય સામે,
તોયે કાંઈ ભય નવ રહે, હે પ્રભુ! આપ નામે. ૩૮

---

૧. ઐરાવત હાથી.

જે હાથીના શિરમહીં રહ્યાં રક્તથી યુક્ત છે ને,
મોતીઓથી વિભૂષિત કર્યા ભૂમિના ભાગ જેણે;
એવો સામે મૃગપતિ[2] કદી આવતો જો રહે છે,
નાવે પાસે શરણ પ્રભુજી! આપનું જે ગ્રહે છે. ૩૯

કલ્પોકેરા સમય પરના વાયરાથી અતિશે,
ઊડે જેમાં વિવિધ તણખા અગ્નિકેરાય મિષે;
એવો અગ્નિ સમીપ કદીએ આવતો હોય પોતે,
તારા નામ-સ્મરણ-જળથી થાય છે શાંત તો તે. ૪૦

કાળો કાળો અતિશય બની લાલ આંખો કરેલી,
ક્રોધે પૂરો બહુવિધ વળી, ઊછળે ફેણ જેની;
એવો મોટો મણિધર કદી, આવતો હોય સામે,
નિશ્ચે થંભે તુરત અહિ[1] તે, હે પ્રભુ! આપ નામે. ૪૧

અશ્વો કૂદે ગજગણ કરે ભીમનાદો અતિશે,
એવી સેના સમર ભૂમિમાં, રાજતી જીત મિષે;
ભેદાયે તે તુરત પ્રભુજી! આપનાં કીર્તનોથી,
જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યનાં કિરણોથી. ૪૨

ભોંકાતાં ત્યાં કરિ-શરીરમાં[2] લોહીધારા વહે છે;
તેમા મ્હાલી અહીંતહીં અહા! સૈનિકો તો રહે છે;
એ સંગ્રામે નવ રહી કદી જીતકેરી નિશાની,
લીધું જેણે શરણ તુજ તો હાર હોયે જ શાની? ૪૩

જ્યાં ત્યાં કૂદાકૂદ કરી રહ્યાં નક્રચક્રો ફરે છે,
જેમાં મોજાં અહીંતહીં બહુ જોરથી ઊછળે છે;
એવા અબ્ધિમહીં[3] કદી અહા! યાત્રિકો જો ફસાય,
સંભારે જો પ્રભુજી! તમને, ભીતિ તો દૂર થાય. ૪૪

---

૨. સિંહ. ૧. સર્પ. ૨. હાથીના શરીરમાં. ૩. સમુદ્રમાં.

અંગો જેનાં અતિશય વળ્યાં, પેટના વ્યાધિઓથી,
જેણે છોડી જીવન જીવવા સર્વથા આશ તેથી;
એવા પ્રાણી શરણ પ્રભુજી! આપનું જો ધરે છે,
તેઓ નિશ્ચે જગતભરમાં દેવરૂપે ફરે છે. ૪૫

જે કેદીના પગમહીં અરે! બેડીઓ તો પડી છે,
માયાથી તે જકડી લઈને, જાંઘ સુધી જડી છે;
એવા કેદી-મનુજ પ્રભુજી! આપને જો સ્મરે છે,
સર્વે બંધો ઝટપટ છૂટી, છૂટથી તે ફરે • છે. ૪૬

ગાંડા હાથી, સિંહ, દવ અને સર્વ યુદ્ધે થયેલી,
અબ્ધિકેરી ઉદર-દરદે, બંધને કે બનેલી;
એવી ભીતિ ઝટપટ બહુ તેમની તો હરે છે,
જેઓ તારું સ્તવન પ્રભુજી! પ્રેમથી રે! કરે છે. ૪૭

જેણે ગૂંથી ગુણગણરૂપે વર્ણફૂલે રમૂજી,
એવી માળા વિવિધ વિધિએ આપની હે પ્રભુજી;
તેને જેઓ નિશદિન અહા! કંઠમાંહે ધરે છે,
તેઓ લક્ષ્મી સુખથી જગમાં માનતુંગી વરે છે. ૪૮

---

**શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત**

## શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર

## ગુર્જર પદ્યાનુવાદ

કલ્યાણનું મંદિર અને ઉદાર ઈચ્છિત આપવે,
દાતા અભય ભયભીતને સમર્થ દુરિત કાપવે;
સંસાર-દરિયે ડૂબતાને તારતી નૌકા ખરી,
તે પાર્શ્વજિનના પદ-કમળને પ્રથમ હું પ્રેમે નમી. ૧

મહિમા ખરે! સાગર સમો જેની સ્તુતિ કરવા વિષે,
વિશાળ બુદ્ધિ સદ્‌ગુરુ તે છેક શક્તિહીણ દીસે;
વળી કમઠ કેરા ગર્વને જે બાળવે અગ્નિ અરે!
તીર્થેશની સ્તુતિ કરીશ જ તેમની હું તો ખરે! ૨

સામાન્ય પણ હે નાથ! તારા સ્વરૂપને કહેવા મથું,
અશક્તિનું છે ભાન મુજને, એમ જાણું છું ખરે;
દિનાંધ બચ્ચું ઘુવડનું જો બુદ્ધિથી કહેવા મથે,
સૂર્યના પ્રકાશનું તે કેમ વર્ણન કરી શકે? ૩

અનુભવ કરે તુજ ગુણતણો, જે મોહના ટળવા થકી,
નહિ પાર પામે નાથ! તે પણ આપ ગુણ ગણતાં કદી;
જેમ પ્રલયકાળ વડે ખસેલાં જળ થકી સમુદ્રનાં,
ખુલ્લા પડેલા રત્ન ઢગલા કો'થી માપી શકાય ના. ૪

દેદીપ્યમાન અસંખ્ય ગુણની ખાણ નાથ! તમારી હું,
આરંભતો કરવા સ્તુતિ પણ મંદ બુદ્ધિમાન છું;
શું બાળ પણ કહેતું નથી પ્રસારી બેઉ હાથને,
નિજ બુદ્ધિના અનુસારથી ઉદધિતણા વિસ્તારને? ૫

હે ઈશ! યોગી પણ તમારા ગુણ જે ન કહી શકે,
સામર્થ્ય મારું ક્યાંથી વર્ણન મુજથી તેનું થઈ શકે?
વિચાર-વિણનું કાર્ય આ દેખાય મારું તેહથી,
પણ પક્ષી શું પોતાતણી ભાષા કહો વદતાં નથી? ૬

અચિંત્ય મહિમાવાન સ્તુતિ આપની જિનવર! અરે,
તુજ નામ પણ સંસારથી ત્રિલોકનું રક્ષણ કરે;
જ્યમ ગ્રીષ્મ કેરા સખ્ત તાપ વડે મુસાફર જે દુ:ખી,
તે થાય કમળ તળાવ કેરા શીતળ વાયુથી સુખી. ૭

જે પ્રાણીઓ વિભુ! આપને પ્રેમે હ્દયમાં ધારતા,
ક્ષણમાત્રમાં દૃઢ કર્મબંધન તૂટી જાતાં તેમનાં;
વનના મયૂરો મધ્યમાં જેવી રીતે આવ્યા થકી,
ચંદનતણા તરુથી જ સર્પો સદ્ય છૂટે છે નક્કી. ૮

દર્શન અહો જિનેંદ્ર! માત્ર મનુષ્યને જો થાય છે,
તો સેંકડો દુઃખ ભય-ભરેલાં સહેજમાં ટળી જાય છે;
ગોવાળ કિંવા સૂર્ય તેજસ્વી તણા દીઠા થકી,
પશુઓ મુકાયે સદ્ય જેવાં નાસતા ચોરો થકી. ૯

તારક તમે જિનરાજ! કેવી રીતથી સંસારીના,
તમને હ્દયમાં ધારી ઊલટા તારતા સંસારીઆ;
આશ્ચર્ય છે! પણ ચર્મ કેરી મસકથી સાચું ઠરે,
અંદર ભરેલા વાયુના આધારથી જળને તરે. ૧૦

હરિહર અને બ્રહ્માદિના પ્રભાવને જેણે હણ્યો,
ક્ષણ માત્રમાં તે રતિપતિને સહેજમાં આપે હણ્યો;
જે પાણી અગ્નિ માત્રને બુઝાવતું પળ વારમાં,
તે પાણીને વડવાનળે પીધું ન શું ક્ષણ વારમાં? ૧૧

હે સ્વામી! અતિશય ભારવાળા આપને પામ્યા પછી,
કેવી રીતે પ્રાણી અહો! નિજ હ્દયમાં ધાર્યા થકી;
અતિ લઘુપણે ભવરૂપ દરિયો સહેજમાં તરી જાય છે,
અથવા મહાન જનો તણો મહિમા અચિંત્ય ગણાય છે. ૧૨

હે ઈશ! જ્યારે પ્રથમથી આપે હણ્યો'તો ક્રોધને,
આશ્ચર્ય! ત્યારે કેમ બાળ્યા કર્મરૂપી ચોરને?
અથવા નહિ આ અવનિમાં શું દેખાવમાં આવતું?
શીતળ પડે જે હિમ તે લીલાં વનોને બાળતું. ૧૩

હે જિન! યોગી આપને પરમાત્મ રૂપેથી સદા,
નિજ હૃદયકમળે જ્ઞાનરૂપી ચક્ષુથી અવલોકતા;
નિર્મળ પવિત્ર કાંતિવાળું કમળબીજ ક્યાં સંભવે?
નક્કી કમળની કર્ણિકાના મધ્ય ભાગે તે રહે. ૧૪

ક્ષણ માત્રમાં જિનરાજ! ભવિજન આપ કેરા ધ્યાનથી,
પામે દશા પરમાત્મની તજી દેહને પ્રભુ જ્ઞાનથી;
જ્યમ તીવ્ર અગ્નિ તાપથી મિશ્રિત ધાતુ હોય તે,
પત્થરપણાને ત્યાગીને તત્કાળ સોનું થાય છે. ૧૫

હે નાથ! ભવિજન આપનું કરે ધ્યાન જે શરીરથી,
તે દેહનો થયો નાશ લાગે, વિષમ દૃષ્ટિએ કરી;
મધ્યસ્થ મહાનુભાવનો છે સ્વભાવ એવો જાણવો,
દુ:ખનો કરીને નાશ એ સુખશાંતિને પ્રસારતો. ૧૬

અભેદ-બુદ્ધિ યોગીઓ જિન! આત્મરૂપસમ જાણતા,
તે આપના ધ્યાને કરી પોતાપણાને પામતા;
મંત્ર કે શ્રદ્ધા થકી જો પાણીને અમૃત ગણે,
તો તે જ પાણી વિષતણા વિકારને શું ના હરે? ૧૭

તમને જ અજ્ઞાને રહિત પરધર્મી પણ નામાંતરે,
વિભુ હરિહરાદિક બુદ્ધિથી નિશ્ચય કરી પામે ખરે!
કમળા તણા રોગેથી જેના નેત્ર પ્રભુ! પીળાં રહે,
તે સાફ ધોળા શંખને શું પીતવર્ણી ના કહે? ૧૮

ધર્મોપદેશ તણા સમયમાં આપના સહવાસથી,
તરુ પણ અશોક જ થાય તો શું મનુજનું કહેવું પછી?
જ્યમ સૂર્યના ઊગ્યા થકી ના માત્ર માનવી જાગતાં,
પણ વૃક્ષ પલ્લવ પુષ્પ સાથે સહેજમાં પ્રફુલ્લિત થતાં. ૧૯

ચારે દિશાએ દેવ જે પુષ્પોતણી વૃષ્ટિ કરે,
આશ્ચર્ય નીચા મુખવાળાં ડીંટથી તે ક્યમ પડે?
હે મુનીશ! અથવા આપનું સામીપ્ય જવ પમાય છે,
પંડિત અને પુષ્પોતણાં બંધન અધોમુખ થાય છે. ૨૦

જે આપના ગંભીર હૃદયના સમુદ્રમાંથી નીકળે,
તે વાણીમાં અમૃતપણું લોકો કહે તે સત્ય છે;
આ ભવ્ય વાણીરૂપ અમૃત પ્રેમથી પીતા હશે,
તે ભવ્ય જીવો શીઘ્ર અજરામરપણાને પામશે. ૨૧

દેવો વીંઝે જે પવિત્ર ચામર સ્વામી! આપ સમીપ તે,
હું ધારું છું નીચા નમી ઊંચા જતાં એમ જ કહે—
"મુનિશ્રેષ્ઠ એવા પાર્શ્વને જે નમન કરશે સ્નેહથી,
તે શુદ્ધભાવી ઊર્ધ્વ ગતિને પામશે નિશ્ચય થકી." ૨૨

સુવર્ણ રત્ન-સિંહાસને પ્રભુ શ્યામ સ્વરૂપે શોભતા,
જિન-વચનના ગંભીર ધ્વનિથી ભવ્યો બહૂ ખુશી થતા;
મેરુગિરિ પર ગર્જતા નવ-મેઘ શ્યામ જણાય છે,
સાંભળી આ ગર્જનાને મયૂર બહુ ખુશ થાય છે. ૨૩

હે જિન! તારા ભામંડળની કાંતિ જે ઊંચે જતી,
તે અશોક વૃક્ષનાં પાંદડાંના રંગને બદલાવતી;
જડ વસ્તુ પણ પ્રભુ-સમાગમે જો રૂપનો બદલો કરે,
તો પછી જીવંત પ્રાણી રાગરહિત શું ના બને? ૨૪

"રે! રે! પ્રમાદ તજી અને આવી ભજો આ નાથને,
એ મોક્ષપુરી પ્રત્યે જતા વ્યાપારી શ્રી જિનરાજ છે";
સુર-દુંદુભિનો શબ્દ જે આકાશમાં વ્યાપી રહે,
હું માનું છું હે દેવ! તે ત્રૈલોકને એમ જ કહે. ૨૫

હે નાથ! આ ત્રિલોકમાં પ્રકાશ જવ આપે કર્યો,
તારા સહિત આ ચંદ્રમા તવ હીણ અધિકારી ઠર્યો;
મોતી-સમૂહે શોભતાં ત્રણ છત્રના મિષે કરી,
આવ્યો પ્રભુની પાસ નક્કી રૂપ ત્રણ જાણે ધરી. ૨૬

કીર્તિ પ્રતાપ જ કાંતિ કેરા સમૂહથી ત્રૈલોક્ય આ,
ગોળા રૂપે ભગવાન! જ્યમ આપે પૂરેલાં હોય ના!
રૂપું સુવર્ણ અને વળી માણિક્યથી નિર્મળ ખરે,
ચોપાસથી શોભી રહ્યા ત્યમ આપ ત્રણ કિલ્લા વડે. ૨૭

પડતી પ્રભુ! તુજ પાદમાં દેવેંદ્ર નમતા તેમની,
રત્નેજડિત મુગટો તજીને દિવ્યમાળા પુષ્પની;
હું માનું છું મનમાં ખરે! એ યોગ્ય થાયે સર્વથી,
વિભુ આપનો સંગમ થતાં *સુમનો બીજે રમતાં નથી. ૨૮

હે નાથ! આ સંસાર-સાગરથી તમે વિમુખ છતાં,
નિજ આશ્રિતોને તારતા, વિશ્વેશ! એ તો યોગ્ય છે;
લોકો તરે માટી તણા ઘટ કર્મ પાક સહિતથી,
આશ્ચર્ય વિભુ! પણ આપ તો છો રહિત કર્મ વિપાકથી. ૨૯

વિશ્વેશ, જનપાલક, છતાં પણ આપ દુર્ગત દીસતા,
હે ઈશ! અક્ષર છો, તથાપિ રહિત લિપિ સર્વથા;
અજ્ઞાનીઓને તારતું ને તેજ વિશ્વે આપતું,
આવું અલૌકિક જ્ઞાન તુજમાં સહજ ભાવે સ્ફુરતું. ૩૦

આકાશ આચ્છાદિત કરે એવી અતિશય ધૂળ જે,
શઠ કમઠ દૈત્યે ક્રોધથી ઉડાડી સ્વામી! આપને;
હે નાથ! છાયા આપની ઢંકાઈ ના તેથી જરા,
ઊલટો છવાયો દુષ્ટ પોતે કૃત્ય પોતાના થકી. ૩૧

---

* દેવો, વિદ્વાનો કે પુષ્પો.

વીજળી સહિત ઘનઘોર મુશળધારથી વળી વર્ષતો,
વર્ષાદ દુસ્તર કમઠ દૈત્યે છોડયો પ્રભુ! ગાજતો;
તેણે અહો જિનરાજ! ઊલટું રૂપ ત્યાં સહેજે ધર્યું,
તીક્ષ્ણ છૂરી તરવાર કેરું કામ તે સાચું કર્યું. ૩૨

વિકરાળ ઊંચા કેશ લટકે માળ સબના શિરની,
ભયકારી અગ્નિ મુખ વિષેથી નીકળે જેની વળી;
એવો સમૂહ પિશાચનો જે આપ પ્રત્યે પ્રેરિયો,
હે દેવ! પ્રતિભવ દુ:ખકારી તેહને તે [illegible] થયો. ૩૩

પરકાર્ય છોડી જે વિધિવત્ આપને આરાધતા,
હે નાથ! ત્રિકાળે વળી તુજ ચરણમાં ચિત્ત જોડતા;
શુભ ભક્તિના ઉલ્લાસથી રોમાંચ જેણે અનુભવ્યા,
ધન્ય છે તે ભવ્ય જનને, જે જગતમાં અવતર્યા. ૩૪

અપાર સાગરરૂપ આ સંસારમાં મુનિનાથ હે!
માનું, તમારું નામ નહિ મુજ શ્રવણમાં આવ્યું હશે;
સુણ્યા પછી શુદ્ધ મંત્રરૂપી આપના શુભ નામને;
આપત્તિરૂપી સર્પિણી મુજ સમીપ શું આવી શકે? ૩૫

જન્માંતરે પણ નાથ! તારા ચરણને સેવ્યા નથી,
ઈચ્છિત વસ્તુ આપના એ યુગલને પૂજ્યાં નથી;
તેથી જ જિન! આ જનમમાં પામ્યો પરાભવ હું ઘણો,
ને હૃદયવેધક દુ:ખનું કારણ ખરેખર બની ગયો. ૩૬

નિશ્ચય અરે! મોહાંધકારે વ્યાપ્ત એવાં નેત્રથી,
પૂર્વે કદી મેં એક વેળા પણ પ્રભુ જોયા નથી;
કેવી રીતે થઈ હૃદયવેધક અન્યથા પીડે મને,
બળવાન બંધનની ગતિવાળા અનર્થો શરીરને. ૩૭

કદી સાંભળ્યા, પૂજ્યા ખરેખર, આપને નીરખ્યા હશે,
પણ ભાવથી ભક્તિ વડે, નહિ હૃદયમાં ધાર્યા હશે;
જનબંધુ! તેથી દુઃખપાત્ર થયેલ છું ભવને વિષે,
ભાવશૂન્ય ક્રિયા કદી નહિ આપતી ફળ કાંઈએ. ૩૮

સુખકારી શરણાગત પ્રભુ! હિતકારી જન દુઃખિયાતણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ! સ્થળ કરુણા અને પુણ્ય જ તણા;
નમતો પ્રભુ! હું ભક્તિથી તો મહેશ! મારા ઉપરે,
તત્પર થશો દુઃખ-અંકુરોને ટાળવા કરુણા વડે. ૩૯

અસંખ્ય બળના સારભૂત ને શરણ લેવા યોગ્ય જે,
જીતી અરિ કરી કીર્તિ-પ્રાપ્ત એવા પ્રભુ-પદ યુગ્મને;
શરણે રહ્યો પણ ભુવન-પાવન! ધ્યાનથી કદી હીણ તો,
છું પ્રથમથી જ હણાયલો, હણાવા જ માટે યોગ્ય જે. ૪૦

હે અખિલ વસ્તુ જાણનારા! વંદ્ય હે! દેવેંદ્ર! ને,
સંસારના તારક! અને ભુવનાધિનાથ! પ્રભુ તમે;
ભયકારી દુઃખ-દરિયા થકી આજે પવિત્ર કરો અને,
કરુણાતણા હે સિંધુ! તારો, દેવ! દુખિયાને મને. ૪૧

હે નાથ! આપ ચરણકમળની નિત્ય સંચિત જે કરી,
તે ભક્તિ કેરી સંતતિનું હોય ફળ કદી જો જરી;
તો શરણ કરવા યોગ્ય માત્ર આપને શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતે જ મુજ સ્વામી થજો. ૪૨

અતિ હર્ષથી રોમાંચવાળા દેહ-અંગ દીપી રહ્યાં,
નિર્મળ પ્રભુ-મુખકમળમાં જે લક્ષ્ય બાંધીને રહ્યાં;
પ્રભુ તે સમાધિશૂર વિધિ પ્રમાણે જે કરે,
છે ધન્ય તે ભવિજીવને જે આપની સ્તુતિ રચે. ૪૩

કર્મ-મળના તજી સમૂહો નિર્મળ મનથી જે બન્યા,
ને સ્વર્ગની તેજસ્વી સર્વે સંપત્તિ જાણી રહ્યા;
માનવીના નેત્રરૂપ ને કુમુદચંદ્ર છો વિભો!
આવા જ જીવો મેળવે છે મોક્ષ જલદી હે પ્રભો! ૪૪

---*---

### કવિ ભાગચંદ્રજી વિરચિત

## શ્રી મહાવીરાષ્ટક સ્તોત્ર

### ગુર્જર સમશ્લોકી ભાષાનુવાદ

સમગ્રે સંસારે ચર-અચર-ભાવો પ્રગટતાં,
જુએ છે જે તત્ત્વે સહજ વ્યય-ઉત્પાદ-ધ્રુવતા;
પરં સાક્ષી જેઓ જગતજનના છે રવિસમા,
મહાવીર સ્વામી નયનપથગામી જિનવરા. ૧

ખરે જેના ચક્ષુ વિષય-વિષલાલી રહિત જ્યાં,
ક્ષમા દૃષ્ટિમાં છે પરમ ગુણ વાત્સલ્યભર ત્યાં;
સદા અંગો જેનાં પ્રશમ રસભાવે તરી રહ્યાં,
મહાવીર સ્વામી પરમ પથનેતા પ્રભુવરા. ૨

નમે જ્યારે ઈંદ્રો, મણિમુગટધારી ચરણમાં,
મણિરત્નો દીપે પુનિત પદ તેજે પ્રભુતણા;
ભવજવાળા-તાપો સ્મરણ-જળથી જ્યાં ઠરી જતાં,
મહાવીર સ્વામી શિવપદ વિધાતા જગતના. ૩

પ્રભુ પૂજા-ભાવે મુદિત-મન[1] મંડૂક[2] બનતાં,
મળી રિદ્ધિ-સિદ્ધિ સુરપદતણી માત્ર ક્ષણમાં;
પ્રભુભક્તિ આપે શિવસુખ સદા ભક્તજનને,
મહાવીર સ્વામી સહજ સુખ દેતા જગતને. ૪

---

૧. પ્રસન્નચિત્ત. ૨. દેડકો (નંદમણિ શ્રાવકનો જીવ)

પ્રભાવાળી પ્રજ્ઞા અતિશયપણે જ્યાં પ્રગટતી,
સદા શાંતિ આપે પ્રણત-જન કલ્પદ્રુમ[3] સમી;
ભવાંકુરો ભાંગી અચળ સુખમાં જે સ્થિત થયા,
મહાવીર સ્વામી અમરપદ-દાતા ભવિતણા. ૫

વહે વાણી-ગંગા વિવિધ નયથી પૂર્ણ વિમળા,
પ્રમાણે પ્રખ્યાતા સકળ જનને પાવનકરા;
ખરી શાંતિ પામ્યા વિબુદ્ધ જન જેના રમણથી,
મહાવીર સ્વામી નિકટ પથનેતા સ્મરણથી. ૬

ખરે! જીત્યા જેણે ત્રિભુવનજયી કામ-સુભટો,
કુમારાવસ્થામાં બહુ બહુ ગણાતાં બળવતો;
સ્ફુરે નિત્યાનંદો અચળપદ લબ્ધિ પ્રગટતાં,
મહાવીર સ્વામી ચિરસુખ-વિધાતા મનુજના. ૭

મહા મોહે-રોગે સુખકર સમા વૈદ્ય જગના,
વિનાપેક્ષા બંધુ અશરણ ભયાકુળ જનના;
ખરું સાધુનું છે ભવશરણ જે ઉત્તમ ગુણે,
મહાવીર સ્વામી અચળ સુખદાતા પ્રતિપળે. ૮

———*———

## મંગળાચરણ

મૂંગા વાચા પામતા, પંગુ ગિરિ ચઢી જાય!
ગુરુ-કૃપા-બળ ઓર છે, અંધ દેખતા થાય! ૧
જંગલમાં મંગલ બને, પાપી બને પવિત્ર!
એ અચરજ નજરે તરે, મરણ બને છે મિત્ર! ૨
અખંડ વિશ્વાસે વસું, સાચા શ્રી ગુરુરાજ;
રડવડતો ક્યમ રાખશે? બનું નહિ નારાજ. ૩

---

૩. કલ્પવૃક્ષ

મુજ અવગુણ, ગુરુરાજ ગુણ, માનું અનંત અમાપ;
બાળક કર પ્હોળા કરી, દે દરિયાનું માપ. ૪
સમર્થ શ્રીમદ્ રાજચંદ્ર, હું શ્રદ્ધાળુ બાળ;
અચૂક આશ્રય આપીને, પળ પળ લ્યો સંભાળ. ૫

---

## ભક્તિના છંદો

સહજાત્મસ્વરૂપ, ટાળો ભવકૂપ, અખિલ અનુપમ બહુનામી;
પ્રભુ નિષ્કામી, અંતરજામી, અવિચળધામી હે! સ્વામી.
જય જય જિનેંદ્ર, અખિલ અજેન્દ્ર, જય જિનચંદ્ર હે દેવા;
હું શરણ તમારે, આવ્યો દ્વારે, ચઢજો વ્હારે કરું સેવા;
સુખશાંતિદાતા, પ્રભુ પ્રખ્યાતા, દિલના દાતા હે સ્વામી. સહજા૦ ૧

જય મંગળકારી, બહુ ઉપકારી, આશ તમારી દિલ ધરીએ;
અભયપદ ચહું છું, કરગરી કહું છું, શરણે રહું છું સ્તુતિ કરીએ;
આ લક્ષ ચોરાસી ખાણજ ખાસી, જઉં છું ત્રાસી હે સ્વામી. સહજા૦ ૨

નવ જોશો કદાપિ, દોષો તથાપિ, કુમતિ કાપી હે ભ્રાતા;
મુક્તિપદ દાતા, પ્રમુખ મનાતા, સન્મતિ દાતા હે ત્રાતા;
કૃતિઓ નવ જોશો અતિશય દોષો સઘળા ખોશો હે સ્વામી. સહજા૦ ૩

હું પામર પ્રાણીનું દુ:ખ જાણી, અંતર આણીને તારો;
ઘર ધંધા ઘાણી શિર લઈ તાણી, ભટક્યો ખાણી ભવ ખારો;
મને રસ્તે ચડાવો, કદી ન ડગાવો, ચિત્ત રખાવો દુ:ખવામી સહજા૦ ૪

ઉત્તમ ગતિ આપો, સદ્ધર્મ સ્થાપો, કિલ્વિષ કાપો હાથ ગ્રહી;
પ્રકાશે પ્રતાપો, અખિલ અમાપો, ભવદુ:ખ કાપો નાથ સહી;
અવનીમાં તમારો સૌથી સારો જે શુભ ધારો સુખધામી. સહજા૦ ૫

---

જય જગતત્રાતા, જગતભ્રાતા, જન્મ હર જગદીશ્વરા,
સુખ સર્વ કારણ, ધર્મચારણ, ધીર વીર મહેશ્વરા;
અતિ કર્મ કંદન, ચિત્ત ચંદન, ચરણ કમળે ચિત્ત ધરું,
સહજાત્મરૂપી સેવ્ય ગુરુને વંદના વિધિએ કરું. ૧

આનંદસાગર-ચંદ્ર, નાગર-વૃંદ શ્રી સુખકંદ છો,
ભવ ફંદ હારક, છંદ ધારક, સર્વ સદ્‌ગુણ ચંદ્ર છો;
સુખકાર છો ભવપાર નહીં કંઈ સાર ચિત્તમાં હું ધરું. સહજા૦ ૨

વિકરાળ આ કળિકાળ કેરી, ફાળથી ભય પામતો,
ગુરુ ચરણ કેરા શરણ આવ્યો, ચિત્તમાં વિશ્રામતો;
ગુરુ પૂરણ પ્રેમી કર ધરે શિર એમ આશા આચરું. સહજા૦ ૩

કરી કોપ ચાર કષાય બાંધે, બંધ આશા પાશનો;
અતિ માર મારે માર તેમાં, કામની અભિલાષનો;
છો નિર્વિકારી પાસ રાખો, ભક્તિ હું દિલમાં ધરું. સહજા૦ ૪

નિજ ધામ ચંચળ, વિત્ત ચંચળ, ચિત્ત ચંચળ સર્વથી,
હિત મિત્ર ને સુકલત્ર ચંચળ, જાય શું મુખથી કથી;
સ્થિર એક સદ્‌ગુરુ દેવ છો, એ ટેક અંતર આદરું. સહજા૦ ૫

ભવ મંડપે કરી પ્રીત માયાસેજ સુંદર પાથરી,
ત્યાં નિત્ય સૂતો ગાઢ નિદ્રા, મોહની અતિ આચરી;
જાગ્રત કરી ગુરુ રાજચંદ્રે, બોધદાન કર્યું શરું. સહજા૦ ૬

જયકાર શ્રી ગુરુદેવનો, જન જગતમાંહી ગજાવજો;
શુભ ભક્તના જે ધર્મ, તે અતિ પ્રેમ સાથ બજાવજો;
ગુરુ ધર્મધારક, કર્મવારક, ધ્યાનમાં નિત્યે ધરું. સહજા૦ ૭

*

દયાળુ દીનાનાથ અજ્ઞાનહારી, ખરા ચિત્તથી ધ્યાનમાંહી વિહારી;
ઘણા શિષ્યના આપ સંતાપહારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૧

કર્યો ક્રોધ તો ક્રોધને મારવાને, ધર્યો લોભ તો ધ્યાનને ધારવાને;
મહા મોહહારી નિજાનંદધારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૨

સદા નિર્વિકારી મહા બ્રહ્મચારી, ન પ્હોંચે સ્તુતિમાં મતિ કાંઈ મારી;
નિરાધાર આ બાલ માટે વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૩

કદી નાથ સામું ન જોશો અમારા, તથાપિ અમે છીએ સદાયે તમારા;
હવે આપ ઓ બાપ! તારો વિચારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી ૪

ક્ષમા, ધૈર્ય, ઔદાર્યના જન્મસિંધુ! સદ લોકથી દીનના આપ બંધુ;
ન શક્તિ કશા કામમાંહી અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૫

ગુણી જ્ઞાનવંતા વિવેકી વિચારો, મને આશરો એક ભાવે તમારો;
દયાળુ હવે પ્રાર્થના લો અમારી, ગુરુ રાજચંદ્ર ગ્રહો બાંહ્ય મારી. ૬

*

અહો! રાજચંદ્ર દેવ, રાત દિવસ મને રહેજો રટણ તમારું,
તુમે પતિતપાવન છો સ્વામી,
હું તો લોભી લંપટ ને કામી,
તે તો જાણો છો અંતરજામી. અહો! રાજ૦ ૧

નથી જપ તપ સાધન કાંઈ કર્યું,
નથી ચરણકમળમાં ચિત્ત ધર્યું;
મન રેટ તણી પેરે જાય ફર્યું. અહો! રાજ૦ ૨

મને મોહકટક લાગ્યું પૂંઠે,
નિત્ય ઘેરીને મુજને લૂંટે;
તમે છોડાવો પ્રભુ તો છૂટે. અહો! રાજ૦ ૩

અહો! ભાનુ સમાન પ્રગટ મણિ,
મારા અનંત દોષ કાઢો ધણી;
ક્ષણ દૃષ્ટિ કરો મુજ રંક ભણી. અહો! રાજ૦ ૪

પ્રભુ કરુણાસાગર આપ અહો!
મુજ પામરની પ્રભુ બાંહ્ય ગ્રહો;
તુમ સેવા મુને સદાય રહો. અહો! રાજ૦ ૫

જ્ઞાન દર્શન ચરણ ક્ષાયક જાણી,
પ્રભુ સહજ સ્વભાવ પ્રગટ મણિ;
આપો મને દેવ હો રંક ગણી. અહો! રાજ૦ ૬

દિવ્ય જ્ઞાન કળા પ્રભુ અકળ અહો!
મુજ પામરથી ન કળાય અહો!
તુમ મુદ્રા દેખી પ્રતીત ભયો. અહો! રાજ૦ ૭

તુમ મોક્ષમાર્ગ ઉજ્જવળ કિયો,
કુળ મતાગ્રહાદિ છેદ દિયો;
અહો! ભવ્યને કારણ દેહ લિયો. અહો! રાજ૦ ૮

અહો! વિષય કષાય અભાવ કિયો,
પ્રભુ સહજ સ્વભાવે ધર્મ લિયો;
નિરઉપાધિપદ સહજ ગ્રહ્યો. અહો! રાજ૦ ૯

પરમ શીતળ અનંત દયા તુમમેં,
પ્રભુ સ્વાદ્‌વાદશૈલી તુમ ઘટમેં;
તુજ ચરણકમળ સેવા દ્યો મુજને. અહો! રાજ૦ ૧૦

તુમ જ્ઞાનકળા અખંડ પ્રગટી,
હું પામર ગુણ શું કહું કથી?
જૈન શૈલી પામું હું તુમ થકી. અહો! રાજ૦ ૧૧

પ્રભુ ચાર ગતિમાં હું ભટક્યો,
હવે સ્વામી તુજ ચરણે આવ્યો;
મુનદાસ ગુલામ છે તુમ જાયો. અહો! રાજ૦ ૧૨

*

આજ દેવદિવાળીનો દાડો રે, ગુરુ ગુણ ગાવાને;
સદા સમરો સદ્‌ગુરુ દેવ રે, પાવન થાવાને.
આત્મહિતના સર્વ સાહિત્યમાં, પહેલું ને વળી સહેલું રે;
શ્રીમદ્ સદ્‌ગુરુ સેવા-સાધન, અમર ફળનો વેલુ રે. ગુરુ૦ ૧

શેષ મહેશ શારદા આદિ, કરે ગુરુગુણના ગાન રે;
ગુરુગુણ ગાનના અનુસંધાને, પ્રગટે નિજપદ ભાન રે. ગુરુ૦ ૨
નિત્ય નિમિત્ત અવતાર ભેદથી, ગુરુદેવ દર્શાય રે;
પૂર્વોપાધિ બાદ કરંતાં, શેષ રહે સદ્‌ગુરુ રાય. ગુરુ૦ ૩
સદ્‌ગુરુ દેવ છે એક સ્વરૂપે, ભેદ બુદ્ધિ દ્યો નાખી રે;
સદ્‌ગુરુ એક ને સેવ અનેક છે, એ હારદ ઉર રાખી રે. ગુરુ૦ ૪
સદ્‌ગુરુપદ-સામર્થ્ય સર્વથા, સર્વજ્ઞે પણ ન કહાય રે;
જે સદ્‌ગુરુની સાનમાં સમજે, તે ત્યાં સમજી સમાયં. ગુરુ૦ ૫
ગુરુપદ સ્પર્શત ગુરુતા પ્રગટે, અનુભવ કરીને દેખો રે;
ગુરુભક્તિમાં ભાવ ધરીને, સરખા સહુને લેખો રે. ગુરુ૦ ૬
નરતન, ભાર્તભૂમિ આર્યકુળ, દીર્ઘાયુષ્ય સુખકારી રે;
પૂરણઇંદ્રી શ્રવણ શ્રદ્ધાદિક, મળી સામગ્રી સારી. ગુરુ૦ ૭
આવો યોગ લહી યોગ્ય જીવાત્મા, ગુરુશિક્ષાની દીક્ષા રે;
ધારો ધૃતિ ધારી એક ધારા, જો હોય નિજપદ ઈક્ષા. ગુરુ૦ ૮
શ્રીમદ્ સદ્‌ગુરુ **રત્નત્રય** યુત, વળી તસ કૃપા-પાત્ર રે;
તે સર્વે સમદર્શિ સંતનો, હું છું અબોલો છાત્ર. ગુરુ૦ ૯

———*———

આવ્યું આવ્યું અનુપમ નાવ, ભવજલ તરવાને;
તૈયાર ભાવિક જન થાવ, શિવસુખ વરવાને.

મુક્તિપુરીના સર્વ પ્રવાસી, આનંદ ઉર ઉભરાય રે;
ભવ દરિયો બહુ દુઃખથી ભરિયો, તારક સદ્‌ગુરુ રાય. શિવ૦ ૧
દેવદિવાળી દિન જયકારી, ભવિજન આનંદકારી રે;
પૂર્ણચંદ્ર સમ **રાજચંદ્ર** પ્રભુ, પ્રગટ્યા સવિ સુખકારી. શિવ૦ ૨
સત્ય સનાતન માર્ગ મોક્ષનો, કરવા જગ ઉદ્ધાર રે;
તત્ત્વજ્ઞાની જનમ્યા કળિકાળે, શાસનના શણગાર. શિવ૦ ૩

શ્રુતસાગરના મર્મ પ્રકાશ્યા, ગચ્છમત તિમિર વિદારી રે;
વાણી શાંત સુધારસ ઝરતી, સૌ જનને હિતકારી. શિવ૦ ૪

આત્મશક્તિ ઉજ્જ્વળ તુજ ભાળી, મંદમતિ મદ જાય રે;
આત્મશ્રેય સાધક સુવિચક્ષણ, સેવે શરણ સદાય. શિવ૦ ૫

અંતર્દષ્ટિથી રાજ નિહાળો, બાહ્યદૃષ્ટિ દુ:ખદાય રે;
સ્વરૂપાચરણ, રમણ નિજપદમાં, જગજયવંત ગણાય. શિવ૦ ૬

•યુગપ્રધાન સમતારસ સાગર, સહજ સ્વરૂપ સ્થિતિ ધારી રે;
જહાજ બની પ્રભુ પંચમ કાળે, તાર્યાં બહુ નર નારી. શિવ૦ ૭

ચતુર્થકાળમાં પણ દુર્લભ જે, તેવો જોગ જણાય રે;
ભાગ્યવંતથી પ્રતીત કરીને, આશ્રય ગ્રહી તરાય. શિવ૦ ૮

મુદ્રા શાંત સદા અવિકારી, સ્મરણ સહજ સુખધામ રે;
વાણી મૃત સંજીવન કરતી, ભવિજન મન વિશ્રામ. શિવ૦ ૯

પરમ કૃપાળુ દશા તમારી, પામરથી શું કળાય રે!
આત્માકાર અવસ્થા સ્વામી, મહાભાગ્યે પરખાય. શિવ૦ ૧૦

સમીપમુક્તિગામી જે પામ્યા તુજ પદમાં વિશ્રામ રે;
શ્રદ્ધા ભક્તિ સહિત તુજ આશ્રય, નિશ્ચય ગુણ આરામ. શિવ૦ ૧૧

તુજ આજ્ઞા આરાધન કરતાં, લહીશું નિજપદ રાજ રે.
રાજવચન જીવન <u>મુક્તિપ્રદ, શુદ્ધિ સિદ્ધિ</u> સુખસાજ. શિવ૦ ૧૨

*

જિન શાસનના જ્યોતિર્ધર સોહામણા,
નેહે નમતો તુજ ચરણે આ દેહ જો;
આત્મ-પ્રભાકર પ્રગટયો અંતર ઊજળો,
ધન્ય ઘડી ને ધન્ય દિવસ એહ જો. જિન૦ ૧

દઈએ દિવ્યાત્માને દૈવી પુષ્પાંજલિ,
ઉભરાયે જ્યાં જ્ઞાન તણા અંબાર જો;
ગગને શીતલ શોભે રજનીકાન્ત જે,
ઝરતાં રસ અમૃત બિન્દુડાં સાર જો. જિન૦ ૨

બાલપણે ઉચ્ચ વિચારો ચિંતવ્યા,
જન્મ-જીવન-મૃત્યુના ઊંડા મર્મ જો;
વીત્યું જીવન ગૃહસ્થાશ્રમને આંગણે,
વ્યાપારે પણ નીતિ ન્યાય ને ધર્મ જો. જિન૦ ૩

'પરમ ધરમ અહિંસા' સહુ વદતા ફરે,
(પણ) મોહ-મમત્વે વાડાના વિસ્તાર જો;
ખંડન મંડન ટાળી ધર્મની એકતા,
સમજાવી ભવ્યોને કરી પડકાર જો. જિન૦ ૪

રાગદ્વેષ જ્યાં પૂર્ણપણે ક્ષય પામતા,
કેવળજ્ઞાન થશે એવો નિરધાર જો;
સત્ય સનાતન દર્શન એ વીતરાગનું,
શિવપદ પ્રાપ્તિનો છે એહ આધાર જો. જિન૦ ૫

અંખડ જાગૃતિ શ્રદ્ધા શુદ્ધોપયોગથી,
આત્મ-ઉઘાડે ઊઘડે મુક્તિદ્વાર જો;
શ્રીમદ્ સદ્‌ગુરુનાં આત્માર્થી વચનો લહી,
નિ:શંક થઈને સાધક પામે સાર જો. જિન૦ ૬
દષ્ટિરાગ ટળે આવે મધ્યસ્થતા,
ટળે કદાગ્રહ આવે વિશાળ ભાવ જો;
દર્શનની નિર્મળતા પ્રગટે આત્મમાં,
રાજબોધના લેજો રૂડા લા'વ જો. જિન૦ ૭

*

મને મળિયા શ્રી સદ્‌ગુરુ રાયા રે,
મારી સફળ થઈ ગઈ કાયા —ટેક.

કાયા સફળ થઈ માયા મટી ગઈ,
કલિમલ સર્વ કપાયા;
કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર આદિ રિપુ,
નાઠા થઈને રઘવાયા રે —મારી૦

પાપ પળાયાં ને દુ:ખ દળાયાં,
અંતરાય સર્વ અલ્પાયા;
અંતરનો અંધકાર મટીને મહીં,
જ્ઞાન દીપક પ્રગટાયા રે —મારી૦

આશ ને ઈષણા વિધ વિધ વાસના,
શોક સંતાપ સમાયા;
જમડાનો દાવ જડમૂળથી જઈને,
મારા જન્મમરણ અટવાયા રે —મારી૦

દોષો મારા, મારી દૃષ્ટિએ દેખાયા,
ને જોતજોતામાં પળાયા;
ગુણસાગર ગુરુ ઘટમાં બિરાજે,
સૂત્ર સિદ્ધાંતે ગવાયા રે —મારી૦

**શ્રીમદ્ ગુરુવર** વદન મનોહર,
દિવ્ય સ્વરૂપે દેખાયા;
કૃતકૃત્યને ધન્ય ધન્ય થયો હું,
નિરખી શ્રી દેવમાના જાયા રે —મારી૦

સંતોષ, સુખ, સંપત્તિ, સૌભાગ્ય સહ,
શાંતિનાં થાણાં થપાયાં;
કર ગ્રહીને વ્હાલે આપ્યું અભય વર,
કીધી કૃપા છત્ર છાયા રે —મારી૦

ભક્ત-વત્સલ નિજ ભક્તની ભક્તિથી,
પ્રેમના પંથે પળાયા;
સર્વ-આકાશ-વાસી, હૃદય-આકાશે પધાર્યા,
તો કોઈથી ન જાયે કળાયા રે —મારી૦

એવા **શ્રીમદ્ સદ્ગુરુપદ**-સેવા વિના,
માયાના પૂરમાં તણાયા;
સમ્યક્ રત્નત્રય **સુગુરુ** ભજન વિના,
જમડાના હાથે હણાયા રે —મારી૦

---

હાં રે મારે સજની ટાણું આવ્યું છે ભવજળ તરવાનું,
મોંઘો મનુષ્યનો **વારો,** ભવજળ તરવાનો આરો,
ડાહ્યા દિલમાં વિચારો, સત્સંગ કીજીએ. ૧

હાં રે મારે સજની આરે ચોઘડિયાં અમૃત લાભનાં,
વિજળી ઝબકારા જેવાં, મોતી પરોવી લેવાં,
ફરી ફરી નહિ મળે એવાં એ સત્સંગ કીજીએ. ૨

હાં રે મારે સજની સંત વચન ઉર ધારીએ,
ગાંઠ વાળી ના છૂટે, નિયમા નિશ્ચય ના ત્રુટે,
સંસાર છોને શિર કૂટે, સત્સંગ કીજીએ. ૩

હાં રે મારે સજની દાન દયાની ઘડીઓ છેલ્લી છે,
દાન સુપાત્રે કરજો, ધ્યાન પ્રભુજીનું ધરજો,
કાને કથા સાંભળજો, સત્સંગ કીજીએ. ૪

હાં રે મારે સજની સંત સાધુની સેવા કીજીએ.
પાપ પૂર્વનાં બળવા, બ્રહ્મ સ્વરૂપમાં ભળવા,
શ્રીમદ્ સદ્ગુરુને વરવા, સત્સંગ કીજીએ. ૫

હાં રે મારે સજની શિરને સાટે રે સદ્ગુરુ વ્હોરીએ,
પાછાં પગલાં નવ ભરીએ, મન કર્મ વચને હરિ વરીએ,
બ્રહ્માનંદ કહે ભવ તરીએ, સત્સંગ કીજીએ. ૬

---

પરકમ્મા કરીને લાગું પાય રે, સદ્ગુરુજી મારા;
તમો મળ્યાથી મહા સુખ થાય રે, વિશ્વંભર વાલા.

ભટકી ભટકીને આવ્યો શરણે રે, સદ્‌ગુરુજી મારા;
રાખો તમારે ચરણે રે, વિશ્વંભર વાલા.

દીનબંધુ દીન પ્રતિપાલ રે, સદ્‌ગુરુજી મારા;
હું છું અજ્ઞાની નાનું બાળ રે, વિશ્વંભર વાલા.

નજરો કરો તો લીલા નિરખું રે, સદ્‌ગુરુજી મારા;
હૃદયકમળમાં ઘણું હરખું રે, વિશ્વંભર વાલા.

માયાના બંધથી છોડાવો રે, સદ્‌ગુરુજી મારા;
ભક્તિના ભેદ બતાવો રે, વિશ્વંભર વાલા.

ત્રિવિધ તાપ શમાવો રે, સદ્‌ગુરુજી મારા;
ભવસાગર પાર ઉતારો રે, વિશ્વંભર વાલા.

તૃષ્ણાના પૂરમાં તણાયો રે, સદ્‌ગુરુજી મારા;
બુડતાં બાંય મારી ગ્રહો રે, વિશ્વંભર વાલા.

કામી ક્રોધી ને લોભી જાણી રે, સદ્‌ગુરુજી મારા;
દાસ સર્વેને લેજો તારી રે, વિશ્વંભર વાલા.

———*———

ચાલો રે સખી સદ્‌ગુરુ જોવાને જઈએ રે,
વ્હાલાજીને જોઈ જોઈ સુખીઆં થઈએ રે.
ચાલો રે૦ ટેક

વ્હાલાજી (સદ્‌ગુરુજી) તો બિરાજ્યા છે ફૂલવાડી રે,
જોઈ (નિરખી) મારી આંખલડી થાય ટાઢી રે. ચાલો રે૦

સદ્‌ગુરુજી (મહાપ્રભુજી) અરજ સુણો એક વાર રે,
મ્હારો છે મૂરખનો અવતાર રે. ચાલો રે૦

પત્થર કરતાં કઠણ હૈયું છે મારું રે,
તેમાં પ્રભુ નામ (સ્વરૂપ) ન ભેદ્યું તમારું રે. ચાલો રે૦

મારા તો મનની ગતિ અતિ વાંકી રે,
સદ્‌ગુરુજીએ પત્થર નાખ્યા છે ટાંકી રે. ચાલો રે૦

ટાંકીને મારગ મુગતા કીધા રે.
સદ્‌ગુરુજીએ મંત્ર અનુપમ દીધા રે. ચાલો રે૦

આત્મજ્ઞાન વિના ઘર સૂનું રે.
સદ્‌ગુરુજીએ સગપણ શોધી કાઢયું જૂનું રે. ચાલો રે૦

હવે હું તો સદ્‌ગુરુ ચરણ ઉપાસી રે,
હવે હું તો સદ્‌ગુરુ ચરણની દાસી રે,
મારા ઉપર કૃપા કરો અવિનાશી રે,
ચાલો રે સખી સદ્‌ગુરુ જોવા જઈએ રે.
વ્હાલાજીને જોઈ જોઈ સુખિયાં થઈએ રે. ચાલો રે૦

---*---

લાખ લાખ દીવડાની જ્યોત પ્રગટાવજો,
લાખ લાખ જ્યોતિથી આરતી ઉતારજો;
કોટિ કોટિ કરજો પ્રણામ —આજ દિન સોનાનો ઊગ્યો;
આજ મેહ મોતીના વરસ્યા;
રાજ મનમંદિરે પધાર્યા.

કોટિ કોટિ ઊર્મિથી રાજને વધાવજો,
તુંહિ તુંહિ એક પ્રેમ લગની લગાવજો;
ઉરનું અજ્ઞાન મહા અંધકાર ટાળવા,
મોક્ષાર્થી ભવ્યરૂપી કમળો વિકસાવવા;
જ્ઞાન ભાનુ બીજા શ્રીરામ —આજ દિન૦

અવનીમાં અમૃતની વૃષ્ટિ વરસાવવા,
ભવ્યોને અજર અમર પદ આપવા;
કલ્પવૃક્ષ રાજ સુખધામ —આજ દિન૦

રાજબોધ કિરણો ઊંડા ઉરે સ્થાપજો,
બહિરાત્મભાવ મહા અંધકાર ટાળજો;
રાજની વિદેહી અસંગ દશા ભાળજો,
સહજસ્વરૂપે મગ્નતા નિહાળજો;
સ્હેજે સહજાત્મતા સધાય—
પ્રેમે પરમાત્મતા પમાય —આજ દિન૦

સંસાર દુઃખ દરિયાનો પાર પામવા,
સ્વપ્નું અનાદિ ટાળી સ્વસ્વરૂપે જાગવા;
**રાજ** બોધ એ જ એક સાર;
**રાજ** વચન જીવન આધાર—આજ દિન૦

———*———

ગુરુ ઘેર આવ્યા તે દિવાળી,
રહું રે મારા નાથને નિત્ય નિહાળી. ગુરુ૦
**શ્રી** સહજાત્મ સ્વરૂપ ધ્યાવું,
શુદ્ધ ચૈતન્ય સ્વામીના ગુણ ગાઉં;
શ્રીમદ્ સદ્ગુરુ પદ શિર નામું,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૧
સખી રે આજ આનંદની હેલી,
વ્હાલાને વધાવું વહેલી પ્હેલી;
ફિરું રે હું તો ઘરમાં ઘેલી ઘેલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૨
પ્રભુજીએ પ્રીત પૂરવની પાળી,
હેતે ઘેર આવ્યા હાલી ચાલી;
લાગી રે મને ગુરુપદશું તાલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૩

પ્રીતલડીના બાંધ્યા પ્રભુજી આવ્યા,
સુખડાં મારા સ્વરૂપ તણાં લાવ્યાં;
મહાપ્રભુ મારા મનડામાં ભાવ્યા,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૪

કૃપાળુની કીકી કામણગારી,
તેમાં સખી સુરતા સમાઈ મારી;
લીધુ રે મેં તો નિજપદ સંભારી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૫

વ્હાલાજીનાં વહાલાં લાગે વેણાં,
સ્વરૂપ જોઈ ઠરે મારાં નેણાં;
ભાગ્યાં રે મારાં ભવભવનાં મેણાં,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૬

યોગેશ્વરના યોગબળે આલી,
વિજાતિ વૃત્તિ સર્વે વાળી;
સ્વજાતિની પ્રવહે પ્રણાલી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૭

દિવલડા તો દિલમાં અજવાળ્યા,
પરમગુરુ પોતામાં ભાળ્યા;
ગયા દિન દાસ તણા વાળ્યા,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦ ૮

પ્રભુપદ પ્રીતિ પ્રતીતિ વાધી,
આત્માર્થે આજ્ઞા આરાધી;
સમ્યક્ રત્નત્રયની એકતા સાધી,
ગુરુ ઘેર આવ્યા તે દિવાળી૦
રહું રે મારા નાથને નિત્ય નિહાળી૦ ૯

———*———

ધન્ય ગુરુરાજ! બોધિસમાધિનિધિ!
ધન્ય તુજ મૂર્તિ! શી ઉર ઉજાળે!
મુજ સમા પતિતને ભવથી ઉદ્ધારવા,
જ્ઞાન તુજ જ્યોતિ ઉર તિમિર ટાળે. ધન્ય ગુરુ૦ ૧

પ્રશમરસ નીતરતી સ્વરૂપમાં મગ્ન શી!
મૂર્તિ ગુરુરાજની આજ ભાળી;
ભવદવાનલ જ્વલિત જીવને ઠારવા,
શાંત શીતળ શશી-શી નિહાળી! ધન્ય ગુરુ૦ ૨

આત્મ અનુભવરસાસ્વાદમાં મલકતી!
જ્ઞાનવૈરાગ્યશમનિધિ સુહાવે;
ચિત્ત તન્મય થતાં તાપ દૂરે ટળે,
શાંતિ સિદ્ધિ સકળ સમીપ આવે. ધન્ય ગુરુ૦ ૩

શાંત મુદ્રા પ્રભુ આપની નિરખતાં,
આપ સમ મુજ સ્વરૂપ લક્ષ આવે;
પ્રેમ, પ્રતીતિ, રુચિ, ભક્તિ સહજાત્મમાં,
જાગતાં એ જ, પદ એક ભાવે. ધન્ય ગુરુ૦ ૪

તુંહિ તુંહિ સ્મરણથી, રટણથી, મનનથી,
સહજસ્વરૂપે અહો! લગન લાગે;
આત્મ-માહાત્મ્ય અદ્‌ભુત ઉરમાં વસ્યે,
દેહનો મોહ દૂર ક્યાંય ભાગે! ધન્ય ગુરુ૦ ૫

એક એ જોઉં, જાણું, અનુભવું મુદા,
એક એ સ્વરૂપમાં મગ્ન થાઉં;
એ વિના સર્વ પરભાવ દુઃખખાણને,
પરિહરી આત્મ આનંદ ધ્યાઉં. ધન્ય ગુરુ૦ ૬

શરણ તું, ત્રાણ તું, પરમ આધાર તું,
તુજ દશા ઉર્વશી ઉર વસાવું;
દિવ્ય આત્મિક સુખમાં રમણતા લહી,
સહજ બોધિ સમાધિ જગાવું. ધન્ય ગુરુ૦ ૭
'આજ કૃતપુણ્ય ધન્ય દિવસ મારો થયો,
આજ નરજન્મ મેં સફળ ભાવ્યો;'
આત્મ-આનંદ અમૃતરસ રેલતો,
શાંત સહજાત્મ પ્રભુ દિલ વસાવ્યો. ધન્ય ગુરુ૦ ૮

---

આજ મારા સભામંડપમાં મોતીના મેહ વરસ્યા રે.
આજ મારા મનમંદિરમાં રત્નોના મેહ વૂઠયા રે;
રાજપ્રભુ અવની અવતરિયા, તત્ત્વામૃત રસવરસ્યા રે. આ૦ ૧
ધન્ય ભૂમિ ભારત જળહળતી, ગોરવવંતી ગાજે રે;
જગ પાવનકર જનમ્યા આજે, જન્મ શતાબ્દી રાજે રે. આ૦ ૨
ઓગણીસો ચોવીસ કારતકની, શુભ્ર પૂર્ણિમા સોહે રે;
દેવદિવાળી જન હિતકારી, રાજચંદ્ર જગ મોહે રે. આ૦ ૩
પૂર્વ ભવો પ્રત્યક્ષ નિહાળ્યા, લઘુવયથી મહા જ્ઞાની રે;
ભવાબ્ધિથી ભવ્યો ઉદ્ધરવા, મહા સમર્થ સુકાની રે. આ૦ ૪
આત્મ અનુભવ ઝળહળ જ્યોતિ, પ્રતિમા-શી ઉલ્લસંતી રે!
ભવ્યોના અજ્ઞાન તિમિરને હરવા અતિ ઝલકંતી રે. આ૦ ૫
અંતર્મગ્ન દશા મનોહારી, શાંત મૂર્તિ વૈરાગી રે;
શરીર છતાંય અશરીરીભાવે, રાજે અંતર્ત્યાગી રે. આ૦ ૬
અદ્‌ભુત અમૃત રસ વરસંતી, વાણિ ભવિમન ઠારે રે;
જન્મમરણ ભવ તાપ નિવારે, સુખ, શાંતિ વિસ્તારે રે. આ૦ ૭
શ્રી લઘુરાજ, સુભાગ્ય, જૂઠાભાઈ, અંબાલાલ સુભાગી રે;
સ્વરૂપદર્શન સ્હેજે પામ્યા, સહજાતમલય લાગી રે. આ૦ ૮

સમ્યગ્દર્શન જ્ઞાન ચરણરૂપ, રત્નત્રય વરસાવી રે;
બહુ ભવ્યોનાં કારજ સાર્યાં, કૃપા અતિ દર્શાવી રે. આ૦ ૯

કૃપા કૃપાળુ અમ પર કરજો, ઉર અંધારું હરજો રે;
સર્વ જગતનું શ્રેય કરી પ્રભુ, વિશ્વ શાંતિ વિસ્તરજો રે. આ૦ ૧૦

સત્ય સનાતન શાશ્વત વસ્તુ, આત્મા ઘટ ઘટ ભાસે રે;
પ્રેમ પ્રીતિ તે પ્રત્યે જાગે, તુંહિ તુંહિ તત્ત્વ પ્રકાશે રે. આ૦ ૧૧

સત્ય, અહિંસા, સમતા, ક્ષાંતિ, તત્ત્વદૃષ્ટિ ઉલ્લસે રે;
સત્સુખ સત્શાંતિ સો પામી, નિર્ભય નિજપદ વિલસે રે. આ૦ ૧૨

---*---

સંકટ સહી સમભાવ, રૂડા **રાજને** ભજીએ;
પામી અલૌકિક દાવ, શુદ્ધ સદ્ગુણ સજીએ.

સદ્ગુરુ સન્મુખ જે જીવાત્મા, તેની સંગત કરીએ;
શ્રીમદ્ સદ્ગુરુ વિમુખ જે પ્રાણી, તસ પરિચય પરિહરીએ.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

જગત ભગતને વેર અનાદિ, સહુનાં મેણાં સહીએ;
જે કહે તેને કહેવા દઈએ, પ્રભુ ભજનમાં રહીએ.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

કંકર તે હીરા થઈ બેઠા, પણ કંકર હીરા કેમ કહીએ?
કંકર હીરાની પરીક્ષા ત્યારે, જ્યારે ઘણની ચોટો દઈએ.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

બગલા તે હંસલા થઈ બેઠા, પણ બગને તે હંસ કેમ કહીએ?
બગ ને હંસની પરીક્ષા ત્યારે, જ્યારે મોતીનો ચારો ચરૈયે.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

સદ્ગુરુ સેવમેં વિઘ્ન કરે જો, માતાપિતાદિ મહાન;
તો તેને પરિહરીએ પ્રીતે, જાણી શત્રુ સમાન.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

રાજને ઓળખી રાજને ભજશે, ત્યજશે લૌકિક લાજ;
રાજને આશ્રયે રહેશે તેનાં, શ્રી રાજ સુધારશે કાજ.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

સત્ ચિત્ આનંદ રૂપ રત્નત્રય, તેની સેવા સાર;
તેહી જ શ્રીમદ્ **રાજની** સેવા, એક મને આધાર.
રૂડા રાજને ભજીએ. સંકટ૦

———*———

શ્રી સહજાત્મ સ્વરૂપ છો, સદ્ગુરુ રાજ,
કરુણા રસના કૂપ છો, સદ્ગુરુ રાજ.
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી છો, સદ્ગુરુ રાજ,
સર્વ પ્રકારે નિષ્કામી છો, સદ્ગુરુ રાજ.
શ્રીમદ્ સદ્ગુરુ રાજ છો, સદ્ગુરુ રાજ,
પંડિતજન શિરતાજ છો, સદ્ગુરુ રાજ.
તારણતરણ જહાજ છો, સદ્ગુરુ રાજ,
સાચા ગરીબનવાજ છો, સદ્ગુરુ રાજ.
પ્રેમી જનોના પ્રાણ છો, સદ્ગુરુ રાજ,
મારા અંતરના જાણ છો, સદ્ગુરુ રાજ.
જોયું મેં જગતે કરી, સદ્ગુરુ રાજ,
ફરી ફરીને ફેરા ફરી, સદ્ગુરુ રાજ.
આપ વિના ન દેખ્યું કશું, સદ્ગુરુ રાજ,
હું તું તે સહ તમ વશુ, સદ્ગુરુ રાજ.
વ્યાપી રહ્યા છો સહુ સાથમાં, સદ્ગુરુ રાજ,
આવ્યા છો મારા હાથમાં, સદ્ગુરુ રાજ.
હવે ન છોડું છેડલો, સદ્ગુરુ રાજ,
મૂકું નહીં તારો કેડલો, સદ્ગુરુ રાજ.

જાણ્યા તમોને જ્યારથી, સદ્‌ગુરુ રાજ,
હું ને મારું ગયું ત્યારથી, સદ્‌ગુરુ રાજ.

આવ્યા મંદિરિયે માણવા, સદ્‌ગુરુ રાજ,
પૂર્વની પ્રીત પ્રમાણવા, સદ્‌ગુરુ રાજ.

હેત અમારું જોઈને, સદ્‌ગુરુ રાજ,
ભેટચા છો દુવિધા ખોઈને, સદ્‌ગુરુ રાજ.

કહેવું તે સહુ વ્યવહાર છે, સદ્‌ગુરુ રાજ,
નિશ્ચય મૌન એક સાર છે, સદ્‌ગુરુ રાજ.

રત્નત્રયના રાય છો, સદ્‌ગુરુ રાજ,
સમજે તેને સદા સ્હાય છો, સદ્‌ગુરુ રાજ.

---

સહજાત્મ સ્વરૂપ સુણો વિનંતી રે,
હું તો વીનવું વિનયે દિન રાત, મારા નાથ,

હવે ન ચૂકું તારી ચાકરી રે;
મારા આત્મા તણી કરો ઉન્નતિ રે,
તમે સાચા મારા માત તાત, મારા નાથ. હવે૦

હું તો બાળપણે ન ઓળખી શક્યો રે,
મેં તો જાણી સાધારણ વાત. મારા નાથ. હવે૦

પછી મત મમતે ઉન્મત્ત થયો રે,
મ્હેં તો કીધા અનેક ઉત્પાત. મારા નાથ. હવે૦

કોઈ પૂર્વના શુભ સંસ્કારથી રે,
મ્હેં તો સુણ્યા તારા અવદાત. મારા નાથ. હવે૦

વળી વચનામૃત સુવિચારિયાં રે,
મને લાગ્યાં તે ખરાં ખરેખાત. મારા નાથ. હવે૦

તારા કૃપાના પાત્રની કૃપા વડે રે,
મને મળ્યા તમે સાક્ષાત્, મારા નાથ. હવે૦
પ્રભુ કેમ ભૂલું કોઈ કાળમાં રે,
મને સંબોધ્યો ગ્રહી હાથ. મારા નાથ. હવે૦
મેં તો પ્રત્યક્ષ સદ્‌ગુરુ ભેટિયા રે,
મારો અંતરાત્મા હર્ષાત. મારા નાથ. હવે૦
હું તો પૂર્વ ભણેલ સર્વ ભૂલિયો રે,
મેં તો પામી અપૂરવ વાત. મારા નાથ. હવે૦
મારે અસત્સંગની આખડી રે,
સત્ય સંગે હૃદય ઉલ્લસાત. મારા નાથ. હવે૦
મને ડાહ્યા ગણતા ગણે ગાંડિયો રે,
તેથી અંતરંગ નહિ અકળાત. મારા નાથ. હવે૦
મને ભ્રષ્ટ ગણીને ભાંડે ઘણા રે,
તેથી સુણી સુણી થાઉં રળિયાત. મારા નાથ. હવે૦
કદી ઘોર પરિષહ ઊપજે રે,
તેની ચિંતા નહીં તિલ માત. મારા નાથ. હવે૦
પણ વ્હાલા તમારા વિયોગનો રે,
દુઃખ નિમિષ માત્ર ન સહાત. મારા નાથ. હવે૦
મને દીજે અખંડ ઉપાસના રે,
સદ્‌ગુરુ સત્સંગનો સાથ. મારા નાથ. હવે૦
વળી રત્નત્રયની દીજે ઐક્યતા રે,
હું તો માગું ચરણ ધરી માથ. મારા નાથ. હવે૦

*

અતિ આનંદકારી જનહિતકારી, ભવ દુઃખહારી નામ
તમારું નાથ,
કરી કરુણા ભારી કલિમલ ટાળી, અતિ ઉપકારી ગ્રહો
ગુરુ મમ હાથ.

દીન દયાળ તું પરમકૃપાળુ, હું અજ્ઞાની બાળ;
દીન, હીન, આ અજ્ઞ શિશુની, લે પળ પળ સંભાળ રે.
અતિ૦ ૧

ધન તન નારી પુત્ર મિત્રો સૌ, બે દિનના મહેમાન;
સંધ્યારંગ સમાન સુકીર્તિ, વિષયો વિષ સમાન રે
અતિ૦ ૨

ઈન્દ્ર નરેન્દ્ર ધન ધન્વંતરી, નહિ બચાવે કોય;
કાળ આવી કરે કોળિયો, સત્ય શરણ તુજ હોય રે.
અતિ૦ ૩

ભવ અટવીમાં ભારે દુઃખો, જન્મમરણનાં મુખ્ય;
સાંભળતાં પણ હૈયું કંપે, રાખો નહીં વિમુખ રે.
અતિ૦ ૪

જન્મ-મરણ સુખ દુઃખ સર્વે, સહે એકલો જીવ;
પ્રિય પુત્રી સ્ત્રી સગાં પરિજન, કરે અનર્થ અતીવ રે.
અતિ૦ ૫

અમર અજન્મા જીવ કોઈનો, પિતા પુત્ર નહિ થાય;
દેહ ગેહ સૌ અન્ય જણાતાં, સત્ય તત્ત્વ સમજાય રે.
અતિ૦ ૬

અશુચિ બીજે ઊપજે કાયા, અશુચિનું એ મૂળ;
વહે દુર્ગંધ સર્વે દ્વારે, ત્યાં મમતા એ ભૂલ રે.
અતિ૦ ૭

રાગી દ્વેષી મોહી બનતાં, આ જીવ કર્મ કમાય;
યોગ ચલન-રૂપ આસ્ત્રવદ્વારે, કાણી નાવ ભરાય રે.
અતિ૦ ૮

સમ્યગ્ દર્શન સમતા ભાવે, કર્મ નવાં રોકાય;
વ્રત સમિતિ ત્રિગુપ્તિ દ્વારા, કાણાં સર્વે પુરાય રે.
અતિ૦ ૯

અમુક સ્થિતિનાં સર્વે કર્મો, ક્ષણે ક્ષણે ક્ષય થાય;
આત્મભાવમાં લય લાગે ત્યાં, જલદી નિર્જરી જાય રે.
અતિ૦ ૧૦

ત્રિવિધ તાપે લોક બળે બહુ, રાગાદિકરૂપ આગ;
ભોગ-તૃષાનો ત્રાસ સહે સૌ, શીતલ તું વીતરાગ રે.
અતિ૦ ૧૧

દુર્લભ નરભવ સાચી શ્રદ્ધા, આત્મજ્ઞાન વૈરાગ્ય;
બોધિ દુર્લભ અંત સુધી દઢ, ટકાવતા મહાભાગ્ય રે.
અતિ૦ ૧૨

આત્મધર્મનો મર્મ બતાવે, તેવા ગુરુનો યોગ;
શ્રુત ધર્મે મન પ્રેમ ધરે જેમ, કંચન કામિની ભોગ રે.
અતિ૦ ૧૩

ભક્તિ ભલી ભગવંત તમારી, સૌ સાધનનો સાર;
પ્રેમ પ્રમાણે પ્રભુ પ્રગટાવે, મોક્ષ તણી નહિ વાર રે.
અતિ૦ ૧૪

———*———

જન્મ્યા કળિકાળ કેવળી,
રાયચંદા દેવામાના લાલ રે. આજ દેવદિવાળી૦

ભક્તોના અંતર ઠારવા,
રાજ પ્રગટયા જગત્ પ્રતિપાલ રે. આજ દેવદિવાળી૦

હે! કેસર કુમકુમના કરો સાથિયા ને,
કાંઈ પ્રગટાવો દીપમાળ રે. આજ દેવદિવાળી૦

હરખે વધાવો મારા નાથને,
અને ભક્તિમાં થાઓ ઉજમાળ રે. આજ દેવદિવાળી૦

હે! એક એક બોલે અમૃત ઝરે,
એવી મીઠી મારા રાજની વાણી રે. આજ દેવદિવાળી૦

પ્રેમે હરિરસ ઝીલતાં,
શ્રી લઘુરાજ, સુભાગ્યે માણી રે. આજ દેવદિવાળી૦

હે! મોહનિદ્રાથી જગાડવા,
અને મોહન મોરલી વાગી રે. આજ દેવદિવાળી૦

જેણે સુણી એનાં છૂટયા ઘરબાર,
એનાં કર્મોમાં લાગી લ્હાય રે. આજ દેવદિવાળી૦

હે! દુ:ખના વિઘન ગયા વેગળા,
ને મારી ભ્રાંતિનો કીધો ભંગ રે. આજ દેવદિવાળી૦

હે! હ્રદયમટુકી ભરી પ્રેમની,
ને માંહી પધરાવો રૂડા રાજ રે. આજ દેવદિવાળી૦

રાજની ગોપાંગના થઈને નાચીએ,
ત્યાગી સકલ લોક લાજ રે. આજ દેવદિવાળી૦

હે! રાજને ભજતાં, રાજને પામશુ,
ભૂલીશું દેહનું ભાન રે. આજ દેવદિવાળી૦

રોમ રોમ પ્રગટે રાજ સમાધિ,
હવે સ્વરૂપમાં થાશું એકતાન રે. આજ દેવદિવાળી૦

હે! કહેને સખી! અલી કયાંરે છુપાયો,
ભક્તોના ઉરનો આનંદ રે. આજ દેવદિવાળી૦

ઘેલી ગોપાંગનાને હૈયે સમાયો,
માધવીનો રાયચંદ રે. આજ દેવદિવાળી૦

---

## બ્રહ્મચારીજીરચિત સ્તુતિ

પતિ પરમકૃપાળુ મારા રે, અવિનાશી સુખ દેનારા રે,
તેને નિત રાજી કરવા રે, તેની જ કૃપાને વરવા રે... ૧

આ જીવન હવેનું ગાળું રે, ભવભણી હવે ના ભાળું રે,
એવો નિશ્ચય કરી મનમાં રે, મૂકું તેને વર્તનમાં રે... ૨

તેની જ વાતો ઉચ્ચારું રે, મનમાં તેને જ વિચારું રે,
તેને જ સદા સંભારું રે, તેના પ્રતિ પ્રેમ વધારું રે... ૩

પૂછું તો તેની જ વાતો રે, જાવા દઉં પર-પંચાતો રે,
તેમાં જ કરું તત્પરતા રે, ના રાખું ભાવો ફરતા રે.... ૪

તેની આજ્ઞા નિત પાળું રે, ક્ષણ ક્ષણ મંત્રે મન વાળું રે,
બીજું ના ઈચ્છું કાંઈ રે, એ અચળ કરું ઉરમાંહી રે... ૫

બહુ કાળ થકી આથડયો રે, જીવ નરક નિગોદે પડયો રે,
હવે પરમકૃપાળુ જડિયો રે, ચિંતામણી હાથે ચઢિયો રે. . ૬

તો હવે ઊણપ છે શાની રે, પુરુષાર્થે માત્ર કરવાની રે,
તે કરવા મંડી પડવું રે, મુક્તિ સોપાને ચઢવું રે... ૭

શું કરવા કાજે આવ્યો રે, ને શામાં કાળ ગુમાવ્યો રે,
શું કરી રહ્યો છું આજે રે, એ નિત્ય તપાસું સાંજે રે.... ૮

આ નીરસ છે સંસાર રે, એમ જ્ઞાની કરે પોકાર રે,
તો તેમાં ચિત્ત ન રાખું રે, એક જ ભક્તિરસ ચાખું રે... ૯

રહેતા પણ બીજે કામે રે, સીતા મન રમતું રામે રે,
તેમ પરમકૃપાળુ શરણે રે, રહી કરું લીનતા શરણે રે. . ૧૦

---

લગની તો સદ્ગુરુ શું લાગી, જે તન મન ધન આશા ત્યાગી
સાંભળ વાત કરું સાહેલી
કીધા રે મેં તો બલિયાજી બેલી.
માથું રે પહેલું પાશંગમાં મેલી. લગની તો૦
સુગુરુ વિના બીજો જો ધારું
તેથી તો જીવિત બગડે છે મારું
જીતી બાજી હાથે શું હારું. લગની તો૦
સદ્ગુરુ વિના બીજો જો વરીએ
રાજે ચઢી ખચ્ચર કેમ ચઢીએ?
એવું જીવ્યાથી ભલું જો મરીએ. લગની તો૦
ન ડરે એ તો લોકતણી લાજે
કે શીર ઉપર રાજેશ્વર ગાજે
દેહ ધર્યો પરમારથ કાજે લગની તો૦
મર્યાદા મેં તો લોકતણી મેટી
પ્હેરી રે મેં તો પ્રેમતણી પેટી
શ્રી લઘુરાજના સ્વામિને ભેટી. લગની તો૦

---*---

હે કૃપાળુ પ્રભુ આપજો આટલું અન્ય ના આપની પાસ યાચું,
સત્ય નિર્ગ્રંથતા, નિજ નિર્મળ દશા, શુધ્ય ચૈતન્યતા, ના ચૂકું હું,
સકળ સંસારમાં સાર કંઈ હોય તો, ધ્યેય આ આટલો દૃઢ ધારું,
આપને આશ્રયે, જન્મ જંજાળને, છેદો નિ:શંક નિર્દોષ થાઉં.
હે કૃપાળુ૦ ૧

સ્વપર ચિંતા કરો, ચિત્ત ચંચળ રહે, ના કરે ધર્મનો મર્મ ધારો,
દૃષ્ટિ મિથ્યાવળી જ્ઞાન મિથ્યા થતા, તેવો પ્રવૃત્તિમાં વૃત્તિ રાચો,
તે ત્રણે ટાળીને, સત્ય દર્શન અને, જ્ઞાન સમ્યક્ તથા વૃત્ત ધારું,
દોષને ટાળીને, ગુણને ધારીને, વિનયથી પુષ્ટતા નિત્ય પામું
હે કૃપાળુ૦ ૨

કામક્રોધાદિ નિર્મૂળ જેથી બને,- આપના બોધથી શાંતિ પામું,
સર્વ અભિલાષનો નાશ કરો મોક્ષની, એક આશા સદા ઉર ધારું.
કાળ અનંતા થકો, કર્મ કૂટો રહ્યો, તે થકો થાકો નિર્વેદ વેદું,
આપ સમ સંતની વાણીમાં લીનતા, સાથ આસ્થા ધરું ઉરમાં હું.
હે કૃપાળુ૦ ૩

આમ આત્મા તણો ઘાત થતો ટાળવા, સર્વ પ્રત્યે દયા શુધ્ધ ધારું,
કાળ કળી છે રહું ચેતતો નિત્ય હું, સ્વામિભક્તિ વિષે ચિત્ત મારું,
સુ:ખ દુ:ખ વાદળાં, શ્વેત ને શામળાં, કલ્પનારૂપ ના કોઈ સાચું,
આપની જ્યાં કૃપા, મુજ મનમાં વસી, શુધ્ધ ધ્યાને અહો નિશ રાચું.
હે કૃપાળુ૦ ૪

———*———

શ્રી દેવદિવાળી પર્વનો, મહોત્સવ મંડાય.
અષ્ટાદિક એ આજથી, આનંદ મંગલ થાય.

પરમ કૃપાળુ દેવ શ્રી રાજચંદ્ર ગુરુ રાઈ.
કૃપા કરો કિંકર ઉપર, તો તુજ કીર્તન થાય.

નવીન વર્ષમાં પર્વ આ તુજ કૃપા દેનાર;
સફળ કરે નર જન્મને કરી કલ્યાણ અપાર.

———*———

આતમ સાખે ધર્મ જે, તિહાજનનું શું કામ?
જનમનરંજન ધર્મનું મૂળ ન એક બદામ,

દૂર રહિજે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ.
સંગતિ કીજે સંતની, હુઈએ તેહના દાસ"—

———*———

દેવ કૃપાળુ દેવ! શ્રી **રાજચન્દ્ર** દેવ!
શ્રી સહજાત્મ દેવ! પરમ કૃપાળુ દેવ!
સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ એ મંત્ર જાપતાં;
સ્થિરતા થતી મુજ મન મહીં એ ભાવ ભાવતાં,
દેવ કૃપાળુ દેવ!

સંકટ સકળ સંસારના સમભાવથી સહી;
ચરણ ચહું તુજ સંતના સ્વરૂપમાં રહી.
દેવ કૃપાળુ દેવ!

નિશદિન રહું તુજ ભક્તિમાં જગને ભૂલી જવા;
નિ:શંક થઈ નિર્ભય બની, નિ:સંગ થઈ જવા.
દેવ કૃપાળુ દેવ!

*

## શું સાર છે સંસારમાં?

જાગી જો જીવ તું વિચાર કરી જો, શું સાર સંસારમાં?
જીવો સર્વ દુ:ખી દુ:ખી, બળી રહ્યા, રાગાદિ અંગારમાં;
આધિ વ્યાધિ ઉપાધિ આદિ દુ:ખનો સંતાપ જ્યાં સર્વદા,
મૃત્યુ જન્મ જરાદિ દુ:ખ દરિયો, ત્યાં સૌખ્ય શું? જો કદા? ૧

પામી દુર્લભ આ મનુષ્ય ભવને જો તત્ત્વ જાણ્યું નહીં,
આવ્યો પાર ન જો ભવાબ્ધિ દુ:ખનો શું શ્રેય સાધ્યું અહીં?
હું છું કોણ? સ્વરૂપ શું મુજ તણું? આ બંધનો શાં બધાં?
છેદી સર્વ પ્રપંચ સંસૃતિ દુ:ખોનો અંત આણું કદા? ૨

ચોરાસી લખયોનિમાં જીવ ડૂબ્યા, ચારે ગતિમાં ભમે,
વેદે દુ:ખ સદા પરાધીન રહી, સત્સૌખ્યમાં ના રમે;
ચક્રી શક્ર સમા સુખી પણ ચહે, આત્મિક શાશ્વત સુખો,
આ ચિંતામણિ યોગ સાર્થક કરું, છેદું ભવાબ્ધિ દુ:ખો. ૩

દેખું **રાજ** નિમગ્ન આત્મસ્વરૂપે, સત્શાંતિમાં રાજતા,
ટાળી ભ્રાન્તિ અનાદિ આત્મિક સુખે, અત્યંત વિરાજતા;
રોકું વૃત્તિ અતિ જતી વિષયમાં, રોકું વિકલ્પાવલી,
ત્યાં સહજાત્મ પ્રકાશ જ્યોતિ ઝળકે, ઊર્મિ ઉરે ઉજ્જ્વલી. ૪

વૃત્તિ સ્થિર થતાં પ્રભુ સ્વરૂપમાં, તાત્ત્વિક દૃષ્ટિ લસે,
શાંતિ શીતળતા સુધારસ નિધિ, સ્હેજે ઉરે ઉલ્લસે;
શ્રી સહજાત્મતણો અચિંત્ય મહિમા, દૃષ્ટિ પંથે જ્યાં વસે,
ભાસે તુચ્છ ત્રિલોક, વૃત્તિ વિરમે, સ્વાત્મસ્થતા વિલસે. ૫

આત્મા આત્મસ્વરૂપમાં રમી રહે, ના અન્ય ભાવે ભમે,
તે માટે ગુરુરાજનું શરણ હો, અત્યંત નિશ્ચલ ક્રમે;
ભક્તિ હે ભગવંત! આપ પદની, આ રંકને હો સદા,
આવા આ કળિકાળમાં પરમ એ, આધાર હો સર્વદા. ૬

ધ્યાવું ધ્યાન સદાય આપ પદનું, ચિત્તો વસો સર્વદા,
ભાવું ભાવનં એક આપ પદનું, બીજું ના ચાહું કદા;
નિત્યે જાપ જપું, તુંહિ તુહિ રટું, વૃત્તિ સ્વરૂપે વહો,
ચાહું બોધિ સમાધિ **રાજ** પ્રભુશ્રી, સિદ્ધિ સમીપે રહો. ૭

———*———

આ સંસાર અપાર દુઃખ દરિયો, દુસ્તીર્ણ સ્હેજે તર્યા,
શ્રીમદ્ સદ્ગુરુ રાજ અદ્‌ભુત દશા, સ્વાત્મસ્થ શાંતિ વર્યા;
દેહાતીત સમાધિ સૌખ્ય ઝરતી, મુદ્રા શી આહ્‌લાદિની!
સ્વાત્મામાં જ નિમગ્ન, ભિન્ન પરથી ચૈતન્ય આસ્વાદિની!!

આત્માનો જગમાં અચિંત્ય મહિમા સર્વોપરી એક એ,
એથી અન્ય સમસ્ત હીન ગણીને, એમાં જ તલ્લીન જે;
એવા શુદ્ધ સ્વરૂપમાં રમી રહ્યા, વિભાવથી વિરમ્યા,
એ જ્ઞાની સહજાત્મને ઉર ધર્યા, તે સૌ સ્વરૂપે રમ્યા.

જીવનમુક્ત કૃપાળુ રાજ ઉરમાં, મારા વિરાજો પ્રભો!
તો સંસાર સમસ્ત કલેશ ટળીને, શાંતિ લહું હું વિભો!
આ સૌ પુદ્ગલ કે વિભાવ મુજથી, ન્યારા છતાં તેહમાં,
'હું મારું' ગણી દુઃખમાં ભવ ભમ્યો, રાચી રહ્યો દેહમાં.

આ ભ્રાન્તિ ગ્રહ છે મને વળગિયો, તે તો તમો સંહરો,
દૃષ્ટિમોહ હરી, સુદર્શન દઈ, સ્વાત્મસ્થ વૃત્તિ કરો;
સ્વાત્મામાં સ્થિર હે પ્રભો! પ્રશમતાને સીંચતી મૂર્તિ શી!
આપો બોધિસમાધિ, શાંતિ અમને શાશ્વત નિજાત્મિકશ્રી.

—*—

નાથ તેરે દર્શન કી બલિહારી, જાઉં વારી મેં વાર અપારી. ટેક

પ્રભુદર્શન પ્રભુતા કે કારણ, કહત હૈ શાસ્ત્ર પોકારી;
સ્વાનુભવ સે પ્રીત સત્ય, દર્શન નયન ઉઘારી. નાથ૦ ૧

જેસો જ્ઞેય તેસો જ્ઞાન હોવે, ઈન મેં ન શંકા લગારી;
તા કારણ વીતરાગ કી મુદ્રા, નીત્ય નિરખો નરનારી. નાથ૦ ૨

મહાસાગર મેં મત્સ્ય હોત હૈ, જિનમુદ્રા આકારી;
સો દેખી અન્ય મચ્છ પ્રતિબૂઝે, પરભવ લેત સંભારી. નાથ૦ ૩

અભયકુંવર આર્દ્રકુંવર કો ભેજી, પ્રભુપ્રતિમાં સુવિચારી;
પ્રતિબોધ્યા શ્રી આર્દ્રકુંવરજી, નિરખત ધારી ધારી. નાથ૦ ૪

પ્રભુપદ શુદ્ધ ચૈતન્યદ્રવ્યમાંહી, દેખ શકે ન સંસારી;
તા કારણ સે નામ નમુના, આરોપ્યા ઉપગારી. નાથ૦ ૫
નામ નમુના બિન મહાપ્રભુ સે, કિસ વિધ લાગે તારી;
સાલંબની હુવે આલંબન, સ્વભાવે સુખાકારી. નાથ૦ ૬
પ્રભુદર્શન સ્મરણ સેવન બિન, અવર નકો આધારી;
રત્નરાજકું ભક્ત વચ્છલ પ્રભુ, દિયોજી ભક્તિ તિહારી નાથ૦ ૭

—*—

મારે માથે રાજ ધણી રૂડો, પહેર્યો અખંડ આનંદનો ચૂડો;
આજે પ્યાલો પ્રેમ તણો પીધો, સદ્‌ગુરુજીએ કૃપા કરી દીધો.
મુક્તિનો મારગ બતલાવ્યો સીધો. મારે૦ ૧

શરણ ઓથે ગુરુવર છોબેલી, ચાલુ સંગે મર્યાદા મેલી;
મગનમદ થઈ છું રંગરેલી. મારે૦ ૨

સમરથ શિર સદ્‌ગુરુજી ગાજે ડરતી નથી કોઈની ધરી લાજે;
રાજેશ્વર છો સદા શિરતાજે. મારે૦ ૩

રહીએ રે એક ગુરુવરના થઈને, મહેણાં દે છે લોક મોઢે કહીને;
છેડો નાખ્યો સાથે નિર્લજ થઈને. મારે૦ ૪

ગજ શિર અસવારી કરશે, શંકા શીદ લોક તણી ધરશે?
કેડે શ્વાન ભસી ભસી મરશે. મારે૦ ૫

તન મન ધન સોંપ્યું તમોને જાણી, સુરતી નાથ નિરખી હું લોભાણી;
મહા પદ લેવું મારે માણી. મારે૦ ૬

હવે તે મન ડગમગ કેમ કરીએ? હવે પાછાં પગલાં કેમ ભરીએ?
આવીને નિર્ભય નિશાને ઠરીએ. મારે૦ ૭

શ્રી સહજાત્મસ્વરૂપી સુખધામ; શુદ્ધ ચૈતન્યસ્વામી નિષ્કામ;
બીજા કોઈનું મારે નથી કામ. મારે૦ ૮

રણછોડો શ્રીમદ્‌સુંદિર શ્યામ રત્નત્રય આશા વિશ્રામ;
પ્રગટ પુરુષોત્તમને પ્રણામ. મારે૦ ૯

---*---

શ્રીમદ્ સદ્‌ગુરુ, સેવો સેવ્ય બુદ્ધિ કરી;
સેવા ભાવે, સેવા અગમ અપાર જો;
વિત્તજા, તનુજા, માનસી, આજ્ઞા આખરે,
સેવ્ય સેવવા સેવા ચાર પ્રકાર જો. —શ્રીમદ્૦ ૧

સદ્‌ગુરુ સુપ્રસન્ન કરવા જે ચહાય તે,
ત્યાગે સર્વે જૂઠી મનની ટેક જો;
પતિવ્રતાનો ધર્મ અચળ કરી પાળવો,
ગુરુ-ચરણે રહેવું અબળા થઈ છેક જો. —શ્રીમદ્‌૦ ૨

વળી એક વાત કહું છું અધિક વિવેકની,
સત્પાત્રોના સાચા સુખને કાજ જો;
ગુરુજન સંગે રાખો પૂરણ પ્રીતડી,
ત્યાગી મદ, મત્સર, જૂઠી કુળલાજ જો. —શ્રીમદ્‌૦ ૩

સુખદાયક એક જાણો શ્રીમદ્‌ સદ્‌ગુરુ,
અતિ દુ:ખદાયક મન પોતાનું જાણજો;
માટે કાઢી નાખીને, મતિ-કલ્પના,
સહુની સાથે બોલે અમૃત વાણ જો. —શ્રીમદ્‌૦ ૪

વળી સાંભળ, કહું સદ્‌ગુરુ રીઝની રીતડી,
શ્રી મહાપ્રભુને, માન સંઘાતે વેર જો;
સાધન સર્વે, માન બગાડે પલકમાં,
જેમ ભળ્યું, પય-સાકરમાં અહિ-ઝેર જો. —શ્રીમદ્‌૦ ૫

દાસી થઈને રહેવું દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો,
ઇન્દ્રાદિક દેવોને પણ મળતી નથી,
પુરુષોત્તમ પાસે બેઠાની જાગ્ય જો. —શ્રીમદ્‌૦ ૬

પ્રીતિ કરે પરમારથ અર્થે નિત્ય નવી,
દાઝે નહિ દેખીને પરસન્માન જો;
માન મેલીને મગ્ન થઈને સેવતાં,
સહેજે રીઝે શ્રી સદ્‌ગુરુ ભગવાન જો. —શ્રીમદ્‌૦ ૭

પરમ કૃપાળુની પ્રીતિ રીતિ મનમાં ધરે,
એક નિષ્ઠાએ વર્તે સદ્‌ગુરુ સંગ જો;
પુરુષોત્તમને નથી કોઈ પર પોતાતણું,
પૂરણકામ ન રાચે કેને રંગ જો. —શ્રીમદ્‌૦ ૮

કરુણાનિધિમાં કામાદિક વ્યાપે નહિ,
ઈર્ષા માન તણો નહિ અંતર લેશ જો;
કડવાં વેણ કહી પોતાના દાસને,
ઔષધ સમ આપે ઉત્તમ ઉપદેશ જો. —શ્રીમદ્‌૦ ૯

જે જે વચનામૃત શ્રી સદ્‌ગુરુ રાજનાં,
સુખ ઊપજે તેમ કરવો શુદ્ધ વિચાર જો;
અનેકાંતે એકાંત સદા સુખદાયી છે,
એવું જાણી ધરજો પૂરણ પ્યાર જો. —શ્રીમદ્‌૦ ૧૦

સુખસાગર શુદ્ધ ચૈતન્ય સંગ સુખ માનજો,
અતિઘણી મહેર કરી છે શ્રી ગુરુરાજ જો;
સત્ય પુરુષ સાથે સાચું સગપણ થયું,
આપણ તુલ્ય નહિ કોઈ બીજું આજ જો. —શ્રીમદ્‌૦ ૧૧

રવિ મંડળમાં રાત્રિનું દુઃખ ના નડે,
પારસ પામ્યે ધન-દુર્બળતા જાય જો;
તેમ પ્રગટ પુરુષોત્તમને જે જે મળે,
તેનો મહિમા ભવ બ્રહ્માદિક ગાય જો. —શ્રીમદ્‌૦ ૧૨

તન અભિમાન ટળે પૂરણ સુખ સંપજે,
સદ્‌ગુરુ સ્વરૂપશું વાધે સાચી પ્રીત જો;
રત્નત્રય છે મર્મ ઘણો આ વાતમાં,
સમજી શમાજો અતિ ઉત્તમ રસ રીત જો. —શ્રીમદ્‌૦ ૧૩

—————*—————

## (ગરબી)

શ્રી સહજાત્મ સ્વરૂપજી રે લોલ,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી જો;
સદ્‌ગુરુ સ્વરૂપ સદા સાંભરે રે લોલ,
મને મહાપ્રભુનો પ્રેમ વિસરે રે લોલ;
શ્રીમદ્ સદ્‌ગુરુ રાજજી રે લોલ,
પ્રેમે પ્રણમું શિર નામી જો —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૧

મીઠા મીઠા મેહુલા રે લોલ,
એથીયે મીઠા ધર્મતાત જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦

પરમાર્થ પ્રેમનું એ પૂતળું રે લોલ,
જગથી જુદેરી એની જાત જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૨

અમીની ભરેલી એની આંખડી રે લોલ,
વ્હાલનાં ભરેલાં એનાં વેણ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦

અભય વરદાન ઉભય હાથમાં રે લોલ,
હૈયું તે હેમ કેરું વહેણ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૩

દેવોને બોધ એનો દોહ્યલો રે લોલ,
શશીએ સીંચેલ એની સોડ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦

મૂંગી આશિષ ઉરે મલકતી રે લોલ,
કાળજામાં કંઈક ભર્યા કોડ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૪

જગનો આધાર એની આંગળી રે લોલ,
લેતાં ન ખૂટે એનો લ્હાવ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦

ગંગાનાં નીર તો વધે ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૫

ઘડી એક વરસે વ્યોમવાદળી રે લોલ,
મારા મહાપ્રભુના મેઘ બારે માસ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦

ચઢતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
આથમે ન, એના ઉજાસ જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૬
'વાની મારી કોયલ' પરે રે લોલ,
ઓચિંતો જ્ઞાન-અવતાર જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦
સમ્યક્ રત્નત્રય સાધતાં રે લોલ,
સહજ સ્વભાવે બેડા પાર જો. —સદ્‌ગુરુ સ્વરૂપ સદા૦ ૭

---

અખિલ બ્રહ્માંડમાં સાર તું રાયચંદ,
અન્ય જે દૃશ્ય તે સર્વ ખોટું;
તાહરા ચરણમાં મન રહે માહરું,
મુજને તાહરું શરણ મોટું. હે! અખિલ૦ ૧

જગતને પરહરી દેહને વીસરી,
લીન થાઉં પ્રભુ તુજ સ્વરૂપે;
ઝળહળે જ્યોત સત્ ચિત્ત આનંદની,
લક્ષ હો સ્થિર સહજાત્મ સ્વરૂપે, હે! અખિલ૦ ૨

સ્મરણ હો રાજનું, રટણ હો રાજનું,
ચિત્ત હો રાજના ચરણકમલે;
શાંતિનો સિંધુ સહજાત્મ પ્રભુ માહરો,
રાજ રહેજો સદા હૃદયકમલે; હે! અખિલ૦ ૩

આત્મ અવિકલ બને, ભાવિ મંગલ બને,
સ્વરૂપની જ્યોત અજ્ઞાન બાળે;
રાજનું મુખડું નિરખતાં અંતરે,
ઉછળે પ્રેમ અનંત છોળે. હે! અખિલ૦ ૪

પ્રેમની મૂર્તિ કરુણા તણો મેહુલો,
ભીંજવે મુજને એક ધારો;
જગતનો નાથ વીતરાગી પ્રભુ રાયચંદ,
આત્મવિશ્રામ તું પ્રાણપ્યારો. હે! અખિલ૦ ૫

હૃદયના મંદિરે રાજ્ય છે રાજનું,
રાજના રૂપ વારી જાઉં;
દીપ પ્રગટાવીને શુદ્ધ ચૈતન્યનો,
ધ્યાવતાં રાજને રાજ થાઉં. હે! અખિલ૦ ૬

---

ધન્ય તે ભૂમિ વવાણિયા, જ્યાં જનમ્યા શ્રી રાયચંદ,
આંખલડી અમૃતભરી, મુખડું પૂનમનો ચાંદ;
ખમ્મા રાજને રે...મારા નાથને રે... ૧

મુખ દીઠે રે સુખ ઊપજે, દુઃખ સકલ દૂરે થાય,
નિરખી દેવમાના લાલને, મારું હૈયું શીતળ થાય;
ખમ્મા રાજને રે...ત્રિલોકી નાથને રે... ૨

રાજ તે સાચો હીરલો, એના મૂલ અમૂલાં થાય,
પારખનારા કોઈ વીરલા, જેનાં મન ન બીજે જાય;
ખમ્મા રાજને રે...નિરાગી નાથને રે... ૩

જેને તે લાગ્યો રંગ રાજનો, એને ન ગમે જગનો સંગ,
રહે ઉદાસીન એકલા, આઠે પ્રહર સત્સંગ;
ખમ્મા રાજને રે....મારા નાથને રે... ૪

જેને તે રુદિયે રાજ છે, એનાં હસતાં નિર્મળ નેણ,
અંતરે આનંદ ઉલ્લસે, અમૃતથી અદકા વેણ;
ખમ્મા રાજને રે...ત્રિલોકી નાથને રે... ૫

કરીએ કલમ વનરાઈની, સાત સાગર શાહી થાય;
પત્ર લઈએ પૃથ્વીતણો, રાજ મહિમા લખિયો ન જાય;
ખમ્મા રાજને રે...નિરાગી નાથને રે... ૬

જ્ઞાની અનંતા થઈ ગયા, થાશે ભાવે કાળે અનંત;
શ્રી રાયચન્દ્ર અજોડ છે, ત્રણે કાળમાં જયવંત;
ખમ્મા રાજને રે...વ્હાલા રાજને રે... ૭

એવા નિરાળા રાજનું, મને હો સ્મરણ નિશદિન;
વૃત્તિ વહે પ્રભુ ચરણમાં, રહું રાજ સ્વરૂપે લીન.
ખમ્મા રાજને રે...મારા નાથને રે... ૮

---*---

મંદિરના શિખરે બોલે છે મોરલા,
આવો સલૂણા રાજ,
તારા વિરહે પીડિત કોઈની છલકાતી આંખડી,
બોલાવે સાદ દઈ આજ. મંદિરના...

પિયુ વિના ઘટમાં ઝૂરે છે હંસલો,
ઘડી નવ ધરતો ધીર;
પળે પળે વધતી હૈયાની વેદના,
વસમી વિરહની પીર. મંદિરના...૧

કહેજો સંદેશ કોઈ રાયચંદ્રને કે,
એક રાંકડી જુએ તમારી વાટ,
પંથે બિછાવી પ્રાણ આશભરી ઊભી,
હૈયે છવાયો ઉચાટ. મંદિરના...૨

નેહ લગાડી મને ઘેલી કરીને હવે,
રાજે વિસારી માયા;
પાસે બોલાવી રહે છેક જ અજાણ્યા,
નિર્મોહી દેવમાના જાયા. મંદિરના...૩

---*---

સુણવા યોગ્ય સુસંતની, વાણી ધરી નહિ કાન.
સમરવા યોગ્ય સુમંત્રનું રહ્યું નહિ જો ભાન.
કરવા યોગ્ય સુકાર્યમાં, નહિ પાથર્યા પ્રાણ.
સુંદર ધરી નરદેહ તો, શું સાધ્યું કલ્યાણ?
સંતશિરોમણિ સદ્‌ગુરુ કૃપાળુ દીનદયાળ,
વંદું વળી વળી ભાવથી કરી અંજલી નિજ ભાવ.

———*———

ઝુકાવ્યું ભક્તિમાં જેણે, દુ:ખો કાપ્યાં બધાં તેણે,
કૃપાળુની કૃપા સાચી, ગણે તે ધન્ય અયાચી;
ભલે આવો દુ:ખો ભારે પ્રસાદી તેની વિચારે,
જવાનું તે જશે હું-તો-અમર આત્મા સદા છું જો,
મળે પદ જો અવિનાશી જવા દઉં સર્વ વિનાશી,
નથી કંઈ ઈચ્છવું મારે, કૃપાળુની કૃપા તારે;
ડરાવે બાલને કોઈ જતો માની કને રોઈ,
મળે ત્યાં માર તોયે તે તજે ના માતને કદીયે.

———*———

આજ ગુરુરાજને ગાઈએ ગૌરવે, ચિત્ત ચોખ્ખું કરી ભક્તિભાવે,
જન્મ કોટીતણા પાપના પુંજને, પુણ્યરૂપે ગુરુ પરિણમાવે;
કોઈ કાળે નહીં જોગ આવો જડયો, કંઈક કાચું રહ્યું એ જ સાચું,
સાચને શોધતા શિષ્યનું દિલ તો, સાચને કાજ જો નિત્ય રાચ્યું. ૧
સાચ પ્રગટાવનારા ગુરુ ના મળ્યા, શિષ્યનું ચિત્ત કાં કાંઈ થાક્યું,
સિંહસમ સદ્‌ગુરુ શૂરવીર વિરલા, ભેટતાં ભાગ્ય ભૂંડુંય ભાગ્યું;
પૂર્વના પુણ્યનું પ્રબળ બળ જામતાં, શ્રવણ સદ્‌ગુરુની વાણી સુણે,
સુણી કુણી લાગણી બોધથી થાય, ને મોક્ષ માટે સદોદિત ધૂણે. ૨

ઝેર સંસાર પર, ઝૂરણા સત્યની, જોગ સદ્‌ગુરુનો જો મળે તો,
દીપ સન્મુખ દિવેટ આવી અડે, દીપરૂપે થઈને ભળે જો;
સદ્‌ગુરુ રાજ સાચા કળિકાળમાં, સત્યનો માર્ગ સીધો બતાવે,
દોષ નિજ દૂર કરી, પ્રેમથી ગુરુ વરી, એ જ માર્ગે જતાં મોક્ષ આવે. ૩

---*---

રાજ હૃદયમાં રમજો નિરંતર રાજ હૃદયમાં રમજો
પરમકૃપાળુ તુમે, પરમેશ્વર, અવિનય મુજ દૂર કરજો રે. ગુરુ–રાજ૦
આ દિલ દાસ તણું દીન જાણી, પદપંકજ ત્યાં ધરજો રે. ગુરુ–રાજ૦
આપ અમાપ અહો, કરુણાકર, મુજ મનને વશ કરજો રે. ગુરુ–રાજ૦

શરણાગત બાળકને તારી, સમતા પદમાં ધરજો રે. ગુરુ–રાજ૦
કાળ અનાદિથી કાંઈ કર્યું નથી, પામરતા મુજ હરજો રે. ગુરુ–રાજ૦
સંતકૃપાથી સન્મુખ આવી વાત નિરંતર કરજો રે. ગુરુ–રાજ૦

---*---

શ્રી રાજચંદ્ર શી ઝળહળ જ્યોતિ ઝળકી!
અધ્યાત્મગગનમાં પ્રભા અલૌકિક પ્રગટી!
નિજ સહજ સ્વરૂપ અનુપ રમા શી ચમકી!
ચૈતન્ય સ્વભાવે રમતી પરિણતિ ઝબકી! ૧

એ જ્ઞાનગગનમાં દિવ્ય તારલો ઊગ્યો,
અજ્ઞાન તિમિરદળ ટાળી અમર પદ પૂગ્યો;
બહુ પૂર્વભવોમાં યોગસાધના સાધી,
નિષ્પન્ન યોગિવર વર્યા સ્વરૂપ સમાધિ. ૨

શી અજબ સમાધિ ! શાંતિ! દશા ભવહારી!
અમને ઉપકારી શરણ, ત્રાણ, શિવકારી;
કળિકાળ ઝાળથી બળતા કોઈ સુભાગી,
અવલંબી પામે શાંત દશા, ઉર જાગી. ૩

તુજ વચન સુધારસ જ્ઞાનપિપાસુ જનને,
પરિતૃપ્ત કરી, દે અજરામર શિવપદને;
તુજ 'આત્મસિદ્ધિ' શી અદ્‌ભુત જ્ઞાનત્રિપથગા!
ઉદ્ધરવા અવની ઊતરી સ્વર્ગથી ગંગા. ૪

પોતે છે 'આત્મા' શાશ્વત 'નિત્ય' સ્વભાવે,
'કર્તા' 'ભોક્તા' ભવભ્રમણ અનાદિ વિભાવે;
જો છૂટે દેહાધ્યાસ સ્વરૂપ નિજ ભાળે,
હરી કર્તા-ભોક્તાપણું ભ્રમણ ભવ ટાળે. ૫

તો શુદ્ધ સ્વભાવ દશારૂપ 'મોક્ષ' પમાયે,
નિજ દર્શન જ્ઞાન સમાધિ 'સુધર્મ ઉપાયે';
એ ગહન મોક્ષસિદ્ધાંત સુગમ કરી દાખ્યો,
કરી કૃપા મુક્તિપથ સાવ સ્પષ્ટ દર્શાવ્યો. ૬

નિશદિન અશરીરી ભાવે સ્વરૂપવિહારી,
શી દેહ છતાંય વિદેહી દશા મનોહારી!
પ્રત્યેક વચન પરમાર્થ સુધારસ ધારા,
દઈ શાંતિ અનુપમ, ઠારે ભવ અંગાર. ૭

એ જ્ઞાન દિવાકર ઊગી અસ્ત ઝટ પામ્યો,
કરી કાર્ય સિદ્ધ અતિ અલ્પ વયે જ વિરામ્યો;
નિજ પર શ્રેયાર્થે વાણીયોગ પ્રકાશ્યો,
મોક્ષાર્થી તે અવલંબી સિદ્ધિ ઉપાસો. ૮

શ્રી **લઘુરાજ, સુભાગ્ય, જૂઠાભાઈ** આદિ,
એ દિવ્ય પ્રકાશથી પામ્યા તત્ત્વસમાધિ;
રાજેશ વચન જીવનમુક્તિપ્રદ જાણી,
ઉલ્લાસિત ભવ્યો ભણે ગણે મુદ આણી. ૯

---*---

દર્શન દ્યો ગુરુરાજ વિદેહી,
તુમ બિન દુઃખ પાવત મુજ દેહી. દર્શન૦
શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે,
શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી ભાવે. દ૦ ૧
શ્રીમદ્ સદ્ગુરુ અગમ અપારા,
કેહી કારણ કહો મોય બિસારા? દ૦ ૨
ગૃહ જગજાલ ન પલક સોહાવે,
ભોર ભયો મોસેં રહ્યા ન જાવે. દ૦ ૩
નેક ન રહી શકું નિરાધાર,
હરદમ પંથ નિહારું તિહારા. દ૦ ૪
અન્ન નહીં ભાવે, નિંદ ન આવે,
બેર બેર મોય વિરહ સતાવે. દ૦ ૫
જૈસેં મીન મરે બિન વારી,
તૈસેં તુમ બિન દશા અમારી. દ૦ ૬
જૈસેં મણિ બિના ફણી વિકરાળા,
તૈસેં તુમ બિન હાલ અમારા. દ૦ ૭
જૈસેં માત બિન બાલ બિચારા,
તૈસેં તુમ બિના હમ ઓસિયારા. દ૦ ૮
**રત્નત્રયી મેં** તુમ એક અપ્પા,
મેટી ત્રિપુટી અબ તો ન તપ્પા. દ૦ ૯

*

આપ વિના અકળાવે રે શ્રીમદ્ સદ્ગુરુ, તુમ વિન મન અકુલાવે;
શ્રીરાજ રાજેશ્વર તુમ વિન મન અકુલાવે.

કોણ ધર્મનો મર્મ બતાવે? સત્સ્વરૂપ કોણ સમજાવે?
કોણ આતમ ઓળખાવે રે? શ્રીમદ્ સદ્ગુરુજી; આપ વિના૦ ૧

આવાગમનનું કારણ શું છે? તેમ જ તેનું વારણ શું છે?
તારણ થઈ કોણ બતાવે રે? શ્રીમદ્ સદ્ગુરુજી; આપ વિના૦ ૨

જન્મ જરા ને મૃત્યુ હરવા, શ્રી સહજાત્મ સ્વરૂપે ઠરવા;
કોણ સહાયક થાવે રે? શ્રીમદ્ સદ્ગુરુજી; આપ વિના૦ ૩

તુમ વિન આત્મભ્રાંતિ કોણ ભાંગે? શુદ્ધ જ્યોતિ બાહ્યાંતર જાગે;
કોણ જ્ઞાનદીપ પ્રગટાવે રે? શ્રીમદ્ સદ્ગુરુજી; આપ વિના૦ ૪

ઉર ધરવી સદ્ગુરુની શિક્ષા, એ જ આત્માને ઉત્તમ દીક્ષા;
ભિક્ષા **રત્નત્રય** પાવે રે, શ્રીમદ્ સદ્ગુરુજી; આપ વિના૦ ૫

*

ગુરુ **રાજ** આનંદધામે પધાર્યા,
ભવિ સર્વ હૈયા તણી હામ હાર્યા;
પ્રભુ એક આધાર તું પ્રાણપ્યારો,
સહું કેમ વિરહો? થયો કાં તું ન્યારો? ૧
મહા મોહરાજા તણું રાજ્ય વર્તે,
અવિદ્યા[1] કળિકાળ રાત્રિ પ્રવર્તે;
વળી આગ્રહી ગચ્છનિદ્રા વિષે જ્યાં,
પ્રભુ, ધર્મ નિર્ગ્રંથ સુષુપ્ત[2] છે ત્યાં. ૨
અહા! દિવ્ય જ્યોતિ, પ્રભુ જ્ઞાનમૂર્તિ,
નિવારી ઘણા ભવ્યની તે સુષુપ્તિ;[3]
હણી મોહ મિથ્યા[4] તમિસ્ત્રાન્તકારી,
સહુ કેમ વિરહો? રવિ[5] તું પ્રતાપી. ૩
પ્રભુ જ્યાં બળે લોક ત્રિવિધ તાપે,
વળી જન્મ મૃત્યુ જરા ત્રાસ વ્યાપે;
તહીં કલ્પવેલી તણી છાંય અર્પી,
પ્રભુ તુજ વિના કોણ શાંતિ સમર્પે? ૪

---

૧. અજ્ઞાન. ૨. સૂતેલો. ૩. સુષુપ્તિ—નિદ્રા. ૪. તમિસ્રા—અંધારી રાત્રિ, મિથ્યાત્વરૂપી રાત્રિના અંધકારનો નાશ કરનાર. ૫. સૂર્ય.

મતિ ને ગતિ વૃત્તિ વિશ્રામ વ્હાલા,
ભવાબ્ધિ થકી નાથ છો તારનારા;
વિના આપ હે સ્વામી! સંસાર ખારો,
સહુ કેમ વિરહો? થયો કાં તું ન્યારો? ૫

પ્રભુ તુજ વિના મોક્ષનો માર્ગ અર્પી,
ભવારણ્યથી ઉદ્ધરે કો પ્રતાપી?
દઈ દિવ્ય નેત્રો નિજાનંદદર્શી,
હરે કોણ અંધત્વ મિથ્યાત્વરૂપી? ૬

દશા મીન[1] કેરી વિના વારિ[2] જેવી,
નિરાધાર, માતા વિના બાળ જેવી;
પ્રભુ આપ વિરહો, અતિ દુઃખદાયી,
ત્વરાથી શમાવો કૃપાસિંધુ સ્વામી. ૭

અહો નાથ! વાણી રસાળી તમારી,
બુઝાવે ભવાગ્નિ ભવિ-મોહહારી;
વળી આપ મુદ્રા પ્રભુ શાંતિકારી,
ઠરે ચિત્તવૃત્તિ સમાધિસ્થ ભાળી. ૮

મહા દુઃખદાયી વળી ક્લેશકારી,
વિભાવો વિષે રક્ત વૃત્તિ અમારી;
ગુરુ રાજ શર્ણે, પ્રભુ સંત ચર્ણે,
વિરામો પ્રપંચો સહુ ક્ષોભકારી. ૯

———*———

સાધુચરિત ગુરુ સ્મરણ તમારાં શાં કરું?
રાજ રાજેશ્વર સ્મરણ તમારાં શાં કરું?
વિસ્મરણનો ક્ષણ એક નથી અવકાશ જો;
અહર્નિશ છે અંતરમાં યાદી આપની,
સદા ઉદિત ઉર ઉજ્જવલ પુણ્યપ્રકાશ જો. સાધુ૦

---

૧. માછલી. ૨. પાણી.

પુનિત પરુણા થઈ ઊતર્યા અમ આંગણે,
અલ્પ સમય કીધો મનુકુળમાં વાસ જો;
ગુપ્ત ઝરણ દૈવી રસનાં વહેતાં કરી,
ત્વરિત વળ્યા કરી પૂરણ આપ પ્રવાસ જો. સાધુ૦

શુષ્ક જીવન અમ રસનિર્ભર સ્નેહે કરી,
સ્હેજે શિખવ્યો આત્મજીવનનો યોગ જો;
જે સુખનાં સ્વપ્નાં સાથે સરખાવતાં,
અલ્પ વસે ઉર ભુવનત્રયના ભોગ જો. સાધુ૦

મેઘ રૂડા આણ્યા અમ ઉર મરુક્ષેત્રમાં,
ટહુકી સ્વર્ગીય મધુરા રાગ મલ્હાર જો;
નવપલ્લવતા અર્પીલી જીવનબાગમાં,
કીધાં અમને ઉન્નત અધિક ઉદાર જો. સાધુ૦

ખ્યાલ કરું શું અદ્‌ભુત જીવનપ્રકાશનો,
પ્રતિક્ષણ જેમાં વૃદ્ધિ અનંત સુહાય જો;
જ્ઞાનીના હારદને સમજે જ્ઞાનીઓ,
અનુભવ્યું મુજ પામરથી ક્યમ જાય જો. સાધુ૦

આ આંખે રસભીના તમને ભાળીઆ,
અનુભવ નંદનવનના વિરલ વિહારી જો;
બાકી હૃદયવિહીન જ્યાં ત્યાં નજરે ચઢે,
શુષ્ક જીવન સરિતાપુરમાં સંસારી જો. સાધુ૦

કથ્યું ન જાયે યદ્યપિ અહર્નિશ આપનું,
વિલસે અંતર ચાહ ચિત્ર વિચિત્ર જો;
શેષ જીવન સંભારી સુખમાં ગાળશું,
સમીપ સમયના અનુભવ પરમ પવિત્ર જો,
સાધુચરિત ગુરુ સ્મરણ તમારાં શાં કરું?

———*———

સુગુરુ નિત્ય સાંભરે, વ્હાલા શ્રી સહજાત્મ સ્વરૂપ;
અનામ અરૂપ રત્નત્રયભૂપ, સુગુરુ નિત્ય સાંભરે. સુ૦

પંચમ આરે અવતર્યા રે, સદ્‌ગુરુ સત્ અવતાર;
મૂળ મારગ પ્રગટ કર્યો, સ્વામી ખોલ્યાં છે મોક્ષનાં દ્વાર. સુ૦ ૧

શ્રી ગુરુ **રાજચંદ્ર** સારિખા રે, વાણી અમૃતધાર;
મૃતથી સંજીવન કર્યા, સ્વામી આત્મરતનદાતાર. સુ૦ ૨

સદ્‌ગુરુ સવિતા સારિખા રે, કથની કિરણ વિચાર;
આ જડ જગની ભૂમિથી, સ્વામી ખેંચી લીધો નિજ સાર. સુ૦ ૩

આ ભવ અટવીને વિષે રે, સદ્‌ગુરુ સાર્થવાહ;
નિર્ભય નિજપુર દેશમાં, સ્વામી પહોંચાડે ગ્રહી બાંહ્ય. સુ૦ ૪

દુ:ખદરિયો ઓળંગવા રે, સદ્‌ગુરુ ઝાઝ સમાન;
બેસી જાઓ શિવદ્વીપમાં, ભવ્ય બાલક વૃદ્ધ યુવાન. સુ૦ ૫

કર ગ્રહીને સંબોધીઓ રે, શ્રી શુદ્ધ ચૈતન્ય સ્વામી;
સ્વરૂપાચરણ સમજાવીને, સ્વામી મેટી છે સઘળી ખામી. સુ૦ ૬

નિષ્કારણ કરુણાધણી રે, કર્યો અનંત ઉપકાર;
તાર્યા બહુ ભવ્ય જીવને, સ્વામી અંતર વ્રત ધરનાર. સુ૦ ૭

દરશે અંતર્દર્શીને રે, શ્રી સદ્‌ગુરુપદમૂળ;
દરશે બાહિર્દર્શીને રે, સત્પુરુષનું ઉદયિક સ્થૂળ. સુ૦ ૮

ભાળ્યા વગરનું ભાવ તે રે, સાધારણ કહેવાય;
પણ સાક્ષાત્ પ્રત્યક્ષથી રે, પરોક્ષ તે પ્રત્યક્ષ થાય. સુ૦ ૯

સાક્ષાત્ પ્રત્યક્ષ સદ્‌ગુરુ રે, શ્રી ગુરુદેવ સહાય;
ઓળખિયા ગુરુરાયને, મારી ટળી છે અલાય બલાય. સુ૦ ૧૦

મહિમા સદ્‌ગુરુપદતણી રે, વચને કેમ કહેવાય;
**રત્નરાજ** ગુરુ દેવતા, રહ્યા ચરણ શરણમાં સમાય. સુ૦ ૧૧

———*———

વિરહો નહિ રે ખમાય, રાજ તારો વિરહો નહિ રે ખમાય.

સંશય ભાંજે તું વિણ કોણ પ્રભુ,
એ દુઃખ પલપલ થાય. રાજ તારો૦ ૧

બહુ પ્રયાસે મન સ્થિર નહિ થાયે,
તુમ સંગે સ્થિર થાય. રાજ તારો૦ ૨

યોગીને પણ દુર્લભ જેવો,
તે અમને સમજાય. રાજ તારો૦ ૩

---

તારાં દર્શન માત્રથી દેવ, ભ્રમણા ભાંગી રે;
મેં તો લોક લાજની કુટેવ, સરવે ત્યાગી રે. ૧

સહજાત્મનું નિરખી સ્વરૂપ ઠરે છે નેણાં રે;
રૂડાં લાગે છે રે રસકૂપ, વહાલા તારાં વેણાં રે. ૨

મેં તો પ્રીતિ કરી પ્રભુ સાથ, બીજેથી તોડી રે;
હવે શ્રી સદ્‌ગુરુ સંઘાત, બની છે જોડી રે. ૩

મેં તો પરિહર્યા પટ આઠ, નથી કાંઈ છાનો રે;
મેં તો મેલ્યો સર્વ ઉચાટ, માનો કે ન માનો રે. ૪

મેં તો હૃદય રડાવી લોક, રાખ્યાં હતાં રાજી રે;
હવે એમ ન બનશે ફોક, બદલી ગઈ બાજી રે. ૫

તોડો દાસની આશનો પાસ, પૂરો આશા રે;
મને તો તમારા સુખરાશ, છે દૃઢ વિશ્વાસા રે. ૬

જોઈ હૃદયનેત્ર વનક્ષેત્ર, પધારો પ્રીતે રે;
તારા રત્નત્રયની સાથ રહો રસ રીતે રે. ૭

---

નાથ હું જેવો તેવો પણ તારો, મને રંકને પાર ઉતારો;
નાથ હું જેવો તેવો પણ તારો.

જોગ ધ્યાન ને જપ તપ તીરથ, નાથ નથી રે નીપજતાં;
મનડું પાપી મારે કૂદકા, ભગવત તુજને ભજતાં. નાથ૦

મધ્ય દરિયે જીવ મચ્છ મૂંઝાણો તૃષ્ણાને નથી તજતો;
સામે ભાળે કાળ ખડો પણ, નફ્ટ કાંઈ નથી સજતો. નાથ૦

અંતરની દુગ્ધાને વારે, તન મન વ્યાધિ ટાળે;
દેવ દયાનિધિ, નવીન પાપીને, આપ વિના કોણ તારે?
નાથ હું જેવો તેવો પણ તારો.

———*———

જન્મમરણનાં દુઃખ તણો, કદી ન આવ્યો પાર;
આ ભવ મુજ સાર્થક થયો, સદ્ગુરુ તારણહાર.
સદ્ગુરુ તારણહાર.

જે મૃત્યુથી જગ ડરે, તે મુજ મહોત્સવ થાય;
આત્મજ્ઞાની ગુરુ ઉર ધર્યા, સત્ સમાધિ સુખદાય;
સદ્ગુરુ તારણહાર.

કાયા હું મારી ગણી, ભવ ભવ ભમ્યો અપાર;
શુદ્ધ બુદ્ધ ચૈતન્ય હું, એ ભાવ્યે ભવપાર.
સદ્ગુરુ તારણહાર.

ત્રણ જગમાં સર્વોપરી, સાર રૂપ મુજ એક;
નિજ સહજાત્મ સ્વરૂપ એ, ધ્યાવું ધરી વિવેક.
સદ્ગુરુ તારણહાર.

ધ્યાવું ભાવું અનુભવું, નિજપદ કરું વિરામ;
સદ્ગુરુ રાજ કૃપા થકી, વરું સિદ્ધિ અભિરામ.
સદ્ગુરુ તારણહાર.

———*———

# ગુરુરાજને ભૂલશો નહીં

ભૂલો ભલે બીજું બધું, ગુરુરાજને ભૂલશો નહીં,
અનંતા છે ઉપકાર એના, એ કદી ભૂલશો નહીં.

ભટક્યા અનંતા ભવ મહીં, ત્યારે મળ્યું માનવપણું;
એ ગુરુદેવના ઉપકારને, માનવ બની ભૂલશો નહીં.

ઉપદેશ મુખથી અર્પિયા, માનવ બની ઉરે લહ્યા;
અમૃતવાણીના દેનાર સામે, ઝેર ઠાલવશો નહીં.

જ્ઞાનદાન અર્પીને, સમજ કરાવી સ્વધર્મ તણી;
જ્ઞાનદાનના દેનારની, આજ્ઞા કદી ઉલંઘશો નહીં.

ધન કમાતા હો ભલે, સ્વામિપણું ધરશો નહીં;
ધન, વૈભવ, લક્ષ્મીમાં, મમપણું કરશો નહીં.

સેતાન મટી માનવ બનો, અધમ કૃત્યો કરશો નહીં;
જે કરે તે ભોગવે એ વાત વીસરશો નહીં.

લાખો ખરચતાં મળશે બધું, પણ સત્સંગીઓ મળશે નહીં;
'સોહમ્' સત્સંગીઓનો, સમાગમ કરવો ભૂલશો નહીં.

———*———

કહો કૃપાળુ રે, કરશો કૃપા ક્યારે?
કરશો કૃપા ક્યારે?
પિયુ પિયુ પ્રાણ પુકારે,
વાટડી જોઉં સાંજસવારે,
જીવન વીત્યું જાય;
કોઈ કહો મ્હારા રાજેશ્વરને,
દરશન દઈ જાય ...કહો કૃપાળુ૦

રોમે રોમે રાજ રમે છે,
તુંહિ તુંહિ નામ ગમે છે,
બીજાં ના સોહાય;
વીતરાગીના રાગની પીડા,
સહે તેને સમજાય ...કહો કૃપાળુ૦

**રાજ** પધારો હૃદયમંદિરે,
પાવન પગલે ધીરે ધીરે,
પ્રીતે કરું દરશન;
આરાધનની અંતિમ સીમા,
જ્યોતિર્મયનું મિલન ...કહો કૃપાળુ૦

---*---

કૌન સુધારત કાજ, **રાજ** બિન કૌન સુધારત કાજ,
કૌન રખે મોરી લાજ, **રાજ** બિન કૌર રખે મોરી લાજ.

શ્રી સહજાત્મ સ્વરૂપ સોહાવે, શુદ્ધ ચૈતન્ય સામ્રાજ્ય;
પરભવ કા પુરાવા માટે, શ્રી ગુરુ રાજાધિરાજ રાજ બિન૦

કર્મ કીચસો નિકસન અર્થે, શોધે અનેક ઇલાજ;
રાજ વાક્યામૃતરૂપી પાવન, પા ગઈ પહોળી પાજ. રાજ૦

સત્ ઢૂંઢન કો ઢૂંઢક બનકે, ઢૂંઢે અનેક સમાજ;
સ્વપ્ન મેં **ગુરુરાજ** કો નિરખત, ગઈ સબ ભ્રમણા ભાજ. રાજ૦

સંસ્કારબળ સત્ય અભાવે, રહતા ચિત્ત નારાજ;
કૃપાનાથ કર પકર્યો જબસેં, તબસેં મિટી મન દાજ. રાજ૦

દુ:ખ દરિયા ઉલ્લંઘન અર્થે, કીના અનેક ઇલાજ;
શ્રી ગુરુરાજ સ્વરૂપી પાઈ, સહેજે સફરી જહાજ. રાજ૦

શ્રી ગુરુરાજ વૈદ્ય મિલ્યા મુજ, મેરા કીનો ઇલાજ;
લાજ ખાજ દાઝ રોગ મેટકેં, આતમબલ દિયો સાજ. રાજ૦

શ્રી ગુરુરાજ મહારાજ સુણીજે, મેરી અરજ-અવાજ;
ગરીબનવાજ રત્નત્રયીરૂપી, બગસીજે સ્વરાજ. રાજ૦

———*———

શ્રીમદ્ સદ્ગુરુ રે શ્રી સહજાત્મ સ્વરૂપ સુખકાર,
શુદ્ધ ચૈતન્ય વિભુ રે વ્હાલા મારા નોંધારા આધાર;
શરણ તમારે છું. શ્રીમદ્૦

પ્રીતમ પ્રેમના રે, પ્રેમે બાંધ્યા મુજના પ્રાણ;
તમ પૂંઠે ફરું રે, થઈને વણમૂલ્યે વેચાણ. શરણ૦

તારક તમો વિના રે, અધક્ષણ અળગો રહ્યો ન જાય;
પીડા પ્રેમની રે, કોના મુખ આગળ કહેવાય? શરણ૦

પ્રભુ તુમ કારણે રે, મૂકી મેં તો લોકચાલની ચાલ;
જગ વૈરી થયો રે, માથે અધિકી મૂકે આળ. શરણ૦

ફિટકાર્યો ફરું રે, ભૂલી મારા ભુવન કેરું ભાન;
ખૂબીના ખેલમાં રે, ગુરુ તારા ગુણમાં થયો ગુલતાન. શરણ૦

લોક-સમાજને રે, કીધાં તમ માટે મેં ત્યાજ;
તે તરછોડવા રે, તમને કેમ ઘટે મહારાજ? શરણ૦

અળગા ના થશો રે, સન્મુખ રહેજો સદ્ગુરુરાય;
ભવ જળ બૂડતાં રે, બળ વિચારી પકડો બાંહ્ય. શરણ૦

દીનના બંધુ છો રે, પરમ કૃપાળુ નામ પ્રણામ;
રસિક રક્ષક સદા રે, યોગ ક્ષેમ કરતાં સુખધામ. શરણ૦

વસ્તુ વિચારતાં રે, જગમાં શરણ આપનો આપ;
રત્નત્રય લખ્યા રે, ઉપચારે સદ્ગુરુ સુપ્રતાપ. શરણ૦

———*———

## કહો કહાં ઢૂંઢૂંજી સ્વામી

કહો કહાં ઢૂંઢૂંજી સ્વામી.
સ્વામીજી મેરા શ્રી સહજાત્મસ્વરૂપ, કિસ વિધ પાઉંજી સ્વામી;
સ્વામીજી મેરા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ,
કિસવિધ પાઉંજી સ્વામી?
મોહમયી સંસારશહર મેં, ગયા સહજાત્મ દુરાઈ;

સહજાત્મ અસહજ ભએ ઐસી,
કુબુદ્ધિ કહાં સેં આઈ? કહો૦ ૧

એક સહજાત્મ સ્વરૂપ બિના,
સબ ભાસે જગત દુ:ખદાઈ;
શ્રી સહજાત્મસ્વરૂપ સ્વામી બિન,
કહાં પુકારો જાઈ? કહો૦ ૨

સહજાત્મતા સહેજે હી પ્રગટે,
ક્યોં મરો ધાઈ ધાઈ;
કોડી ઉપાય કરે ક્યોં કૂડા,
સમઝકેં રહો સમાઈ. કહો૦ ૩

શ્રી સહજાત્મસ્વરૂપી સ્વામી,
હૈ તુઝ કા તુઝમાંહી;
ખોજ પકરી વિશ્વાસ ધરો દઢ,
આઈ મિલેગા સાંઈ! કહો૦ ૪

જ્ઞાનનેંન ગુરુગમ વિન ન મિલે,
સહજાત્મ સુખદાઈ;
**રત્નંરાજ** ગુરુદેવ પ્રસાદે,
સહજાતમતા પાઈ. કહો૦ ૫

---*---

## સદ્‌ગુરુ સાંભળો રે

શ્રી સહજાત્મ સ્વરૂપજી રે, શ્રી શુદ્ધ ચૈતન્ય જ્યોતિ;
જોગ બળે કરી જગતમાં રે, કરતા ધર્મ ઉદ્યોત રે–

સદ્‌ગુરુ સાંભળો રે, સેવકની અરદાસ રે;
દરશ દેખાડિયે, જિમ મન લહે વિશ્વાસ રે. સદ્‌ગુરુ૦ ૧

આર્યદેશ કુળ ઊપના રે, જીવ જે ભવ્ય સ્વભાવ;
સુલભબોધિ કર દિયા રે, ધન્ય તુમ વચન પ્રભાવ રે. સદ્‌ગુરુ૦ ૨

પરદેશોથી આવતા રે, પ્રશ્ન અનેક પ્રકાર;
ઉત્તર દેતા ઉલ્લસી રે, સ્વાનુભવ આધાર રે. સદ્‌ગુરુ૦ ૩

વાણીસુધા વરસાવતા રે, હેતુ અનેક સમાય;
તે વચનોના [1]સાંબળાજી, સબમુ મુમુક્ષુસમુદાય રે. સદ્‌ગુરુ૦ ૪

સૂરત તો દીસે નહીં રે, પલ પલ આવે યાદ;
પરિચયી ને અપરિચયી રે, અધિક કરે વિખવાદ રે. સદ્‌ગુરુ૦ ૫

ભરતક્ષેત્રમાંહી પડયો રે, વીર પ્રભુનો વિયોગ;
તેમ જ આ કળિકાળમાં રે, બનિયો સહી સંયોગ રે. સદ્‌ગુરુ૦ ૬

સબસમુદાયને આપનો રે, મોટો થયો આધાર;
ગમ્ય ક્ષેત્રમાં કોયેં નહીં રે, તુમ સમ જ્ઞાનદાતાર રે. સદ્‌ગુરુ૦ ૭

સૂત્ર-રહસ્ય તુમ સારખી રે, કોઈ ન ખોલનહાર;
વાદીકે સારે નહીં રે, પૂછે સોહી તૈયાર રે. સદ્‌ગુરુ૦ ૮

મનના સંશય પૂછવા રે, આવતા સંત અનેક;
રાજી થઈ બતલાવતા રે, વારુ અધિક વિવેક રે. સદ્‌ગુરુ૦ ૯

વાતો તો સત્પુરુષની રે, લખી હૈયાની માંય;
યાદ ઘણાને આવશે રે, ભૂલી તે નવ જાય. સદ્‌ગુરુ૦ ૧૦

---

૧. ઉમેદવારી.

**રત્નતુલ્ય** ગુરુદેવનો રે, વિરહ સહ્યો નવ જાય;
પણ બાંધી પૂરવ ભવે રે, ઉદય થઈ અંતરાય રે. સદ્‌ગુરુ૦ ૧૧

———*———

અમને અંત સમય ઉપકારી વ્હેલા આવજો રે—

શ્રીમદ્ સદ્‌ગુરુ નામ તમારું, પ્રાણ જતાં પણ ન કરું ન્યારું,
મનહર મંગળ મૂર્તિ મને બતાવજો રે—અમને૦

વિકટ સમય સાચવજો વ્હાલા, કહું કોટિ કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દરસાવજો રે—અમને૦

વસમી અંત સમયની વેળા, વ્હારે ધાજો વ્હાલા વ્હેલા;
પ્રણતપાળનું પહેલાં પણ પરખાવજો રે—અમને૦

મરકટ જેવું મન અમારું, તત્ત્વત: તોડે તાન તમારું;
અંતરનું અંધારું સદ્ય સમાવજો રે—અમને૦

દેજો દર્શન જનમનહારી, પરમ કૃપાળુ બિરુદ વિચારી;
રત્નત્રય બલિહારી બાપ બચાવજો રે—અમને૦

———*———

વીતરાગી! તારી માયા લાગી રે, તારી માયા લાગી.

કોણ તમે છો? ક્યાંથી આવ્યા? જાગો! આતમ ઉદાસી,
નથી તમારો આ દેશ, તમે છો અલખલોકનાં વાસી;
સુષુપ્ત ચેતનને જાગૃત કરતી તારી બંસરી વાગી રે.
તારી માયા લાગી રે. વીતરાગી૦ ૧

આતમ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે,
સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ એનું ધરું એક ધ્યાન રે;
મંત્રનું અમૃત પીતાં પીતાં, મનની ભ્રાન્તિ ભાંગી રે.
તારી માયા લાગી રે. વીતરાગી૦ ૨

હૈયું મારું તેં હરી લીધું, સાચી પ્રીત બતાવી,
જીવન વિરહાશ્રુથી ભરી દે, સ્વામી! કરુણા લાવી;
દર્શન જ્યોતિ જલાવે એવી, ભક્તિની ઝંખના જાગી રે.
તારી માયા લાગી રે. વીતરાગી૦ ૩

ધન્ય ભાગ્ય જેના પ્રાણમાં, તારા વિરહની જ્વાળા જાગે,
નિર્મોહી તારી પ્રીતમાં ઝૂરતાં, સહજ સમાધિ લાગે;
સાંપડયું તત્ત્વનું તત્ત્વ જેને, તુજ શું તાળી લાગી રે.
તારી માયા લાગી રે. વીતરાગી૦ ૪

દૃષ્ટિ ઠરે જ્યાં ત્યાં તને નિરખું, લયલીન થાઉં તુજમાં,
બાહ્ય સૃષ્ટિને વીસરી જાઉં, સહેજે સમાઉં તુજમાં;
રાજેશ્વર તારા ચરણકમળની ઉમદા બની અનુરાગી રે.
તારી માયા લાગી રે. વીતરાગી૦ ૫

*

મંદિરે પધારો સ્વામી સલૂણા!
તમારા વિના નાથ ક્યાંયે ગમે ના. મંદિરે...

અંતરની વાતો આંસુ કહે છે,
કૃપાળુ! હવે ઝાઝું તલસાવશો મા. મંદિરે...૧

સ્મરણ જન્મ જૂનાં સ્મૃતિમાંહિ આવે,
નયન શોધતાં તમને પ્રભુ આર્ત્તભાવે;
કે મુખ પરથી દૃષ્ટિ હઠાવી હઠે ના. મંદિરે...૨

હરખાતી પળ પળ પ્રભુ તમને જોઈ,
હવે દિન વિરહમાં વીતે રોઈ રોઈ;
વિજોગનું દુ:ખ આવું કોઈને હશો ના. મંદિરે...૩

તમે જઈ વસ્યા સ્વામી સ્વરૂપમહેલમાં,
રઝળતી હું રહી આ સંસાર રણમાં;
હવે નાથ અંતરથી અળગા થશો માં. મંદિરે...૪

પ્રભુ મુજને તારો! ઉગારો! ઉગારો!
મૂકી મસ્તકે હાથ દ્યોને સહારો;
ક્ષમાવંતને ઝાઝું કહેવું ઘટે ના. મંદિરે...૫

અંતરની જ્યોતિ પ્રગટાવી જાઓ!
મનોહર મુખડું દરશાવી જાઓ!
અમી આતમાનાં છલકાવી જાઓ,
દિલાસાથી દિલનું દુઃખ જશે ના. મંદિરે...૬

---*---

હે દીનવત્સલ રાજ! મારો જીવ જલે તુજ કાજ,
તારી અવિચલ ભક્તિ વિણ મુજ જીવન એળે જાય;
ક્ષણ ક્ષણ ભયંકર મૃત્યુ શી વ્યાધિથી પ્રાણ પીડાય,
હે નાથ! છું તુજ આશરે, પત રાખજે શિરતાજ.
મારો જીવ જલે તુજ કાજ...હે દીન૦ ૧

મને પ્રાણથી પ્યારી પ્રભુ તારા વિયોગતણી વ્યથા,
મને શાંત કરતી એક મારા રાજની વ્હાલી કથા;
મને ઝંખના છે એક વેળા દે તું મુજને અવાજ,
મારો જીવ જલે તુજ કાજ...હે દીન૦ ૨

હું છું અહલ્યા, રામ તારી વાટડી જોઈ રહી,
તારા સુકોમલ ચરણ સ્પર્શની આશમાં જીવી રહી;
મને તારજે! હે અલખના દરબારના અધિરાજ!
મારો જીવ જલે તુજ કાજ...હે દીન૦ ૩

હે શાંતિના સુખધામ ને આનંદના ઉદધિ મહા,
તુજ શાંતિ ગંભીર મુખકમલ, અમીથી ભર્યાં નયનો અહા;
જીવ્યા લગી જોયા કરું, હે રાજ! મારા રાજ!!!
મારો જીવ જલે તુજ કાજ...હે દીન૦ ૪

કરુણા કરો! કરુણા કરો! હે રાજેશ્વર શ્રીરાજ!
હવે વાર ઝાઝી ના કરો! હે વ્હાલસોયા રાજ!
ભયભીત છુ સંસારથી, હે ભક્તવત્સલ રાજ!
બળુ છું ત્રિવિધના તાપથી, ત્રૈલોક્યનાયક રાજ!
મને લઈ જા તારા ધામમાં, હે અધમ તારણ રાજ!
તું પ્રગટ થા મુજ પ્રાણમાં, હે પતિતપાવન રાજ!
મારો આત્મદીપ જલાવી દે, જ્યોતિ સ્વરૂપ હે રાજ!
તુજ સ્વરૂપમાં સમાવી દે, સહજાત્મ સ્વરૂપી રાજ!
હે! દીનવત્સલ રાજ! મારો જીવ જલે તુજ કાજ. ૫

---

# સ્મરણાંજલિ કાવ્યો

## કરીને અમને અનાથ પ્રભુ!

કરીને અમને અનાથ પ્રભુ તમે ક્યાં ગયા?
ભાળે અંતર ક્ષણ ક્ષણ આજ વિયોગ જો;
સંત સમાગમ છે જગમાં દુર્લભ ઘણો,
પ્રાપ્ત હતો સત્સંગ અલૌકિક યોગ જો. –કરીને૦ ૧

લઈ ન શક્યા કંઈ લાભ પૂર્વ દુર્ભાગ્યથી;
આ કારણ મન વ્યાકુલ, પશ્ચાત્તાપ જો;
ગુપ્તપણે છે સૃષ્ટિ મધ્યે સંતો ઘણા,
કરી સુશોભિત ગુર્જર ભૂમિ આપ જો. –કરીને૦ ૨

શ્રદ્ધાની પ્રતિમા શોધું પણ ના મળે,
દૂર થયો તું ભક્તિનો અવતાર જો;
રોમ રોમમાં શ્રીમદ્ રૂપ વસ્યું હતું,
માન્યો જેણે નીરસ આ સંસાર જો. –કરીને૦ ૩

ત્રિવિધ તાપથી બળતા જોઈ લોકને,
ગર્ભશ્રીમંત છતાંય થયા અણગાર જો;
દીક્ષિત થઈ વિચર્યા આ ભારતભૂમિમાં;
ભર્યો હતો મનમાં ઉપશમનો પ્યાર જો. —કરીને૦ ૪

ભેટ થઈ તત્કાળ સુખદ ગુરુરાજની,
સમજાઈ નિજ ભૂલ વિકટ સંસાર જો,
શ્રીગુરુની અદ્‌ભુત કરુણાના જોરથી,
પ્રગટયો મનમાં જ્ઞાન વિમલ ભંડાર જો. —કરીને૦ ૫

આત્મહિતાર્થે કરવાનું સર્વે કર્યું,
હર્ષિત થઈ તજ્યો તમે સંઘ મોહ જો;
નિજ સંઘમહીંથી છૂટા પડતા જોઈને,
કરતા બહુજન સમજણ વિણ અતિ દ્રોહ જો. —કરીને૦ ૬

સમભાવે સવિ સહ્યા ન વિચલિત તું થયો,
જેમ છે ભૂ પર મેરુ વિશાલ અડોલ જો;
કેસરીને લવ લેશ ન ભય છે અન્યનો,
હતું અમારું રત્ન પ્રગટ અણમોલ જો. —કરીને૦ ૭

તેનો કરી સંહાર કાલ હર્ષિત થયો,
પણ ન વિચાર્યું હા! હા! કંઈ અમ દુ:ખ જો;
ગયું આજે પ્રભુ તેજ બધું દૃગથી પરે,
વળી હણાયું સકલ અમારું સુખ જો. —કરીને૦ ૮

અમીય દૃષ્ટિ શુભ કોણ આજ વરસાવશે,
ભાળીશું ક્યાં આવા ઉત્તમ સંત જો?
આગ્રહ મત ભેદાદિ હવે કોણ ટાળશે?
કહેશે અમને કોણ સરળ સત્ પંથ જો? —કરીને૦ ૯

પળ પળ તારું સ્મરણ હૃદયને ભેદતું,
પડતી આંખોમાંથી જલની ધાર જો,
અંતર પીડા બંધ ન થાયે એક ક્ષણ,
પુનઃ પુનઃ કરતી તનુનો સંહાર જો. –કરીને૦ ૧૦

કોને અંતર વ્યથા નાદ સંભળાવીએ?
પામું ક્યાં જઈને ઉત્તમ નિજ શાંતિ જો?
દૂર થશે કેવી રીતે આ ચિત્તમાં,
વસી અનાદિ દુઃખદાયિની ભ્રાંતિ જો? –કરીને૦ ૧૧

એક તાપ તો છે આ દુષમ કાલનો,
વિરહ અગ્નિથી વધતો બમણો તાપ જો;
જે પદમાં જઈને બેઠા પ્રભુશ્રી તમે.
થઈને કરુણાવંત અમોને આપજો. –કરીને૦ ૧૨

———*———

અહો! અહો! ઉપકાર પ્રભુશ્રીના. અહો! અહો! ઉપકાર૦
આ અધમ જીવ ઉદ્ધરવાને, પ્રભુશ્રીનો અવતાર–પ્રભુશ્રીના૦
કહ્યો સનાતન મોક્ષમાર્ગને, આત્મમાહાત્મ્ય અપાર–પ્રભુશ્રીના૦ ૧

ભૂલી ભટકતા ભવ-અટવીમાં, જીવોના આધાર–પ્રભુશ્રીના૦
કળિકાળે જીવ જાણી અજાણ્યા, ભાવદયા-દાતાર–પ્રભુશ્રીના૦ ૨

સાચી ભક્તિ શરૂ કરાવી, દેખાડી ગુરુ સાર–પ્રભુશ્રીના૦
ભક્તિક્રમ ઉત્તમ યોજીને, રસ લગાડયો અપાર–પ્રભુશ્રીના૦ ૩

શ્રી સત્સંગનું ધામ બનાવી, દીધો પરમ આધાર–
ભક્તિભાવનો દુકાળ ટાળી, સાધ્યો સત્ય પ્રચાર–પ્રભુશ્રીના૦ ૪

પરમકૃપાળુ ગુરુ રાજચંદ્રનાં વચન-રસે-એકતાર–પ્રભુશ્રીના૦
મતમતાંતર-વિષ ઉતારી પ્રેર્યો આત્મવિચાર–પ્રભુશ્રીના૦ ૫

ગુરુનો મહિમા અનહદ ગાયો, માન ધર્યું ન લગાર–પ્રભુશ્રીના૦
અનુપમ મંત્રની આપી દીક્ષા, વળી વૈરાગ્ય-જળધાર–પ્રભુશ્રીના૦ ૬

આજ્ઞા ભવતારક ઉપદેશી શ્રદ્ધાના અવતાર–પ્રભુશ્રીના૦
સાધી સમાધિમરણ અનુપમ આદર્શ દશા ધરનાર–પ્રભુશ્રીના૦ ૭

કરુણા ઝરતી પ્રેમમૂર્તિ એ સૌની સ્મૃતિમાં સાર–પ્રભુશ્રીના૦
ક્ષણક્ષણ ઉપકારો ના વીસરું, આત્મદશા દેનાર–પ્રભુશ્રીના૦ ૮

———*———

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની,
આપની પ્રભુ આપની, ઉપકારી પ્રભુજી આપની.
જ્યાં જ્યાં૦ ૧

પીંછી દયા-દર્શક પ્રભુની મૂર્તિ ખડી કરતી ખરી,
આ ગાદી યાદી આપતી ઉપદેશ-દાતા, આપની,
જ્યાં જ્યાં૦ ૨

આ જોષ્ટિકા ખખડાવતા દર્શન દઈ હર્ષાવતા,
આ સાદડી સુંદર ઉપર વંદન-સ્મૃતિ છે આપની.
જ્યાં જ્યાં૦ ૩

આ પાટ જોતી વાટ પ્રભુની મુમુક્ષુ મનમાં વસી,
ઘડિયાળ, પાળુ, શ્રુતયંત્રો સ્મૃતિ હે પ્રભુ આપની.
જ્યાં જ્યાં૦ ૪

આ લિફ્ટથી ઊતરી બિરાજે ઓટલે રાયણ નીચે,
ભક્તિ ભેલી કરવા મળ્યા મુમુક્ષુઓ આ ભાવથી.
જ્યાં જ્યાં૦ ૫

અથવા છજાની પાટલીએ બિરાજીને દર્શન દઈ,
સંતોષી સૌનાં ચિત્તને વંદન ઝીલે પીંછી આપની.
જ્યાં જ્યાં૦ ૬

આ ઓરડામાં સાંભળ્યો ઉપદેશ એકાંતે અરે!
જીવન સુધી વિસરાય ના, સ્મૃતિ ઉરમાં છે આપની.
જ્યાં જ્યાં૦ ૭

અત્યંત અંતિમ વેદનામાં આત્મભાવ ટકી રહ્યો,
દર્શાવતી એ આંગળી મુઠ્ઠી પકડ કહે રાજની.
જ્યાં જ્યાં૦ ૮

શમી વેદના, શાંતિ થઈ, સ્થિરતા થઈ સૌ યોગની,
સહજાત્મસ્વરૂપ પરમગુરુની અંત ધુનિ આપે સુણી.
જ્યાં જ્યાં૦ ૯

મૃત્યુ-મહોત્સવ ભાળવા સદ્ભાગ્ય જો દીધું પ્રભુ,
તો દઈ સમાધિમરણ સૌની પૂરજો આ માગણી.
જ્યાં જ્યાં૦ ૧૦

---*---

ત્રીસ વરસ સુખી ઘરવાસે, પરિકર સાથે વસિયાજી;
જન્મ થકી પણ પુણ્ય-પ્રતાપે, નિજ-પર સુખના રસિયાજી;
દીક્ષા લીધી મહા વૈરાગ્યે, તપ તપિયા બહુ વિધિજી,
યોગ્યતા ધારી ગુરુરાજ, પામ્યા સાચી સાધના લીધીજી. ૧

ગુરુભક્તિ અખંડ કરીને, પામ્યા આતમજ્ઞાનજી,
રત્નત્રયધારી સાચા સાધુ, અપ્રમત્ત ને અમાનજી,
કરુણાનજર સહુ પર સરખી, બોધ અપૂર્વ આત્મ સાજજી,
એવા અદ્ભુત ચારિત્રધારી, સ્વામી શ્રી લઘુરાજજી. ૨

પારસ સમાન બની સર્વત્ર, લોહનાં કાંચન કીધાંજી,
વિવિધ ભ્રાંતિથી ભવ્ય જનોને, દાન સ્વરૂપનાં દીધાંજી;
પ્રભુજી સહુના મહા ઉપકારી જીવનસંકટ હરતાજી,
પવિત્ર આશ્રમ નિર્માણ કરીને, ભાવિ હિતના કર્તાજી. ૩

દિવ્ય દેશના વસનારા પ્રભુ, વિનતડી ઉર લેજોજી,
સૌમ્યનજરથી નિરખી અમને, આશીષ એવી દેજોજી;
આપ પસાયે દુર્લભ એવું, સાચું જીવન પામ્યાજી,
પ્રમાદ રહિત આજ્ઞા આરાધી થઈએ ભવથી વામ્યાજી. ૪

———*———

સર્વસ્વ હમારા અર્પણ હૈ ગુરુદેવ તુમ્હારે ચરણોં મેં,
અધ્યાત્મભરા આનંદ મહા લઘુરાજ આપ આચરણોં મેં;
હમ ભૂલે ભટકે જીવોં કો સન્માર્ગ આપ દિખલાતે થે,
જીવન કા જીવન હૈ કૃપાલુ! યહ સુન્દર વચન સુનાતે થે. ૧

તજ જગ ધર્મોકા પક્ષપાત અપને મેં આપ સમાયે થે,
પા આત્માજ્ઞાન કી સુરભિ મહા અલિ સમ લાખોં જન આયે થે;
સહજાત્મસ્વરૂપ પરમગુરુ કા સન્મંત્ર સુનાયા લાખોં મેં,
પ્રત્યક્ષ કૃપાલુ દિખતે થે ભવદીય અલૌકિક લાખોં મેં. ૨

તજકર અપની પૂજા સારી સદ્ગુરુ કો નિત્ય ભજતે થે,
ઉનકે આધ્યાત્મિક વચનોં કા સબકો રહસ્ય સમજાતે થે;
હૈ ધર્મ ન વાદવિવાદોં મેં નિજ રાગદ્વેષ કા ત્યાગ કરો,
તજ કરકે સર્વ વિકારોં કો પ્રભુ કે ચરણોં મેં રાગ કરો. ૩

સત્સંગ કરો ઈસ જીવન મેં અપના સારા સ્વચ્છંદ હરો,
લે દૃઢ ગુરુ કા આધાર ભક્તિ સે ચેતન મેં આનંદ કરો;
ક્યોં કરતા હૈ પરમેં મમતા ધનધાન્ય સાથ નહિ આયેગા,
જબ કુચ કરેગા ઈસ તનસે સબ પડા યહી રહ જાયેગા. ૪

સબ છોડ જગત કી ખટપટ કો આત્મા કો પહિલે પહિચાનો,
આત્મા-સા કોઈ દેવ નહી યોં નિશ્ચય સે મન મેં માનો,
યોં બોધ આપના સુનકર કે યહ હૃદયકમલ ખિલ જાતા થા;
વૈરાગ્યરૂપ પરિણતિ દ્વારા સામ્રાજ્ય મોહ કા જાતા થા. ૫

થા ચમત્કાર મૃદુ વાણી મેં આત્મિકતા થી તમ વર્તન મેં,
થા 'રાજ' ભક્તિભંડાર હૃદય વિજ્ઞાન ભાવ થા ચેતન મેં;
કર સ્મરણ આપકા પુનઃ પુનઃ યહ ભદ્ર આજ વન્દન કરતા,
દે આશ્રય ભવસે પાર કરેં હૈ આપ અલૌકિક ઉદ્ધરતા. ૬

---

## અંતિમ સમાધિ-સાધના

અહો! શી શાંતરસ ઝરતી, ગુરુવર જ્ઞાનની મૂર્તિ!
અજબ વાણી-શી ગર્જતી! દિયે ઉલ્લાસ સહ સ્ફૂર્તિ! ૧

સમાધિ સાધવા, સાધક, હવે જાગો, હવે જાગો;
અનાદિ સ્વપ્નને ત્યાગી, હવે નિજ શ્રેયમાં લાગો. ૨

મહાભાગ્યે મળ્યો આવો, સમાધિ સાધવા વારો;
ચૂક્યા જો તો ભવાબ્ધિનાં, દુઃખોનો ક્યાં પછી આરો? ૩

બને મૃત્યુ મહોત્સવ જો, દુઃખો ભવભવતણાં ભાગે;
સમાધિ બોધિ પામો જો, સહજ નિજ સિદ્ધિ નિજ આગે. ૪

અહો! ચિન્તામણિ સ્વાત્મા, સકલ જ્ઞાનાદિ ગુણધામ;
અજરામર અવિનાશી, અનંતાનંદ સુખધામ. ૫

અહો! ઐશ્વર્ય આત્માનું! અહો માહાત્મ્ય સ્વાત્માનું!!
ભૂલી જડ દેહમાં રાચ્યા! વિસાર્યું શ્રેય સ્વાત્માનું!!! ૬

જગત તો સ્વપ્ન સમ મિથ્યા, તમે સત્ ચિદ્ સ્વરૂપાત્મા;
છતાં શું ક્ષણિકમાં રાચ્યા! ભૂલી નિજ નિત્ય સહજાત્મા. ૭

અનાદિ સ્વપ્ન દ્યો ત્યાગી, હવે જાગૃત થઈ જાઓ;
જગતની વિસ્મૃતિ કરીને, સ્વરૂપમાં મગ્ન થઈ જાઓ. ૮

હવે શૂરવીર થઈ જાઓ, હવે પરમાં ન લોભાઓ;
નિજાતમ રિદ્ધિ સંભારી, નિજાત્મામાં ઠરી જાઓ. ૯

સ્વજન ધન તન બધાં પર એ, નથી નિશ્ચે કશું તારું;
છતાં 'હું મારું' એ સૌમાં, મહા અજ્ઞાન અંધારું. ૧૦

ઝલકતી જ્ઞાનની જ્યોતિ, કૃપાળુ જ્ઞાનીની ભાળો;
હ્રદયમાં તેહ પ્રગટાવી, તિમિર ટાળો, તિમિર ટાળો. ૧૧

ગુરુગમ જ્ઞાનીનું અંજન, કૃપાળુ જ્ઞાનીથી પામી;
નયન નિજ દિવ્ય દ્યો ખોલી, નિહાળો આપ સુખધામી. ૧૨

સુદર્શનચક્ર જ્ઞાનીનું, હવે ઝટ તેહને ધારો;
વિભાવો શત્રુસેનાને, હઠાવો, સર્વ સંહારો. ૧૩

સકલ સંસારદુ:ખોનું, ખરેખર મૂલ કારણ જે;
તજો દેહાત્મબુદ્ધિ એ, નિજાત્મિક સૌખ્ય વારણ એ. ૧૪

શરીર ના હું, ન એ મારું, હવે એ નિશ્ચયે ધારો;
વ્યથા ચિન્તા ફિકર સર્વે, વૃથા એ અન્યની વારો. ૧૫

શરીરમાં રોગ, દુ:ખ, પીડા, શરીરનાં, તે નહિ તારાં;
મરણ પણ થાય જો તનનું, બધાં તુજ સ્વરૂપથી ન્યારાં. ૧૬

અહો! મરણાંત ઉપસર્ગે, ડગ્યા ના પૂર્વ મહાપુરુષો!
સ્વરૂપે અચળ વૃત્તિથી, વર્યા નિજ સિદ્ધિ સત્પુરુષો. ૧૭

સ્મરી પુરુષાર્થ સંતોનો, સહનશીલતા ઉરે ધારો;
ક્ષમા, સમતા, ધૃતિ, શાંતિ, ધરી વિભાવ સૌ વારો. ૧૮

તજો કાયાતણી માયા, તજો સૌ મોહ ને મમતા;
શરીર દુ:ખ વ્યાધિ આદિનાં, રહો જ્ઞાતા ધરી સમતા. ૧૯

રહો પરદ્રવ્ય પરભાવો તણા, સાક્ષી જ જોનારા;
રમો આત્મિક ભાવોમાં, વિભાવોથી રહો ન્યારા. ૨૦

અશુભ કર્મો કર્યાં પૂર્વે, ઉદય આવી ખરી જાતાં;
નથી કાંઈ હાનિ, ત્યાં ભય શો? ખપાવો માત્ર રહી જ્ઞાતા. ૨૧

મહા મંગલમયી મંત્ર, સ્મરો સહજાત્મપદ નિત્ય;
શમાવી સૌ વિકલ્પોને, પ્રશમરસમાં ધરો ચિત્ત. ૨૨

અશાતા વેદની સાથે, લડો શૂરવીર થઈ ખંતે;
સકલ શત્રુ હઠાવીને, વિજયમાળા વરો અંતે. ૨૩

નથી આત્મા કદી મરતો, અમર સહજાત્મને સ્મરતો;
પ્રભુપદ અચલ આશ્રયથી, અમરપદમાં ગતિ કરતો. ૨૪

નથી દુ:ખદાયી યમ અંતે, દુ:ખદ તો સંગ સૌ જાણો;
તજી સૌ સંગ બાહ્યાંતર, અસંગી ભાવ ઉર આણો. ૨૫

'અકિંચન હું છું' અભ્યાસો, થશો ત્રૈલોક્યપતિ સૌમ્ય;
કહ્યું પરમાત્મપ્રાપ્તિનું રહસ્ય યોગિગણ ગમ્ય. ૨૬

સદા વિજ્ઞાનઘન શાશ્વત, તમે ચિદ્રૂપ શુદ્ધાત્મા;
અસંગી છો, અનંગી છો, નિરંજન સિદ્ધ સહજાત્મા. ૨૭

વર્યા જે પૂર્વમાં સિદ્ધિ, વર્યા તે ભેદવિજ્ઞાને.
ચહો સિદ્ધિ કરો સાચું, પરાક્રમ ભેદવિજ્ઞાને. ૨૮

પ્રતીતિ પ્રીતિ સ્વાત્મામાં, રમણતા રુચિ પ્રગટાવો;
લગાવો લગન આત્માની, તુંહિ તુંહિ એક એ ભાવો. ૨૯

લહ્યો ચિંતામણિ કરતાં, અધિક આ યોગ ભવ તરવા;
સ્વરૂપે મગ્નતા સાધો, અનુપમ સિદ્ધિસુખ વરવા. ૩૦

અનંતાનંદ જ્ઞાનાદિ સહજ સ્વાત્મિક ગુણમાળા;
સ્મરો, ધ્યાવો, ઠરો ત્યાં તો, સમાધિ સિદ્ધિ વરમાળા. ૩૧

———*———

લઘુરાજ પ્રભુ મહારાજ વિનય સુન મેરી,
ભવદુ:ખ ભંજન ભગવાન શરન મૈં તેરી.

મૈં રાગાદિક કર મન મેં અતિ ઉલઝાયા,
વિષયન મેં વશ પરી બહુ વિધિ ગોતે ખાયા,
મૈં તવ ઢીંગ આવત નીચ મહા શરમાયા;
કરુણા નિધાન પ્રભુ શરણ તિહારી આયા,
દ્યો આત્મજ્ઞાન મેં દિન કરો ના દેરી...... લઘુરાજ

ક્રોધાદિક મુજસે બહુત પ્રેમ રઝતે હૈં,
સંતોષાદિક આપસ મેં લડા કરતે હૈં;
કભી શાંતિ પકડ હમ દિલકો કહા કરતે હૈં;
પ્રભુ સત્ય જ્ઞાન બિન યું હી સડા કરતે હૈં,
હમ લખ ચોરાશી ફિરે પ્રભુ બહુ ફેરી...... લઘુરાજ

બહુવિધિ તીર્થાદિક ફિરે કપટ હમ દેખા,
વહાં સત્ય નામ કી મિલી ન હમકો રેખા,
કોઈ કહે હોયગા વહી જો વિધિ ને લેખા;
હમ ફિરત ફિરત અબ થકે ધારી બહુ ભેખા,
સહજાત્મસ્વરૂપ દર્શાવો કહૂં કરજોરી... લઘુરાજ

દિનન કો દુઃખ તુમ દેખી દેહ હૈ ધારી,
પાતે હૈં ચેતનરૂપ જો આજ્ઞાકારી,
મૈં મહાનીચ પ્રભુ તો ભી શરણ તિહારી;
કહે નંદદાસ અબ લીજો નાથ ઉગારી,
મૈં રહૂં રાતદિન ગુરુશરણ કો દોરી...... લઘુરાજ

---*---

શી સુંદર દિવ્ય એ જ્યોતિ! સ્વપરનાં સૌ દૂષણ ધોતી;
અખંડાનંદ સૂરત શી! સરલતા સન્મતિ સહ શી! ૧

પ્રબળ પુણ્યે પ્રભાવી શી! સદા ઉપકૃત સ્વભાવી શી!
શી રાજ સ્વરૂપની જ્યોતિ! જડી ન થાક્યો બહુ ગોતી. ૨

હવે નજરે ન દેખાતી, હવે મુદ્રા ન મલકાતી;
રહ્યું જોવું, રહ્યું રોવું, અફળ આંસુ નથી લો'વું. ૩

અસીમ આ વિશ્વના આરે, હવે મલશું કહો ક્યારે?
ગમે ત્યારે ગમે ત્યારે, ન આજે તો જરૂર કાલે. ૪

હવે તો ના ગુરુરાજ, અમારી સાથ કો સાજ;
દરદ દિલનું કહાં કે'વું, જડે ના પાત્ર કો એવું. ૫

સુકાતાં ના નયન મારાં, સ્મરણ જ્યારે ઉરે તારાં;
હવે ક્યારે, કહો ક્યારે, દરિસણ આપશો ક્યારે? ૬

વિશુદ્ધ સ્વરૂપના ભોગી, પ્રભુ શ્રીકાંત તનુ યોગી;
સવિતા સમ દૂરે થઈને, નિશા ગાઢે મૂક્યા અમને. ૭

અવિદ્યા રજની નિવાસે, હવે શી અમ દશા થાશે?
પ્રકાશ પ્રકાશશો ક્યારે, કહો ઉદ્ધારશો ક્યારે? ૮

સમજ વિણનાં શિશુ નાનાં, તજે પિતૃ ન દુનિયાનાં;
શું શોભે તો પ્રભુ તમને, રખડતા મૂકવા અમને? ૯

સતાવે મોહ બધી બાજુ, ન રાખે અંગ કો સાજું;
ચડી વિયોગીની વ્હારે, કહો ઉગારશો ક્યારે? ૧૦

*

ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુકૃપાનાં ગાન,
પ્રભુકૃપા બળવાન, અલખથી ગુરુકૃપા બળવાન,
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુકૃપાનાં ગાન.
ગુરુરાજે જે પ્રગટ કરેલો મોક્ષમાર્ગનો પંથ,
તેને વિસ્તાર્યો લઘુરાજે કૃપા કરી અત્યંત.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુકૃપાનાં ગાન.
જંગલમાં મંગલ બનાવ્યું, ભક્તિધામ પવિત્ર,
ગૌતમ સમ પ્રભુ ભક્તિરંગે દાખી મુક્તિની રીત.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુકૃપાનાં ગાન.

સત્પુરુષમાં પ્રભુ–બુદ્ધિ તે ભાખ્યો ઉત્તમ ધર્મ,
શ્રદ્ધા દુર્લભ સુલભ કરાવી દીધો ધર્મનો મર્મ.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુકૃપાનાં ગાન.

સિંહસમી પ્રભુબોધ–ગર્જના જગવે આતમભાવ,
મંત્રતણી કો અલખધૂનથી બજે પરમપદ-ગાન.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુકૃપાનાં ગાન.

કૃપાકટાક્ષે પ્રભુજી હરતા વિષયવિષો બળવાન,
મુમુક્ષુની કાયા-માયાને હરી કરતા શીલવાન.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુકૃપાનાં ગાન.

અનન્ય શરણને ગ્રહણ કરાવ્યું, અનન્ય પ્રભુ ઉપકાર,
સુજ્ઞ અબુધ કે અબલા, બાલક ચઢયાં અભય પથ સાર.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુકૃપાનાં ગાન.

'દૂર રહ્યાં પણ દયાદૃષ્ટિથી' પ્રભુ દેતા આધાર,
બોધિ-સમાધિ સહજ સધાવી ઉતારે ભવપાર.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે પ્રભુકૃપાનાં ગાન.

જેની નિષ્કારણ કરુણતાને સ્તવતાં નિત્ય નિરંતર,
પ્રગટે આત્મસ્વભાવ સહજ તે વસજો પ્રભુ અમ અંતર.
ગાઓ ગાઓ, મુમુક્ષુ સર્વે ગુરુકૃપાનાં ગાન.

*

## ભાવ-અંજલિ

શા સ્મરીએ ઉપકાર! પ્રભુ તુજ, શા સ્મરીએ ઉપકાર!
ભાવદયા ભંડાર! પ્રભુ તુજ, શા સ્મરીએ ઉપકાર!

ગુરુગમ નેત્રાંજન પ્રભુ આંજી, જ્ઞાનપડળ હરનાર! પ્રભુ૦
નિજ પર શ્રેયાર્થે પ્રભુ જીવન, ઉપકૃતિના[1] અવતાર! પ્રભુ૦ ૧

---

૧. ઉપકારના

શાંતમૂર્તિ લઘુરાજ પ્રભુશ્રી, અદ્‌ભુત મુદ્રા સાર; પ્રભુ૦
બોધિ સમાધિ શાશ્વત શાંતિ, આત્મદશા દાતાર. પ્રભુ૦ ૨

ઓગણીસો દશ વિક્રમ વર્ષે, જન્મ વટામણ ગ્રામ; પ્રભુ૦
ચારુતરના ભાલ પ્રદેશે, સુખ સંપદ અભિરામ. પ્રભુ૦ ૩

દેહ વિષે ત્યાં વ્યાધિ પ્રસંગે, પામ્યા અતિ વૈરાગ્ય; પ્રભુ૦
ત્રીશ વરસની વય, ખંભાતે, ગ્રહી દીક્ષા વડભાગ. પ્રભુ૦ ૪

પાંચ વર્ષ ગુરુ આજ્ઞા માંહે, કર્યો ઘણો પુરુષાર્થ; પ્રભુ૦
છતાં ન પામ્યા આત્મદશા કે, લહ્યો નહીં પરમાર્થ. પ્રભુ૦ ૫

શા માટે મેં દીક્ષા લીધી? આત્મજ્ઞાનને કાજ; પ્રભુ૦
આત્મજ્ઞાન જો પ્રગટ્યું નહિ તો, વ્યર્થ મુનિનો સાજ. પ્રભુ૦ ૬

આત્મજ્ઞાન વિણ જન્મ ટળે ના, ટળે ન દુઃખસંસાર; પ્રભુ૦
આત્મજ્ઞાની ગુરુ જો હું પામું તો, તરી જાઉં ભવપાર. પ્રભુ૦ ૭

એવી ઉરમાં જાગી પિપાસા, તત્ત્વામૃત પાનાર; પ્રભુ૦
જ્ઞાનમૂર્તિ ગુરુ રાજચંદ્ર ત્યાં, મળ્યા સફળ અવતાર. પ્રભુ૦ ૮

અંતર્મુખ ઉપયોગે રહેતાં, આજ્ઞામાં એકતાર; પ્રભુ૦
વસો મુકામે, ચોપન સાલે, આત્મજ્ઞાન લહ્યું સાર. પ્રભુ૦ ૯

દિન દિન અંતુર્મુખ ઉપયોગે, દશા શાંત મનોહર; પ્રભુ૦
ગિરિ ગુફા જંગલ વિચરંતા, એકાંતે વસનાર. પ્રભુ૦ ૧૦

ઇડર ગિરિ પર સાતે મુનિઓ, રાજ ગુરુવર સંગ. પ્રભુ૦
અનુપમ બોધ પ્રસાદી પામી, પામ્યા રંગ અભંગ. પ્રભુ૦ ૧૧

જ્ઞાનદશાને ગુપ્ત રાખીને, વિચર્યા વર્ષ અનેક; પ્રભુ૦
સમતા ભાવે પરિષહ સહતા, ધરતા હૃદય વિવેક. પ્રભુ૦ ૧૨

ઓગણીસો છોતેરથી વધતો, ઝળક્યો પુણ્યપ્રકાશ; પ્રભુ૦
ભવ્ય જનોને ઉદ્ધરવાને, મંગળમૂર્તિ ખાસ. પ્રભુ૦ ૧૩

તીર્થ અનુપમ ઉદ્‌ભવ પામ્યું, અદ્‌ભુત સત્સંગ ધામ; પ્રભુ૦
શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ એ, પાસે અગાસ ગામ. પ્રભુ૦ ૧૪

સમ્યગ્દર્શન જ્ઞાન ચરણરૂપ, શાશ્વત મુક્તિમાર્ગ; પ્રભુ૦
વીર પ્રભુએ પ્રગટ પ્રબોધ્યો, લુપ્ત-પ્રાય દુર્ભાગ્ય! પ્રભુ૦ ૧૫

એ સન્માર્ગ કૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રથી પ્રાપ્ત; પ્રભુ૦
આપ્યો મોક્ષાર્થી ભવ્યોને, ભાવદયાથી વ્યાપ્ત. પ્રભુ૦ ૧૬
ભાગ્યવંત બહુ તત્ત્વપિપાસુ, પામ્યા શાંતિ અપાર; પ્રભુ૦
તત્ત્વામૃતનું પાન કરીને, સાધે સિદ્ધિ સાર. પ્રભુ૦ ૧૭

બોધિ સમાધિ શાશ્વત સિદ્ધિ, સ્હેજે આજ સધાય; પ્રભુ૦
એ ઉપકાર અહો! પ્રભુશ્રીના, પળ પણ કેમ વિસરાય? પ્રભુ૦ ૧૮

ધન્ય પ્રભુશ્રી કરુણામૂર્તિ, ભાવ પ્રાણ દાતાર; પ્રભુ૦
અજરામર અવિનાશી પદ દઈ, ધન્ય જીવન કરનાર. પ્રભુ૦ ૧૯

સહજ સ્વરૂપે નિશદિન રમતા, જ્ઞાન વિરાગ અથાગ; પ્રભુ૦
ભાવ-અંજલિ આજ અર્પીએ, લહીએ ભવનો તાગ. પ્રભુ૦ ૨૦

ઓગણીસો બાણું વૈશાખે, શુકલા અષ્ટમી સાંજ; પ્રભુ૦
સ્વરૂપ સમાધિ વહી આશ્રમમાં, ખિન્ન મુમુક્ષુ સમાજ. પ્રભુ૦ ૨૧

નંદનવન સમ અનુપમ આશ્રમ, દીપે આજ સતેજ; પ્રભુ૦
આપ અલિપ્ત રહીને નિજ પર, શ્રેય કર્યું ધરી હેજ[1]. પ્રભુ૦ ૨૨

પ્રશમ રસ ભરી મૂર્તિ પ્રભુની, ભાળી આત્માકાર; પ્રભુ૦
રાગ વપુનો[2] જીવ તજી ઝટ, આત્મરમણ ઉર ધાર. પ્રભુ૦ ૨૩

*

અંગૂઠે સૌ તીરથ વસતાં, સંતશિરોમણિ રૂપેજી,
રણદ્વીપ સમ દિપાવ્યો આશ્રમ, આપ અલિપ્ત સ્વરૂપેજી;
સમજી અત્યંત શમાયા સ્વામી કદીએ નહિ છલકાયાજી,
અબળા, બાળ ગોપાળ બધાને, શિર છત્રની છાયાજી. ૧

---

૧. હેત, ઉમળકો. ૨. શરીરનો.

સમજે સર્વે મનમાં એવું, મુજ પર પ્રેમ પ્રભુનોજી,
પરમકૃપાળુ સર્વોપરી છે, હું તો સૌથી નાનોજી;
પરમ પ્રેમ મૂર્તિ પ્રભુજીની, સહું સ્વપ્ને ન વિયોગજી,
કાળ કરાળ દયાળ નહીં જરી, જડને શો ઉપયોગજી? ૨

ઋતુ પર્વ સૌ પાછાં આવે, યાદિ પ્રભુની આપેજી,
પ્રેમમૂર્તિનું દર્શન ક્યાંથી? શોક સહુ જે કાપેજી;
પ્રભુનાં સન્મુખ દર્શન વિણ તો, ક્યાંથી ઉમળકો આવેજી?
સ્મૃતિ સરોવર નિર્મળ જેનું, તેને વિરહ સતાવેજી. ૩

વિવિધ તાપથી બળતા જીવો, વચનસુધારસ પીતાજી,
સંત સમાગમ દર્શન પામી, પ્રારબ્ધે નહીં બીતાજી;
સત્યયુગ સમ કાળ ગયો એ, સૌને ઉરમાં સાલેજી,
દૂર રહ્યા પણ દયા દૃષ્ટિથી, પ્રભુ અમને નિહાળેજી. ૪

સહુ વ્યવહાર વિશ્વાસે ચાલે, પણ પરમાર્થે પહેલોજી,
બહુ બળવાળી શ્રદ્ધા જેની, તે પુરુષાર્થે ઘેલોજી;
જગત, ભગતની રીતે જુદી, સત્ય ભગત કો વિરલાજી,
પરમ કૃપાળુને પ્રગટાવે, રોમ રોમ તે હીરાલજી. ૫

———*———

મલકતું મુખ પ્રભુશ્રીનું, હવે હા! ભાળશું ક્યારે?
ઝલકતી જ્યોત આત્માની, હવે નિહાળશું ક્યારે? ૧

ઉછળતી બોધ ઊર્મિઓ! હવે આસ્વાદશું ક્યારે?
અનાદિ સ્વપ્નને ત્યાગી સ્વરૂપે જાગશું ક્યારે? ૨

થયા પ્રભુ દૂર નયનોથી, છતાં અંતરથી ક્યાં જાશો?
તમે આત્મા અમર બોધ્યો, અમરતા ક્યાં તજી જાશો? ૩

તજી સંસાર દુ:ખદાયી, વસ્યા આત્મિક સુખસદને;
મળીશું નિશ્ચયે તમને, ક્રમે આરાધી તે પદને. ૪

પ્રકાશ્યો જે ગુરુરાજે, સનાતન માર્ગ મુક્તિનો;
દીધો સન્માર્ગ તે અમને, અહો! ઉપકાર પ્રભુશ્રીનો! ૫
મણિધર મોરલી નાદે, બને તલ્લીન આનંદે;
સુણી પ્રભુ બોધની બંસી, બન્યા કેઈ લીન નિજાનંદે! ૬
સકલ જડ દ્રવ્યથી જુદો, ચિદાત્મા જ્ઞાનઘન શુદ્ધો;
અનંતા જ્ઞાનીએ જાણ્યો, અનુભવ સૌખ્ય આસ્વાદ્યો. ૭
કૃપાળુ આશ્રયે આપે, ચિદાત્મા શુદ્ધ તે માણ્યો;
અમારું તે સ્વરૂપ, તેનો અનુભવ એ જ મન માન્યો. ૮
વચન તુજ સાર ત્રિભુવનમાં, વસે જો મુજ અંતરમાં;
પછી ભય કે વ્યથા શાની? વિપદ્ વ્યાધિ ભયંકરમાં. ૯
મરણ પણ થાય જ્યાં તનનું, નથી હું નિશ્ચયે મરતો;
પ્રભુ તુજ ચરણ આશ્રયથી, અમર પદમાં ગતિ કરતો. ૧૦

———*———

ઓથ હમારે હે ગુરુ! એક જ આપની
આ અવનીમાં અવર નથી આધાર જો;
સ્વાર્થરહિત શ્રેયસ્કર સ્વામી આપ છો,
સઘળો બીજો સ્વાર્થતણો સંસાર જો —ઓથ હમારે૦
ભોમે[1] ગુરુજી આપ મળ્યા છો ભોમિયા[2],
હવે મને ભય શાનો છે તલભાર જો,
ચોર નહીં જ્યાં તેવે માર્ગે દોરજો;
કરતા આવ્યા છો અગણિત ઉપકાર જો —ઓથ હમારે૦
મુજમાં ભક્તિ કરવાની શક્તિ નથી,
વ્હાર કરો આ વાર સુણી ગુરુદેવ જો,
આશ્રિત જનને પાળો છો પ્રભુ પ્રેમથી,
ધન્ય ધન્ય હે, પરમકૃપાળુ દેવ જો —ઓથ હમારે૦

---

૧. પૃથ્વી પર. ૨. માર્ગદર્શક.

વીત્યો કાળ અનંત તે કર્મ શુભાશુભ ભાવ,
તેહ શુભાશુભ છેદતા ઊપજે મોક્ષ સ્વભાવ,

—શ્રીમદ્ રાજચંદ્ર

---*---

શું શરણ અજ્ઞાની જનોનું કે કુદેવ ધનાદિનું?
દુ:ખદાયી આખર નીવડે, તે મૂળ છે મોહાદિનું,
નિર્મોહી નરને આશ્રયે સ્વ-સ્વરૂપ સ્થિતિ સંભવે,
તેથી ન બુદ્ધિમાન એવું શરણ લે જે ભૂલવે.
વૈરાગ્યભાવે ભાવના, ભાવો વિવિધ વિચારથી,
મૃત્યુ ફરે માથાપરે, યૌવન જરા-રથ-સારથિ.
સામ્રાજ્ય લક્ષ્મી ભોગ સૌ વિનાશી વાદળસમ અહા?
ક્ષણમાં જતો લૂંટાઈ નર-ભવ દેવને દુર્લભ મહા.
માતાપિતા પરિજન જુદા, નથી કોઈ જગમાં જીવનું,
સાથે રહે આ શરીર નિત્યે, તોય તત્ત્વ અજીવનું;
મન, વચન, કાયા, સર્વ જુદાં કર્મ કૃત સૌ અન્ય છે,
માટે ગ્રહો રે! રત્નત્રયમય, શુદ્ધ રૂપ અનન્ય જે.

---*---

રે મૂર્ખ કોઈ લાગતામાં તેલ રેડી ઓળાવે
તેવું કર્યું મેં શાંતિ સારું વિષયભોગો ભોગવ્યે
જે શરીર ભોગો મળે તે મૂત્ર મળની ખાણ છે
છે પાપ કારણ દેહને ધિક્કાર? ધૂળ સમાન એ
કાયાની વિસારી માયા સ્વરૂપે શમાયા એવા
નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.

---*---

મન મંદિર આવો રે, મહાપ્રભુ રાજધણી,
દિલ દર્શન તરસે રે, અપૂર્વ પ્રત્યક્ષ ગણી. —મન૦

સર્વોત્કૃષ્ટ સિદ્ધિ રે, પ્રભુ તુજ ઉરરમી.
તુજ ભક્તિ પ્રસાદે રે, મને પણ એહ ગમી. —મન૦

પુરુષોત્તમ ઉત્તમ રે, પ્રગટ ઉપકાર કરે,
ઉપદેશ અનુપમ રે, સુણી બહુ જીવ તરે૦ —મન૦

———*———

ચિંતવ પદ પરમાત્મ પ્યારે, યોગીજનો જે પદ ઉર ધારે,
જહાજ બની ભવજળથી તારે, કેવલ બોધસુધારસ ધારે.

યૌવનની શી કરવી માયા, જળ પરપોટા જેવી કાયા;
જાવું પડશે નરકે મરીને, આવી ધનની આશા કરીને.

ભવ તરવા જો ઇચ્છે ભાઈ, સંતશિખામણ સુણ સુખદાઈ;
કામ, ક્રોધ ને મોહ તજી દે, સમ્યક્જ્ઞાન સમાધિ સજી લે.

સંસારી શરણાં ગણ સૂનાં અર્થ અનર્થ કે વચન પ્રભુનાં;
નશ્વર કાયા પ્રબળ જણાતી, વાંછા શાની એની થાતી?

વળી વેપારી દરિદ્રી એકલો, નીચે એકલો ભમે ભૂલેલો,
રોગી એકલો શોક ભરેલો, દુ:ખ રહિત દુ:ખમાંહીં વસેલો.

શરીર ઝૂંપડી કૂડો કૂથો, માંસ ચામડી મોહે ચૂંથો,
નવે ધ્યાર ગંદા મળ ઝરતા, શું સુખ એ કચરામાં કળતાં?

મૂક પરિગ્રહ-મમતા ભાઈ ! પાળ સુચારિત્ર સત્સુખદાઈ;
કામ ક્રોધને તજવા કાજે, જ્ઞાન, ધ્યાન વિચારો આજે."

———*———

તુંને સંસારસુખ કેમ સાંભરે રે લોલ,
દુ:ખ વિસર્યાં શું ગર્ભાવાસ જો;
નવ માસ રહ્યો તું માને ઉદરે રે લોલ,
મળમૂત્ર અશુચિ વિશરામ જો. તું૦ ૧

તિહાં હવા પવન નહિ સંચરે રે લોલ,
નહિ સેજ[2] તલાઈ પલંગ જો;
તિહાં લટકી રહ્યો ઊંધે શિરે રે લોલ,
દુઃખ સહતાં અપાર અનંત જો. તું૦ ૨

ઉંહાં[3] કોડી સૂઈ[4] તાતી[5] કરી રે લોલ,
સમ કાળે ચાંપે કોઈ રાય જો;
તેથી અનંતગણું તિહાં કને રે લોલ,
દુઃખ સહેતાં વિચાર તે થાય જો. તું૦ ૩

હવે પ્રસવે જો મુજ માવડી રે લોલ,
તો કરું તપજપ ધ્યાન જો;
હવે સેવું સદા જિન ધર્મને રે લોલ,
મૂકું કુગુરુનો સંગ અજ્ઞાન જો. તું૦ ૪

જ્યારે જન્મ્યો ત્યારે ભૂલી ગયો રે લોલ,
'ઉઆં ઉઆં' રહ્યો ઈમ કહેવાય જો;
તિહાં લાગી લાલચ રમવાતણી રે લોલ,
આયુ અંજલી જળ સમ જાય જો. તું૦ ૫

ઇમ બાળક વય રમતે ગઈ રે લોલ,
થયો યૌવને મકરધ્વજ[1] સહાય જો;
ચિત્ત લાગ્યો તદા રમણી[2] સુખે રે લોલ,
પુત્ર-પૌત્ર દેખી હરખાય જો. તું૦ ૬

થઈ ચિંતા વિવાહ વાજમ તણી રે લોલ,
ધન કારણે ધાવે દેશોદેશ જો;
પુણ્યહીણો થઈ પામે નહિ રે લોલ,
ચિત્તે ચોરી કરું કે લૂંટું દેશ જો. તું૦ ૭

ગયું યૌવન આવી. જરા[3] ડાકણી રે લોલ,
  ધ્રૂજે કર પગ શિર ને શરીર જો;
ઘરે કહ્યું કોઈ માને નહિ રે લોલ,
  પડયો કરે પોકાર નહિ ધીર જો. તું૦ ૮

ઈમ કાળ અનંતો વહી ગયો રે લોલ,
  અબ ચેત મૂરખસરદાર જો;
આવો જોગ મળવો મુશ્કેલ છે રે લોલ,
  સેવો શ્રી જિન શિવ સંકેત જો. તું૦ ૯

કવિદાસ કહે મુજ સાહિબો રે લોલ,
  કુડો કપટી કુશીલ શીર મોડજો;
મેં તો દઠો નહીં કોઈ દેશમાં રે લોલ,
  મોટો ધર્મનો ઠગ ઠાકોર જો. તું૦ ૧૦

મુનિ તત્ત્વ સાગરના પ્રયાસથી રે લોલ,
  ધર્મધ્યાને થયો ઉજમાળ જો;
સંઘ સેવા કરે શાંતિનાથની રે લોલ,
  તેથી માંગલિક વરતાય જો. તું૦ ૧૧

ઓગણીશે ત્રીશ આષાઢની રે લોલ,
  શુદ્ધ એકમ ને બુધવાર જો;
પ્રભુ કરો કૃપા કવિદાસ પરે રે લોલ,
  ધન ધાનિયા ચાર નિવાર જો. તું.૦ ૧૨

———*———

## ક્ષમાપના

કૃપાળુ દેવને વંદી, ખમાવું સર્વ જીવોને;
બહિર્દષ્ટિથી જોતાં તો, ઉદય પ્રારબ્ધ નિહાળો;
નયન અંતર તણાં ખૂલતાં, સ્વરૂપની સાધના ભાળો.
અહો ભવ્યો! સદા સાધો, રૂડી અધ્યાત્મ ઉન્નતિને;
બનો સૌ ઊર્ધ્વગામી તો, તજી આત્મિક અવનતિને.
રૂડી અભિલાષ એ નિત્યે, અવર આશય ઉરે નાંહી;
જગતમાં શ્રેય સૌનું હો, પ્રબળ આ ભાવ દિલમાંહીં.
તથાપિ જીવ જો દુભવ્યાં, તમારા આ જીવનમાંહીં;
નથી આશય દુભવવાનો, વિમલ છે ભાવ તો ત્યાંહી.
છતાં વ્યવહારમાં સાચું, કહેતાં ચિત્ત સુહૃદયનાં;
દુભાયા જો કદી ક્ષમજો, બની સત્પાત્ર શિવપદનાં.
તજીને રોષ કે તોષ, નિજાત્મા સાધવો રંગે;
શમાવું સ્વરૂપમાં સાધી, સમાધિ બોધી સત્સંગે.
નમન હો! સ્વરૂપસાધકને, સ્વરૂપસિદ્ધિ લહી જેણે;
ઉરે **રાજેશ** વચનોથી, જીવન સાર્થક કર્યું જેણે.

*

## પરમપુરુષદશાવર્ણન

કીચસૌ કનક જાકૈ, નીચસૌ નરેસપદ,
મીચસી મિતાઈ, ગુરુવાઈ જાકૈ ગારસી;
જહરસી જોગ-જાતિ, કહરસી કરામાતી,
હહરસી હૌસ, પુદ્‌ગલછબિ છારસી.
જાલસૌ જગબિલાસ, ભાલસૌ ભુવનવાસ,
કાલસૌ કુટુંબકાજ, લોકલાજ લારસી;
સીઠસૌ સુજસુ જાનૈ, બીઠસૌ બખત માનૈ,
ઐસી જાકી રીતિ, તાહી બંદન બનારસી.

સમયસાર નાટક, બંધદ્વાર, ૧૯

જે કંચનને કાદવ સરખું જાણે છે, રાજગાદીને નીચપદ સરખી જાણે છે, કોઈથી સ્નેહ કરવો તેને મરણ સમાન જાણે છે, મોટાઈને લીંપવાની ગાર જેવી જાણે છે, કીમિયા વગેરે જોગને ઝેર સમાન જાણે છે, સિદ્ધિ વગેરે ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંસને અનર્થ સમાન જાણે છે, પુદ્ગલની છબિ એવી ઔદારિકાદિ કાયાને રાખ જેવી જાણે છે, જગતના ભોગવિલાસને મૂંઝાવારૂપ જાળ સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ એટલે મૃત્યુ સમાન જાણે છે, લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, કીર્તિની ઇચ્છાને નાકના મેલ જેવી જાણે છે અને પુણ્યના ઉદયને જે વિષ્ટા સમાન જાણે છે, એવી જેની રીતિ હોય તેને બનારસીદાસ વંદના કરે છે.

મુંબઈ, જેઠ વદ ૬, રવિ, ૧૯૫૩ શ્રીમદ્ રજિચંદ્ર, પત્રાંક ૭૮૧

---*---

# સ્તવનો

## પહેલા શ્રી ઋષભદેવ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહારો રે, ઓર ન ચાહું રે કંત;
રીઝયો સાહેબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ–અનંત. ઋષભ૦ ૧

પ્રીત સગાઈ રે જગમાં સહુ કરે રે, પ્રીત સગાઈ ન કોય;
પ્રીત સગાઈ રે નિરુપાધિક કહી રે, સોપાધિક ધન ખોય. ઋષભ૦ ૨

કોઈ કંત કારણ કાષ્ઠભક્ષણ[1] કરે રે, મિલશું કંતને ધાય;
એ મેળો નવિ કહિયે[2] સંભવે રે, મેળો ઠામ ન ઠાય. ઋષભ૦ ૩

કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરે રે, પતિરંજન તન તાપ;
એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યું રે, રંજન ધાતુમિલાપ[3]. ઋષભ૦ ૪

---

૧. કાષ્ઠમાં, બળી મરે. ૨. કદિયે. ૩. પ્રકૃતિ.

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે, લખ પૂરે મન આશ;
દોષરહિતને લીલા નવિ ઘટે રે, લીલા દોષ વિલાસ. ઋષભ૦ ૫

ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું રે, પૂજા અખંડિત એહ;
કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘનપદ રેહ. ઋષભ૦ ૬

———*———

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

ઋષભ જિણંદશું પ્રીતડી, કિમ કીજે હો કહો ચતુર વિચાર;
પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કો વચન–ઉચ્ચાર.
ઋષભ૦ ૧

કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન;
જે પહોંચે તે તુમ સમો, નહિ ભાખે હો કોનું વ્યવધાન[૪].
ઋષભ૦ ૨

પ્રીતિ કરે તે રાગીઆ, જિનવરજી હો તુમે તો વીતરાગ;
પ્રીતડી જેહ અરાગીથી, ભેળવવીહો, તો લોકોત્તર માર્ગ.
ઋષભ૦ ૩

પ્રીતિ અનાદિની વિષભરી, તે રીતે હો કરવા મુજ ભાવ;
કરવી નિર્વિષ[૧] પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ.
ઋષભ૦ ૪

પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ;
પરમપુરુષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ-ગેહ,
ઋષભ૦ ૫

પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ;
દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચળ સુખવાસ.

———*———

૪. હકીકત. ૧. રાગરૂપ વિષ રહિત

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

બાળપણે આપણ સસનેહી, રમતા નવનવ વેષે;
આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે સંસાર-નિવેશે.
હો પ્રભુજી! ઓલંભડે મત ખીજો. ૧
જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કેઈ ધ્યાવે;
પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઈ ન મુક્તિ જાવે.
હો પ્રભુજી! ઓ૦ ૨
સિદ્ધનિવાસ લહે ભવસિદ્ધિ[1] તેમાં શો પાડ તમારો?
તો ઉપકાર તમારો લહીએ, અભવ્યસિદ્ધને[2] તારો.
હો પ્રભુજી! ઓ૦ ૩
નાણરયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી;
તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે સાબાશી.
હો પ્રભુજી! ઓ૦ ૪
અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવિ થાય;
શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય?
હો પ્રભુજી! ઓ૦ ૫
સેવાગુણરંજ્યા ભવિજનને, જો તુમ કરો વડભાગી;
તો તમે સ્વામી કેમ કહાવો, નિર્મમને નિરાગી.
હો પ્રભુજી! ઓ૦ ૬
નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરુ જગજયકારી;
રૂપ વિબુધનો મોહન પભણે, વૃષભલંછન બલિહારી.
હો પ્રભુજી! ઓ૦ ૭

———*———

૧. ભવ્ય જીવો. ૨. અભવ્યોને.

# બીજા શ્રી અજિતનાથ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

પંથડો નિહાળું રે બીજા જિનતણો રે, અજિત અજિત ગુણધામ;
જે તેં જીત્યા રે તેણે હું જિતિયો રે, પુરુષ કિશ્યું મુજ નામ?
પંથડો૦ ૧

ચરમ નયણ કરી મારગ જોવતાં રે, ભૂલ્યો સકલ સંસાર,
જેણે નયણે કરી મારગ જોઈએ રે, નયણ તે દિવ્ય વિચાર,
પંથડો૦ ૨

પુરુષપરંપર અનુભવ જોવતાં રે, અંધોઅંધ પલાય;
વસ્તુ વિચારે રે જો આગમે કરી રે, ચરણ ધરણ નહીં ઠાય.
પંથડો૦ ૩

તર્ક વિચારે વાદપરંપરા રે, પાર ન પહોંચે કોય;
અભિમત વસ્તુ વસ્તુગતે કહે રે, તે વિરલા જગ જોય.
પંથડો૦ ૪

વસ્તુ વિચારે રે દિવ્ય નયનતણો રે, વિરહ પડયા નિરધાર;
તરતમ જોગ રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર.
પંથડો૦ ૫

કાળલબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ;
એ જન જીવે રે જિનજી જાણજો રે, આનંદઘનમત અંબ.
પંથડો૦ ૬

*

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે;
માલતી ફૂલે મોહીઓ, કિમ બેસે હો બાવલ તરુ ભૃંગ કે.
અજિત૦ ૧

ગંગાજલમાં જે રમ્યા, કિમ છિલ્લર[1] હો રતિ પામે મરાળ કે;
સરોવર જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક[2] બાળ કે.
અજિત૦ ૨

કોકિલ કલકૂજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે;
ઓછાં તરુવર નવિ ગમે, ગિરઆશું હો હોયે ગુણનો પ્યાર કે.
અજિત૦ ૩

કમલિની દિનકર-કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે;
ગૌરી[3] ગિરીશ[4] ગિરિધર[5] વિના, નવિ ચાહે હો કમલા[6].
નિજ ચિત્ત કે. અજિત૦ ૪

તિમ પ્રભશું મુજ મન રમ્યું, બીજાશું હો નવિ આવે દાય કે;
શ્રીનયવિજય સુગુરુતણો, વાચક જશ હો નિત નિત.
ગુણ ગાય કે. અજિત૦ ૫

---

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

અજિત અજિત જિન અંતરજામી,
અરજ કરું છું પ્રભુ શિર નામી;
સાહિબા સસનેહી સગુણજી,
વાતલડી કહું કેહી —સાહિબા૦ ૧

આપણ બાળપણાના સ્વદેશી,
તો હવે કેમ થાઓ છો વિદેશી? સાહિબા૦
પુણ્ય અધિક તુમે હુવા જિણંદા,
આદિ અનાદિ અમે તો બંદા —સાહિબા૦ ૨

---

૧. છીછરું પાણી. ૨. હંસ. ૩. પાર્વતી. ૪. શંકર. ૫. હરિ-વિષ્ણુ.
૬. લક્ષ્મી.

તાહરે આજે મણાઈ છે શાની?
તુંહીજ લીલાવંત, તું જ્ઞાની; સાહિબા૦
તુજ વિણ અન્યને કો નથી ધ્યાતા,
તો જો તું છે લોકવિખ્યાતા —સાહિબા૦ ૩

એકને આદર એકને અનાદર,
એમ કેમ ઘટે તુજને કરુણાકર; સાહિબા૦
દક્ષિણ વામ નયન બિહું સરખી,
કુણ ઓછું કોણ અધિકું પરખી —સાહિબા૦ ૪

સ્વામિતા મુજથી ન રાખો સ્વામી,
શી સેવકમાં જુઓ છો ખામી? સાહિબા૦
જે ન લહે સન્માન સ્વામીનો,
તો તેને કહે સહુકો કમીનો[1] —સાહિબા૦ ૫

રૂપાતીત જો મુજથી થાશો,
ધ્યાશું રૂપ કરી જ્યાં જાશો. સાહિબા૦
જડ પરમાણુ અરૂપી કહાયે,
ગહત સંયોગે શું રૂપી ન થાયે —સાહિબા૦ ૬

ધન તો ઓળગે કિમપિ ન દેવે,
જો દિનમણિ કનકાચલ સેવે; સાહિબા૦
એવું જાણી તુજને સેવું;
તાહરે હાથ છે ફળનું દેવું —સાહિબા૦ ૭

તુજ પદપંકજ મુજ મન વળગ્યું,
જાયે કીહાં છંડીને અળગું? સાહિબા૦
મધુકર મયગલ યદ્યપિ રાચે,
પણ સુને મુખે લાલ નવિ માચે —સાહિબા૦ ૮

---

૧. હલકો, દુર્ભાગી. ૨. નમસ્કાર કરવાથી.

તારક બિરુદ કહાવો છો મોટા,
તો મુજથી કિમ થાશો ખોટા; સાહિબા૦
રૂપ વિબુધનો મોહન ભાખે,
અનુભવરસ આનંદશું ચાખે —સાહિબા૦ ૯

—————*—————

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

સમકિત દાતા સમકિત આપો, મન માગે થઈ મીઠું;
છતી વસ્તુ દેતાં શું શોચો, મીઠું જે સહુએ દીઠું,
પ્યારા પ્રાણ થકી છો રાજ, સંભવ જિનજી. મુજને૦ ૧

એમ મત જાણો જે આપે લહીએ, તે લાધ્યું શું લેવું;
પણ પરમારથ પ્રીછી આપે, તેહિજ કહીએ લેવું. પ્યારા૦ ૨

અર્થી હું, તું અર્થસમર્પક, ઈમ મત કરજો હાંસું;
પ્રગટ હતું તુજને પણ પહેલાં, એ હાંસાનું પાસું. પ્યારા૦ ૩

પરમ પુરુષ તુમે પ્રથમ ભજીને, પામ્યા ઈમ પ્રભુતાઈ;
તેણે રૂપે તુમને અમે ભજીએ, તેણે તુમ હાથ વડાઈ. રા૦ ૪

તમે સ્વામી હું સેવાકામી, મુજરે સ્વામી નિવાજે;
નહિ તો હઠ માંડી માગતાં, કીણવિધ સેવક લાજે. પ્યારા૦ ૫

જ્યોતે જ્યોતિ મીલે મન પ્રીછે, કુણ લહેશે કુણ ભજશે;
સાચી ભક્તિ તે હંસતણી પરે, ખીર-નીર[1] નય કરશે. પ્યારા૦ ૬

ઓલગ કીધી તે લેખે આવી, ચરણભેટ પ્રભુ દીધી;
રૂપ વિબુધનો મોહન પભણે, રસના પાવન કીધી. પ્યારા૦ ૭

—————*—————

૧. ક્ષીર-નીરનો ન્યાય કરશે-એને જુદું પાડશે.

# ચોથા શ્રી અભિનંદન સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

અભિનંદનજિન દરિશણ તરસીએ, દરિશણ દુર્લભ દેવ;
મત મત ભેદે રે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ. અભિ૦ ૧

સામાન્યે કરી દરિશણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ;
મદ મેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિશશિરૂપ વિલેખ. અભિ૦ ૨

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઈએ, અતિ દુર્ગમ નયવાદ;
આગમવાદે હો ગુરુગમ કો નહીં, એ સબલો વિખવાદ. અભિ૦ ૩

ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિશણ જગનાથ;
ધીઠાઈ કરી મારગ સંચરું, સેંગૂ[૧]! કોઈ ન સાથ. અભિ૦ ૪

દરિશણ દરિશણ રટતો જો ફરું, તો રણ રોઝ સમાન;
જેહને પિપાસા હો અમૃતપાનની, કિમ ભાંજે વિષપાન. અભિ૦ ૫

તરસ[૨] ન આવે હો મરણ-જીવન તણો, સીઝે જો દરિશણ કાજ;
દરિશણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ. અભિ૦ ૬

—*—

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

ક્યું જાણી ક્યું બની આવશે, અભિનંદન રસ રીતિ હો મિત્ત;
પુદ્‌ગલ અનુભવત્યાગથી, કરવી જસુ પરતીત હો મત્તિ. ક્યું૦ ૧

પરમાતમ પરમેશ્વરુ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત;
દ્રવ્યે દ્રવ્ય મિલે નહીં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત. ક્યું૦ ૨

શુદ્ધ સ્વરૂપ સનાતનો, નિર્મલ જે નિ:સંગ હો મિત્ત;
આત્મવિભૂતિ પરિણમ્યો, ન કરે તે પરસંગ હો મિત્ત. ક્યું૦ ૩

---

૧. માર્ગદર્શક, ભોમિયો. ૨. ત્રાસ

પણ જાણું આગમબળે, મિલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત;
પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત. ક્યું૦ ૪

પરપરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલજોગ હો મિત્ત;
જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત; ક્યું૦ ૫

શુદ્ધ નિમિત્તી પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત;
આત્માલંબી ગુણલયી, સહુ સાધકનો ધ્યેય હો મિત્ત. ક્યું૦ ૬

જિમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત;
તિમ તિમ આત્માલંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત. ક્યું૦ ૭

સ્વસ્વરૂપ એકત્વતા, સાધે પૂર્ણાનંદ હો મિત્ત;
રમે, ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત. ક્યું૦ ૮

અભિનંદન અવલંબને, પરમાનંદવિલાસ હો મિત્ત;
દેવચંદ્ર પ્રભુ-સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત. ક્યું૦ ૯

---*---

## પાંચમા શ્રી સુમતિનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

સુમતિચરણકજ આતમઅરપણા;
દરપણ જિમ અવિકાર સુજ્ઞાની;
મતિતરપણ બહુ સમ્મત જાણીએ,
પરિસરપણ સુવિચાર સુજ્ઞાની. સુમતિ૦ ૧

ત્રિવિધ સકલ તનુધરગત આતમા;
બહિરાતમ ધુરિ ભેદ, સુજ્ઞાની;
બીજો અંતર આતમ તીસરો,
પરમાતમ અવિચ્છેદ સુ૦ સુમતિ૦ ૨

આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો,
બહિરાતમ અઘરૂપ, સુજ્ઞાની;
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમરૂપ. સુ૦ સુમતિ૦ ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો
વર્જિત સકળ ઉપાધિ, સુજ્ઞાની;
અતીંદ્રિય ગુણગણમણિઆગરુ,
એમ પરમાતમ સાધ. સુ૦ સુમતિ૦ ૪

બહિરાતમ તજી અંતર આતમા–
રૂપ થઈ થિર ભાવ, સુજ્ઞાની;
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમઅર્પણ દાવ. સુ૦ સુમતિ૦ ૫

આતમ-અર્પણ વસ્તુ વિચારતાં,
ભરમ ટળે મતિદોષ, સુજ્ઞાની;
પરમ પદારથ સંપત્તિ સંપજે,
આનંદઘન રસ પોષ, સુ૦ સુમતિ૦ ૬

———*———

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
તેલબિંદુ જિમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ;
સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ.૧

સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય,
પરિમલ કસ્તુરી તણોજી, મહીમાંહે મહકાય. સોભાગી૦૨

આંગળી નવિ મેરું ઢંકાયે, છાબડિયે રવિતેજ;
અંજલિમાં જિમ ગંગ ન માયે, મુજ મનતિમ પ્રભુહેજ. સોભાગી૦૩

હુઓ છીપે નહિ અધર[1] અરુણ[2] જિમ ખાતાં પાન સુરંગ;
પીવત ભરભર પ્રભુગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ. સોભાગી૦ ૪

ઢાંકી ઈક્ષુ[3] પરાળશુંજી,[4] ન રહે લહિ વિસ્તાર;
વાચક યશ કહે પ્રભુતણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર. સોભાગી૦ ૫

---*---

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

પ્રભુજીશું બાંધી પ્રીતડી, એ તો જીવન જગદાધાર સનેહી,
સાચો તે સાહિબ સાંભરે, ખીણ માંહે કોટિકવાર સનેહી,
વારી હું સુમતિ જિણંદને. ૧

પ્રભુ થોડાબોલો ને નિપુણ ઘણો, એ તો કાજ અનંત કરનાર સનેહી;
ઓલગ જેહની જેવડી, ફળ તેહવો તસ દેનાર. સ૦ વા૦ ૨

પ્રભુ અતિ ધીરો લાજે ભર્યો, જિમ સીંચ્યો સુકૃતમાળ સનેહી;
એકણ કરુણાની લહેરમાં, સુનિવાજે કરે નિહાલ. સ૦ વા૦ ૩

પ્રભુ ભવસ્થિતિ પાકે ભક્તને, કોઈ કહે કીનરે પસાય સનેહી;
ઋતુ વિના કહો કેમ તરુવરે, ફળ પાકીને સુંદર થાય? સ૦ વા૦ ૪

અતિ ભૂખ્યો પણ શું કરે, કાંઈ બીહું હાથે ન જમાય, સનેહી;
દાસતણી ઉતાવળે પ્રભુ કીણવિધ રીઝ્યો જાય? સ૦ વા૦ ૫

પ્રભુ-લખિત હોય તો લાભીએ, મન માન્યા તો મહારાજ, સનેહી;
ફળ તો સેવાથી સંપજે, વિણ ખણેય ન ભાંજે ખાજ, સ૦ વા૦ ૬

પ્રભુ વિસાર્યા નવિ વીસરો, સામો અધિક હોવે છે નેહ, સનેહી;
મોહન કહે કવિ રૂપનો, મુજ વહાલો છે જિનવર એહ, સ૦ વા૦ ૭

---*---

૧. નીચલો હોઠ. ૨. લાલ. ૩. શેરડી. ૪. ઘાસથી.

# છઠ્ઠા શ્રી પદ્મપ્રભ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

પદ્મપ્રભ જિન, તુજ-મુજ આંતરુ રે, કિમ ભાંજે ભગવંત?
કર્મ વિપાકે હો કારણ જોઈને રે, કોઈ કહે મતિમંત. પદ્મપ્રભ૦૧

પયઈ ઠિઈ આણુભાગ પ્રદેશથી[1] રે, મૂલ ઉત્તર બહુ ભેદ;
ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણા રે, સત્તાકર્મ વિચ્છેદ. પદ્મપ્રભ૦૨

કનકોપલવત્ પયડિ પુરુષ[2] તણી રે, જોડી અનાદિ સ્વભાવ;
અન્ય સંજોગી જિહાં લગે આતમા રે, સંસારી કહેવાય. પદ્મપ્રભ૦૩
કારણજોગે હો બંધે બંધને રે, કારણ મુક્તિ મુકાય;
આશ્રવ સંવર નામ અનુક્રમે રે, હેય ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦૪
યુંજન કરણે હો અંતર તુજ પડયો રે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રંથ ઉકતે કરી પંડિતજન કહ્યા રે, અંતર ભંગ સુઅંગ. પદ્મપ્રભુ૦૫
તુજ મુજ અંતર અંતર ભાંજશે રે, વાજશે, મંગલ તૂર;
જીવસરોવર અતિશય વાધશે રે, આનંદઘનરસપૂર. પદ્મપ્રભ૦૬

—————*—————

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

શ્રી પદ્મપ્રભ જિન ગુણનિધિ રે, લાલ, જગતારક જગદીશ રે વાલ્હેસર
જિન-ઉપગાર થકી લહે રે લાલ, ભવિજન સિદ્ધિ જગીશ રે, વા૦૧

તુજ દરિશણ મુજ વાલહું રે લાલ, દરિશણ શુદ્ધ પવિત્તરે; વા૦
દરિશણ શબ્દનયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે, વા૦ તુ૦૨
બીજે વૃક્ષઅનંતતા રે લાલ, પસરે ભૂજલયોગ રે; વા૦
તિમ મુજ આતમસંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે. વા૦તુ૦૩

જગતજંતુ કારજ રુચિ રે લોલ, સાધે ઉદયે ભાણ રે; વા૦
ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે. વા૦તુ૦૪

૧. પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ. ૨. કર્મપ્રકૃતિ અને જીવ

લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે લાલ, ઊપજે સાધક સંગ રે; વા૦
સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ, પ્રગટે તત્ત્વવીર સંગ રે. વા૦તુ૦૫

લોહ ધાતુ કંચન હુવે રે લાલ, પારસફરસન પામી રે; વા૦
પ્રગટે અધ્યાતમદશા રે લાલ, વ્યક્તગુણી ગુણગ્રામ રે. વા૦તુ૦૬

આત્મસિદ્ધિકારજ ભણી રે લાલ, સહજ નિયામક હેતુ રે; વા૦
નામાદિક જિનરાજનાં રે લાલ, ભવસાગરમાંહે સેતુ રે. વા૦તુ૦૭
સ્થંભન ઇંદ્રિયયોગનો રે લાલ, રક્ત વરણ ગુણ રાય રે; વા૦
દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ, આપ અવર્ણ અકાય રે. વા૦તુ૦૮

---*---

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા, જિહાંથી નાવે લેખોજી.
કાગળ ને મશિ જિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી.
સુગુણ સનેહા રે કદીય ન વીસરે. ૧

ઈહાંથી તિહાં જઈ કોઈ આવે નહીં, જેહ કહે સંદેશોજી;
જેહનું મિલવું રે દોહિલું, તેહશું–નેહ તે આપ કિલેશોજી. સુ૦ ૨

વીતરાગશું રે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી;
ઘોડો દોડે રે સાહેબ વાજમાં[1] મન નાણે[2] અસવારોજી. સુ૦ ૩

સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી;
હોડાહોડે રે બિહુ રસરીઝથી, મનના મનોરથ સીઝેજી. સુ૦ ૪

પણ ગુણવંતા રે ગોઠે ગાજિયે, મોટા તે વિશ્રામજી;
વાચક યશ કહે એહજ આશ રે, સુખ લહું ઠામોઠામજી. સુ૦ ૫

---*---

૧. લગામ અનુસાર; પાઠાંતર કાજમાં. ૨. ન લાવે.

# સાતમા શ્રી સુપાર્શ્વનાથ સ્તવન

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

શ્રી સુપાસ જિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ; લલના;
શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુલલના. શ્રી સુ૦ ૧

સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લ૦
સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ૦ શ્રી સુ૦ ૨

શિવશંકર જગદીશ્વરુ, ચિદાનંદ ભગવાન; લ૦
જિનઅરિહા તિર્થંકરુ, જ્યોતિ સ્વરૂપ અસમાન. લ૦ શ્રી સુ૦ ૩

અલખ નિરંજન વચ્છલુ, સકલજંતુ-વિશરામ; લ૦
અભયદાન દાતા સદા, પૂરણ આતમરામ. લ૦ શ્રી સુ૦ ૪

વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ; લ૦
નિદ્રા તંદ્રા દૂરંદશા, રહિત અબાધિત યોગ. લ૦ શ્રી સુ૦ ૫

પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦
પરમ પદારથ પરમેષ્ટિ, પરમદેવ પરમાન્ન. લ૦ શ્રી સુ૦ ૬

વિધિ વિરંચિ વિશ્વંભરુ, હૃષીકેશ જગનાથ; લ૦
અઘહર અઘમોચન ધણી, મુક્તિપરમપંદ સાથ. લ૦ શ્રી સુ૦ ૭

એમ અનેક અભિધા ધરે, અનુભવગમ્ય વિચાર; લ૦
જેહ જાણે તેહને કરે, આનંદઘન અવતાર. લ૦ શ્રી સુ૦ ૮

*

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રી સુપાર્શ્વ જિનરાજ, તું ત્રિભુવનશિરતાજ;
આજ હો છાજે રે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી. ૧

દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ;
આજ હો રાજે રે ભામંડલ, ગાજે દુંદુભિજી. ૨

અતિશય સહજના[૨] ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર;
આજ હો કીધા રે ઓગણીશે, સુરગણ ભાસુરેજી. ૩

વાણીગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ;
આજ હો રાજે રે દીવાજે, છાજે આઠશુંજી ૪

સિંહાસન અશોક, બેઠા મોહે લોક;
આજ હો સ્વામી રે શિવગામી, વાચક યશ થુણ્યોજી. ૫

---

## આઠમા શ્રી ચંદ્રપ્રભ સ્વામી

### (૧) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

શ્રી ચંદ્રપ્રભ જિનપદ-સેવા, હેવાએ જે હલિયાજી;
આતમગુણ અનુભવથી મલિયા, તે ભવ-ભયથી ટલિયાજી.
શ્રી ચંદ્રપ્રભ૦ ૧

દ્રવ્યસેવ વંદન નમનાદિક, અર્ચન વલી ગુણ ગ્રામોજી;
ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિષ્કામોજી. શ્રી૦ ૨

ભાવસેવ અપવાદે નૈગમ, પ્રભુ-ગુણને સંકલ્પેજી;
સંગ્રહ સત્તા તુલ્યારોપે, ભેદા-ભેદ વિકલ્પેજી. શ્રી૦ ૩

વ્યવહારે બહુમાન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી;
પ્રભુ-ગુણ આલંબી પરિણામે, ઋજુ પદ ધ્યાન સ્મરણાજી. શ્રી૦ ૪

શબ્દે શુક્લ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી;
બીએ શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેજી. શ્રી૦ ૫

ઉત્સર્ગ સમકિત ગુણ પ્રગટયો, નૈગમ પ્રભુતા અંશેજી;
સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી. શ્રી૦ ૬

ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આત્મ-શક્તિ પ્રકાશેજી;
યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી. શ્રી૦ ૭

---

૨. સ્વાભાવિક.

ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી;
સાધનતાએ નિજ ગુણવ્યક્તિ, તેહ સેવના વખાણોજી. શ્રી૦ ૮

કારણ ભાવ તેહ અપવાદે, કાર્યરૂપ ઉત્સર્ગેજી.
આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી. શ્રી૦ ૯

કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી;
કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી. શ્રી૦ ૧૦

પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી;
શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી. શ્રી૦ ૧૧

———*———

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

ચંદ્રપ્રભ જિન સાહેબા રે, તુમે છો ચતુર સુજાણ; મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેશો ફળ નિર્વાણ, મનના માન્યા.
આવો આવો રે ચતુર સુખભોગી, કીજે વાત એકાંત અભોગી;
ગુણ ગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા. ૧

ઓછુંઅધિકું પણ કહે રે, આસંગાયત[1] જેહ; મ૦
આપે ફલ જે અણકહે રે, ગિરુઓ સાહેબ તેહ. મ૦ ૨

દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વાધે મામ; મ૦
જલ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તિણે શ્યામ. મ૦ ૩

'પીઉ પીઉ' કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ; મ૦
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ. મ૦ ૪

મોડું-વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય? મ૦
વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય. મ૦ ૫

———*———

૧. રાગ, પ્રેમી.

# નવમા શ્રી સુવિધિનાથ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન.

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજે રે;
અતિ ઘણો ઊલટ અંગ ધરીને, પ્રહ ઊઠી પૂજીજે રે. સુવિધિ૦ ૧

દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહ રે જઈએ રે;
દહ[૨] તિગ પણ[૩] અહિગભ સાચવતાં, એકમના ધુરિ થઈએ રે. સુ૦ ૧

કુસુમ ન્હવણ વર વાસ સુગંધો, ધૂપ દીપ મન સાખી રે;
અંગ પૂજા પણ ભેદ સુણી એમ, ગુરુમુખ આગમ ભાખી રે. સુ૦ ૩

એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપર રે;
આણાપાલણ ચિત્તપ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિર રે. સુ૦ ૪

ફૂલ અક્ષત વર ધૂપ પઈવો ગંધ નૈવેદ્ય ફલ જલ ભરી રે;
અંગ અગ્ર પૂજા મળી અડવિધ, ભાવેભવિક શુભ ગતિવરી રે. સુ૦ ૫

સત્તર ભેદ એકવીસ પ્રકારે, અઠ્ઠોત્તર[૧] શત ભેદ રે;
ભાવ પૂજા બહુવિધિ નિરધારી, દોહગ દુર્ગતિ છેદે રે. સુ૦ ૬

તુરિય[૨] ભેદ પડિવત્તિ[૩] પૂજા, ઉપશમ ખીણ સયોગી રે;
ચઉહા પૂજા ઈમ ઉત્તરઝયણે[૪], ભાખી કેવલ ભોગી રે. સુ૦ ૭

એમ પૂજા બહુભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે;
ભવિક જીવ કરશે તે લેશે, આનંદઘનપદ ધરણી રે. સુ૦ ૮

———*———

૧. અષ્ટોત્તરી-૧૦૮ પ્રકારી; ૨. ચોથો. ૩. પ્રતિપત્તિ, અંગીકાર.

૪. ઉત્તરાધ્યયનસૂત્રમાં.

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સ૦
ભાસ્યું આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યો હો લાલ. અ૦
સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ. થ૦
સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ. ભ૦ ૧

તુમ પ્રભુ જાણંગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ, સ૦
નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ. સ૦
પર પરેણતિ અદ્વેષ, પણે ઉવેખતા હો લાલ, પ૦
ભોગ્ય પણે નિજ શક્તિ, અનંત ગવેષતા હો લાલ, અ૦ ૨

દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ, હ૦
તે નિજ સન્મુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ૦ ગ્ર૦
પ્રભુનો અદ્‌ભુત યોગ, સ્વરૂપતણી રસા હો લાલ, સ્વ૦
વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ. જા૦ ૩

મોહાદિકની, ધૂમિ અનાદિની ઊતરે હો લાલ, અ૦
અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ, સ્વ૦
તત્ત્વ-રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ, ભ૦
તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ, સ્વા૦ ૪

પ્રભુ છો ત્રિભુવનનાથ, દાસ હું તાહરો હો લાલ, દા૦
કરુણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ, અ૦
આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ, સ૦
ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ચ૦ ૫

પ્રભુમુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ, પ્ર૦
દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ, સ્વ૦
ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે હો લાલ, સ૦
રુચિ-અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ. ચ૦ ૬

ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણ રસી હો લાલ, થ૦
સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ, વ્ય૦
હવે સંપૂરણ સિદ્ધિ, તણી શી વાર છે હો લાલ, ત૦
દેવચંદ્ર જિનરાજ, જગત-આધાર છે હો લાલ. જ૦ ૭

---

## (૩) મોહનવિજયજીકૃત સ્તવન

અરજ સુણો એક સુવિધિ જિણેસર,
પરમ કૃપાનિધિ તુમે પરમેસર;
સાહિબા સુજ્ઞાની જોવો તો,
વાત છે માન્યાની;
કહેવાઓ પંચમ ચરણના ધારી,
કિમ આદરી અશ્વની અસવારી? સા૦ ૧

છો ત્યાગી શિવવાસ વસો છો,
દઢરથસુત રથે કિમ બેસો છો? સા૦
આંગીપ્રમુખ પરિગ્રહમાં પડશો,
હરિહરાદિકને કિણવિધ નડશો? સા૦ ૨

ધુરથી સકલ સંસાર નિવાર્યો,
કિમ ફરી દેવદ્રવ્યાદિક ધાર્યો? સા૦
તજી સંજમને થાશો ગૃહવાસી,
કુણ આશાતના તજશે ચોરાશી? સા૦ ૩

સમકિત મિથ્યા મતમાં નિરંતર,
ઈમ કિમ ભાંજશે પ્રભુજી અંતર? સા૦
લોક તો દેખશે તેહવું કહેશે,
ઈમ જિનતા તુમ કિણવિધિ રહેશે? સા૦ ૪

---

૧. જેના પ્રભાવથી.

પણ હવે શાસ્ત્રગતે મતિ પહોંચી,
તેહથી મેં જોયું ઊંડું આલોચી; સા૦
ઈમ કીધે તુમ પ્રભુતાઈ ન ઘટે,
સામુ ઈમ અનુભવ ગુણ પ્રગટે. સા૦ ૫

હય-ગય યદ્યપિ તું આરોપાએ,
તો પણ સિદ્ધપણું ન લોપાએ; સા૦
જિમ મુગટાદિક ભૂષણ કહાએ,
પણ કંચનની કંચનતા ન જાએ. સા૦ ૭

ભક્તની* કરણી દોષ ન તુમને,
અઘટિત કહવું અયુક્ત તે અમને; સા૦
લોપાએ નહિ તું કોઈથી સ્વામી,
મોહન વિજય કહે શિર નામી. સા૦ ૮

---

## દસમા શ્રી શીતલનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહે રે;
કરુણા કોમલતા તીક્ષ્ણતા, ઉદાસીનતા સોહે રે. શી૦ ૧

સર્વજંતુ હિતકરણી કરુણા, કર્મવિદારણ તીક્ષ્ણ રે;
હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે. શી૦ ૨

પરદુ:ખ છેદન ઇચ્છા કરુણા, તીક્ષ્ણ પરદુ:ખ રીઝ રે;
ઉદાસીનતા ઉભય વિલક્ષણ, એક ઠામે કેમ સીઝે રે. શી૦ ૩

અભયદાન તે મલક્ષય કરુણા, તીક્ષ્ણતા ગુણ ભાવે રે;
પ્રેરણવિણ કૃત ઉદાસીનતા, ઈમ વિરોધ મતિ નાવે રે. શી૦ ૪

* એ બધી ભક્તજનોની કરણી છે, એમાં તમને કંઈ દોષપ્રાપ્તિ થતી નથી.

શક્તિ વ્યક્તિ, ત્રિભુવન, પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગે રે;
યોગી ભોગી, વક્તા મૌની, અનુપયોગી ઉપયોગ રે. શી૦ ૫

ઈત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતી રે;
અચરિજકારી ચિત્રવિચિત્રા, આનંદઘન પદ લેતી રે. શી૦ ૬

*

## (૨) શ્રીદેવચંદ્રજીકૃત સ્તવન

શીતલ જનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહિય ન જાયજી;
અનંતતા નિર્મલતા પૂર્ણતા જ્ઞાન વિના ન જણાયજી. શી૦ ૧

ચરમજલધિજલમિણે[1] અંજલિ, ગતિજી પેઅતિવાયજી;
સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી. શી૦ ૨

સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી;
તાસ વર્ગથી અનંત ગણું, પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી. શી૦ ૩

કેવલ દર્શન એમ અનંતું, ગ્રહે સામાન્ય સ્વભાવજી;
સ્વપર અનંતથી ચરણ અનંતું, સ્વરમણ સંવર ભાવજી. શી૦ ૪

દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિ એ ચારજી;
ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી[2]. શી૦ ૫

શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી;
અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી. શી૦ ૬

આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી;
ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઈમ અનંત ગુણભૂપજી. શી૦ ૭

અવ્યાબાધ સુખ નિર્મળ તે તો, કરણજ્ઞાને ન જણાયજી;
તેહજ એહનો જાણંગ ભોક્તા, જે તુમ સમ ગુણરાયજી. શી૦ ૮

---

૧. માપે. ૨. આજ્ઞા.

એમ અનંત દાનાદિક નિજ ગુણ વચનાતીત પંડુરજી;[1]
વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દૂરજી. શી૦ ૯

સકલ પ્રત્યેક્ષપણે ત્રિભુવન-ગુરુ, જાણું તુજ ગુણગ્રામજી;
બીજું કાંઈ ન માગું સ્વામી, એહિજ છે મુજ કામજી; શી૦ ૧૦

એમ અનંતા પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુરૂપજી;
દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદ સ્વરૂપજી. શી૦ ૧૧

*

### (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રી શીતલજિન ભેટિયે, કરી ભક્તે ચોખ્ખું ચિત્ત હો.
તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યાં તન મન વિત્ત હો. શ્રી૦ ૧

દાયક નામે છે ઘણા, પણ તું સાયર[2] તે કૂપ હો;
તે બહુ ખજવા તગતગે, તું દિનકર[4] તેજ સ્વરૂપ હો. શ્રી૦ ૨

મોટો જાણી આદર્યો, દાલિદ્ર ભાંજો જગતાત હો;
તું કરુણાવંત શિરોમણિ, હું કરુણાપાત્ર વિખ્યાત હો. શ્રી૦ ૩

અંતરજામી સવિ લહો, અમ મનની જે છે વાત હો;
મા આગળ મોસાળના, શા વરણવવા અવદાત[5] હો. શ્રી૦ ૪

જાણો તો તાણો કિશ્યું? સેવા ફલ દીજે દેવ હો;
વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ મન ટેવ હો. શ્રી૦ ૫

*

## અગિયારમા શ્રી શ્રેયાંસનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનરૂકૃત સ્તવન

શ્રી શ્રેયાંસજિન અંતરજામી, આતમરામી નામી રે;
અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામી રે. શ્રી શ્રે૦ ૧

૧. મોટા. ૨. સાગર. ૩. આગિયા. ૪. સૂર્ય. ૫. વૃત્તાંત, હકીકત.

સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિગુણ આતમરામી રે;
મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિષ્કામી રે. શ્રી શ્રે૦ ૨

નિજ સ્વરૂપ જે કિરિયા સાધે, તેહ અધ્યાતમ લહીએ રે;
જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએ રે. શ્રી શ્રે૦ ૩

નામ અધ્યાતમ, ઠવણ અધ્યાતમ, દ્રવ્ય અધ્યાતમ છંડો રે;
ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડો રે. શ્રી શ્રે૦ ૪

શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજો રે;
શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાણગ્રહણ મતિ ધરજો રે. શ્રી શ્રે૦ ૫

અધ્યાતમ વસ્તુ વિચારી, બીજા જાણ લબાસી રે;
વસ્તુ ગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતવાસી રે. શ્રી શ્રે૦ ૬

*

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

તુમે બહુમૈત્રી રે સાહેબા, મારે તો મન એક;
તુમ વિણ બીજો રે નવિ ગમે, એ મુજ મોટી રે ટેક.
શ્રી શ્રેયાંસ કૃપા કરો. શ્રી૦ ૧

મન રાખો તુમે સવિતણાં પણ કિહાં એક મળી જાઓ;
લલચાવો લખ લોકને, સાથી[૧] સહજ ન થાઓ. શ્રી૦ ૨

રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ;
ચિત્ત તુમારા રે સમુદ્રનો કોઈ ન પામે રે તાગ. શ્રી૦ ૩

એવા શું ચિત્ત મેળવ્યું, મેળવ્યું પહેલાં ન કાંઈ;
સેવક નિપટ[૨] અબુઝ[૩] છે, નિર્વહેશો[૪] તુમે સાંઈ. શ્રી૦ ૪

નિરાગી શું રે કિમ મિલે, પણ મળવાનો એકાંત,
વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તે[૫] કામણ તંત. શ્રી૦ ૫

૧. સાથે રહેનાર. ૨. અત્યંત. ૩. અજાણ. ૪. નિભાવશો. ૫. ભક્તિ વડે

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

શ્રેયાંસ જિન સુણો સાહિબા રે, જિનજી!
દાસતણી અરદાસ દિલડે વસી રહ્યો; દિ૦
દૂર રહ્યા જાણું નહીં રે, જિન૦ પ્રભુ તુમારે પાસ. દિ૦ ૧

હરિમૃગને જ્યું મધુરતા રે, જિન૦ મોરને પીંછકલાપ; દિ૦
દૂર રહ્યા જાણું નહીં રે, જિન૦ પ્રભુ તુમારે પાસ. દિ૦ ૨

જળ થળ મહિયલ જોવતાં રે, જિ૦ ચિંતામણિ ચઢયો હાથ; દિ૦
ઊણપ શી હવે માહરે રે, જિ૦ નિરખ્યો નયણે નાથ. દિ૦ ૩

ચરણે તેહને વિલગીએ રે, જિ૦ તેહથી સીઝે કામ; દિ૦
ફોગટ શું ફેરો તિહાં રે, જિ૦ પૂછે નહિ પણ નામ. દિ૦ ૪

કુડો કલિયુગ છોડીને રે, જિ૦ આપ રહ્યા એકાંત; દિ૦
આપોપું રાખે ઘણા રે, જિ૦ પર રાખે તે સંત. દિ૦ ૫

દેવ ઘણા મેં દેખિયા રે, જિ૦ આડંબર પટરાય; દિ૦
નિગમ નહિ પણ સોડથી રે, જિ૦ આઘા પસારે પાય. દિ૦ ૬

સેવકને જો નિવાજીએ રે, જિ૦ તો તિહાં સ્થાને જાય; દિ૦
નિપટ નિરાગી હોવતાં રે, જિ૦ સ્વામીપણું કિમ થાય. દિ૦ ૭

મેં તો તુમને આદર્યો રે, જિ૦ ભાવે તું જાણ મ જાણ; દિ૦
રૂપવિજય કવિરાયનો રે, જિ૦ મોહન વચન પ્રમાણ. દિ૦ ૮

---

# બારમા શ્રી વાસુપૂજ્ય સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

**વાસુપૂજ્ય જિન ત્રિભુવન સ્વામી, ઘનનામી પરનામી રે;**
**નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામી રે. વાસુ૦ ૧**

નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે;
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુગ્રહણ વ્યાપારો રે. વાસુ૦ ૨

કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયે રે;
એક અનેક રૂપ નય વાદે, નિયતે નર અનુસુરિયે રે. વાસુ૦ ૩

દુઃખસુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદો રે;
ચેતનતા પરિણામ ન ચૂકે, ચેતન કહે જિનચંદો રે. વાસુ૦ ૪

પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફળ ભાવી રે;
જ્ઞાન કરમ ફળ ચેતન કહીએ, જેજો તેહ મનાવી રે. વાસુ૦ ૫

આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે;
વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, આનંદઘન મતિ સંગી રે. વાસુ૦ ૬

*

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

પૂજના તો કીજે રે બારમા જિનતણી રે, જસુ પ્રગટયો પૂજ્યસ્વભાવ
પરકૃત પૂજા રે જે ઇચ્છે નહિ રે, સાધક કારજ દાવ. પૂજના૦ ૧

દ્રવ્યથી પૂજા રે કારણ ભાવનું રે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ;
પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવન ધણી રે, વાસુપૂજ્ય સ્વયં બુદ્ધ. પૂ૦ ૨

અતિશયમહિમા રે અતિ ઉપગારતા રે, નિર્મલપ્રભુગુણરાગ;
સુરમણિ સુરઘટ સુરતરુ તુચ્છ તે રે, જિનરાગી મહાભાગ. પૂ૦ ૩

દર્શન જ્ઞાનાદિક ગુણ આત્મના રે, પ્રભુ પ્રભુતા લયલીન;
શુદ્ધસ્વરૂપી રૂપે તન્મયી રે, તસુ આસ્વાદન પીન. પૂ૦ ૪

શુદ્ધ તત્ત્વરસરંગી ચેતના રે, પામે આત્મસ્વભાવ;
આત્માલંબી નિજ ગુણ સાધતો રે, પ્રગટે પૂજ્ય સ્વભાવ. પૂ૦ ૫

આપ અકર્તા સેવાથી હુવે રે, સેવક પૂરણ સિદ્ધિ;
નિજ ધન ન દિયે પણ આશ્રિત લહે રે, અક્ષય અક્ષર રિદ્ધિ. પૂ૦ ૬

જિનવર પૂજા રે તે નિજ પૂજના રે, પ્રગટે અન્વય શક્તિ;
પરમાનંદ વિલાસી અનુભવે રે, દેવચંદ્ર પદ વ્યક્તિ. પૂ૦ ૭

———*———

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચીતડું અમારું ચોરી લીધું,
સાહેબા વાસુપૂજ્ય જિણંદા, મોહના વાસુપૂજ્ય જિણંદા;
અમે પણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું. સા૦ ૧

મન ઘરમાં ધરિયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા;
મન વૈકુંઠ અકુંઠિત ભક્તે, યોગી ભાખે અનુભવ યુક્તે. સા૦ ૨

ક્લેશે વાસિત મન સંસાર, ક્લેશ રહિત મન તે ભવપાર;
જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, પ્રભુ તો અમે નવનિધિ
ઋદ્ધિ પામ્યા. સા૦ ૩

સાત રાજ અલગા જઈ બેઠા, પણ ભક્તે અમ મનમાં પેઠા;
અલગાને વળગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું. સા૦ ૪

ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મળશું, વાચક યશ કહે હેજે હલશું. સા૦ ૫

———*———

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

પ્રભુજીશું લાગી હો પૂરણ પ્રીતડી,
જીવન-પ્રાણ આધાર, ગિરુઆ જિનજી હો રાજ!
સાહિબ સુણજો હો માહરી વિનતિ, દરિસણ દેજો હો,
દિલભરી શ્યામજી, અહો! જગગુરુ સિરદાર. ગિ૦ સા૦ ૧

ચાહીને દીજે હો ચરણની ચાકરી,
ઘો અનુભવ અમ સાજ; ગિ૦
ઈમ નવિ કીજે હો સાહિબાજી સાંભળો,
કાંઈ સેવકને શિવરાજ. ગિ૦ સા૦ ૨

ચૂપશું છાના હો સાહિબા ન બેસીએ,
કાંઈ શોભા ન લહેશો કોય; ગિ૦
દાસ ઉદ્ધારો હો સાહિબાજી આપણો,
જ્યું હોવે સુજશ સવાય. ગિ૦ સા૦ ૩

અરુણ જો ઊગે હો સાહિબાજી અંબરે,
નાશે તિમિર અંધાર; ગિ૦
અવર દેવ હો સાહિબાજી કિંકરા,
મિલિયો તું દેવ મુને સાર. ગિ૦ સા૦ ૪

અવર ન ચાહું હો સાહિબાજી તુમ છતે,
જિમ ચાતક જળધાર; ગિ૦
ખટપદ ભીનો હો સાહિબાજી પ્રેમશું,
તિમ હું હૃદયમઝાર. ગિ૦ સા૦ ૫

સાતરાજને હો સાહિબાજી અંતે જઈ વસ્યા,
શું કરીએ તુમ પ્રીત; ગિ૦
નિપટ નિરાગી હો જિનવર તું સહી,
એ તુમ ખોટી રીત. ગિ૦ સા૦ ૬

દિલની જે વાતો હો કિણને દાખવું?
શ્રી વાસુપૂજ્ય જિનરાય; ગિ૦
ખીણ એક આવી હો પંડેજી સાંભળો,
કાંઈ મોહન આવે દાય. ગિ૦ સા૦ ૭

———*———

# તેરમા શ્રી વિમલનાથ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદશું ભેટ;
ધિંગ ધણી માથે કિયા રે, કુણ ગંજે નર ખેટ,
વિમલ જિન, દીઠાં લોયણ આજ, મારાં સીધ્યાં વાંછિત કાજ.
વિમલ જિન, દીઠાં૦ ૧

ચરણકમલ કમલા[1] વસે રે, નિર્મલ થિર પદ દેખ;
સમલ અથિર પદ પરિહરી રે, પંકજે પામર પેખ. વિ૦ દી૦ ૨

મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ;
રંક ગણે મંદીરધરા[2] રે, ઇંદ ચંદ નાગિંદ. વિ૦ દી૦ ૩

સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મન-વિશરામી વાલહો રે, આતમચો[3] આધાર. વિ૦ દી૦ ૪

દરિસણ દીઠે જિનતણું રે, સંશય ન રહે વેધ;
દિનકર કરભર પસરંતાં રે, અંધકાર પ્રતિષેધ. વિ૦ દી૦ ૫
અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય. વિ૦ દી૦ ૬

એક અરજ સેવક તણી રે, અવધારો જિનદેવ;
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદ સેવ. વિ૦ દી૦ ૭

---*---

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

વિમલજિન, વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય;
લઘુ નદી જિમ તિમ લંઘિયેજી, સ્વયંભૂરમણ ન તરાય. વિ૦ ૧

---

૧. લક્ષ્મી. ૨. મેરુ—સુવર્ણાચલ ભૂમિ. ૩. આત્માનો

સયલ પુઢવી ગિરિ જલ તરુજી, કોઈ તોલે એક હથ્થ;
તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહીં સમરથ. વિ૦ ૨

સર્વ પુદ્ગલ નમ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ;
તાસ ગુણધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એક તણો લેશ. વિ૦ ૩

એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય;
નાસ્તિતા સ્વપરપદ અસ્તિતાજી, તુજ સમકાલ સમાય. વિ૦ ૪

તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુમાન;
તેહને તેહી જ નિપજેજી, એ કોઈ અદ્ભુત તાન. વિ૦ ૫

તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સસો અવર ન કોય;
તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય. વિ૦ ૬

પ્રભુ તણી વિમલતા ઓળખીજી, જે કરે થિર મન સેવ;
દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ. વિ૦ ૭

---

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન–સંગાજી;
એવા પ્રભુનું દરિશન લેવું, તે આલસમાં ગંગાજી. સે૦ ૧

અવસર પામી આલસ કરશે, તે મૂરખમાં પહેલોજી;
ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી. સે૦ ૨

ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી;
વિકટ ગ્રંથિ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી. સે૦ ૩

તત્ત્વપ્રીતિકર પાણી પાએ, વિમલાલોકે આંજીજી–
લોયણ ગુરુ પરમાન્નદિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજીજી. સે૦ ૪

ભ્રમ ભાગ્યો તવ પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી;
સરલ તેણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી. સે૦ ૫

શ્રીનયવિજય વિબુધ પય સેવક, વાચક યશ કહે સાચુંજી;
કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહિ પ્રભુ વિણ નવિ રાચુંજી. સે૦ ૬

---*---

### (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

વિમલજિનંદશું જ્ઞાનવિનોદી, મુખછબી શશી અવહેલેજી;
સુરવર નિરખી રૂપ અનુપમ, હજીયે નિમેષ ન મેલેજી. વિ૦ ૧

વિષ્ણુ વરાહ થઈ ધરે વસુધા, એહવું કોઈક કહે છે જી;
તો વરાહ લંછન મિષે પ્રભુને, ચરણ શરણે રહે છે જી. વિ૦ ૨

લીલા અકળ લલિત પુરુષોત્તમ, શિવવધૂ રસ ભીનોજી;
વેધક સ્વામીથી મિલવું સોહ્યલું, જે કોઈ ટળે કીનોજી. વિ૦ ૩

પ્રસન્ન થઈ જગનાથ પધાર્યા, મનમંદિર મુજ સધર્યોજી;
હું નટનવલ વિવિધ ગતિ જાણું ખિણ, એકતો લહો મુજરોજી. વિ૦ ૪

ચોરાશી લખ વેશ હું આણું, કર્મ પ્રતીત પ્રમાણેજી;
અનુભવ દાન દીઓ તો વારુ, ચેતન કહો મયાણેજી. વિ૦ ૫

જે પ્રભુભક્તિ વિમુખ નર જગ મેં, તે ભ્રમ ભૂલ્યા ભટકેજી;
સગત તેહ ન વિગત લહીએ, પૂજાદિકથી ચટકેજી. વિ૦ ૬

કીજે પ્રસાદ ઉચિત ઠકુરાઈ, સ્વામી અખય ખજાનોજી;
રૂપવિબુંધનો મોહન પભણે, સેવક વિનતિ માનોજી. વિ૦ ૭

---*---

## ચૌદમા શ્રી અનંતનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ધાર તરવારની સોહ્યલી દોહ્યલી,
ચૌદમા જિન તણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા,
સેવનાધાર પર રહે ન દેવા. ધાર૦ ૧

એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી,
ફલ અનેકાંત લોચન ન દેખે;
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા,
રડવડે ચાર ગતિમાંહી લેખે. ધાર૦ ૨

ગચ્છના ભેદ બહુ નિયણ નિહાળતાં,
તત્ત્વની વાત કરતાં ન લાજે;
ઉદરભરણાદિ નિજ કાજ કરતા થકા,
મોહ નડિયા કલિકાલ રાજે. ધાર૦ ૩

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ,
સાંભળી આદરી કાંઈ રાચો. ધાર૦ ૪

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે,
કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો;
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરી,
છારપર લીંપણું તેહ જાણો. ધાર૦ ૫

પાપ નહીં કોઈ ઉત્સૂત્ર ભાષણ જિશ્યો,
ધર્મ નહીં કોઈ જગ સૂત્ર સરિખો;
સૂત્ર અનુસાર જે ભાવિક કિરિયા કરે,
તેહનું શુદ્ધ ચારિત્ર પરીખો. ધાર૦ ૬

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી,
જે નરા ચિત્ત મેં નિત્ય ધ્યાવે;
તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી,
નિયત આનંદઘન રાજ પાવે. ધાર૦ ૭

—*—

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રી અનંત જિનશું કરો, સાહેલડિયાં,
ચોળ મજીઠનો રંગ રે! ગુણવેલડિયાં;
સાચો રંગ તે ધર્મનો સાહેલડિયાં,
બીજો રંગ પતંગ રે! ગુણવેલડિયાં.

ધર્મ રંગ જીરણ નહીં સા૦ દેહ તે જીરણ થાય રે; ગુ૦
સોનું તે વિણસે નહીં સા૦ ઘાટ ઘડામણ જાય રે. ગુ૦ ૨

તાંબું જે રસવેધિયું સા૦ તે હોય જાચું[1] હેમ રે; ગુ૦
ફરી ત્રાંબું તે નહિ હુએ સા૦ એવો જગગુરુ પ્રેમ રે. ગુ૦ ૩

ઉત્તમ ગુણઅનુરાગથી સા૦ લહીએ ઉત્તમ ઠામ રે; ગુ૦
ઉત્તમ નિજ મહિમા વધે સા૦ દીપે ઉત્તમ ધામ રે. ગુ૦ ૪

ઉદક બિંદુ સાયર ભલ્યો સા૦ જિમ હોય અક્ષય અભંગ રે; ગુ૦
વાચક યશ કહે પ્રભુ ગુણે સા૦ તિમ મુજ પ્રેમ પ્રસંગ રે. ગુ૦ ૫

—————*—————

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

અનંત જિણંદશું વિનતિ, મેં તો કીધી હો ત્રિકરણથી આજ;
મિલતાં નિજ સાહેબ ભણી, કુણ આણે હો મૂરખ મન લાજ. અ૦ ૧

મુખ પંકજ મન મધુકરુ, રહ્યો લુબ્ધો હો ગુણજ્ઞાને લીન;
હરિહર આવળફૂલ જ્યાં, તે દેખ્યાં હો કેમ ચિત્ત હોવે પ્રીણ?[2] અ૦ ૨

ભવ ફરિયો દરિયો તર્યો, પણ કોઈ હો અનુસરિયો ન દ્વીપ;
હવે મન પ્રવહણ માહરું, તુમ પદ ભેટે હો મેં રાખ્યું છીપ. અ૦ ૩

અંતરજામી મિલે થકે, ફળે માહરો હો સહી કરીને ભાગ્ય;
હવે વાહી જવા તણો, નથી પ્રભુજી હો કોઈ ઇહાં લાગ. અ૦ ૪

૧. ખરેખરું, સાચું. ૨. પ્રીતિવાળું. ૩. ઠગી જવા.

પલ્લવ ગ્રહી રૂઢ લેઈશું, નહિ મેળો[1] હો જ્યારે તમે મીટ;
આતમ અવરેજો થઈ, કીમ ઉવેટે હો કરારી છીટ. અ૦ ૫

નાયક નિજ નિવાજીએ, હવે લાજીએ હો કરતાં રસલૂંટ;
અધ્યાતમ પદ આપવા, કાંઈ નહિ પડે હો ખજાને ખૂટ. અ૦ ૬

જિમ તુમે તર્યા તિમ તારજો, શું બેસે હો તુમને કાંઈ દામ?
નહીં તારો તો મુજને, કિમ તુમચું[2] હો તારક કહેશો નામ. અ૦ ૭

હું તો નિજ રૂપસ્થથી, રહું હોઈ હો અહર્નિશ અનુકૂળ;.
ચરણ તજી જઈએ કીહાં? છે માહરી હો વાતલડીનો મૂલ. અ૦ ૮
અષ્ટાપદ પદ કિમ કરે, અન્ય તીરથ હો જાશે જિમ હેડ;
મોહન કહે કવિરૂપનો, વિના ઉપશમ હો નહિ મૂકું કેડ. અ૦ ૯

———*———

## [૨]

અનંત જિણંદ અવધારીએ, સેવકની અરદાસ જિનજી;
અનંત અનંત ગુણ તમ તણા, સાંભરે સાસોસાસ. જિ૦ અ૦ ૧

સુરમણિ સમ તુમ સેવના, પામીએ પુણ્ય પંડૂર; જિ૦
કિમ પ્રમાદતણે વશે, મૂકું અધખીણ દૂર જિ૦ અ૦ ૨

ભક્તિજુક્તિ મન મેં વસો, મનરંજન મહારાજ; જિ૦
સેવકની તુમને અછે, બાંહ્ય ગ્રહ્યાની લાજ. જિ૦ અ૦ ૩

શું મીઠા ધીઠા દીએ, તેહનો નહીં હું દાસ; જિ૦
સાથે સેવક સભવી, કીજે જ્ઞાન પ્રકાશ. જિ૦ અ૦ ૪

જાણને શું કહેવું ઘણું, એક વચન મેળાપ; જિ૦
મોહન કહે કવિ રૂપનો, ભક્તિ મધુર જિમ દ્રાખ. જિ૦ અ૦ ૫

———*———

૧. મેળવો. ૨. તમારું.

# પંદરમા શ્રી ધર્મનાથ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો પ્રીત; જિનેસર
બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત. જિ૦ ધ૦ ૧

ધરમ કરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ; જિ૦
ધરમ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ. જિ૦ ધ૦ ૨

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે દેખે પરમ નિધાન; જિ૦
હૃદય નયણ નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન. જિ૦ ધ૦ ૩

દોડત દોડત દોડત દોડિયો, જેતી મનની રે દોડ; જિ૦
પ્રેમ પ્રતીત વિચારો ઢુંકડી, ગુરુગમ લેજો રે જોડ. જિ૦ ધ૦ ૪

એકપખી કેમ પ્રીતિ વરે પડે, ઉભય મિલ્યા હુએ સંધિ; જિ૦
હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ. જિ૦ ધ૦ ૫

પરમ નિધાન પ્રગટ મુખ આગળે જગત ઉલ્લંઘી હો જાય; જિ૦
જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય જિ૦ ધ૦ ૬

નિર્મલ ગુણ મણિ રોહણ ભૂધરા, મુનિજન માનસહંસ; જિ૦
ધન્ય તે નગરી ધન્ય વેલા ઘડી, માતાપિતા કુલ વંશ. જિ૦ ધ૦ ૭

મન મધુકર વર કર જોડી કહે, પદકજ[૧] નિકટ નિવાસ; જિ૦
ધનનામી આનંદઘન સાંભળો, એ સેવક અરદાસ. જિ૦ ધ૦ ૮

*

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો ભાવિયે;
જાતિ જસુ એકતા તેહ પલટે નહીં,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી. ૧

---

૧. કમળ

નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે,
સર્વ ગત તેહ સામાન્ય ભાવે ભણે;
તેહથી ઈતર સાવયવ વિશેષતા,
વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા. ૨

એકતા પિંડને નિત્ય અવિનાશતા,
અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા;
ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા,
ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા. ૩

ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા,
નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા;
ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવ્યક્તવ્યતા,
વસ્તુ તે રૂપથી નિયત અભવ્યતા. ૪

ધર્મ પ્રાગ્ભાવતા સકલ ગુણ શુદ્ધતા,
ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા;
શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા,
વ્યાપ્ય-વ્યાપક તથા ગ્રાહ્યગ્રાહક ગતા. ૫

સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું,
શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું;
જહવિ[1] પાભાવથી હું ભવોદધિ વસ્યો,
પરતણો સંગ સંસારતાએ ગ્રસ્યો. ૬

તહવિ[2] સત્તાગુણે જીવ એ નિર્મલો,
અન્યસંશ્લેષ જિમ સ્ફટિક નવિ શામલો;
જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી,
ભાવ તાદાત્મ્યમાં માહરું તે નહીં. ૭

---

૧. યદ્યપિ. ૨. તથાપિ.

તિણે પરમાત્મપ્રભુ–ભક્તિરંગી થઈ,
શુદ્ધ કારણ રસે તત્ત્વપરિણતિમયી;
આત્મગ્રાહક થયે તજે પરગ્રહણતા,
તત્ત્વભોગી થયે ટળે પરભોગ્યતા. ૮

શુદ્ધ નિ:પ્રયાસ નિજભાવભોગી યદા,
આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા;
એક અસહાય નિસ્સંગ નિર્દ્વંદ્વતા,
શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા. ૯

તેણે મુજ આતમા તુજ થકી નીપજે,
માહરી સંપદા સકળ મુજ સંપજે;
તિણે મનમંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ,
પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઈએ. ૧૦

*

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

થાશું[1] પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે;
મેં રાગી પ્રભુ થેં[2] છો નિરાગી, અણજુગતે હોય હાંસી;
એકપખો જે નેહ નિર્વહેવો, તેહ માંકી[3] સાબાશી. થાશું૰ ૧

નિરાગી સેવ્યે કાંઈ હોવે[4], ઈમ મન મેં નવિ આણું;
ફળે અચેતન પણ જિમસુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થાશું૰ ૨

ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે;
સેવકનાં તિમ દુ:ખ ગમાવે, પ્રભુગુણ પ્રેમ સ્વભાવે. થાશું૰ ૩

વ્યસન* ઉદય જે જલધિ અનુહરે, શશીને તેજ સંબધે;
અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ધ સ્વભાવ પ્રબંધે. થાશું૰ ૪

---

૧. થાશું–તમારી સાથે. ૨. થેં–તમે. ૩. માકી–મારી (મારવાડી). ૪. શું થાય?

દેવ અનેરા તુમથી છોટા, થેં જગ મેં અધિકેરા.
યશ કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા. થાશું૦ ૫

---*---

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

હાં રે મારે ધર્મજિણંદશું લાગી પૂરણ પ્રીત જો,
જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લો;
હાં રે મુને થાશે કોઈક સમયે પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી તવ થાશે મારી સવિ વગે રે લો. ૧

હાં રે પ્રભુ, દુર્જનનો ભંભેર્યો મારો નાથ જો,
ઓળવશે નહીં ક્યારે કીધી ચાકરી * લો;
હાં રે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહી જો,
જઈએ રે જિમ તેહને ઘર આશા કરી રે લો. ૨

હાં રે જસ સેવા સેતી[૧] સ્વારથની નહીં સિદ્ધ[૨] જો,
ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લો;
હાં રે કાંઈ જૂઠું ખાય તે મીઠાઈને માટે જો,
કાંઈ રે પરમારથ વિણ નહીં પ્રીતડી રે લો. ૩

હાં રે પ્રભુ, અંતરજામી જીવન પ્રાણાધાર જો,
વાયો રે નવિ જાણ્યો કળિયુગ વાયરો રે લો;
હાં રે પ્રભુ, લાયક નાયક ભક્ત-વચ્છલ ભગવંત જો,
વારુ રે ગુણ કેરા સાહિબ સાયરુ રે લો. ૪

હાં રે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,
અળગા રે રહેવાથી હોય ઓસાંગલો રે લો;
હાં રે કુણ જાણે અંતરગતિની વિણ મહારાજ જો,
હેજે રે હસી બોલો છંડી આમળો રે લો. ૫

---

* કષ્ટ અસ્ત. ૧. સેવાથી. ૨. સિદ્ધિ. ૩. એંઠું.

હાં રે તારે મુખને મટકે અટક્યું મારું મન જો,
આંખલડી અણિયાળી કામણગારડી રે લો;
હાં રે મારા નયણાં લંપટ જોવે ખિણખિણ તુજ જો,
રાતે રે પ્રભુરૂપે ન રહે વારિયાં રે લો. ૬

હાં રે પ્રભુ, અલગા તો પણ જાણજો કરીને હજૂર જો,
તાહરીરે બલિહારી હું જાઉં વારણે રે લો;
હાં રે કવિ રૂપવિબુધનો મોહન કરે અરદાસ જો,
ગિરુઆથી મન આણી ઊલટ અતિ ઘણો રે લો. ૭

---

## સોળમા શ્રી શાંતિનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

શાંતિ જિન, એક મુજ વિનતિ, સુણો ત્રિભુવનરાય રે;
શાંતિ સ્વરૂપ કિમ જાણીએ, કહો મને કિમ પરખાય રે. શાં૦ ૧

ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશ રે;
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસ રે. શાં૦ ૨

ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા જિનવર દેવ રે;
તે તેમ અવિતથ્થ સદ્દહે પ્રથમ એ શાંતિપદ સેવ રે. શાં૦ ૩

આગમધર ગુરુ સમકિતી, કિરિયા સંવર સાર રે;
સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધાર રે. શાં૦ ૪

શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલ રે;
તામસી વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિકી શાલ રે. શાં૦ ૫

ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધી રે;
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવસાધન સંધિ રે. શાં૦ ૬

વિધિ પ્રતિષેધ કરી આતમા, પદારથ અવિરોધ રે;
ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો, ઈસ્યો આગમે બોધ રે. શાં૦ ૭

દુષ્ટજન-સંગતિ પરિહરી, ભજે સગુરુ સંતાન રે;
જોગ સામર્થ્ય ચિત્ત ભાવ જે, ધરે મુક્તિ નિદાન રે. શાં૦ ૮

માન અપમાન ચિત્ત સમગણે, સમગણે કનક પાષાણ રે;
વંદક નિંદક સમ ગણે, ઈશ્યો હોયે તું જાણ રે. શાં૦ ૯

સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે, તૃણ મણિ ભાવ રે;
મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુણે ભવજલનિધિ નાવ રે. શાં૦ ૧૦

આપણો આતમભાવ જે, એક ચેતન આધાર રે;
અવર સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે. શાં૦ ૧૧

પ્રભુમુખથી એમ સાંભળી, કહે આતમરામ રે;
તાહરે દરિશને નિસ્તર્યો, મુજ સિદ્ધાં સવિ કામ રે. શાં૦ ૧૨

અહો! અહા! હું મુજને કહું, નમો મુજ નમો મુજ રે;
અમિત ફલ દાન દાતારની, જેહની ભેટ થઈ તુજ રે. શાં૦ ૧૩

શાંતિસ્વરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપ રે;
આગમમાંહે વિસ્તર ઘણો, કહ્યો શાંતિ જિનભૂપ રે. શાં૦ ૧૪

શાંતિ સ્વરૂપ એમ ભાવશે, ધરી શુદ્ધ પ્રણિધાન રે;
આનંદઘન પદ પામશે, તે લહેશે બહુમાન રે. શાં૦ ૧૫

---

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

જગત દિવાકર જગત કૃપાનિધિ,
વહાલા મારા સમવસરણમાં બેઠા રે,
ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે,

ભવિક જન હરખો રે, નિરખી શાંતિજિણંદ ભ૦
ઉપશમ રસનો કંદ, નહિ ઈણ સરિખો રે—એ આંકણી. ૧

પ્રાતિહારજ અતિશય શોભા વા૦ તે તો કહિય ન જાવે રે;
ઘૂક[1] બાલકથી રવિકરભરનું વર્ણન કેણીપેરે થાવે રે. ભ૦ ૨

વાણી ગુણ પાંત્રીસ અનોપમ વા૦ અવિસંવાદ સરૂપે રે,
ભવદુ:ખવારણ શિવસુખકારણ, શુદ્ધો ધર્મ પ્રરૂપે રે. ભ૦ ૩

દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિ મુખ વા૦ ઠવણા જિન ઉપગારી રે;
તસુ આલંબન લહિય અનેક, તિહાં થયા સમકિત ધારી રે. ભ૦ ૪

ષટ્ નય કારજરૂપે ઠવણા વા૦ સગ નય કારણ ઠારી રે;
નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે. ભ૦ ૫

સાધક તિન નિક્ષેપા મુખ્ય વા૦ જે વિણ ભાવ ન લહિયે રે;
ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગ્રહીએ રે. ભ૦ ૬

ઠવણા સમવસરણે જિન સેંતી વા૦ જો અભેદતા વાધી રે;
એ આતમના સ્વ-સ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે. ભ૦ ૭

ભલું થયું મેં પ્રભુગુણ ગાયા વા૦ રસનાનો ફલ લીધો રે;
દેવચંદ્ર કહે મહારા મનનો, સકલ મનોરથ સીધો રે. ભ૦ ૮

---

## (3) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

ધન્ય દિન વેલા, ધન્ય ઘડી તેહ,
અચિરારો નંદન જિન જદિ ભેટશુંજી;
લહીશું રે સુખ દેખી મુખચંદ,
વિરહવ્યથાનાં દુ:ખ સવિ મેટશુંજી. ૧

જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ,
બીજા રે રસ તેહને મન નવિ ગમેજી.
ચાખ્યો રે જેણે અમી લવલેશ,
બાકસબુકસ તસ ન રુચે કિમેજી. ૨

---

૧. ઘુવડ

તુજ સમકિત રસસ્વાદનો જાણ,
પાપ કુભક્તે બહુ દિન સેવિયુંજી;
સેવે જો કર્મને યોગે તહિ,
વાંછે તે સમકિત અમૃત ધુરિ લિખ્યુંજી. ૩

તાહરું ધ્યાન તે સમકિતરૂપ,
તેહીજ જ્ઞાન તે ચારિત્ર તેજ છે જી,
તેહથી રે જાયે સઘલાં પાપ,
ધ્યાતા રે ધ્યેયસ્વરૂપ હોય પછેજી. ૪

દેખી રે અદ્‌ભુત તાહરું રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરેજી.
તાહરી ગતિ તું જાણે હો દેવ,
સ્મરણ ભજન તે વાચક યશ કરેજી. ૫

*

## સત્તરમા શ્રી કુંથુનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

મનડું કિમહિ ન બાજે હો, કુંથુજિન મનડું કિમહિનબાજે;
જિમજિમ જતન કરીને રાખું, તિમતિમ અલગું ભાજે હો. કું૦ ૧

રજની વાસર વસતિ ઉજજડ ગયણ પાયાલે જાય;
સાપ ખાય ને મુખડું[૨] થોથું, એહ ઉખાણો ન્યાય હો. કું૦ ૨

મુક્તિતણા અભિલાષી તપિયા, જ્ઞાન ને ધ્યાન અભ્યાસે;
વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવળે પાસે હો. કું૦ ૩

આગમ આગમધરને હાથે નાવે કિણવિધ આંકું;
કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલ તણી પરે વાંકું હો. કું૦ ૪

જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાંહી;
સર્વ માંહી ને સહુથી અલગું, એ અચરિજ મન માંહી હો. કું૦ ૫

૨. ખાલી.

જે જે કહું તે કાન ધારે, આપ મતે રહે કાલો;
સુરનર પંડિતજન સમજાવે, સમજે ન માહરો સાલો[3] હો. કું૦ ૬
મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે;
બીજી વાતે સમર્થ છે નર, એહને કોઈ ન જેલે હો. કું૦ ૭
મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી;
એમ કહે સાધ્યું તે નવિ માનું, એ કહી વાત છે મોટી હો. કું૦ ૮
મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, આગમથી મતિ આણું,
આનંદઘન પ્રભુ માહરું આણો, તો સાચું કરી જાણું હો. કું૦ ૯

*

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

સમવસરણ બેસી કરી રે, બારહ પરિષદ્માંહે;
વસ્તુસ્વરૂપ પ્રકાશતા રે, કરુણાકર જગના હો રે કુંથુજિનેસરુ. ૧
નિર્મલ તુજ મુખ વાણી રે, તે શ્રવણે સુણે;
તેહીજ ગુણમણિ ખાણી રે. કું૦ ૧
ગુણ પર્યાય અનંતતા રે, વલી સ્વભાવ અગાહ;
નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે. કું૦ ૨
કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધક સિદ્ધિ;
ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે. કું૦ ૩
વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામો;
ગ્રાહક અવસર બોધથી રે, કહેવે અર્પિત કામો રે. કું૦ ૪
શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ;
ઉભય રહિત ભાસન હુવે રે, પ્રગટે કેવલ બોધ રે. કું૦ ૫
છતિ પરિણતિ ગુણવર્તના રે, ભાસન ભોગ આનંદ;
સમકાળે પ્રભુ તાહરે રે, રમ્યરમણ ગુણવૃંદો રે. કું૦ ૬

૩. કુમતિ સ્ત્રીનો ભાઈ

નિજ ભાવે સીય અસ્તિતા રે, પરનાસ્તિત્વ સ્વભાવ;
અસ્તિપણે તે નાસ્તિતા રે, સીય[1] તે ઉભય સ્વભાવો રે. કું૦ ૭

અસ્તિભાવ જે આપણો રે, રુચિ વૈરાગ્ય સમેત;
પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેતુ રે. કું૦ ૮

અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ;
દેવચંદ્ર પદ તે લહેરે, પરમાનંદ જમાવો રે. કું૦ ૯

---*---

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ;
સા૦ મુજ મનમંદિર માંહી, આવે જો અરિબલ જીપતો હો લાલ. ૧

સા૦ મિટે તો મોહઅંધાર, અનુભવતેજે જળહળે હો લાલ;
સા૦ ધૂમકષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ. ૨

સા૦ પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છિપે હો લાલ;
સા૦ સર્વ તેજનું તેજ પહેલાંથી વાધે પછે હો લાલ. ૩

સા૦ જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ;
સા૦ જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ. ૪

સા૦ પુદ્ગલ તેલ ન ખેપ,[1] જેહ ન ધર્મ શુદ્ધ દશા[2] દહે હો લાલ;
સા૦ શ્રી નયવિજય સુશિષ્ય, વાચક યશ ઈણિ પેરે કહે હો લાલ. ૫

---*---

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

### [૧]

કુંથુજિણંદ કરુણા કરો, જાણી પોતાનો દાસ; સાહિબા મોરા,
શું જાણી અલગા રહ્યા? જાણ્યું કે આવશે પાસ. સા૦ ૧

---

૧. ક્ષેપન કરવાપણું. ૨. દીવેટ, અવસ્થા.

અજબ રંગીલા પ્યારા, અકળ અલક્ષ્મી ન્યારા.
પરમ સસનેહી માહરી, વિનંતિ એ આંકણી.

અંતરજામી વાલહા, જોવો મીટ મિલાય; સા૦
ખિણમહસો ખિણમાંહસો, ઈમપ્રીતનિવાહો કિમ થાય? સા૦અ૦૨

રૂપી હો તો પાલવ ગ્રહું, અરૂપીને શું કહેવાય; સા૦
કાન માંડ્યા વિના વારતા, કહોનેજી કેમ બકાય? સા૦અ૦૩

દેવ ઘણા દુનિયામાંય છે, પણ દિલમેળો નવિ થાય; સા૦
જિણ ગામે જાવું નહીં, તે વાટ કહો શું પુછાય? સા૦અ૦૪

મુજ મન અંતમુર્હૂતનો, મેં ગ્રહ્યો ચપલતા દાવ; સા૦
પ્રીતિ સમે તો જુઓ કહો, એ તો સ્વામી સ્વભાવ. સા૦અ૦૫

અંતર શ્યો મળિયા પછે, નવી મળીએ પ્રભુ મૂલ; સા૦
કુમયા કિમ કરવી ઘટે, જે થયો નિજ અનુકૂળ? સા૦અ૦૬

જાગી હવે અનુભવદશા, લાગી પ્રભુશું પ્રીત; સા૦
રૂપવિજય કવિરાયનો, કહે મોહન રસરીત સા૦અ૦૭

———*———

## [૨]

મુજ અરજ સુણો મુજ પ્યારા,
સાચી ભક્તિથી કિમ રહો ન્યારા રે;
સનેહી મોરા, કુંથુ જિણંદ કરુણા કરો. ૧

હું તો તુમ દરિસણનો અરથી,
ઘટે કિમ કરી શકે કરથી રે? સ૦
થઈ ગિરૂઆ એમ જે વિમાસો,
તે તો મુજને હોય છે તમાસો રે. સ૦ કું૦ ૨

લલચાવીને જે કીજે,
કિમ દોસને ચિત્ત પતીજે? રે; સ૦
પદ મોટે કહાવો મોટા,
જિણ તિણ વાતે ન હુવો ખોટો રે. સ૦ કું૦ ૩

મુજ ભાવ મહેલ મેં આવો,
ઉપશમ રસ પ્યાલો ચખાવો રે; સ૦
સેવકનો તો મન રીઝે,
સેવક કારજ સીઝે રે. સ૦ કું૦ ૪

મનમેળુ થઈ મન ન મેળો,
ગ્રહે આવી મત અવહેલો રે; સ૦
તુમે જાણો છો એ કરું લીલા,
પર અર્થી સદ્દહે કે રીસાલા રે. સ૦ કું૦ ૫

પ્રભુચરણ સરોરુહ રહેવું,
ફળપ્રાપ્તિ લહેણ દેવું રે; સ૦
કવિ રૂપ વિબુધ જયકારી,
કહે મોહન જિન બલિહારી રે. સ૦ કું૦ ૬

—————*—————

## અઢારમા શ્રી અમરનાથ સ્વામી

### (૧) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રી અરજિન ભવજલનો તારુ, મુજ મન લાગે વારુ રે;
મન મોહન સ્વામી.
બાંહ્ય ગ્રહી એ ભવજલ તારે*, આણે શિવપુર આરે રે. ૧

તપ જપ મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે. મ૦
પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથે રે. મન૦ ૨

* પાઠાંતર : ભવિજન તારે.

ભગતને સ્વર્ણ સ્વર્ગથી અધીકું જ્ઞાનીને ફલ દેઈ રે. મ૦
કાયા કષ્ટ વિના ફલ લહીએ, મનમાં ધ્યાન ધરેઈ રે. મન૦ ૩
જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે; મ૦
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે. મન૦ ૪

પ્રભુપદ વળગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજા રે; મ૦
વાચક યશ કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉં રે. મન૦ ૫

---*---

## (૨) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

અરનાથ અવિનાશી, હો સુવિલાસી, ખાસી ચાકરી,
કાંઈ ચાહું અમે નિશદિશ;
અંતરાયને રાગે હો અનુરાગે કિણપરે કીજીએ,
કાંઈ શુભ ભાવે સુજગીશ. અ૦ ૧

સિદ્ધ સ્વરૂપી સ્વામી, હો ગુણધામી, અલખ અગોચરુ,
કાંઈ દીઠા વિણ દિદાર;
કિમ પતીજે કીજે, હો કિમ લીજે ફળ સેવા તણું,
કાંઈ દીસે ન પ્રાણ આધાર. અ૦ ૨

જ્ઞાન વિના કુણ પેખે, હો સંખેપે સૂત્રે સાંભળ્યો,
કાંઈ અથવા પ્રતિમા રૂપ;
સામે જો સંપેખું, હો પ્રભુ દેખું દિલભર લોયણે,
કાંઈ તો મન મેં હવે ચૂપ. અ૦ ૩

જગનાયક જિનરાયા, હો મન ભાવ્યા મુજ આવી મળ્યા,
કાંઈ મહેર કરી મહારાજ;
સેવક તો સસનેહી, હો નિ:સનેહી પ્રભુ કિમ કીજીએ,
કાંઈ ઈસ કોઈ વહીએ રે લાજ. અ૦ ૪

ભક્તિ ગુણે ભરમાવી, હો સમજાવી પ્રભુજીને ભોળવી,
કાંઈ દેખું હૃદય મોઝાર;
તો કહેજો સાબાશી, હો પ્રભુ ભાસી જાણી સેવતા,
કાંઈ એ અમચો એક તાર. અ૦ ૫

પાણી ખીરને મેળે, હો કીણ ખેલે એકાંત હોઈ રહું,
કાંઈ નહીં રે મિલનનો જોગ;
જો પ્રભુ દેખું નયણે, હો કહી વયણે સમજાવું સહી,
કાંઈ તે ન મિલે સંજોગ. અ૦ ૬

મનમેળુ કિમ રીઝે, હો શું કીજે અંતરાય એવડો,
કાંઈ નિપટ નહેજો નાથ;
સાતરાજને અંતે, હો કીણ પાખે તે આવીને મળું,
કાંઈ વિકટ તુમારોજી પાથ. અ૦ ૭

ઓળગ એ અનુભવની હો મુજ મનની વાર્તા સાંભળી;
કાંઈ કીજે આજે નિવાજ;
રૂપ વિબુધનો મોહન હો મનમોહન સાંભળ વિનતિ,
કાંઈ દીજે શિવપુર રાજ. અ૦ ૮

—————*—————

## ઓગણીસમા મલ્લિનાથજી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

સેવક કિમ અવગણિયે, હો મલ્લિજિન, એહ અબ શોભા સારી;
અવર જેહને આદર અતિ દીએ, તેહને મૂલ નિવારી. હો મ૦ ૧

જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારું, તે લીધું તમે તાણી;
જુઓ અજ્ઞાન દશા રિસાવી, જાતાં કાણ ન આણી. હો મ૦ ૨

નિદ્રા સુપન જાગર ઉજાગરતા,[1] તુરિય અવસ્થા આવી;
નિદ્રા સુપન દશા રિસાણી, જાણી ન નાથ મનાવી. હો મ૦ ૩

૧. ચોથી.

સમકિત સાથે સગાઈ કીધી, સપરિવારશું ગાઢી;
મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહિર કાઢી. હો મ૦ ૪

હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી;
નોકષાય[1] શ્રેણી ગજ ચડતાં, શ્વાન તણી ગતિ ઝાલી. હો મ૦ ૫

રાગદ્વેષ અવિરતિની પરિણતિ, એ ચરણ મોહના યોદ્ધા;
વીતરાગ પરિણતિ પરિમણતાં, ઊઠી નાઠા બોદ્ધા. હો મ૦ ૬

વેદોદય કામા પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી;
નિષ્કામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી. હો મ૦ ૭

દાન વિઘન વારી સહુ જનને, અભય દાન પદ દાતા;
લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા. હો મ૦ ૮

વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;
ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી. હો મ૦ ૯

એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;
અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા. હો મ૦ ૧૦

ઇણ વિધ પરખી મન વિશરામી, જિનવરગુણજે ગાવે;
દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે. હો મ૦ ૧૧

———*———

## (૨) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

સુગુરુ સુણી ઉપદેશ ધ્યાયો દિલ મે ધરી હો લાલ, ધ્યા૦
કીધી ભક્તિ અનંત ચવી ચવી ચાતુરી હો લાલ; ચ૦
સેવ્યો રે વિશ્વાવીશ ઊલટ ધરી ઉલસ્યો હો લાલ, ઉ૦
દીઠો નવિ દિદાર કાંન કીણ હીલસ્યો હો લાલ. કાં૦ ૧

---

૧. કૃષિની–પંક્તિ, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ.

પરમેશ્વરશું પ્રીત કહો કિમ કીજીએ હો લાલ, ક૦
નીમખ ન મેલે મીટ, દોષ કીણ દીજીએ હો લાલ; દો૦
કો ન કરે તકસીર સેવામાં સાહિબા હો લાલ, સે૦
કીજે ન છોકરવાદ ભગત ભરમાવવા હો લાલ. ભ૦ ૨

જાણ્યું તમારું જાણ પુરુષે પારખું હો લાલ, પુ૦
સુગુણ નિર્ગુણનો રાહ કરો શું સરીખું હો લાલ; ક૦
દીધે દિલાસે દીનદયાળ કહાવશો હો લાલ દ૦
કરુણારસભંડાર બિરુદ કિમ પાવશો હો લાલ. બિ૦ ૩

શું નીપજ્યા તુમે સિદ્ધ સેવકને અવગણી હો લાલ, સે૦
ભાખો અવિહડ પ્રીત જાવા દ્યો ભોળામણી હો લાલ; જા૦
જો કોઈ રાખે રાગ નિરાગ ન રાખીએ હો લાલ, નિ૦
ગુણ અવગુણની વાત કરી પ્રભુ દાખીએ હો લાલ. ક૦ ૪

અમચા[૧] દોષ હજાર તિકે[૨] મત ભાળજો હો લાલ, તિ૦
તુમે છો ચતુરસુજાણ પ્રીતમ ગુણ પાળજો હો લાલ; પ્રી૦
મલ્લિનાથ મહારાજ મ રાખો આંતરો હો લાલ, મ૦
દ્યો દરિસણ દિલધાર, મિટે જ્યું આંતરો હો લાલ. મિ૦ ૫

મન મંદિર મહારાજ વિરાજો દિલ મળી હો લાલ, વિ૦
ચંદાતપ જિમ કાળ હૃદય વિકસે કળી હો લાલ; હૃ૦
રૂપ વિબુધ સુપસાય કરો અમ રંગ રળી હો લાલ, ક૦
કહે મોહન કવિરાય સકળ આશા ફળી હો લાલ. સ૦ ૬

---

૧. અમારા. ૨. તેમને.

# વીસમા શ્રી મુનિસુવ્રત સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

મુનિસુવ્રત જિનરાય, એક મુજ વિનતિ નિસુણો,
આતમતત્ત્વ ક્યું જાણ્યું જગતગુરુ,
એહ વિચાર મુજ કહિયો;
આતમતત્ત્વ જાણ્યા વિણ નિર્મલ,
ચિત્ત સમાધિ નવિ લહિયો. મુનિ૦ ૧
કોઈ અબંધ આતમતત્ત[3] માને, કિરિયા કરતો દીસે;
ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે, ઈમ પૂછ્યું ચિત્ત રીસે. મુ૦ ૨
જડ ચેતન એ આતમ એક જ, સ્થાવર જંગમ સરીખો;
દુઃખ સુખ સંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરીખો. મુ૦ ૩
એક કહે નિત્યજ આતમ તત્ત, આતમ દરિસણ લીનો;
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિહીણો. મુ૦ ૪
સૌગત મતિ રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો;
બંધ-મોક્ષ સુખ-દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો. મુ૦ ૫
ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે;
અંધ શકટ જો નજર ન દેખે, તો શું કીજે શટકે? મુ૦ ૬
એમ અનેક વાદિ મત વિભ્રમ, સંકટ પડિયો ન લહે;
ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત્ત કોઈ ન કહે. મુ૦ ૭
વળતું જગગુરુ ઈણિપેરે ભાખે, પક્ષપાત સબ છંડી;
રાગદ્વેષ મોહ ખપ વર્જિત, આતમ શું રઢ મંડી. મુ૦ ૮
આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફીર ઈણમેં નાવે;
વાગજાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે. મુ૦ ૯
જિણે વિવેક ધરી એ પખ ગ્રહિયો, તે તત્ત્વજ્ઞાની કહિયે;
શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો આનંદઘન પદ લહિયે. મુ૦ ૧૦

---

૩. આત્મતત્ત્વ.

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

મુનિસુવ્રત જિન વંદતાં, અતિ ઉલ્લસિત તન મન થાય રે;
વદન અનોપમ નિરખતાં, મારાં ભવભવનાં દુઃખ જાય રે;
મારાં ભવ ભવનાં દુઃખ જાય, જગતગુરુ જાગતો સુખકંદ રે;
સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરુ દીપતો. સુ૦ ૧

નિશિ દિન સુતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે;
જબ ઉપગાર સંભારીએ, તવ ઊપજે આનંદ પૂર રે;
ત૦ જ૦ સુ૦ ૨

પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે;
ગુણ ગુણ અનુબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે;
તે૦ જ૦ સુ૦ ૩

અક્ષય પદ દિયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપ રે;
અક્ષર સ્વર ગોચર નહીં, એ તો અકલ અમાપ અરૂપ રે;
એ૦ જ૦ સુ૦ ૪

અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે;
વાચક યશ કહે પ્રેમથી, પણ મનમાંહે પરખાય રે.
પ૦ જ૦ સુ૦ ૫

—*—

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

હો પ્રભુ મુજ પ્યારા ન્યારા થયા કેઈ રીત જો,
ઓળગુઆને આલાલુંભન તાહરો રે લો;
હો૦ ભક્તવચ્છલ ભગવંત જો,
આઈ વસો મન મંદિર સાહિબ માહરે લો. ૧

હો૦ ખીણ ન વીસરું તુ જો,
તંબોળીના પત્ર તણી પેરે ફેરતો રે લો;
હો૦ લાગી મુજને (તાહરી) માયા જોર જો,
દીણયરવાસી સુસાહિબ તુમને હેરતો રે લો. ૨

હો૦ તું નિઃસનેહી જિનરાય જો,
એકપખી પ્રીતલડી કિણપરે રાખીએ રે લો;
હો૦ અંતરગતિની મહારાજ જો,
વાતલડી વિણ સાહિબ કેહને દાખીએ રે લો. ૩

હો૦ અલખરૂપ થઈ આપ જો,
જાઈ વસ્યો શિવમંદિર માંહિ તું જઈ રે લો;
હો૦ લાધ્યો તુમારો ભેદ જો,
સૂત્ર સિદ્ધાંતગતિને સાહિબ તુમે લહી રે લો. ૪

હો૦ જગજીવન જિનરાય જો,
મુનિસુવ્રત જિન મુજરો માનજો માહરો રે લો;
હો૦ પય પ્રણમી જિનરાજ જો,
ભવ ભવ શરણો સાહિબ સ્વામી તાહરો રે લો. ૫

હો૦ રાખશું હૃદય મોઝાર જો,
આપો શામળીઆ દ્યો પદવી તાહરી રે લો;
હો રૂપવિજયનો શિષ્ય જો,
મોહનને મન લાગી માયા તાહરી રે લો. ૬

---

# એકવિસમા શ્રી નેમિનાથ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ષટ્ દરિસણ જિનઅંગ ભણી જે, ન્યાસષડંગ જો સાધે રે;
નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ્ દરિસણ આરાધે રે. ષટ્૦ ૧

જિન સુર પાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે;
આતમસત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદે રે. ષટ્૦ ૨

ભેદ અભેદ સૌગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે;
લોકાલોક અવલંબન ભજીએ, ગુરુગમથી અવધારી રે. ષટ્૦ ૩

લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચારી જો કીજે રે;
તત્ત્વ વિચાર સુધારસધારા, ગુરુગમ વિણ કેમ પીજે રે? ષટ્૦ ૪

જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગે રે;
અક્ષર ન્યાસ ધરા આધારક, આરાધે ધરી સંગે રે. ષટ્૦ ૫

જિનવરમાં સઘળાં દરિસણ છે, દર્શને જિનવર ભજના રે;
સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગરભજના રે. ષટ્૦ ૬

જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે;
ભૃંગી ઈલિકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે. ષટ્૦ ૭

ચૂર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ પરંપર અનુભવ રે;
સમય પુરુષના અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવ રે. ષટ્૦ ૮

મુદ્રા બીજ ધારણા અક્ષર ન્યાસ, અરથ વિનિયોગે રે;
જે ધ્યાવે તે નવિ વંચીજે, ક્રિયા અવંચક ભોગે રે. ષટ્૦ ૯

શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરુ તથા વિધિ ન મિલે રે;
કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત્તસઘળે રે. ષટ્૦ ૧૦

તે માટે ઊભા કર જોડી, જિનવર આગળ કહીએ રે;
સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહીએ રે. ષટ્૦ ૧૧

*

## (૨) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

શ્રીનમિ જિનની સેવા કરતાં અલિય[૧] વિઘન સવિ દૂર નાસેજી;
અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર[૨] પાસેજી. શ્રી૦૧

મયમત્તા[૩] અંગણ ગજ ગાજે, રાજે તેજી તુખાર[૪] તે ચંગાજી;
બેટાબેટી બંધવ જોડી, લહિયે બહુ અધિકાર રંગાજી. શ્રી૦૨

વલ્લભ સંગમ રંગ લહીજે, અણવાલહા હોય દૂર સહેજેજી;
વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભૂરિ સહેજેજી. શ્રી૦૩

૧. ખોટા. ૨. સંપત્તિના પ્રકાર. ૩. મદોન્મત્ત. ૪. ઘોડા.

ચંદ્રકિરણ ઉજ્જ્વલ યશ ઉલસે, સૂરજતુલ્ય પ્રતાપી દીપેજી;
જે પ્રભુ ભક્તિ કરે નિત્ય વિનયે, તે અરિયણ[૫] બહુપ્રતાપી ઝીપેજી. શ્રી૦૪

મંગલમાલા[૬] લચ્છિ વિશાલા,[૭] બાલા બહુલે પ્રેમ રંગજી;
શ્રીનયજિનય વિબુધ પય સેવક, કહેલહીએ સુખ પ્રેમ અંગેજી. શ્રી૦૫

—*—

## (૩) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

આજ નમિ જિનરાજને કહીએ,
મીઠે વચને પ્રભુ મન લહીએ રે, સુખકારી સાહેબજી;
પ્રભુ છો નિપટ નિ:સનેહી નગીના,
તો હિયડે છું સેવક આધિના રે૦ ૧

સુનજર કરશો તો વરશો વડાઈ,
શું કહેશે પ્રભુને લડાઈ રે; સુ૦
તુમે અમને કરશો મોટા,
કુણ કહેશે પ્રભુ તમે છોટા રે? સુ૦ ૨

નિ:શંક થઈ શુભ વચન કહેશો,
જગ શોભા અધિકી લહેશો રે; સુ૦
અમે તો રહ્યા છીએ તુમને રાચી,
રખે આપ રહો મન ખાંચી રે. સુ૦ ૩

અમે તો કીશું અંતર નવિ રાખું,
જે હોવે હૃદય કહી દાખું રે; સુ૦
ગુણી જન આગળ ગુણ કહેવાયે,
જેવા રે પ્રીત પ્રમાણે થાયે રે. સુ૦ ૪

---

૫. શત્રુ. ૬. કલ્યાણની શ્રેણીઓ. ૭. વિશાળ લક્ષ્મી.

વિષધર[૧] ઈશહૃદયે[૨] લપટાણો,
તેહવો અમને મિળ્યો છે ટાણો રે; સુ૦
નિરવહેશો જો પ્રીત અમારી,
કળિ[૩] કીરત થાશે તમારી રે. સુ૦ ૫

ધુત્તાઈ ચિત્તડે નવિ ધરશો,
કાંઈ અવળો વિચાર ન કરશો રે; સુ૦
જિમતિમ કરી સેવક જાણજો,
અવસર લહી શુદ્ધ લહેજો રે. સુ૦ ૬

આ સમે કહીએ છીએ તુમને,
પ્રભુ દીજે દિલાસો અમને રે; સુ૦
મોહનવિજય સદા મને રંગે,
ચિત્ત લાગ્યો પ્રભુને સંગ રે. સુ૦ ૭

*

## બાવીસમા શ્રી નેમિનાથ સ્વામી

### (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

અષ્ટભવાંતર વાલહી રે, તું મુજ આતમરામ, મનરાવાલા;
મુક્તિ સ્રીશું આપણે રે, સગપણ કોઈ ન કામ. મ૦ ૧

ઘર આવો હો વાલમ, ઘર આવો, મારી આશાના વિશરામ; મ૦
રથ ફેરો હો! સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ. મ૦ ૨

નારી પખો શો નેહલો રે, સાચ કહે જગનાથ; મ૦
ઈશ્વર અર્ધાંગે ધરી રે, તું મુજ ઝાલે ન હાથ. મ૦ ૩

પશુજનની કરુણા કરી રે, આણી હૃદય વિચાર, મ૦
માણસની કરુણા નહીં રે, એ કુણ ઘર આચાર. મ૦ ૪

૧. સર્પ. ૨. શંકરની છાતી ઉપર. ૩. કળિકાળમાં.

પ્રેમ કલ્પતરુ છેદિયો રે, ધરિયો જોગ ધતૂર, મ૦
ચતુરાઈ રો કુણ કહો રે, ગુરુ મલિયો જગસૂર. મ૦ ૫

મારું તો એમાં ક્યુંહી નહિ રે, આપ વિચારો રાજ; મ૦
રાજસભામાં બેસતાં રે, કિસડી[1] બધસી લાજ. મ૦ ૬

પ્રેમ કરે જગ જન સહુ રે, નિર્વાહે તે ઓર; મ૦
પ્રીત કરીને છોડી દે રે, તેશું ન ચાલે જોર. મ૦ ૭

જો મનમાં એવું હતું રે, નિસપત[2] કરત ન જાણ; મ૦
નિસપત કરીને છાંડતાં રે, માણસ હુવે નુક્સાન. મ૦ ૮

દેતાં દાન સંવત્સરી રે, સહુ લહે વંછિત પોષ; મ૦
સેવક વંછિત નવિ લહે રે, તે સેવકનો દોષ. મ૦ ૯

સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત[3]; મ૦
ઇણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત. મ૦ ૧૦

રાગી શું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ; મ૦
રાગ વિના કિમ દાખવો રે, મુક્તિ સુંદરી માગ? મ૦ ૧૧

એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલોઈ જાણે લોક; મ૦
અનેકાંતિક ભોગવો રે, બ્રહ્મચારી ગત રોગ. મ૦ ૧૨

જિણ જોણિ[1] તુમને જોઉં રે, તિણ જોણિ જોવો રાજ; મ૦
એક વાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ. મ૦ ૧૩

મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વવિચાર; મ૦
વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર. મ૦ ૧૪
સેવક પણ તે આદરે રે, તો રહે સેવક મામ[2]; મ૦
આશય સાથે ચાલીએ રે, એહિજ રૂડું કામ. મ૦ ૧૫
ત્રિવિધ યોગ ધરી આદર્યો રે, નેમિનાથ ભરતાર, મ૦
ધારણ પોષણ તારણો રે, નવરસ મુક્તાહાર. મ૦ ૧૬

---

૧. કેવી લાજ, શોભા વધશે? ૨. સંબંધ. ૩. શ્વેત. ૧. દૃષ્ટિ. ૨. લાજ.

કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; મ૦
કૃપા કરી મુજ દીજીએ રે, આનંદઘન પદરાજ. મ૦ ૧૭

---*---

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

નેમિ જિણેસર નિજ કારજ કર્યું, છાંડયો સર્વ વિભાવોજી;
આતમશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વાદ્યો નિજ ભાવોજી. ને૦ ૧

રાજુલ નારી રે સારી મતિ, ધરી અવલંબ્યા અરિહંતોજી;
ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી. ને૦ ૨

ધર્મ અધર્મ આકાશ, અચેતના તે વિજાતિ અગ્રાહ્યોજી;
પુદ્ગલ ગ્રહવેરે, કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી. ને૦ ૩

રાગી સંગે રે રાગદશા વધે, થાયે તિણે સંસારોજી;
નિરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી. ને૦ ૪

અપ્રશસ્તતા રે ટાળી, પ્રશસ્તતા કરતાં આશ્રવ નાસેજી;
સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી. ને૦ ૫

નેમિ પ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એકતાનોજી;
શુક્લ ધ્યાને રે સાધી સુસિદ્ધતા, લહિયે મુક્તિ નિદાનોજી. ને૦ ૬

અગમ અરૂપી રે અલખ અગોચરુ, પરમાતમ પરમીશોજી;
દેવચંદ્ર જિનવરની સેવના કરતાં વાધે જગીશોજી. ને૦ ૭

---*---

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

તોરણથી રથ ફેરી ગયા રે હાં,
    પશુઆં શિર દેઈ દોષ, મેરે વાલમા;
નવ ભવ નેહ નિવારિયો રે હાં,
    શ્યો જોઈ આવ્યા જોષ. મે૦ તો૦ ૧

ચંદ્ર કલંકી જેહથી રે હાં,
રામ ને સીતા વિયોગ; મે૦
તેહ કુરંગને[૧] વયણડે[૨] રે હાં,
પતિ આવે કુણ લોગ. મે૦ તો૦ ૨

ઉતારી હું ચિત્તથી રે હાં,
મુક્તિ ધૂતારી હેત; મે૦
સિદ્ધ અનંતે ભોગવી રે હાં,
તેહશ્યું કવણ સંકેત. મે૦ તો૦ ૩

પ્રીત કરંતાં સોહિલી રે હાં,
નિરવહેતાં જંજાળ; મે૦
જેહવો વ્યાલ[૧] ખેલાવવો રે હાં,
જેહવી અગનની ઝાળ. મે૦ તો૦ ૪

જો વિવાહ અવસરે દિયો રે હાં,
હાથ ઉપર નવિ હાથ; મે૦
દીક્ષા અવસર દીજીએ રે હાં,
શિર ઉપર જગનાથ. મે૦ તો૦ ૫

ઈમ વિલવતી રાજુલ ગઈ રે હાં,
નેમિ કને વ્રત લીધ; મે૦
વાચક યશ કહે પ્રણમિયે રે હાં,
એ દંપતી દોય સિદ્ધ મે૦ તો૦ ૬

*

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

કાં રથ વાળો હો રાજ, સામું નિહાળો હો રાજ,
પ્રીત સંભારો રે વાહલા યદુકુળ સેહરા;
જીવન મીઠા હો રાજ, મત હોજો ધીઠા હો રાજ,
દીઠા અળજે રે વહાલા નિવહો નેહરા. ૧

---

૧. હરણના. ૨. વચનથી. ૧. સર્પ

નવભવ ભજ્જા હો રાજ, તીહાં શી લજ્જા હો રાજ?
તજત ભજ્જા રે કાંસે રણકા વાજીઆ;
શિવાદેવી જાયા હો રાજ, માની લ્યો માયા હો રાજ,
કીમહીક પાયા રે વહાલા મધુકર રાજીઆ. ૨

સુણી હરણીનો હો રાજ, વચન કામિનીનો હો રાજ,
સહી તો બીહનો રે વાહલો આઘો આવતાં;
કુરંગ કહાણા હો રાજ, ચૂક ન ટાણા હો રાજ,
જાણો વહાલા રે દેખી વર્ગવિરંગતા. ૩

વિણ ગુન્હે અટકી હો રાજ, છાંડો મા છટકી હો રાજ,
કટકી ન કીજે હો વહાલા કીડી . ઉપરે;
રોષ નિવારો હો રાજ, મહેલે પધારો હો રાજ,
કાંઈ વિચારો વહાલા ડાબું જિમણું. ૪

એ શી હાંસી હો રાજ, હોય વિખાસી હો રાજ,
જુઓ વિમાસી રે અતિશે રોષ ન કીજીએ;
આ ચિત્રશાળી હો રાજ, સેજ સુંઆળી હો રાજ,
વાત હેતાળી રે વહાલા મહારસ પીજીએ. ૫

મુક્તે વહિતા હો રાજ, સામાન્ય વનિતા હો રાજ,
તજી પરિણીતા રે વહાલા કાં તુમે આદરો?
તુમને જે ભાવે હો રાજ, કુણ સમજાવે હો રાજ,
કિમ કરી આવે રે તાણ્યો કુંજર પાધરો? ૬

વચને ન ભીનો હો રાજ, નેમ નગીનો હો રાજ,
પરમ ખજાનો રે વહાલા નાણ અનુપનો;
વ્રત શિવ સ્વામી હો રાજ, રાજુલ પામી હો રાજ,
કહે હિત કામી રે મોહન રૂપ અનુપનો. ૭

———*———

# ત્રેવીસમા શ્રી પાર્શ્વનાથ સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

ધ્રુવપદ રામી હો સ્વામી માહરા, નિષ્કામી ગુણરાય સુજ્ઞાની;
નિજ ગુણ કામી હો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય. સુ૦ ધ્રુ૦ ૧

સર્વવ્યાપી કહો સર્વ જાણંગપણે, પરપરિણમન સરૂપ; સુ૦
પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્‌રૂપ સુ૦ ધ્રુ૦ ૨

જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ સુ૦
દ્રવ્ય એકત્વપણે ગુણએકતા, નિજપદ રમતા હો ખેમ. સુ૦ ધ્રુ૦ ૩

પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન; સુ૦
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણમાન. સુ૦ ધ્રુ૦ ૪

જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ , કાળ પ્રમાણે રે થાય; સુ૦
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ૦ ધ્રુ૦ ૫

પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ; સુ૦
આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમસહુનો રે જાણ. સુ૦ ધ્રુ૦ ૬

અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત; સુ૦
સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલને દૃષ્ટાંત સુ૦ ધ્રુ૦ ૭

શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ[1] નાંહી; સુ૦
પૂરણરસીઓ હો નિજગુણ પરસનો,[2] આનંદઘનમુજમાંહી. સુ૦ ધ્રુ૦ ૮

———*———

૧. પાષાણરૂપ પારસ નહીં. ૨. આત્મગુણરૂપ પારસનો.

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

સહજગુણ આગરો, સ્વામી સુખસાગરો,
જ્ઞાન વયરાગરો[1] પ્રભુ સવાયો;
શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી,
મોહરિપુ જીતી જય પડહ વાયો. સ૦ ૧

વસ્તુ નિજ ભાવ, અવિભાસ નિકલંકતા,
પરિણતિ વૃત્તિતા કરી અભેદે;
ભાવ તાદાત્મ્યતા શક્તિ ઉલ્લાસથી,
સંતતિ યોગને તું ઉચ્છેદે. સ૦ ૨

દોષ ગુણ વસ્તુની, લખિય યથાર્થતા,
લહી ઉદાસીનતા અપર ભાવે;
ધ્વંસિ તજજન્યતા ભાવ કર્તાપણું,
પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે. સ૦ ૩

શુભ અશુભ ભાવ, અવિભાસ તહકીકતા,
શુભઅશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધો;
શુદ્ધ પરિણામતા, વીર્ય કર્તા થઈ,
પરમ અક્રિયતા અમૃત પીધો. સ૦ ૪

શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે;
પરમ પરમાત્મતા તાસ થાયે;
મિશ્ર ભાવે અછે ત્રિગુણની ભિન્નતા,
ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે. સ૦ ૫

ઉપશમ રસ ભરી, સર્વ જન શંકરી,
મૂર્તિ જિનરાજની આજ ભેટી;
કારણે કાર્યનિષ્પત્તિ શ્રદ્ધાન છે,
તિણે ભવભ્રમણની ભીડ મેટી. સ૦ ૬

---

૧. વયરાગરો—વજ્રાકર; જ્ઞાનરૂપ વજ્રરત્નની ખાણ, ખજાનો; કેવળજ્ઞાન નિધાન.

નયર ખંભાયતે, પાર્શ્વ પ્રભુ દર્શને,
વિકસતે હર્ષ ઉત્સાહ વાધ્યો;
હેતુ એકત્વતા, રમણ પરિણામથી,
સિદ્ધિ સાધકપણો આજ સાધ્યો. લ૦ ૭

આજ કૃતપુણ્ય ધન્ય દિહ માહરો થયો,
આજ નર જન્મ મેં સફલ ભાવ્યો;
દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીઓ,
ભક્તિભર ચિત્ત તુજ ગુણ રમાવ્યો. સ૦ ૮

---

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે, કે૦ મુ૦
જિમ સુરમાંહી સોહે, સુરપતિ પરવડો રે; કે૦ સુ૦
જિમ ગિરિમાંહી સુરાચલ, મૃગમાંહે કેસરી રે, કે૦ મૃ૦
જિમ ચંદન તરુમાંહી, સુભટમાંહી મુરઅરિ રે. કે૦ સુ૦ ૧

નદીયાંમાંહી જિમ ગંગ, અનંગ[1] સુરૂપમાં રે. કે૦ અ૦
ફૂલમાંહી અરવિંદ[2], ભરતપતિ ભૂપમાં રે, કે૦ ભ૦
ઐરાવત ગજમાંહી, ગરુડ ખગમાં[3] યથા રે, કે૦ ગ૦
તેજવંતમાંહી ભાણ[4], વખાણમાંહી જિન કથા રે. કે૦ વ૦ ૨

મત્રમાંહી નવકાર, રત્નમાંહી સુરમણિ રે, કે૦ રત્ન૦
સાગરમાંહી સ્વયંભૂરમણ શિરોમણિ રે; કે૦ રમ૦
શુકલ ધ્યાન જિમ ધ્યાનમાં, અતિ નિર્મલપણે રે, કે૦ અ૦
શ્રીનય વિજય વિબુધ પય, સેવક ઈમ ભણે રે, કે૦ સે૦ ૩

---

૧. કામદેવ. ૨. કમલ. ૩. પક્ષી. ૪. સૂર્ય.

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

વામાનંદન હો પ્રાણ થકી છો પ્યારા,
નાંહી કીજે હો નયણથકી[૫] ક્ષણ ન્યારા;
પુરિસાદાણી શામળ વરણો, શુદ્ધ સમકિતને ભાસે;
શુદ્ધ પુંજ જિણે કીધો તેહને, ઉજ્જ્વળ વરણ પ્રકાશે. વા૦ ૧

તુમ ચરણે વિષધર પિણ નિર્વિષ, દંસણે થાયે બીડોજા;[૧]
જોતાં અમ શુદ્ધ સ્વભાવ કાં ન હુવે, એહ અમે ગ્રહ્યા છોજા. વા૦ ૨

કમઠરથ મદ કિણ ગિણતિમાં, મોહતણો મદ જોતાં;
તાહરી શક્તિ અનંતી આગળ કેઈ કેઈ મર ગયા ગોતાં. વા૦ ૩

તેં જિમ તાર્યા તિમ કુણ તારે, કુણ તારક કહું એહવો;
સાયમાન તે સાયર સરીખો, તિમ તું પિણ તું જેહવો. વા૦ ૪

કિમપિ ન બેસો તુમે કરુણાકર, તેહ મુજ પ્રાપ્તિ અનંતી;
જેમ પડે કણ કુંજરમુખથી, કીડી બહુ ધનવંતી. વા૦ ૫

એક આવે એક મોજાં પાવે, એક કરે ઓળગડી;
નિજગુણ અનુભવ દેવા આગળ , પડખે નહીં તું બે ઘડી. વા૦ ૬

જેહવી તુમથી માહરી માયા, તેહવી તુમે પિણ ધરજો;
મોહનવિજય કહે કવિ રૂપનો, પરતક્ષ કરુણા કરજો. વા૦ ૭

*

# ચોવીસમા શ્રી મહાવીર સ્વામી

## (૧) શ્રી આનંદઘનજીકૃત સ્તવન

### [૧]

વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે;
મિથ્યા મોહતિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. વી૦ ૧

---

૫. દર્શનથી. ૧. ઇન્દ્ર.

છઉમથ્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગે રે;
સૂક્ષ્મ સ્થૂલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે. વી૦ ૨

અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખે, યોગ અસંખિત કંખે રે,
પુદ્ગલ ગણ તેણે લે સુવિશેષે, યથાશક્તિ મતિ લેખે રે. વી૦ ૩

ઉત્કૃષ્ટે વીર્યનિવેસે, યોગ ક્રિયા નવિ પેસે રે;
યોગ તણી ધ્રુવતાને લેશે, આતમશક્તિ ન ખેસે રે. વી૦ ૪

કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે;
શૂરપણે આતમ ઉપયોગી, થાય તેહણે અયોગી રે. વી૦ ૫

વીરપણું તે આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે;
ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે નિજધ્રુવપદ પહિચાણે રે. વી૦ ૬

આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગે રે;
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે. વી૦ ૭

---

## [૨]

ચરમજિણેસર વિગત સ્વરૂપનું રે, ભાવું કેમ સ્વરૂપ;
સાકારી વિણ ધ્યાન ન સંભવે રે, એ અવિકાર અરૂપ. ચરમ૦ ૧

આપ સ્વરૂપે આતમમાં રમે રે, તેહના ધુર બે ભેદ;
અસંખ્ય ઉક્કોસે સાકારી પદે રે, નિરાકારી નિરભેદ. ચરમ૦ ૨

સૂખમનામ કરમ નિરાકાર જે રે, તેહ ભેદે નહીં અંત;
નિરાકાર જે નિરગતિ કર્મથી રે, તેહ અભેદ અનંત. ચરમ૦ ૩

રૂપ નહીં કંઈયે બંધન ઘટ્યું રે, બંધન મોક્ષ ન કોય;
બંધ મોક્ષ વિણસાદિઅનંતનું રે, ભંગ સંગ કેમ હોય? ચરમ૦ ૪

દ્રવ્ય વિના તેમ સત્તા નવિ લહે રે, સત્તા વિણશો રૂપ;
રૂપ વિના કેમ સિદ્ધ અનંતતા રે, ભાવું અકલ સ્વરૂપ. ચરમ૦ ૫

આતમતા પરિણતિ જે પરિણમ્યા રે, તે મુજ ભેદાભેદ;
તદાકાર વિણ મારા રૂપનું રે, ધ્યાવું વિધિપ્રતિષેધ. ચરમ૦ ૬

અંતિમ ભવગ્રહણે તુજ ભાવનું રે, ભાવશું શુદ્ધ સ્વરૂપ;
તઈયેં આનંદઘન પદ પામશું રે, આતમરૂપ અનૂપ. ચરમ૦ ૭

———*———

## [૩]

વીર જિનેશ્વર પરમેશ્વર જયો, જગ જીવન જિન ભૂપ;
અનુભવ મિત્તે રે ચિત્તે હિત કરી, દાખ્યું તાસ સ્વરૂપ. વીર૦ ૧

જેહ અગોચર માનસ વચનને, તેહ અતીંદ્રિય રૂપ;
અનુભવ મિત્તે રે વ્યક્તિ શક્તિશું, ભાખ્યું તાસ સ્વરૂપ. વીર૦ ૨

નય નિક્ષેપે રે જેહ ન જાણિયે, નવિ જિહાં પ્રસરે પ્રમાણ;
શુદ્ધ સ્વરૂપે રે તે બ્રહ્મ દાખવે, કેવળ અનુભવ ભાણ. વીર૦ ૩

અલખ અગોચર અનુપમ અર્થનો, કોણ કહી જાણે રે ભેદ;
સહજ વિશુદ્ધયે રે અનુભવ વયણ જે, શાસ્ત્ર તે સઘલો રે ખેદ. વીર૦ ૪

દિશિ દેખાડી રે શાસ્ત્ર સવિ રહે, ન લહે અગોચર વાત;
કારજ સાધક બાધક રહિત જે, અનુભવ મિત્ત વિખ્યાત. વીર૦ ૫

અહો ચતુરાઈ રે અનુભવ મિત્તની, અહો તસ પ્રીતપ્રતીત;
અંતરજામી સ્વામી સમીપ તે, રાખી મિત્રશું રીત. વીર૦ ૬

અનુભવ પ્રસંગ રે રંગે પ્રભુ મળ્યા, સફળ ફળ્યો સવિકાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે રે, આનંદઘન મહારાજ. વીર૦ ૭

———*———

## (૨) શ્રી દેવચંદ્રજીકૃત સ્તવન

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી,
જગતમાં એટલું સુજસ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણી,
દયાનિધિ દીન પર દયા કીજે. તા૦ ૧

રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડયો;
લોકની રીતિમાં ઘણુંયે રાતો;
ક્રોધવશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહી હું વિષય માતો. તા૦ ૨

આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ કીધો;
શુદ્ધ શ્રદ્ધાન વલી, આત્મ અવલંબવિનું,
તેહવો કાર્ય તિણે કો ન સીધો. તા૦ ૩

સ્વામી દરિસણ સમો, નિમિત્ત લહી નિર્મલો,
જો ઉપાદાન એ શુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમ તણો,
સ્વામી સેવા સહી નિકટ લાશે. તા૦ ૪

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુક્તિ ધામે. તા૦ ૫

જગત વત્સલ મહાવીર જિનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી બિરુદ નિજ રાખવા,
દાસની સેવના રખે જોશો. તા૦ ૬

વિનતિ માનજો શક્તિ એ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે. તા૦ ૭

---

ચોવીશે જિનગુણ ગાઈએ, ધ્યાઈએ તત્ત્વસ્વરૂપોજી;
પરમાનંદ પદ પાઈએ, અક્ષય જ્ઞાન અનૂપોજી. ચો૦ ૧
ચવદહસેં બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી;
સમતામયી સાહુ સાહુણી, સાવય શ્રાવિકા સારોજી. ચો૦ ૨
વર્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી;
ચઉવિહ સંઘ વિરાજતાં, દુસમ કાલ આધારોજી. ચો૦ ૩
જિન સેવનથી જ્ઞાનતા, લહે હિતાહિત બોધોજી;
અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધોજી. ચો૦ ૪
અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવોજી;
નિષ્કર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી. ચો૦ ૫
ભાવરોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી;
પૂર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી. ચો૦ ૬
શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી;
સુમતિ સાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનોજી. ચો૦ ૭
સુવિહિત ખરતર ગચ્છવરુ, રાજસાગર ઉવઝાયોજી;
જ્ઞાન ધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખદાયોજી. ચો૦ ૮
દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી;
દેવચંદ્ર પદ સેવતાં, પૂર્ણાનંદ સમાજોજી. ચો૦ ૯

---

## (૩) શ્રી યશોવિજયજીકૃત સ્તવન

ગિરુઆ રે ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. ગિ૦ ૧

તુમ ગુણગણ ગંગાજલે, હું ઝીલીને, નિર્મળ થાઉં રે;
અવર ન ધંધો આદરું, નિશદિન તોરા ગુણ ગાઉં રે. ગિ૦ ૨

ઝીલ્યા જે ગંગાજલે, તે છિલ્લર જલ નવિ પેસે રે;
જે માલતી ફૂલે મોહીઆ, તે બાવલ જઈ નવિ બેસે રે. ગિ૦ ૩

એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે;
તે કેમ પરસુર[1] આદરું, જે પરનારી વશ રાચ્યા રે. વિ૦ ૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારો રે;
વાચક યશ કહે માહરે, તું જીવ જીવન આધારો રે. ગિ૦ ૫

*

## (૪) શ્રી મોહનવિજયજીકૃત સ્તવન

દુર્લભ ભવ લહી દોહીલો રે, કહો તરીએ કવણ ઉપાય રે;
પ્રભુજીને વીનવું રે;
સમકિત સાચા સાચવું રે, તે કરણી કિમ થાયે રે. પ્ર૦ ૧

અશુભ મોહ જો મેટીએ રે, કાંઈ શુભ પ્રભુને જાય રે; પ્ર૦
નિરાગે પ્રભુ ધ્યાઈએ રે, કાંઈ તો પિણ રાગ કહાય રે. પ્ર૦ ૨

નામ ધ્યાતાં જો ધ્યાઈએ રે, કાંઈ પ્રેમ વિના નવિ તાન રે; પ્ર૦
મોહ વિકાર જિહાં તિહાં રે, કાંઈ કિમ તરીએ ગુણધામ રે. પ્ર૦ ૩

મોહ બંધજ બાંધીઓ રે, કાંઈ બંધ જહાં નહીં સોય રે; પ્ર૦
કર્મ બંધ ન કીજીએ રે, કર્મબંધન ગયે જોય રે. પ્ર૦ ૪

તેહમાં શો પાડ ચડાવીએ રે, કાંઈ તુમે શ્રી મહારાજ રે; પ્ર૦
વિણ કરણી જો તારશો રે, કાંઈ સાચા શ્રી જિનરાજ રે. પ્ર૦ ૫

---

૨. નહાઈને ૧. હરિહરાદિ દેવ.

પ્રેમ મગન નિભાવતા રે, કાંઈ ભાવ તિહાં ભવનાશ રે; પ્ર૦
ભાવ તિહાં ભગવંત છે રે, કાંઈ ઉપદિશે આતમ સાસ રે. પ્ર૦ ૬

પૂરણ ઘટાભ્યંતર ભર્યો રે, કાંઈ અનુભવ અનુહાર રે; પ્ર૦
આતમ ધ્યાને ઓળખી રે, કાંઈ તરશું ભવનો પાર રે. પ્ર૦ ૭

વર્ધમાન તુજ વિનતિ રે, કાંઈ માનજો નિશદિશ રે; પ્ર૦
મોહન કહે મનમંદિરે રે, કાંઈ વસિયો તું વિશ્વાવીશ રે. પ્ર૦ ૮

———*———

## શ્રી દેવચંદ્રજીકૃત વિહરમાન સ્તવન

### (૧) શ્રી સીમંધર જિન સ્તવન

શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધધર્મ પ્રગટયો જે તુમચો, પ્રગટો તેહ અમારો રે સ્વામી,
વિનવિયે મન રંગે. ૧

જે પરિણામિક ધર્મ તુમારો, તેહવો અમચો ધર્મ;
શ્રદ્ધાભાસનરમણ વિયોગે, વલગ્યો વિભાવ અધર્મ રે સ્વામી. વિ૦ ૨

વસ્તુ સ્વભાવ સ્વજાતિ તેહનો, મૂલ અભાવ ન થાય;
પરવિભાવ અનુગત પરિણતિથી, કર્મે તે અવરાય રે સ્વામી. વિ૦ ૩

જે વિભાવ તે પણ નૈમિત્તિક, સંતતિભાવ અનાદિ;
પરનિમિત્ત તે વિષય સંગાદિક, તે સંયોગે સાદિ રે સ્વામી. વિ૦ ૪

અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા[૧] કત્તા[૨] પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્દ્ઘન, કર્તા ભોક્તા ઘરનો રે સ્વામી. વિ૦ ૫

જેના ધર્મ અનંતા પ્રગટયા, જે નિજ પરિણતિ વરિયો;
પરમાતમ જિનદેવ અમોહી, જ્ઞાનાદિક ગુણ દરિયો રે સ્વામી. વિ૦ ૬

---

૧. આત્મા. ૨. કર્તા.

અવલંબન ઉપદેશક રીતે, શ્રી સીમંધર દેવ;
ભજીએ શુદ્ધ નિમિત્ત અનોપમ, તજીએ ભવભય ટેવ રે સ્વામી. વિ૦ ૭

શુદ્ધ દેવ અવલંબન કરતાં, પરહરિયે પરભાવ;
આતમધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવ રે સ્વામી. વિ૦ ૮

આતમ ગુણ નિર્મળ નીપજતાં, ધ્યાન સમાધિ સ્વભાવે;
પૂર્ણાનંદ સિદ્ધતા સાધી, દેવચંદ્ર પદ પાવે રે સ્વામી. વિ૦ ૯

—*—

## શ્રી યશોવિજયજીકૃત બીજી ચોવીશી

### (૧) શ્રી ઋષભ જિન સ્તવન

ઋષભ જિનંદા, ઋષભ જિનંદા, તું સાહિબ હું છું તુજ બંદા;
તુજશું પ્રીતિ બની મુજ સાચી, મુજ મન તુજ ગુણશું રહ્યું માચી. ઋ૦ ૧

દીઠા દેવ રુચે ન અનેરા, તુજ પાખલિ[1] ચિત્તડું દીએ ફેરા;
સ્વામી શું કામણડું કીધું, ચિત્તડું અમારું ચોરી લીધું. ઋ૦ ૨

પ્રેમ બંધાણો તે તો જાણો, નિર્વહેશ્યો તો હોશે પ્રમાણો;
વાચક યશ વીનવે જિનરાજ, બાંહ્ય ગ્રહ્યાની તુજને લાજ. ઋ૦ ૩

—*—

### (૨) શ્રી નિર્વાણીપ્રભુ જિન સ્તવન

પ્રણમું ચરણ પરમ ગુરુજિનના, હંસ તે મુનિજન મનના;
વાસી અનુભવ નંદન વનના, ભોગી આનંદઘનના;
મોરા સ્વામી હો, તોરો ધ્યાન ધરીજે;
ધ્યાન ધરીજે હો સિદ્ધિ વરીજે, અનુભવ અમૃત પીજે. મો૦ ૧

સકલ પ્રદેશ સમાગુણ ધારી, નિજનિજ કારજ કારી;
નિરાકાર અવગાહ ઉદારી, શક્તિ સર્વ વિસ્તારી. મો૦ ૨

૧. આસપાસ, ચોમેર.

ગુણગુણ પ્રતિ પર્યાય અનંતા, તે અભિલાપ્ય સ્વતંતા;
અનંતગુણાનભિલાપિ સંતા, કાર્ય વ્યાપાર કરંતા. મો૦ ૩

છતિ અવિભાગી પર્યાયવ્યક્તે, કારજ શક્તિ પ્રવર્તે;
તે વિશેષ સામર્થ્ય પ્રશક્તે, ગુણ પરિણામ અભિવ્યક્તે. મો૦ ૪

નિર્વાણી પ્રભુ શુદ્ધ સ્વભાવી, અભય નિરાયુ અપાવી;
સ્યાદ્વાદિ યમંનીગતરાવી, પૂરણ શક્તિ પ્રભાવી. મો૦ ૫

અચલ અખંડ સ્વગુણ આરામી, અનંતાનંદ વિસરામી;
સકલ જીવ ખેદજ્ઞ સુસ્વામી, નિરામગંધી અકામી. મો૦ ૬

નિ:સંગી સેવનથી પ્રગટે, પૂર્ણાનંદી ઈહા;
સાધન શક્તે ગુણ એકત્વે, સીઝે સાધ્ય સમીહા. મો૦ ૭

પુષ્ટ નિમિત્તાલંબન ધ્યાને, સ્વાલંબન લય ઠાને;
દેવચંદ્ર ગુણને એક તાને, પહોંચે પૂરણ થાને. મો૦ ૮

*

## (૩) શ્રી બાહુ જિન સ્તવન

બાહુજિણંદ દયામયી, વર્ત્તમાન ભગવાન, પ્રભુજી,
મહાવિદેહે વિચરતા, કેવલ જ્ઞાન નિધાન. પ્ર૦ બા૦ ૧

દ્રવ્યથકી છ કાયને, ન હણે જેહ લગાર, પ્ર૦
ભાવદયા પરિણામનો, એહી જ છે વ્યવહાર. પ્ર૦ બા૦ ૨

રૂપ અનુત્તર દેવથી, અનંત ગુણ અભિરામ, પ્ર૦
જોતાં પણ જગીજંતુને, ન વધે વિષય વિરામ. પ્ર૦ બા૦ ૩

કર્મઉદય જિનરાજનો, ભવિજન ધર્મ સહાય, પ્ર૦
નામાદિ સંભારતાં મિથ્યા દોષ વિલાય. પ્ર૦ બા૦ ૪

આતમ ગુણ અવિરાધના, ભાવદયા ભંડાર, પ્ર૦
ક્ષાયિક ગુણ પર્યાય મેં, નવિ પર ધર્મ પ્રચાર. પ્ર૦ બા૦ ૫

ગુણ ગુણ પરિણતિ પરિણમે, બાધક ભાવ વિહીન, પ્ર૦
દ્રવ્ય અસંગી અન્યનો, શુદ્ધ અહિંસક પીન. પ્ર૦ બા૦ ૬

ક્ષેત્રે સર્વ પ્રદેશ મેં, નહીં પરભાવ પ્રસંગ, પ્ર૦
અતનુ અયોગી ભાવથી, અવગાહના અભંગ. પ્ર૦ બા૦ ૭

ઉત્પાદ વ્યય ધ્રુવપણે, સહેજે પરિણતિ થાય, પ્ર૦
છેદન યોજનતા નહીં, વસ્તુ સ્વભાવ સમાય. પ્ર૦ બા૦ ૮

ગુણ પર્યાય અનંતતા, કારક પરિણતિ તેમ, પ્ર૦
નિજનિજ પરિણતિ પરિણમે, ભાવ અહિંસક એમ. પ્ર૦ બા૦ ૯

એમ અહિંસકતામયી, દીઠો તું જિનરાજ, પ્ર૦
રક્ષક નિજપર જીવનો, તારણતરણ જિહાજ. પ્ર૦ બા૦ ૧૦

પરમાતમ પરમેસરુ, ભાવદયાદાતાર, પ્ર૦
સેવો ધ્યાવો એહને, દેવચંદ્ર સુખકાર. પ્ર૦ બા૦ ૧૧

---

## (૩) શ્રી બાહુ જિન સ્તવન

સાહિબ બાહુ જિણેસર, વીનવું, વિનતડી અવધાર હો;
ભવભયથી હું ઉભગ્યો, હવે ભવ પાર ઉતાર હો. સા૦ ૧

તુમ સરીખા મુજ શિર છતે, કરમ કરે કિમ જોર હો;
ભુજંગતણો ભય તિહાં નહીં, જિહાં વનમાં વિચરે મોર હો. સા૦ ૨

જિહાં રવિ તેજે જળહળે, તિહાં કિમ રહે અંધકાર હો;
કેસરી જિહાં ક્રીડા કરે, તિહાં નહિ ગજ પરિચાર હો. સા૦ ૩

તિમ જો તુમે મુજ મન રમો, તો નાસે દુરિત સંસાર હો;
વચ્છવિજય સુસીમાપુરી, રાય સુગ્રીવ મલ્હાર હો. સા૦ ૪

હરિણ લંછન એમ મેં સ્તવ્યો, મોહના રાણીનો કંત હો;
વિજયાનંદન મુજ દીઓ, યશ કહે સુખ અનંત હો. સા૦ ૫

---

## (૩) શ્રી સંભવનાથ જિન સ્તવન

સેનાનંદન સાહિબ સાચો રે, પરિપરિ પરખ્યો હીરો જાચો રે;
પ્રીતિ મુદ્રિકા તેહશું જોડી રે, જાણું મેં લહી કંચનકોડી રે. ૧

જેણે ચતુરશું ગોઠી ન બાંધી રે, તેણે તો જાણ્યું ફોકટ વાધી રે;
સુગુણ મેલાવે જેહ ઉચ્છા હો રે, માણુઅ જન્મનો તેહજ લાહો રે. ૨

સુગુણ શિરોમણિ સંભવ સ્વામી રે, નેહ નિવાહ ધુરંધર પામી રે;
વાચકયશ કહે મુજ દિન વળિયો રે, મનહ મનોરથ સઘળો ફળિયો રે. ૩

---*---

## (૪) શ્રી સબાહુ જિન સ્તવન

શ્રી સુબાહુજિન અંતરજામી, મુજ મનનો વિશરામી રે,
પ્રભુ અંતરજામી, આતમ ધર્મ તણો આરામી;
પર પરિણતિ નિષ્કામી રે. પ્ર૦ ૧

કેવલ જ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કમળ વિકાસી રે; પ્ર૦
ચિદાનંદ ઘન તત્ત્વવિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે. પ્ર૦ ૨

યદ્યપિ હું મોહાદિકે છલિયો, પરપરિણતિશું ભલિયો રે; પ્ર૦
હવે તુજ સમ મુજ સાહિબ મલિયો, તિણે સવિ ભવભય ટલિયો રે. પ્ર૦ ૩

ધ્યેય સ્વભાવે પ્રભુ અવધારી, દુર્ધ્યાતા પરિણતિ વારી રે; પ્ર૦
ભાસન વીર્ય એકતાકારી, ધ્યાન સહજ સંભારી રે. પ્ર૦ ૪

ધ્યાતા ધ્યેય સમાધિ અભેદે, પર પરિણતિ વિચ્છેદે રે; પ્ર૦
ધ્યાતા સાધક ભાવ ઉચ્છેદે, ધ્યેય સિદ્ધતા વેદે રે. પ્ર૦ ૫

દ્રવ્યક્રિયા સાધન વિધિ યાચી, જે જિન આગમ વાચી રે; પ્ર૦
પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી રે. પ્ર૦ ૬

પણ નવિ ભય જિનરાજ પસાયે, તત્ત્વરસાયણ પાયે રે; પ્ર૦
પ્રભુ ભકતે નિજ ચિત્ત વસાયે, ભાવરોગ મિટ જાયે રે. પ્ર૦ ૭

જિનવર વચન અમૃત અનુસરિયે, તત્ત્વ રમણ આદરિયે રે; પ્ર૦
દ્રવ્ય ભાવ આશ્રવ પરિહરિયે, દેવચંદ્ર પદ વરિયે રે. પ્ર૦ ૮

---*---

## (૪) શ્રી મહાજશ જિન સ્તવન

આત્મપ્રદેશ રંગ થલ અનોપમ, સમ્યગ્દર્શન રંગ રે,
નિજ સુખ કે સધૈયા, તું તો નિજગુણ ખેલ વસંત રે; નિજ૦
પર પરિણતિ ચિંતા તજી જિન મેં, જ્ઞાનસખા કે સંગ રે. નિ૦ ૧

વાસ બરાસ સુરુચિ કેસરઘન, છાંટો પરમ પ્રમોદ રે; નિ૦
આતમ રમણ ગુલાલ કી લાલી, સાધક શક્તિ વિનોદ રે. નિ૦ ૨

ધ્યાનસુધારસ પાન મગનતા, ભોજન સહજ સ્વભોગ રે; નિ૦
રીઝ એકત્વતા તાન મેં વાજે, વાજીંત્ર સન્મુખ યોગરે. નિ૦ ૩

શુક્લધ્યાન હોરી કી જ્વાલા, જાલે કર્મ કઠોર રે; નિ૦
શેષ પ્રકૃતિદલ ક્ષિરણ નિર્જરા, ભરમ ખેલં અતિ જોર રે. નિ૦ ૪

દેવ મહાજસગુણ અવલંબન, નિર્ભય પરિણતિ વ્યક્તિ રે; નિ૦
જ્ઞાને ધ્યાનેઅતિ બહુમાને, સાધે મુનિ નિજ શક્તિ રે; નિ૦ ૫

સકળ અજોગ અલેશ અસંગત, નાહીં હોવે સિદ્ધ રે; નિ૦
દેવચંદ્ર આણા મેં ખેલે, ઉત્તમ યુંહિ પ્રસિદ્ધ રે. નિ૦ ૬

---*---

## (૫) શ્રી સુજાત જિન સ્તવન

સ્વામી સુજાત સુહાયા, દીઠા આણંદ ઉપાયા રે;
મનમોહના જિનરાયા;
જીણે પૂરણ તત્ત્વ નિપાયા, દ્રવ્યાસ્તિક નય ઠહરાયા રે. મ૦ ૧

પર્યાયાસ્તિક નયરાયા, તે મૂલ સ્વભાવ સમાયા રે; મ૦
જ્ઞાનાદિક સ્વપર્યાયા, નિજ કાર્ય કરણ વરતાયા રે. મ૦ ૨

અંશનય માર્ગ કહાયા, તે વિકલ્પ ભાવ સુણાયા રે; મ૦
નય ચાર તે દ્રવ્ય થપાયા, શબ્દાદિક ભાવ કહાયા રે. મ૦ ૩

દુર્નય તે સુનય ચલાયા, એકત્વ અભેદે ધ્યાયા રે; મ૦
તે સવિ પરમાર્થ સમાયા, તસુ વર્તન ભેદ ગમાયા રે. મ૦ ૪

સ્યાદ્વાદિ વસ્તુ કહીજે, તસુ ધર્મ અનંત લહીજે રે; મ૦
સામાન્ય વિશેષનું ધામ, તે દ્રવ્યાસ્તિક પરિણામ રે. મ૦ ૫

જિનરૂપ અનંત ગણીજે, તે દિવ્ય જ્ઞાન જાણીજે રે; મ૦
શ્રુતજ્ઞાને નય પથ લીજે, અનુભવ આસ્વાદન કીજે રે. મ૦ ૬

પ્રભુશક્તિ વ્યક્તિ એક ભાવે, ગુણ સર્વ રહ્યા સમ ભાવે રે; મ૦
માહરે સત્તા પ્રભુ સરખી, જિનવચન પસાયે પરખી રે. મ૦ ૭

તું તો નિજસંપત્તિ ભોગી, હું તો પરપરિણતિનો યોગી રે; મ૦
તિણ તુમ્હ પ્રભુ માહરા સ્વામી, હું સેવક તુજ ગુણ ગ્રામી રે. મ૦ ૮

એ સંબંધ ચિત્ત સમવાય, મુજ સિદ્ધનું કારણ થાય રે; મ૦
જિનરાજની સેવના કરવી, ધ્યેય ધ્યાન ધારણા ધરવી રે. મ૦ ૯

તું પૂરણ બ્રહ્મ અરૂપી, તું જ્ઞાનાનંદ સ્વરૂપી રે; મ૦
ઈમ તત્ત્વાવલંબન કરિયે, તો દેવચંદ્ર પદ વરિયે રે. મ૦ ૧૦

———*———

## (૫) શ્રી સુજાત જિન સ્તવન

સાચો સ્વામી સુજાત, પૂરવ અરધ જયોરી;
ધાત કી ખંડ મઝાર, પુષ્કલાવઈ વિજયોરી. ૧

નયરી પુંડરિગિણિ નાથ, દેવસેન વંશ તિલોરી;
દેવસેનાનો પુત્ર, લંછન ભાનુ ભલોરી. ૨

જયસેનાનો કંત, તેહશું પ્રેમ ધર્યોરી;
અવર ન આવે દાય, તેણે વશિ ચિત્ત કર્યોરી. ૩

તુમે મતિ જાણો દૂર, જઈ પરદેશ રહ્યારી;
છો મુજ ચિત્ત હજૂર, ગુણ સંકેત ગ્રહ્યારી. ૪

ઊગે ભાનુ આકાશ, સરવર કમલ હસેરી;
દેખી ચંદ્ર ચકોર, પીવા અમીઅ ધસેરી. ૫

દૂર થકી પણ તેમ પ્રભુશું ચિત્ત મિળ્યુંરી;
શ્રી નયવિજય સુશિષ્ય, કહે ગુણ હેજે હિળ્યુંરી. ૬

---*---

## (૫) શ્રી સુમતિનાથ જિન સ્તવન

સુમતિનાથ દાતાર, કીજે ઓળગ તુમ તણી રે;
દીજે શિવસુખ સાર, જાણી ઓળગ જગધણી રે. ૧

અક્ષય ખજાનો તુજ, દેતાં ખોટ લાગે નહિ રે;
કિસિ વિમાસણ ગુજજ, જાચક થાકે ઊભા રહી રે. ૨

રયણ ક્રોડ તેં દીધ, ઊરણ વિશ્વ તદા કીઓ રે;
વાચક યશ સુપ્રસિદ્ધ, માગે તીન રતન દીઓ રે. ૩

---*---

## (૫) શ્રી વિમલ જિન સ્તવન

ધન્ય તું ધન્ય તું ધન્ય જિનરાજ તું,
ધન્ય તુજ શક્તિ વ્યક્તિ સનૂરી;
કાર્ય કારણ દશા સહજ ઉપગારતા,
શુદ્ધ કર્તૃત્વ પરિમાણ પૂરી. ધ૦ ૧

આત્મપ્રભાવ પ્રતિભાસ કારજદશા,
જ્ઞાન અવિભાગ પર્યાય પ્રવૃત્તે;
એમ ગુણ સર્વ નિજ કાર્ય સાધે પ્રગટ,
જ્ઞેયદૃશ્યાદિ કારણ નિમિત્તે. ધ૦ ૨

દાસ બહુમાન ભાસન રમણ એકતા,
પ્રભુ ગુણાલંબની શુદ્ધ થાયે;
બંધના હેતુ રાગાદિ તુજ ગુણ રસી,
તેહ સાધક અવસ્થા ઉપાયે. ધ૦ ૩

કર્મ જંજાલ યુજનકરણ યોગ જે,
સ્વામીભક્તિ રમ્યા થિર સમાધિ;
દાન તપ શીલ વ્રત નાથઆણા વિના,
થઈ બાધક કરે ભવ ઉપાધિ. ધ૦ ૪

સકળ પ્રદેશ સમકાળ સવિ કાર્યતા,
કરણ સહકાર કર્તૃત્વ ભાવો;
દ્રવ્ય પ્રદેશ પર્યાય આગમપણે,
અચલ અસહાય અક્રિય દાવો. ધ૦ ૫

ઉત્પત્તિ નાશ ધ્રુવ સર્વદા સર્વની,
ષડ્ગુણી હાનિ વૃદ્ધિ અન્યૂનો;
અસ્તિ નાસ્તિત્વ સત્તા અનાદિથકો,
પરિણમન ભાવથી નહીં અજૂનો. ધ૦ ૬

ઇણીપરે વિમલ જિનરાજની વિમલતા,
ધ્યાનમનમંદિરે જેહ ધ્યાવે;
ધ્યાન પૃથક્ત્વ સવિકલ્પતા રંગથી,
ધ્યાન એકત્વ અવિકલ્પ આવે. ધ૦ ૭

વીતરાગી અસંગી અનંગી પ્રભુ,
નાણ અપ્રયાસ અવિનાશ ધારી;
દેવચંદ્ર શુદ્ધ સત્તારસી સેવતાં,
સંપદા આત્મ શોભા વધારી. ધ૦ ૮

*

## (૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

પદ્મપ્રભજિન સાંભળો, કરે સેવક એ અરદાસ હો;
પાંતિ બેસારીઓ જો તુમ્હે, તો સફળ કરો આશ હો. પ૦ ૧

જિન શાસન પાંતિ તેં ઠવી, મુજ આપ્યું સમકિત થાળ હો;
હવે ભાણા ખડખડ કુણ ખમે, શિવમોદક પીરસે રસાળ હો. પ૦ ૨

ગજગ્રાસન ગલિત સંચી કરી, જીવે કીડીના વંશ હો;
વાચકયશ કહે એમ ચિત્ત ધરી, દીયે નિજ સુખ એક અંશ હો. પ૦ ૩

---

## (૬) શ્રી સર્વાનુભૂતિ જિન સ્તવન

જગતારક પ્રભુ વીનવું, વિનતડી અવધાર રે;
તુજ દરિસણ વિણ હું ભમ્યો, કાળ અનંત અપાર રે. જ૦ ૧

સુહમ નિગોદ ભવે વસ્યો, પુદ્‌ગલ પરિઅટ્ટ અનંત રે;
અવ્યવહારપણે ભમ્યો, ક્ષુલ્લક ભવ અત્યંત રે. જ૦ ૨

વ્યવહારે પણ તિરિય ગતે, ઇગ વણખંડ અસન્ન રે;
અસંખ્ય પરાવર્તન થયાં, ભમિયો જીવ અધન્ન રે. જ૦ ૩

સૂક્ષ્મ સ્થાવર ચાર મેં, કાલહ ચક્ર અસંખ્ય રે;
જન્મ મરણ બહુલાં કર્યાં, પુદ્‌ગલ ભોગને કંખ રે. જ૦ ૪

ઓઘે બાદર ભાવ મેં, બાદર તરુ પણ એમ રે;
પુદ્‌ગલ અઢી લાગટ વસ્યો, નામ નિગોદે પ્રેમ રે. જ૦ ૫

સ્થાવર સ્થૂળ પરિત મેં, સીત્તર કોડાકોડી રે;
આયર ભમ્યો પ્રભુ નવિ મિલ્યા, મિથ્યા અવિરતિ જોડી રે. જ૦ ૬

વિગલપણે લાગટ વસ્યો, સંખિજવાસ હજાર રે;
બાદર પજજવ વણસ્સઈ, ભૂ જલ વાયુ મઝાર રે. જ૦ ૭

અનલ વિગલ પૂજજત મેં, તસભવ આયુ પ્રમાણ રે;
શુદ્ધ તત્ત્વ પ્રાપ્તિ વિના, ભટક્યો નવ નવ ઠાણ રે. જ૦ ૮

સાધિક સાગર સહસ દો, ભોગવીઓ તસ ભાવે રે;
એક સહસ સાધિક દધિ, પંચેંદ્રિ પદ દાવે રે. જ૦ ૯

પર પરિણતિ રાગી પણે, પર રસ રંગે રક્ત રે;
પર ગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે. જ૦ ૧૦

શુદ્ધ સ્વજાતિ તત્ત્વને, બહુ માને તલ્લીન રે;
તે વિજાતિ રસતા તજી, સ્વસ્વરૂપ રસ પીન રે. જ૦ ૧૧

શ્રી સર્વાનુભૂતિ જિનેશ્વરુ, તારક લાયક દેવ રે;
તુજ ચરણ શરણ રહ્યો, ટળે અનાદિ કુટેવ રે. જ૦ ૧૨

સબલા સાહિબ ઓલગે, આતમ સબલો થાય રે;
બાધક પરિણતિ સવિ ટળે, સાધક સિદ્ધિ કહાય રે. જ૦ ૧૩

કારણથી કારજ હુયે, એ પરતીત અનાદિ રે;
માહરા આતમ સિદ્ધિના, નિમિત્ત હેતુ પ્રભુ સાદિ રે. જ૦ ૧૪

અવિસંવાદન હેતુની, દૃઢ સેવા અભ્યાસ રે;
દેવચંદ્ર પદ નીપજે, પૂર્ણાનંદ વિલાસ રે. જ૦ ૧૫

———*———

## (૭) શ્રી ૠષભાનન જિન સ્તવન

શ્રી ૠષભાનન વંદિયે, અચલ અનંત ગુણવાસ જિનવર;
ક્ષાયિક ચારિત્ર ભોગથી, જ્ઞાનાનંદ વિલાસ. જિ૦ શ્રી૦ ૧

જે પ્રસન્ન પ્રભ મુખ ગ્રહે, તેહિજ નયન પ્રધાન. જિ૦
જિન ચરણે જે નામીએ, મસ્તક તેહ પ્રમાણ. જિ૦ શ્રી૦ ૨

અરિહાપદકજ અરચીએ, સ લહિજે તે હથ્થ; જિ૦
પ્રભુગુણ ચિંતન મેં રમે, તેહજ મન સુકયથ્થ. જિ૦ શ્રી૦ ૩

જાણો છો સહુ જીવની, સાધક બાધક ભાંત; જિ૦
પણ શ્રી મુખથી સાંભળી, મન પામે નિરાંત. જિ૦ શ્રી૦ ૪

તીન કાલ જાણંગ ભણી, શું કહિયે વારંવાર; જિ૦
પૂર્ણાનંદી પ્રભુતણું, ધ્યાન તે પરમ આધાર. જિ૦ શ્રી૦ ૫

કારણથી કારજ હુવે, એ શ્રી જિન મુખ વાણ; જિ૦
પુષ્ટહેતુ મુજ સિદ્ધિના, જાણી કીધ પ્રમાણ. જિ૦ શ્રી૦ ૬

શુદ્ધ તત્ત્વ નિજ સંપદા, જ્યાં લગે પૂર્ણ ન થાય; જિ૦
ત્યાં લગે જગગુરુ દેવના, સેવું ચરણ સદાય. જિ૦ શ્રી૦ ૭

કારજ પૂર્ણ કર્યા વિના, કારણ કેમ મુકાય; જિ૦
કારજરુચિ કારણતણા, સેવે શુદ્ધ ઉપાય. જિ૦ શ્રી૦ ૮

જ્ઞાન ચરણ સંપૂર્ણતા, અવ્યાબાધ અમાય; જિ૦
દેવચંદ્ર પદ પામીએ, શ્રી જિનરાજ પસાય. જિ૦ શ્રી૦ ૯

---*---

## (૭) શ્રી સુપાર્શ્વ જિન સ્તવન

શ્રી સુપાર્શ્વ જિનરાજનો રે, મુખ દીઠે સુખ હોઈ રે;
માનું સકળ પદ મેં લહ્યાં રે, જો તું નેહ નજર ભરી જોઈ;
એ પ્રભુ પ્યારો રે, મારા ચિત્તનો ઠારણહાર મોહનગારો રે. ૧

સીંચે વિશ્વ સુધારસે રે, ચંદ્ર રહ્યો પણ દૂર રે;
તિમ પ્રભુ કરુણાદૃષ્ટિથી રે, લહિયે સુખ મહમૂર. એ૦ ૨

વાચક યશ કહે તિમ કરો રે, રહિયે જેમ હજૂર રે;
પીજે વાણી મીઠડી રે, જેહવો સરસ ખજૂર. એ૦ ૩

---*---

## (૭) શ્રીધર જિન સ્તવન

સેમુખ મુખ પ્રભુને ન મળી શક્યો,
તો શી વાત કહાય; જિણંદજી.
નિજ પર વીતક વાત લહો સહુ,
પણ મને કિમ પતિત આય. જિ૦ જિ૦ સે૦ ૧

ભવ્ય અભવ્ય પરિત્ત અનંત તો,
કૃષ્ણ શુકલ પક્ષ ધાર; જિ૦
આરાધક વિરાધક રીતનો,
પૂછી કરત નિરધાર. જિ૦ સે૦ ૨

કિણ કાળે કારણ કેહવે મળે,
થાશે મુજને હો સિદ્ધ; જિ૦
આતમતત્ત્વ રુચિ નિજ રિદ્ધિની,
લહીશું સર્વ સમૃદ્ધિ. જિ૦ સે૦ ૩

એક વચન જિન આગમનો લહી,
નિપાવ્યાં નિજ કામ; જિ૦
એટલે આગમ કારણ સંપજે,
ઢીલ થઈ કિમ આમ. જિ૦ સે૦ ૪

શ્રીધરજિન નામ બહુ નિસ્તર્યા,
અલ્પ પ્રયાસે હો જેહ; જિ૦
મુજ સરીખો એટલે કારણ લહે,
ન તરે કહો કિમ તેહ. જિ૦ સે૦ ૫

કારણ જોગે સાધે તત્ત્વને,
નવિ સમર્યો ઉપાદાન; જિ૦
શ્રી જિનરાજ પ્રકાશો મુજ પ્રતે,
તેહનો કોણ નિદાન. જિ૦ સે૦ ૬

ભાવરોગના વૈદ્ય જિનેશ્વરુ,
ભાવ-ઔષધ તુજ ભક્તિ; જિ૦
દેવચંદ્રને શ્રી અરિહંતનો,
છે આધાર એ વ્યક્તિ. જિ૦ સે૦ ૭

*

## (૮) શ્રી અનંતવીર્ય જિન સ્તવન

અનંતવીરજ જિનરાજનો, શુચિ વીરજ પરમ અનંત રે,
નિજ આતમ ભાવે પરિણમ્યો, ગુણવૃત્તિ વર્તનાવંત રે;
મન મોહ્યું અમારું પ્રભુગુણે. ૧

યદ્યપિ જીવ સહુ સદા, વીર્યગુણ સત્તાવંત રે;
પણ કર્મે આવૃત ચલ તથા, બાળ બાધક ભાવ લહંત રે. મ૦ ૨

અલ્પવીર્ય ક્ષયોપશમ અછે, અવિભાગ વર્ગણા રૂપ રે;
ષડ્ગુણ એમ અસંખ્યથી, થાએ યોગસ્થાન સરૂપ રે. મ૦ ૩

સુહમ નિગોદી જીવથી, જાવસન્નીવર પજ્જત્ત રે;
યોગનાં ઠાણ અસંખ્ય છે, તરતમ મોહે પરાયત્ત રે. મ૦ ૪

સંયમને યોગે વીર્ય તે, તુમ્હેં કીધો પંડિત દક્ષ રે;
સાધ્ય રસી સાધકપણે, અભિસંધિ રમ્યો નિજ લક્ષ રે. મ૦ ૫

અભિસંધિ અબંધક નીપને, અનભિસંધિ અબંધક થાય રે;
સ્થિર એક તત્ત્વતા વર્તતો, તે ક્ષાયિક શક્તિ સમાય રે. મ૦ ૬

ચક્રભ્રમણ ન્યાય સંયોગતા, તજી કીધ અયોગી ધામ રે;
અકરણ વીર્ય અનંતતા, નિજગુણ સહકાર અકામ રે. મ૦ ૭

શુદ્ધ અચલ નિજવીર્યની, નૈરુપાધિક શક્તિ અનંત રે;
તે પ્રગટી મેં જાણી સહી, તિણે તુમહી જ દેવ મહંત રે. મ૦ ૮

તુજ જ્ઞાને ચેતના અનુગમી, મુજ વીર્ય સ્વરૂપ સમાય રે;
પંડિત ક્ષાયિકતા પામશે, એ પૂરણસિદ્ધિ ઉપાય રે. મ૦ ૯

નાયક તારક તું ધણી, સેવનથી આતમ સિદ્ધિ રે;
દેવચંદ્ર પદ સંપજે, વર પરમાનંદ સમૃદ્ધિ રે. મ૦ ૧૦

---*---

## (૮) શ્રી અનંતવીર્ય જિન સ્તવન

જિમ મધુકર મન માલતી રે,
જિમ કુમુદને ચિત્ત ચંદ રે; જિણંદરાય,
જિમ ગજ મન રેવા નદી રે,
કમળા મન ગોવિંદ રે. જિણંદરાય.
યું મેરે મન તું વસ્યોજી. ૧

ચાતક ચિત્ત જિમ મેહુલો રે, જિમ પંથી મન ગેહ રે; જિ૦
હંસા મન માનસરોવરુ રે, તિમ મુજ તુંજશું નેહ રે. જિ૦ યુ૦ ૨

જિમ નંદનવન ઇન્દ્રને રે, સીતાને વહાલો રામ રે. જિ૦
ધરમીને મન સંવરુ રે, વ્યાપારી મન દામ રે. જિ૦ યું૦ ૩

અનંતવીર્ય ગુણસાગરુ રે, ધાત કી ખંડ મોઝાર રે; જિ૦
પૂરવ અરધ નલિનાવતી રે, વિજય અયોધ્યા ધાર રે; જિ૦ યું૦ ૪

મેઘરાય મંગળાવતી રે, સુત, વિજયાવતી કંત રે; જિ૦
ગજ લંછન યોગીસરુ રે, હું સમરું મહામંત રે, જિ૦ યું૦ ૫

ચાહે ચતુર ચૂડામણિ રે, કવિતા અમૃતની કેળ રે; જિ૦
વાચક યશ કહે સુખ દીઓ રે, મુજ તુજ ગુણ રંગ રેલ રે. જિ૦ યું૦ ૬

---

## (૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

મોરા સ્વામી ચંદ્રપ્રભજિનરાય, વિનતડી અવધારિયેજી રે જી૦
મોરા સ્વામી તુમ્હે છો દીનદયાળ, ભવજલથી મુજ તારિયે. જી૦ ૧

મોરા સ્વામી હું આવ્યો તુજ પાસ, તારક જાણી ગહગહી; જી૦
મોરા સ્વામી જોતાં જગમાં દીઠ, તારક કો બીજો નહિ. જી૦ ૨

મોરા સ્વામી અરજ કરંતાં આજ, લાજ વધે કહો કેણી પરે; જી૦
મોરા સ્વામી યશ કહે ગોપય તુલ્ય, ભવજળથી કરુણા ધરે. જી૦ ૩

---

## (૯) શ્રી સુવિધિ જિન સ્તવન

જિમ પ્રીતિ ચંદ્ર ચકોરને, જિમ મોરને મન મેહ રે;
અમ્હને તે તમશું ઉલ્લસે, તિમ નાહ નવલો નેહ,
સુવિધિ જિનેસરુ, સાંભળો ચતુર સુજાણ અતિ અલવેસરુ.

અણ દીઠે અલજો ઘણો, દીઠે તે તૃપ્તિ ન હોઈ રે;
મન તોહી સુખ માની લિયે, વાહલા તણું મુખ જોઈ. સુ૦ ૨

જિમ વિરહ કહિયે નવિ હુયે, કિજિયે તેહવો સંચરે;
કર જોડી વાચક યશ કહે, ભાંજો તે ભેદ પ્રપંચ. સુ૦ ૩

---

## (૧૦) શ્રી વિશાલ જિન સ્તવન

દેવ વિશાલ, જિણંદની, તમે ધ્યાવો તત્ત્વસમાધિ રે,
ચિદાનંદ રસ અનુભવી, સહજ અકૃત નિરુપાધિ રે;
સહજ૦ અરિહંત પદ વંદિયે ગુણવંત રે;
ગુણવંત અંનત મહંત સ્તવો, ભવતારણો ભગવંત ૧

ભવ ઉપાધિ ગદ ટાલવા, પ્રભુજી છો વૈદ્ય અમોઘ રે;
રત્નત્રયિ ઔષધ કરી, તમે તાર્યા ભવિજન ઓઘ રે. ત૦અ૦ ૨

ભવસમુદ્રજલ તારવા, નિર્યામક સમ જિનરાજ રે;
ચરણ જહાજે પામિયે, અક્ષય શિવનગરનું રાજ રે; અ૦અ૦ ૩

ભવ અટવી અતિ ગહનથી, પારગપ્રભુજી સત્થવાહ રે;
શુદ્ધ માર્ગ દર્શકપણે, યોગ ક્ષેમંકર નાહ રે. યો૦અ૦ ૪
રક્ષક જિન છકાયના, વલી મોહનિવારક સ્વામી રે;
શ્રમણ સંઘ રક્ષક સદા, તેણે ગોપઈશ અભિરામ રે. તે૦અ૦ ૫
ભાવ અહિંસક પૂર્ણતા, માહણતા ઉપદેશ રે;
ધર્મ અહિંસક નીપનો, માહણ જગદીશ વિશેષ રે. મા૦અ૦ ૬

પુષ્ટ કારણ અરિહંતજી, તારક જ્ઞાયક મુનિચંદ રે;
મોચક સર્વ વિભાવથી,' ઝીંપાવે મોહ અરિંદ રે. ઝીં૦અ૦ ૭

કામકુંભ સુરમણિ પરે, સહેજે ઉપકારી થાય રે;
દેવચંદ્ર સુખકર પ્રભુ, ગુણ ગેહ અમોહ અમાય રે. જુ૦અ૦ ૮

---

## (૧૦) શ્રી શીતલનાથ જિન સ્તવન

શીતલજિન તું મુજ વિચિ આંતરું, નિશ્ચયથી નહિ કોય,
દંસણ નાણ ચરણ ગુણ જીવને, સહુને પૂરણ હોય;
અંતરયામી રે સ્વામી સાંભળો. ૧

પણ મુજ માયા રે ભેદી ભોળવે, બાહ્ય દેખાડી રે વેષ;
હિયડે જૂઠી રે મુખ અતિ મીઠડી, જેહવી ધૂરત વેષ. અં૦ ૨

એહને સ્વામી રે મુજથી વેગળી, કીજે દીનદયાળ;
વાચક યશ કહે જિમ તુમશું મિલી, લહિયે સુખ સુવિશાળ. અં૦ ૩

---

## (૧૦) શ્રી સુતેજ જિન સ્તવન

અતિ રૂડી રે અતિ રૂડી, જિનજીની થિરતા અતિ રૂડી;
સકલ પ્રદેશ અનંતી, ગુણ પર્યાય શક્તિ મહંતી લાલ, અ૦
તસુ રમણે અનુભવવંતી, પરરમણે જે ન રમંતી લાલ. અ૦ ૧

ઉત્પાદ વ્યયે પલટતી, ધ્રુવ શક્તિ ત્રિપદીસંતી લાલ; અ૦
ઉત્પાદે ઉતપતમંતી, પૂરવ પરિણતિ વ્યયપંતી લાલ. અ૦ ૨

નવ નવ ઉપયોગે નવલી, ગુણછતિથી તે નિત અચલી લાલ; અ૦
પરદ્રવ્યે જે નવિ ગમણી, ક્ષેત્રાંતરમાંહી ન રમણી લાલ. અ૦ ૩

અતિશય યોગે નવિ દીપે, પરભાવ ભણી નવિ છીપે લાલ; અ૦
નિજ તત્ત્વ રસે જે લીની, બીજે કીણહી નવિ કીની લાલ. અ૦ ૪

સંગ્રહનયથી જે અનાદિ, પણ એવંભૂતે સાદિ લાલ; અ૦
જેહને બહુ માને પ્રાણી, પામે નિજ ગુણ સહ નાણી લાલ; અ૦ ૫

થિરતાથી થિરતા વાધે, સાધક નિજ પ્રભુતા સાધે લાલ; અ૦
પ્રભુગુણને રંગે રમતા, તે પામે અવિચળ સમતા લાલ. અ૦ ૬

નિજ તેજે જેહ સુતેજા, જે સેવે ધરી બહુ હેજા લાલ; અ૦
શુદ્ધાલંબન જે પ્રભુ ધ્યાવે, તે દેવચંદ્ર પદ પાવે લાલ. અ૦ ૭

---

## (૧૧) શ્રી વજ્રંધર જિન સ્તવન

વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ,
જગતારક જગનાથ, અછો ત્રિભુવન પતિ;
ભાસક લોકાલોક, તિણે જાણો છતિ,
તો પણ વીતક વાત, કહું છું તુજ પ્રતિ. ૧

હું સ્વરૂપ નિજ છોડી, રમ્યો પર પુદ્ગલે,
ઝીલ્યો ઊલટ આણી, વિષય તૃષ્ણાજલે;
આશ્રવ બંધ વિભાવ, કરું રુચિ આપણી,
ભૂલ્યો મિથ્યાવાસ, દોષ દઉં પરભણી. ૨

અવગુણ ઢાંકણ કાજ, કરું જિનમત ક્રિયા,
ન તજું અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા,
દૃષ્ટિરાગનો પોષ, તેહ સમકિત ગણું.
સ્યાદ્વાદની રીત, ન દેખું નિજપણું. ૩

મન તનુ ચપલ સ્વભાવ, વચન એકાંતતા,
વસ્તુ અનંત સ્વભાવ, ન ભાસે જે છતા;
જે લોકોત્તર દેવ, નમું લૌકિકથી,
દુર્લભ સિદ્ધ સ્વભાવ, પ્રભો તહકીકથી. ૪

મહાવિદેહ મઝાર કે, તારક જિનવરુ,
શ્રી વજ્રંધર અરિહંત, અનંત ગુણાકરુ;
તે નિર્યામક શ્રેષ્ઠ, સહી મુજ તારશે,
મહાવૈદ્ય ગુણયોગ, રોગ ભવ વારશે. ૫

પ્રભુમુખ ભવ્ય સ્વભાવ, સુણું જો માહરો,
તો પામે પ્રમોદ, એહ ચેતન ખરો;
થાયે શિવપદ આશ, રાશિ સુખવૃંદની,
સહજ સ્વતંત્ર સ્વરૂપ, ખાણ આણંદની. ૬

વલગ્યા જે પ્રભુનામ, ધામ તે ગુણતણા,
ધારો ચેતનરામ, એહ થિર વાસના;
દેવચંદ્ર જિનચંદ્ર, હૃદય સ્થિર થાપજો,
જિન આણાયુક્ત ભક્તિ, શક્તિ મુજ આપજો. ૭

———*———

## (૧૧) શ્રી શ્રેયાંસ જિન સ્તવન

શ્રેયાંસ જિનેશ્વર દાતાજી, સાહિબ સાંભળો;
તુમે જગમાં અતિ વિખ્યાતાજી; સા૦
માંગ્યું દેતાં તે કિશું વિમાસોજી, સા૦
મુજ મનમાં એહ તમાસોજી. સા૦ ૧

તુમ દેતાં સવિ દેવાયેજી, સા૦
તો અજર[1] કર્યે શું થાયેજી; સા૦
યશ પૂરણ કેમ લહિજેજી, સા૦
જો અરજ કરીને દીજેજી. સા૦ ૨

૧. જરા (જન્માદિ) રહિત અક્ષય.

જો અધિકું દ્યો તો દેજોજી, સા૦
સેવક કરી ચિત્ત ધરે જોજી; સા૦
યશ કહે તુમ પદ સેવાજી, સા૦
તે મુજ સુરતરુફળ મેવાજી. સા૦ ૩

—*—

## (૧૧) શ્રી સ્વામીપ્રભ સ્તવન

નમિ નમિ નમિ નમિ વીનવું, સુગુણ સ્વામી જિણંદ નાથ રે;
જ્ઞેય સકલ જાણંગ તુમે, પ્રભુજી, જ્ઞાનદિણંદ નાથ રે. ન૦ ૧

વર્તમાન એ જીવની, એહવી પરિણતિ કેમ; ના૦
જાણું હેય વિભાવને, પણ નવિ છૂટે પ્રેમ. ના૦ ન૦ ૨

પરપરિણતિરસ રંગતા, પર ગ્રાહકતા ભાવ; ના૦
પર કરતા પર ભોગતા, શ્યો થયો એહ સ્વભાવ. ના૦ ન૦ ૩

વિષય કષાય અશુદ્ધતા, ન ઘટે એ નિરધાર[1]; ના૦
તો પણ વંછું તેહને, કિમ તરીએ સંસાર. ના૦ ન૦ ૪

મિથ્યા અવિરતિ પ્રમુખને,[2] નિયમા જાણું દોષ; ના૦
નિંદું ગરહું વળી વળી, પણ તે પામે સંતોષ. ના૦ ન૦ ૫

અંતરંગ પરરમણતા, ટલશે કિશ્યે ઉપાય; ના૦
આણા આરાધન વિના, કિમ ગુણસિદ્ધિ થાય. ના૦ ન૦ ૬

હવે જિન વચન પ્રસંગથી, જાણી સાધક નીતિ; ના૦
શુદ્ધ સાધ્ય રુચિપણે, કરીએ સાધન રીતિ. ના૦ ન૦ ૭

ભાવને રમણ પ્રભુગુણે, યોગ ગુણી આધીન; ના૦
રાગ તે જિનગુણરંગ મેં, પ્રભુ દીઠા રતિ પીન. ના૦ ન૦ ૮

હેતુ પલટાવી સવે, જોડયા ગુણી ગુણ ભક્તિ; ના૦
તેહ પ્રશસ્તપણે રમ્યા, સાધે આતમશક્તિ. ના૦ ન૦ ૯

---

૧. જરૂર. ૨. વગેરેને.

ધન તન મન વચના સવે, જોડયા સ્વામી પાય; ના૦
બાધક કારણ વારતાં, સાધન કારણ થાય. ના૦ ન૦ ૧૦

આતમતા પલટાવતાં, પ્રગટે, સંવર રૂપ; ના૦
સ્વસ્વરૂપ રસી કરે, પૂર્ણાનંદ અનૂપ. ના૦ ન૦ ૧૧

વિષય કષાય જહર ટળી, અમૃત થાયે એમ; ના૦
જે પરસિદ્ધ રુચિ હુવે, તો પ્રભુસેવા ધરી પ્રેમ. ના૦ ન૦ ૧૨

કારણ રંગી કાર્યને, સાધે અવસર પામી; ના૦
દેવચંદ્ર જિનરાજની, સેવા શિવસુખ ધામી. ના૦ ન૦ ૧૩

*

## (૧૨) શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

વાસુપૂજ્ય જિન વાહલા રે, સંભાળો નિજ દાસ;
સાહિબ શું હઠ નવિ હોયે રે, પણ કીજે અરદાસ રે.
ચુતર વિચારિયે. ૧

શ્વાસ પહિલા સાંભરે રે, મુખ દીઠે સુખ હોય;
વિસાર્યા નવિ વીસરે રે, તેહ શું હઠ કિમ હોય રે. ચ૦ ૨

આમણ દુમણ નવિ ટળે રે, ખણ વિણ પૂરે રે આશ;
સેવક યશ કહે દીજીએ રે, નિજ પદકમળનો વાસ રે. ચ૦ ૩

*

## (૧૨) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

દીઠો દરિશણ શ્રીપ્રભુજીનો, સાચે રાગે મનશું ભીનો;
જસુ રાગે નિરાગી થાયે, તેહની ભક્તિ કોને ન સુહાયે. ૧

પુદ્ગલ આશારાગી અનેરા, તસુ પાસે કુણ ખાયે ફેરા;
જસુ ભગતે નિરભયપદ લહિયે, તેહની સેવામાં થિર રહીએ. ૨

રાગી સેવકથી જે રાચે, બાહ્યભક્તિ દેખીને માચે;
જસુ ગુણ દાઝે તૃષ્ણા આંચે, તેહનો સુજસ ચતુર કિમ વાંચે. ૩

પૂરણ બ્રહ્મને પૂર્ણાનંદી, દર્શન જ્ઞાન ચરણ રસ કંદી;
સકળ વિભાવ પ્રસંગ અફંદી, તેહ દેવ સમરસ મકરંદી. ૪

તેહની ભક્તિ ભવભય ભાજે, નિર્ગુણ પિણ ગુણશક્તિ ગાજે,
દાસભાવ પ્રભુતાને આપે, અંતરંગ કળિમળ સવિ કાપે. ૫

અધ્યાતમ સુખકારણ પૂરો, સ્વસ્વભાવ અનુભૂતિ સનૂરો;
તસુ ગુણં વળગી ચેતના કીજે, પરમ મહોદય શુદ્ધિ લહિજે. ૬

મુનિસુવ્રતપ્રભુ પ્રભુતા લીના, આતમ સંપત્તિ ભાસન પીના;
આણારંગે ચિત્ત ધરીજે, દેવચંદ્રપદ શીઘ્ર વરીજે. ૭

—*—

## (૧૩) શ્રી ચંદ્રબાહુ જિન સ્તવન

ચંદ્રબાહુજિન સેવના, ભવનાશિની તેહ;
પરપરિણતિના પાસને, નિષ્કાસન રેહ. ચં૦ ૧

પુદ્ગલ ભાવ આશંસના, ઉદ્ધાસન કેતુ;
સમ્યગ્દર્શન વાસના, ભાસન ચરણ સમેત. ચં૦ ૨

ત્રિકરણ યોગ પ્રશંસના, ગુણસ્તવના રંગ;
વંદન પૂજન ભાવના, નિંપાવના અંગ. ચં૦ ૩

પરમાતમ પદ કામના, કામનાશન એહ;
સત્તાધર્મ પ્રકાશના, કરવા ગુણ ગેહ. ચં૦ ૪

પરમેશ્વર આલંબના, રાચ્યા જેહ જીવ;
નિર્મળ સાધ્યની સાધના, સાધે તેહ સદીવ. ચં૦ ૫

પરમાનંદ ઉપાસવા, પ્રભુ પુષ્ટ ઉપાય;
તુજ સમ તારક સેવતાં, પરસેવ ન થાય. ચં૦ ૬

શુદ્ધોત્તમ સંપત્તિતણા, તુમ્હે કારણ સાર;
દેવચંદ્ર અરિહંતની, સેવા સુખકાર. ચં૦ ૭

—*—

## (૧૩) શ્રી વિમલનાથ જિન સ્તવન

વિમળનાથ મુજ મન વસે, જિમ સીતા મન રામ, લલના;
પિક[1] વંછે સહકારને[2], પંથી મન જિમ ધામ; લલના. વિ૦ ૧

કુંજર ચિત્ત રેવા વસે, કમળા મન ગોવિંદ; લ૦
ગૌરી મન શંકર વસે, કુમુદિની મન જિમ ચંદ. લ૦ વિ૦ ૨

અલિ મન વિકસિત માલતી, કમલિનિ ચિત્ત દિણંદ; લ૦
વાચક યશને વાલહો, તેમ શ્રી વિમળ જિણંદ. લ૦ વિ૦ ૩

—————*—————

## (૧૪) શ્રી ભુજંગસ્વામી સ્તવન

ભુજંગદેવ ભાવે ભજો, રાય મહાબળ નંદ લાલ રે;
મહિમા કુખે હંસલો, કમળ લંછન સુખકંદ લાલ રે. ભુજંગ૦ ૧

વપ્ર વિજય વિજયાપુરી, કરે વિહાર ઉછાહ લાલ રે;
પૂરવ અરધે પુખ્ખ રે, ગંધસેનાનો નાહ રે લાલ રે. ભુ૦ ૨

કાગળ લિખવો કારમો, આવે જો દુર્જન હાથ લાલ રે;
અણ મિલવું દૂરંતરે, ચિત્ત ફિરે તુમ સાથ લાલ રે. ભુ૦ ૩

કિસિ ઈસારત કીજીએ, તુમ જાણો છો જગભાવ લાલ રે;
સાહિબ જાણ અજાણને, સામું કરે પ્રસ્તાવ લાલ રે. ભુ૦ ૪

ખિજમતમાં ખામી નહીં, મેલ ન મનમાં કોય લાલ રે;
કરુણાપૂરણ લોયણે, સામું કાંઈ ન જોય લાલ રે. ભુ૦ ૫

આસંગો મોટા તણો, કુંજર ગ્રહવો કાન લાલ રે;
વાચક યશ કહે વિનતિ, ભક્તિ વશે મુજ માન લાલ રે. ભુ૦ ૬

—————*—————

---

૧. કોકિલ. ૨. આંબાને. ૩. છએ દ્રવ્યના.

## (૧૪) શ્રી અનંત જિન સ્તવન

શ્રી અનંત જિન સેવિયે રે લાલ, મોહનવલ્લીકંદ મનમોહના;
જો સેવ્યો શિવ સુખ દિયે રે લાલ, ટાલે ભવભય ફંદ. મ૦ શ્રી૦ ૧

મુખ મટકે જગ મોહિયો રે લાલ, રૂપરંગ અતિ ચંગ; મ૦
લોચન અતિ અણિયાલડાં રે લાલ, વાણી ગંગતરંગ. મ૦ શ્રી૦ ૨

ગુણ સઘળા અંગે વસ્યા રે લાલ, દોષ ગયા સવિ દૂર; મ૦
વાચક યશ કહે સુખ લહું રે લાલ, દેખી પ્રભુ મુખનૂર. મ૦ શ્રી૦ ૩

---

## (૧૪) શ્રી શિવગતિ જિન સ્તવન

શિવગતિ જિનવરદેવ, સેવા આ દોહિલી, હો લાલ સે૦
પરપરિણતિ પરિત્યાગ, કરે તસુ સોહિલી; હો લાલ ક૦
આશ્રવ સર્વ નિવારી, જેહ સંવર ધરે, હો લાલ જે૦
જે જિન આણા લીન, પીન સેવન કરે. હો લાલ પી૦ ૧

વીતરાગ ગુણરાગ, ભક્તિ રુચિ નૈગમે, હો લાલ ભ૦
યથા પ્રવૃત્તિ ભવ્યજીવ, નયસંગ્રહ રમે; હો લાલ ન૦
અમૃતક્રિયા વિધિયુક્ત, વચન આચારથી, હો લાલ વ૦
મોક્ષાર્થી જિનભક્તિ કરે, વ્યવહારથી. હો લાલ. ક૦ ૨

ગુણ પ્રાગ્ભાવી કાર્ય-તણે કારણપણે, હો લાલ ત૦
રત્નત્રયી પરિણામ તે, ઋજુસૂત્રે ભાણે; હો લાલ ઋ૦
જે ગુણ પ્રગટ થયો, નિજ નિજ કાર્ય કરે; હો લાલ નિ૦
સાધક ભાવે યુક્ત, શબ્દનયે તે ધરે. હો લાલ શ૦ ૩

પોતે ગુણપર્યાય, પ્રગટપણે કાર્યતા, હો લાલ પ્ર૦
ઊણે થાઓ જાવ, તાવ સમભિરૂઢતા; હો લાલ તા૦
સંપૂરણ નિજ ભાવ, સ્વકાર્ય કીજતે, હો લાલ સ્વ૦
શુદ્ધાત્તમ નિજરૂપ, તેણે રસ લીજતે. હો લાલ ત૦ ૪

ઉત્સર્ગે એવંભૂત, તે ફળને નીપને; હો લાલ તે૦
નિ:સંગી પરમાતમ, રંગથી તે બને; હો લાલ રંગ૦
સહજ અનંત અત્યંત, મહંત સુખે ભર્યા, હો લાલ મ૦
અવિનાશી અવિકાર, અપાર ગુણે વર્યા. હો લાલ મ૦ ૫

જે પ્રવૃત્તિ મવમૂળ, છેદ ઉપાય જે, હો લાલ છે૦
પ્રભુગુણરાગે રક્ત થાય, શિવદાય તે, હો લાલ વિ૦
અંશ થકી સરવંશ, વિશુદ્ધપણું ઠવે, હો લાલ વિ૦
શુક્લબીજ શશિરેહ, તેહ પૂરણ હુવે. હો લાલ તે૦ ૬

તિમ પ્રભુથી શુચિ રાગ, કરે વીતરાગતા, હો લાલ સ્વ૦
ગુણ એકત્વે થાય, સ્વગુણ પ્રાગ્ભાવતા; હો લાલ સે૦
અવ્યાબાધ અગાધ, આત્મસુખ સંગ્રહો. હો લાલ આ૦ ૭

---*---

## (૧૫) શ્રી ઈશ્વરદેવ જિન સ્તવન

સેવો ઈશ્વર દેવ, જિણે ઈશ્વરતા હો નિજ અદ્ભુત વરી;
તિરોભાવની શક્તિ, આવિર્ભાવે હો સહુ પ્રગટ કરી. ૧

અસ્તિત્વાદિક ધર્મ, નિર્મળભાવે હો સહુને સર્વદા;
નિત્યત્વાદિ સ્વભાવ, તે પરિણામી હો જડચેતન સદા. ૨

કર્તા ભોક્તા ભાવ, કારક ગ્રાહક હો જ્ઞાન ચારિત્રતા,
ગુણપર્યાય અનંત, પામ્યા તુમચા હો પૂર્ણ પવિત્રતા. ૩

પૂર્ણાનંદ સ્વરૂપ, ભોગી અયોગી હો ઉપયોગી સદા;
શક્તિ સકલ સ્વાધીન, વરતે પ્રભુની હો જે ન ચલે કદા. ૪

દાસ વિભાવ અનંત, નાસે પ્રભુજી હો તુજ અવલંબને;
જ્ઞાનાનંદ મહંત, તુજ સેવાથી હો સેવકને બને. ૫

ધન્ય ધન્ય તે જીવ, પ્રભુપદ વંદી હો જે દેશના સુણે;
જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ, અનુભવ યોગે હો નિજ સાધકપણે. ૬

વારંવાર જિનરાજ, તુજ પદ સેવા હો હોજો નિર્મલી;
તુજ શાસન અનુજાઈ, વાસન ભાસન હો તત્ત્વરમણ વળી. ૭
શુદ્ધાતમનિજ ધર્મ, રુચિ અનુભવથી હો સાધન સત્યતા;
દેવચંદ્ર જિનચંદ્ર, ભક્તિ પસાયે હો હોશે વ્યક્તતા. ૮

———*———

## (૧૫) શ્રી ઈશ્વરદેવ જિન સ્તવન

નૃપ ગજસેન જસોદા માત,
નંદન ઈશ્વર ગુણ અવદાત; સ્વામી સેવીએ.
પુષ્કરવર પૂરવારધ કચ્છ, વિજય સુસીમા નયરી અચ્છ. સ્વા૦ ૧

શશિલાંછન પ્રભુ કરે રે વિહાર, રાણી ભદ્રાવતીનો ભરથાર; સ્વા૦
જે પામે પ્રભુનો દેદાર, ધન ધન તે નરનો અવતાર. સ્વા૦ ૨

ધન તે તનજિન નમીએ પાય, ધન તે મન જે પ્રભુગુણધ્યાય; સ્વા૦
ધન જે જીહા પ્રભુ ગુણ ગાય, ધન્ય તે વેળા વંદન થાય. સ્વા૦ ૩

અણમિલવે ઉત્કંઠા જોર, મિલવે વિરહ તણો ભય સોર; સ્વા૦
અંતરંગ મિલવે જીઉછાંહી, શોક વિરહ જિમ દૂરે પલાય. સ્વા૦ ૪

તું માતા તું બંધવ મુજ, તુંહી પિતા તુજ શું મુજ ગુજ; સ્વા૦
શ્રીનય વિજય વિબુધનો શિષ્ય, વાચકયશ કહે પૂરો જગીશ. સ્વા૦ ૫

———*———

## (૧૫) શ્રી ધર્મનાથ જિન સ્તવન

ધરમનાથ તુજ સરીખો, સાહિબ શિર થકે રે, કે સા૦
ચોર જોર જે ફોરવે, મુજશું ઈક મને રે; કે મુ૦
ગજનિમિલિકા કરવી, તુજને નવિ ઘટે રે, કે તુ૦
જે તુજ સન્મુખ જોતાં, અરિનું બળ મિટે રે. કે અ૦ ૧

રવિ ઊગે ગયણાંગણ, તિમિર તે નવિ રહે રે, કે તિ૦
કામકુંભ ઘર આવે, દારિદ્ર કિમ રહે રે, કે દા૦
વન વિચરે જો સિંહ તો, બીક ન ગજ તણી રે, કે બી૦
કર્મ કરે શું જોર, પ્રસન્ન જો જગધણી રે. કે પ્ર૦ ૨

સુગુણ નિર્ગુણનો અંતર, પ્રભુ નવિ ચિત્ત ધરે રે, કે પ્ર૦
નિર્ગુણ પણ શરણાગત, જાણી હિત કરે રે, કે જા૦
ચંદ્ર ત્યજે નવિ લાંછન, મૃગ અતિ શામળો રે, કે મૃ૦
યશ કહે તિમ તુમ જાણી, મુજ અરિબળ દળો રે. કે મુ૦ ૩

---*---

## (૧૫) શ્રી આસ્તાગ જિન સ્તવન

કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ય રે;
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધિ કદન્ન રે. કરો૦ ૧

જિન આસ્તાગ ગુણરસ રમી, ચલ વિષય વિકરા વિરૂપ રે;
વિણ સમકિત મત અભિલષે, જિણે ચાખ્યો શુદ્ધ સ્વરૂપ રે. ક૦ ૨

નિજ ગુણ ચિંતન જળ રમ્યા, તસુ ક્રોધ[1] અનળનો તાપ રે;
નવિ વ્યાપે કાપે ભવસ્થિતિ, જિમ[2] શીતને અર્ક[3] પ્રતાપ રે. ક૦ ૩

જિન ગુણરંગી ચેતના, નવિ બાંધે અભિનવ કર્મ રે;
ગુણરમણે નિજ ગુણ ઉલ્લસે, તે આસ્વાદે નિજ ધર્મ રે. ક૦ ૪

પરત્યાગી ગુણ એકતા, રમતા, જ્ઞાનાદિક ભાવે રે;
સ્વસ્વરૂપ ધ્યાતા થઈ, પામે શુચિ ક્ષાયક ભાવ રે. ક૦ ૫

ગુણ કરણે નવ ગુણ પ્રગટતા, સત્તાગત રસ થિતિ છેદ રે;
સંક્રમણે ઉદય પ્રદેશથી, કરે નિર્જરા ટાળે ખેદ રે. ક૦ ૬

સહજસ્વરૂપ પ્રકાશથી, થાએ પૂર્ણાનંદ વિલાસ રે;
દેવચંદ્ર જિનરાજની, કરજ્યો સેવા સુખવાસ રે. ક૦ ૭

---*---

૧. અગ્નિનો. ૨. ટાઢને. ૩. સૂર્યનો તાપ.

## (૧૬) શ્રી નમીશ્વર સ્વામી જિન સ્તવન

જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો,
તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો;
જાગ્યો સમ્યગ્જ્ઞાન સુધારસ ધામ જો,
છાંડી દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો. જ૦ ૧

સહેજે પ્રગટયો નિજ પર ભાવ વિવેક જો;
અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો;
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો,
નિજ પરિણતિ થિર નિજ ધર્મરસે ઠવે રે લો. જ૦ ૨

ત્યાગીને સવિ પરપરિણતિરસ રીઝ જો,
જાગી છે નિજ આતમ અનુભવ ઇષ્ટતા રે લો;
સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો,
જાલમ એ પ્રગટી સંવર શિષ્ટતા રે લો. જ૦ ૩

બંધના હેતુ જે છે પાપસ્થાન જો,
તે તુજ ભગતે પામ્યા પુષ્ટ પ્રશસ્તતા રે લો;
ધ્યેયગુણે વલગ્યો પૂરણ ઉપયોગ જો,
તેહથી પામે ધ્યાતા ધ્યેય સમસ્તતા રે લો. જ૦ ૪

જે અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો,
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો;
જિન[૧] આલંબની નિરાલંબતા પામે જો,
તેણે હમ રમશું નિજ ગુણ શુદ્ધ નંદનવને રે લો. જ૦ ૫

---

૧. આ પાંચમી કડીની છેલ્લી બે લીટીનું પાઠાંતર :
જાણ્યો પૂર્ણાનંદ તે આતમ પાસ જો,
અવલંબ્યો નિર્વિકલ્પ પરમાતમ તત્ત્વને રે લો. જ૦ ૫

સ્યાદ્વાદિ નિજ પ્રભુતાને એકત્વ જો,
　　ક્ષાયક ભાવે થાયે નિજ રત્નત્રયી રે લો;
પ્રત્યાહાર કરીને ધારે ધારણ શુદ્ધ જો,
　　તત્ત્વાનંદી પૂર્ણ સમાધિ લયમઈ રે લો. જી૦ ૬

અવ્યાબાધ સ્વગુણની પૂરણ રીત જો,
　　કરતા ભોક્તા ભાવે રમણપણે ધરે રે લો:
સહજ અકૃત્રિમ નિર્મળ જ્ઞાનાનંદ જો,
　　દેવચંદ્ર એકત્વે સેવનથી વરે રે લો. જી૦ ૭

---

## (૧૭) શ્રી વીરસેન જિન સ્તવન

વીરસેન જગદીશ, તાહરી પરમ જગીશ;
આજ હો દીસે રે, વીરજતા ત્રિભુવનથી ઘણીજી. ૧

અણહારીં અશરીર, અક્ષય અજય અતિ ધીર;
આજ હો અવિનાશી, અલેશી ધ્રુવ પ્રભુતા બનીજી. ૨

અતીન્દ્રિય ગત કોહ,[૧] વિગતમાય[૨] મય[૩] લોહ;[૪]
આજ હો સોહે રે, મોહે જગજનતા ભણીજી. ૩

અમર અખંડ અરૂપ પૂર્ણાનંદ સ્વરૂપ;
આજ હો ચિદ્રૂપે, દીપે, થિર સમતા ઘણીજી. ૪

વેદરહિત અકષાય, શુદ્ધ સિદ્ધ અસહાય;
આજ હો ધ્યાયકે નાયકને, ધ્યેયપદે ગ્રહ્યોજી. ૫

દાન લાભ નિજ ભોગ, શુદ્ધસ્વગુણ ઉપભોગ;
આજ હો અજોગી કરતા, ભોક્તા પ્રભુ લહ્યોજી. ૬

દરિસણ જ્ઞાન ચારિત્ર, સકલ પ્રદેશ પવિત્ર;
આજ હો નિર્મળ, નિસ્સંગી, અરિહા વંદિયેજી. ૭

---

૧. ક્રોધ. ૨. માયા. ૩. મદ,માન. ૪. લોભ

દેવચંદ્ર જિનચંદ્ર, પૂર્ણાનંદનો વૃંદ;
આજ હો જિનવર સેવાથી ચિર આનંદિયેજી. ૮

---*---

## (૧૭) શ્રી કુંથુનાથ જિન સ્તવન

સુખદાયક સાહિબ સાંભળો, મુજને તુજશું અતિ રંગ રે;
તુમે તો નિરાગી હુઈ રહ્યા, એ શો એકંગો[1] ઢંગ[2] રે. સુ૦ ૧

તુમ ચિત્તમાં વસવું મુજ ઘણું, તે તો ઉંબર ફૂલ સમાન રે;
મુજ ચિત્તમાં વસો જો તુમે, તો પામ્યા નવે નિધાન રે. સુ૦ ૨

શ્રી કુંથુનાથ! અમે નિરવહું, ઈમ એકંગો પણ નેહ રે;
ઈણિ [3]આકીને ફળ પામશું, વળી હોશે દુ:ખનો છેહ રે. સુ૦ ૩

આરાધ્યો કામિત પૂરવે, ચિંતામણિ પાષાણ રે;
વાચક યશ કહે મુજ દીજીયે, ઈમ જાણી કોડી કલ્યાણ રે. સુ૦ ૪

---*---

## (૧૮) શ્રી મહાભદ્ર જિન સ્તવન

મહાભદ્ર જિનરાજ, રાજ રાજ વિરાજે હો આજ તુમારડોજી;
ક્ષાયિકવીર્ય અનંત, ધર્મ અભંગે હો તું સાહિબ વડોજી.
હું બલિહારી રે શ્રી જિનવર તણી રે. ૧

કર્તા ભોક્તા ભાવ, કારક કારણ હો તું સ્વામી છતોજી;
જ્ઞાનાનંદ પ્રધાન, સર્વ વસ્તુનો હો ધર્મ પ્રકાશતોજી. હું૦ ૨
સમ્યગ્દર્શન મિત્ત, સ્થિર નિર્ધાર રે અવિસંવાદતાજી;
અવ્યાબાધ સમાધિ, કોશ અનશ્વર રે નિજ આનંદતાજી. હું૦ ૩

દેશ અસંખ્ય પ્રદેશ, નિજ નિજ રીતે રે ગુણસંપત્તિ ભર્યાજી;
ચારિત્ર દુર્ગ અભંગ, આતમ શક્તે હો પરજય સંચર્યાજી. હું૦ ૪

---

૧. એકતરફી. ૨. રીત. ૩. શ્રદ્ધાએ.

ધર્મક્ષમાદિક સૈન્ય, પરિણતિપ્રભુતા હો તુજ બલ આકરોજી;
તત્ત્વ સકલ પ્રાગ્ભાવ, સાદિ અનંતિ રે રીતે પ્રભુ ધર્યોજી. હું૦ ૫

દ્રવ્ય ભાવ અરિલેશ, સકલ નિવારી રે સાહિબ અવતર્યોજી;
સહજ સ્વભાવ વિલાસ, ભોગી ઉપભોગી રે જ્ઞાન ગુણે ભર્યોજી. હું૦ ૬

આચારિજ ઉવઝાય, સાધક મુનિવર હો દેશ વિરતિ ધરુજી;
આતમ સિદ્ધ અનંત કારણરૂપે રે યોગ ક્ષેમં કરુજી. હું૦ ૭

સમ્યગ્દૃષ્ટિ જીવ, આણારંગી હો સહુ જિનરાજનાજી;
આતમ સાધન કાજ, સેવે પદકજ હો શ્રી મહાભદ્રનાજી. હું૦ ૮

દેવચંદ્ર જિનચંદ્ર, ભકતે રાચો હો ભાવિ આતમ રુચિજી;
અવ્યય અક્ષય શુદ્ધ, સંપત્તિ પ્રગટે હો સત્તાગત શુચિજી. હું૦ ૯

---*---

## (૧૮) શ્રી મહાભદ્ર જિન સ્તવન

દેવરાયનો નંદ, માત ઉમા મનચંદ;
આજ હો રાણી રૈ, સૂરિકાંતા કંત સોહામણોજી. ૧

પુષ્કર પશ્ચિમ અર્દ્ધ, વિજ્ય તે વપ્ર સુબદ્ધ; આ૦
નયરી રે વિજયાએ વિહરે ગુણ નીલોજી. ૨

મહાભદ્ર જિનરાય, ગજલંછન જસ પાય; આ૦
સોહે રે મોહે રે મન લટકાળે લોયણેજી. ૩

તેહશું મુજ અતિ પ્રેમ, પરસુર નમવા નેમ; આ૦
રંજે રે દુઃખ ભંજે પ્રભુ મુજ તે ગુણેજી. ૪

ધર્મ યૌવન નવરંગ, સમકિત પામ્યો ચંગ; આ૦
લાખીણી લાડી મુગતિ તે મેલશેજી. ૫

ચરણ ધર્મ અવદાત, તે કન્યાનો તાત; આ૦
માહરા રે પ્રભુજીને તે છે વશ સદાજી. ૬

શ્રી નયવિજય સુશિષ્ય, યશ કહે સુણો જગદીશ; આ૦
તારો રે હું સેવક દેવ કરો દયાજી. ૭

---*---

## (૧૮) શ્રી અરનાથ જિન સ્તવન

અરજિન દરિશન દીજીયેજી, ભવિક કમળ વનસૂર;
મન તરસે મળવા ઘણુંજી, તુમે તો જઈ રહ્યા દૂર.
સોભાગી તુમશું મુજ મન નેહ.
તુમશું મુજ મન નેહલોજી, જીમ 'બપઈયાં મેહ. સો૦ ૧

આવાગમન પથિક તણુંજી, નહિ શિવ નગર નિવેશ;
કાગળ કુણ હાથે લિખુંજી, કોણ કહે સંદેશ. સો૦ ૨

જો સેવક સંભારશોજી, અંતરયામી રે આપ;
યશ કહે તો તુજ મન તણોજી, ટળશે સઘળો સંતાપ. સો૦ ૩

---*---

## (૧૯) શ્રી ચંદ્રયશા (દેવજશા) જિન સ્તવન

ચંદ્રયશાજિન રાજીઓ, મનમોહન મેરે પુષ્કરદીવ મોઝાર રે; મ૦
પશ્ચિમ અરધ સોહામણો, મ૦ વચ્છ વિજય સંભાર રે. મ૦ ૧

નયરી સુસીમા વિચરતા, મ૦ સંવરભૂપ કુલચંદ રે; મ૦
શશિ લાંછન પદ્માવતી, મ૦ વલ્લભ ગંગાનંદ રે. મ૦ ૨

કટિલીલાએ કેસરી, મ૦ તે હાર્યો ગયો રાન રે; મ૦
હાર્યો હિમકર તુજ મુખે, મ૦ હજિય વળે નહિ વાન રે. મ૦ ૩

તુજ લોચનથી લાજિયાં, મ૦ કમળ ગયાં જળમાંહી રે; મ૦
અહિપતિ પાતાળે ગયો, મ૦ જીત્યો લલિત તુજ બાંહી રે. મ૦ ૪

જીત્યો દિનકર તેજશું, મ૦ ફિરતો રહે તે આકાશ રે; મ૦
નિંદ ન આવે તેહને, મ૦ જેહ મન ખેદ અભ્યાસ રે. મ૦ ૫

એમ જીત્યો તુમે જગતને, મ૦ હરિ લીયો ચિત્ત રતન્ન રે; મ૦
બંધુ કહાવો જગતના, મ૦ તે કિમ હોય ઉપમન્ન રે. મ૦ ૬

ગતિ તુમે જાણો તુમતણી, મ૦ હું સેવું તુજ પાય રે; મ૦
શરણ કરે બળિયાતણું, મ૦ યશ કહે તસ સુખ થાય રે. મ૦ ૭

*

## (૧૯) શ્રી મલ્લિનાથ જિન સ્તવન

મલ્લિ જિણેસર મુજને તુમે મિલ્યા, જેહમાંહી સુખકંદ, વાલ્હેસર;
તે કળિયુગ અમે ગિરુઓ લેખવું, નવિ બીજા યુગવૃંદ. વા૦ મ૦ ૧

આરો સારો રે મુજ પાંચમો, જિહાં તુમ દર્શન દીઠ; વા૦
મરુભૂમિ પણ થિતિ સુરતરુ તણી, મેરુ થકી હુઈ ઈઠ. વા૦ મ૦ ૨

પંચમ આરે રે તુમ્હ મેલાવડે, રૂડો રાખ્યો રે રંગ; વા૦
ચોથો આરો રે ફિરિ આવ્યો ગણું, વાચક યશ કહે ચંગ. વા૦ મ૦ ૩

*

## (૨૦) શ્રી અજીતવીર્ય જિન સ્તવન

અજીતવીર્ય જિન વિચરતા રે, મનમોહના રે લોલ;
પુષ્કરઅર્ધ વિદેત્ત રે, ભવિ બોહના રે લોલ.
જંગમ સુરતરુ સારીખો રે, મ૦ સેવે ધન્ય ધન્ય તેહ રે.ભવિ૦ ૧

જિનગુણ અમૃત પાનથી રે, મ૦ અમૃત ક્રિયા સુપસાય રે; ભ૦
અમૃત ક્રિયા અનુષ્ઠાનથી રે, મ૦ આતમ અમૃત થાય રે. ભ૦ ૨

પ્રીતિ ભક્તિ અનુષ્ઠાનથી રે, મ૦ વચન અસંગી સેવ રે; ભ૦
કર્તા તન્મયતા લહે રે, મ૦ પ્રભુ ભક્તિ નિત્યમેવ રે. ભ૦ ૩

પરમેશ્વર અવલંબને રે, મ૦ ધ્યાતા ધ્યેય અભેદ રે; ભ૦
ધ્યેય સમાપત્તિ હુવે રે, મ૦ સાધ્ય સિદ્ધિ અવિચ્છેદ રે. ભ૦ ૪

જિન ગુણ રાગ પરાગથી રે, મ૦ વાસિત મુજ પરિણામ રે; ભ૦
તજશે દુષ્ટ વિભાવતા રે, મ૦ સરશે આતમ કામ રે. ભ૦ ૫

જિન ભક્તિરત ચિત્તને રે, મ૦ વેધક રસ ગુણ પ્રેમ રે; ભ૦
સેવક જિનપદ પામશે રે, મ૦ રસવેધિત અય જેમ રે. ભ૦ ૬

નાથ ભક્તિરસ ભાવથી રે, મ૦ તૃણ જાણું પરદેવ રે; ભ૦
ચિંતામણી સુરતરુ થકી રે, મ૦ અધિકી અરિહંત સેવ રે. ભ૦ ૭

પરમાતમ ગુણ સ્મૃતિ થકી રે, મ૦ ફરશ્યો આતમરામ રે; ભ૦
નિયમા કંચનતા લહે રે, મ૦ લોહ જ્યું પારસ પામ રે. ભ૦ ૮

નિર્મળ તત્ત્વરુચિ થઈ રે, મ૦ કરજો જિનપતિ ભક્તિ રે; ભ૦
દેવચંદ્ર પદ પામશો રે, મ૦ પરમ મહોદય યુક્તિ રે. ભ૦ ૯

*

## (૨૦) શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા;
ભાગી તે ભાવટ ભવ તણી, દિવસ દુરિતના[1] નીઠા. આ૦ ૧

આંગણે કલ્પવેલી ફળી, ઘન અમિયના વૂઠા;
આપ માગ્યા પાસા ઢળ્યા, સુર સમકિતી તૂઠા. આ૦ ૨

નિયતિ હિત દાન સન્મુખ હુયે, સ્વપુણ્યોદય સાથે;
યશ કહે સાહિબે મુક્તિનું કરિઉં તિલક નિજ હાથે. આ૦ ૩

*

## (૨૦) શ્રી ધર્મીશ્વર જિન સ્તવન

હું તો પ્રભુ વારિ છું તુમ મુખની, હું તો જિન બલિહારી તુમ મુખની;
સમતા અમૃતમય સુપ્રસન્ન નિત, રખ નહીં રાગરુખની. હું૦ ૧

---

૧. પાપના દિવસો નાશ પામ્યા

ભ્રમર અર્ધ શશિ ધનુહ કમલદલ, કીર હીર પૂનમશશિની;
શોભા તુચ્છ થઈ પ્રભુ દેખત, કાયર હાથ જિમ અસિની. હું૦ ૨

મનમોહન તુમ સનમુખ નિરખત, આંખ ન તૃપતિ અમચી;
મોહતિમિર રવિ હર્ષચંદ્રછવિ, મૂર્તિ એ ઉપશમચી. હું૦ ૩

મનની ચિંતા મટી પ્રભુ ધ્યાવત, મુર્ખ દેખંતાં તનુની;
ઇન્દ્રિય તૃષા ગઈ જિનેસર સેવતાં, ગુણ ગાતાં વચનની. હું૦ ૪

મીન ચકોર મોર મતંગજ, જલ શશિ ઘન નિજ વનથી;
તિમ મુજ પ્રીતિ સાહિબ સુરતથી, ઔર ન ચાહું મનથી. હું૦ ૫

જ્ઞાનાનંદન જગ આનંદન, આશ દાસની ઈતની;
દેવચંદ્ર સેવન મેં અહનિશિ, રમજો પરિણતિ ચિત્તની. હું૦ ૬

---

**કલશ**

વંદો વંદો રે જિનવર વિચરંતા વંદો;
કીર્તન સ્તવન નમન અનુસરતાં, પૂર્વ પાપ નિકંદો રે.
જિનવર વિચરંતા વંદો. ૧

જંબુદ્વીપે ચાર જિનેશ્વર, ધાતકી આઠ આણંદો;
પુષ્કર અર્ધે આઠ મહામુનિ, સેવે ચોસઠ ઇન્દો રે. જિ૦ ૨

કેવલી ગણધર સાધુ સાધવી, શ્રાવક શ્રાવિકા વૃંદો;
જિન મુખ ધર્મ અમૃત અનુભવતાં, પામે મન આણંદો રે. જિ૦ ૩

સિદ્ધાચલ ચૌમાસ રહીને, ગાયો જિનગુણ છંદો;
જિનપતિ ભક્તિ મુક્તિનો મારગ, અનુપમ શિવસુખકંદો રે. જિ૦ ૪

ખરતર ગચ્છ જિનચંદ્ર સૂરિવર, પુણ્ય પ્રધાન મુણિંદો;
સુમતિસાગર સાધુ રંગ સુવાચક, પીધો શ્રુતમકરંદો રે. જિ૦ ૫

રાજસાર પાઠક ઉપગારી, જ્ઞાન ધર્મ દિણંદો;
દીપચંદ્ર સદ્‌ગુરુ ગુણવંતા, પાઠક ધીર ગયંદો રે. જિ૦ ૬
દેવચંદ્ર ગણિ આતમ હેતે, ગાયા વીશ જિણંદો;
ઋદ્ધિ વૃદ્ધિ સુખસંપત્તિ પ્રગટે, સુજશ મહોદય વૃંદો રે. જિ૦ ૭

---

## (૨૧) શ્રી નેમિનાથ જિન સ્તવન

મુજ મન પંકજ ભ્રમર લે, શ્રી નમિજિન જગદીશો રે;
ધ્યાન કરુ નિત તુમ તણું, નામ જપું નિશ દીશો રે. મુજ૦ ૧
ચિત્ત થકી કઈ યેં ન વિસરે, દેખિયે આગલે ધ્યાને રે;
અંતર તાપથી જાણિયે, દૂર રહ્યા અનુમાને રે. મુજ૦ ૨
તુ ગતિ તું મતિ આશરો, તુંહિજ બાંધવ મોટો રે.
વાચક યશ કહે તુજ વિના, અવર પ્રપંચ તે ખોટો રે. મુજ૦ ૩

---

## શ્રી નેમિનાથ સ્તવન

કહા કિયો તુમે કહો મેરે સાંઈ, ફેરિ ચલે રથ તોરણ આઈ;
દિલજાનિ અરે, મેરા નાહ ન ત્યજીય નેહ કછુ અજાનિ. દિ૦ ૧
અટપટાઈ ચલે ધરી કછુ રોષ, પશુઅનકે શિર દે કરિ દોષ. દિ૦ ૨
રંગ બિચ ભયો યાથી ભંગ, સો તો સાચો જાનો કુરંગ. દિ૦ ૩
પ્રીતિ તનકમિ તોરત આજ, પિઉ નાવે મન મેં તુમ લાજ. દિ૦ ૪
તુમ્હે બહુનાયક જાનો ન પીર[1], વિરહ લાગી જિઉ વૈરી કો તીર. દિ૦ ૫
હાર[2] ઠાર શૃંગાર અંગાર, અસન વસન ન સુહાઈ લગાર. દિ૦ ૬
તુજ વિન લાગે સૂની સેજ, નહીં તનુ તેજ ન હારદહેજ. દિ૦ ૭

૧. વેદના. ૨. ગળામાં હાર હિમ જેવા અને શણગાર અગ્નિના અંગારા જેવા લાગે છે.

આવોને મંદિર વિલાસો ભોગ, બુઢાપન મેં લીજે જોગ. દિ૦ ૮
છોરુંગી મેં નહિ તેરો સંગ, ગઈલિ ચલું જિઉં છાયા અંગ. દિ૦ ૯
વેમ વિલવતી ગઈ ગઢ ગિરનાર, દેખે પ્રીતમ રાજુલ નાર. દિ૦ ૧૦
કંતે દીધું કેવળ જ્ઞાન, કીધી પ્યારી આપ સમાન, દિ૦ ૧૧
મુક્તિ મહેલ મેં ખેલે દોઈ, પ્રણમેં યશ ઉલ્લસિત તન હોઈ. દિ૦ ૧૨

*

## (૨૩) શ્રી પાર્શ્વનાથ સ્તવન

ચઉ કષાય પાતાલ કળશ જિહાં, તિસના[1] પવન પ્રચંડ;
બહુ વિકલ્પ કલ્લોલ ચઢતું હે, આરતિ[2] ફેન ઉદ્દંડ.
ભવસાયર ભીષણ તારીએ હો, અહો મેરે લલના પાસજી;
ત્રિભુવન નાથ દિલ મેં, એ વિનંતી ધારિયે હો. ભ૦ ૧

જરત ઉદ્દામ કામ વડવાનલ, પરત શીલગિરિ શૃંગ;
ફિરત વ્યસન બહુ મગર તિમિગલ[3] કરત હે નિમગઉમંગ. ભ૦ ૨

ભમરિયા કે બીચિ ભયંકર, ઊલટી ગુલટી વાચ;
કરત પ્રમાદ પિશાચન સહિત જિહાં, અવિરતિ વ્યંતરી નાચ. ભ૦ ૩

ગરજત અરતિ કુરતિ રતિ બિજુરી, હોત બહુત તોફાન;
લાગત ચોર કુગુરુ મલબારી, ધરમ જિહાજ નિદાન. ભ૦ ૪

જુરેં પાટિયેં જિઉ અતિ જોરી, સહસ અઢાર શીલંગ;
ધર્મ જિહાજ તિઉ સજકરિ ચલવો, યશ કહે શિવપુરિ ચંગ. ભ૦ ૫

*

## (૨૪) શ્રી મહાવીર જિન સ્તવન

દુઃખ ટળિયાં મુખ દીઠે મુજ સુખ ઉપનાં રે,
ભેટયા ભેટયા વીરજિણંદ રે;
હવે મુજ મનમંદિરમાં પ્રભુ આવી વસો રે,
પામું પામું પરમાનંદ રે. દુ૦ ૧

૧. તૃષ્ણા. ૨. આર્તિ–પીડા દુઃખ. ૩. મગરમચ્છ.

પીઠબંધ ઈહાં કીધો સમકિત વજ્રનો રે,
કાઢયો કાઢયો કચરો ને ભ્રાંતિ રે;
ઈહાં અતિ ઊંચા સોહે ચારિત્ર ચંદ્રુઆ રે,
રૂડી રૂડી સંવર ભીત્તિ રે. દુ૦ ૨

કર્મ વિવર ગોખે ઈહાં મોતી ઝમણાં રે,
ઝૂલઈ ઝૂલઈ ધીગુણ આઠ રે;
બાર ભાવના પંચાલી અચરજ કરે રે,
કોરિ કોરિ કોરણિ કાઠ રે. દુ૦ ૩

ઈહાં આવી સમતા રાણીશું પ્રભુ રમો રે,
સારી સારી થિરતા સેજ રે,
કિમ જઈ શકશો એક વાર જો આવશો રે,
રંજ્યા રંજ્યા હિયડાની હેજ રે. દુ૦ ૪

વયણ અરજ સુણી પ્રભુ મનમંદિર આવિયા રે,
આપે તૂઠા તૂઠા ત્રિભુવન ભાણ રે;
શ્રી નય વિજય વિબુધ પય સેવક એમ ભણે રે,
તેણી પામ્યા પામ્યા કોડી કલ્યાણ રે. દુ૦ ૫

---

## શ્રી યશોવિજયજી કૃત

## (૧) શ્રી ઋષભ જિન સ્તવન

ઋષભ જિનરાજ મુજ આજ દિન અતિ ભલો;
ગુણ નીલો જેણે તું નયણ દીઠો;
દુ:ખ ટળ્યાં સુખ મિલ્યાં, સ્વામિ! તું નિરખતાં,
સુકૃત સંચય હુવો, પાપ નીઠો[૧]. ઋ૦ ૧

---

૧. નાશ થયાં.

કલ્પશાખી[2] ફળ્યો, કામઘટ[3] મુજ મલ્યો,
આંગણે અમિયનો મેહ વૂઠો[4];
મુજ મહીરાણ[5] મહીભાણ[6] તુજ દર્શને,
ક્ષયે[7] ગયો કુમતિ અંધાર જૂઠો. ઋ૦ ૨

કવણ નર કનકમણિ[8] છોડી તૃણ સંગ્રહે?
કવણ કુંજર તજી કરહ[10] લેવે?
કવણ બેસે તજી, કલ્પતરુ બાવળે?
તુજ તજી અવર સુર કોણ સેવે? ઋ૦ ૩

એક મુજ ટેક સુવિવેક સાહેબ સદા,
તુજ વિના દેવ દુજો ન ઈહું;
તુજ વચન–રાગ સુખ સાગરે ઝીલતો,
કર્મભર[11] ભ્રમ થકી હું ન બીહું. ઋ૦ ૪

કોડી છે દાસ વિભુ! તાહરે ભલભલા,
માહરે દેવ તું એક પ્યારો;
પતિતપાવન સમો જગત ઉદ્ધારકર,
મહિર[12] કરી મોહી ભવજલધિ[13] તારો. ઋ૦ ૫

મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,
જેહશું સબળ પ્રતિબંધ[14] લાગ્યો;
ચમક[1] પાષાણ જિમ લોહને ખેંચશે,
મુક્તિને સહજ તુજ ભક્તિ રાગો. ઋ૦ ૬

---

૨. કલ્પવૃક્ષ. ૩. ઈચ્છિત ફળ દેનાર દિવ્ય ઘડો. ૪. અમૃતની વર્ષા થઈ; વૃષ્ટિ થઈ ૫. રાજા. ૬. સૂર્ય. ૭. નાશ પામ્યો. ૮. પારસમણિ. ૯. હાથી. ૧૦. ઊંટ. ૧૧. કર્મરૂપી ભર ઉનાળાની ગરમીથી. ૧૨. મહેર, કરુણા. ૧૩. સંસાર-સમુદ્ર. ૧૪. સંબંધ, ૧. લોહચુંબક.

ધન્ય તે કાય, જેણિ પાય, તુજ પ્રણમીએ,
તુજ થુણ્યે[2] જેહ ધન્ય! ધન્ય! જિહા;[3]
ધન્ય! તે હૃદય જિણે તુજ સદા સમરીએ,
ધન્ય તે રાત ને ધન્ય! દિહા.[4] ઋ૦ ૭

ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,
એક ગુણ દેત મુજ શું વિમાસો?
રયણ[5] એક દેત શી હાણ રયણાય રે?[6]
લોકની આપદા જેણે[7] નાસો. ઋ૦ ૮

ગંગ સમ રંગ તુજ કીર્તિ કલ્લોલને,
રવિ થકી અધિક તપ-તેજ તાજો;
નયવિજય વિબુધ સેવક હું આપરો,
જશ કહે અબ મોહી ભવ નિવાજો. ઋ૦ ૯

—————*—————

(૨)

ઋષભદેવ હિતકારી, જગતગુરુ ઋષભદેવ હિતકારી;
પ્રથમ તીર્થંકર પ્રથમ નરેશ્વર, પ્રથમ યતિ બ્રહ્મચારી. જ૦ ઋ૦ ૧

વર્ષીદાન દેઈ તુમ જગ મેં, ઇલતિ ઈતિ નિવારી;
તૈસી કાહિ કરતું નાંહીં કરુણા, સાહેબ બેર હમારી. જ૦ ઋ૦ ૨

માગત નહીં હમ હાથીઘોરે, ધન કન કંચન નારી;
દિઓ મોહિ ચરણકમળ કી સેવા, યાહી લગત મોહી પ્યારી.

ભવલીલા વાસિત સુર ડારે, તુમ પર સબહી ઉવારી;
મેં મેરો મન નિશ્ચલ કીનો, તુમ આણા શિરધારી. જ૦ ઋ૦ ૪

---

૨. સ્તવે, વખાણે. ૩. જીભ. ૪. દિવસ. ૫. રત્ન. ૬. રત્નાકર; સમદ્ર.
૭. જેથી.

એસો સાહિબ નહિ કોઉ જગ મેં, યાસું હોય દિલદારી;
દિલહિ દલાલ પ્રેમ કે બીચિં, તિહાં હઠ ખેંચે ગમારી. જ૦ ઋ૦ ૫

તુમ હી સાહિબ મેં હું બંદા, યા મત દિઓ વિસારી;
શ્રી નય વિજય-વિબુધ-સેવક કે, તુમ હો પરમ ઉપકારી. જ૦ ઋ૦ ૬

*

## (૩) શ્રી અજિત જિન સ્તવન

અજિત દેવ મુજ વાહાલા, જ્યું મોરા મેહા;(ટેક)
જ્યું મધુકર મન માલતી, પંથી મન ગેહા. અજિત૦ ૧

મેરે મન તુંહી રુચ્યો, પ્રભુ કંચન દેહા;
હરિ, હર, બ્રહ્મ, પુરંદરા, તુજ આગે કેહા. અજિત૦ ૨

તુંહી અગોચર કો નહીં, સજ્જન ગુણ રેહા;
ચાહે તાકું ચાહીએ, ધરી ધર્મ સનેહા. અજિત૦ ૩

ભગતવચ્છલ જગતારનો, તું બિરુદ વદેહા;
વીતરાગ હુઈ વહાલા, ક્યું કરી દ્યો છેહા. અજિત૦ ૪

જે જિનવર હે ભરત મેં, ઐરાવત વિદેહા;
યશ કહે તુજ પદ પ્રણમતાં, સબ પ્રણમે તેહા. અજિત૦ ૫

*

## (૪) શ્રી સંભવ જિન સ્તવન

સંભવ જિન જબ નયન મિલ્યો હો;
પ્રગટે પૂરવ પુણ્ય કે અંકુર,
તબ થે દિન મોહી સફલ વલ્યો હો. સં૦ ૧

અંગન મેં અમિયેં, મેહ વૂઠે,
જનમ તાપકો વ્યાપ ગલ્યો હો;
બોધ બીજ પ્રગટયો ત્રિહુ જગ મેં,
તપ સંજમ કો ખેત ફલ્યો હો. સં૦ ૨

જૈસી ભક્તિ તૈસી પ્રભુ કરુણા,
　　　　શ્વેત શંખ મેં દૂધ મિલ્યો હો;
દર્શન થે નવનિધિ મેં પાઈ;
　　　　દુઃખ દોહગ[1] સવિ દૂર ટલ્યો હો. સં૦ ૩

ડરત ફિરત હૈ દૂરહિ દીલથે,
　　　　મોહમલ્લ જિણે જગત્રય છલ્યો હો;
સમકિત રત્ન લહું દર્શનથે,
　　　　અબ નવિ જાઉં કુગતિ રુલ્યો હો. સં૦ ૪

નેહ નજર ભર નિરખત હી મુજ;
　　　　પ્રભુશું હિયડો હેજે હલ્યો હો;
શ્રી નયવિજય વિબુધ સેવકકું,
　　　　સાહિબ સુરતરુ હોઈ ફલ્યો હો. સં૦ ૫

—*—

## (૫) શ્રી અભિનંદન જિન સ્તવન

પ્રભુ! તેરે નયન કી બલિહારી, (ટેક)

યા કી શોભા વિજીત તપસા, કમલ કરતું હે જલચારી;
વિધુકે[2] શરણ ગયો મુખ–અરિકે, વન થે ગગન હરિણ હારી. પ્ર૦ ૧

સહજહિ અંજન મંજુલ નિરખત, ખંજન[1] ગર્વ દિયોદારી;
છીન લહીહિ ચકોર કી શોભા, અગ્નિ ભખે સો દુઃખ ભારી. પ્ર૦ ૨

ચંચલતા ગુણ લિયો મીનકો[2], અલિ[3] જ્યું[4] તારો[5] હૈ કારી;[6]
કહૂં સુભગતા[7] કેતિ[8] ઈનકી? મોહી સબ હી અમર નારી.[9] પ્ર૦ ૩

ઘૂમત હૈ સમતા રસ માતે, જૈસે ગજવર મદવારી;
તીન ભુવન મેં નહિ કોઈ નીકો[10], અભિનંદન જિન અનુકારી.[11] પ્ર૦ ૪

---

૧. માછલી. ૨. માછલીનો. ૩. ભમરા. ૪. જેવી. ૫. આંખની કીકી. ૬. કાળી. ૭. સૌભાગ્ય; મનોહરતા. ૮. કેટલી. ૯. દેવીઓ. ૧૦. સારો. ૧૧. જેવો. ૧. દુર્ભાગ્ય. ૨. ચંદ્રને.

મેરે મન તો તુંહિ રુચત હૈ, પરે[૧૨] કોણ પરકી લારી[૧૩];
તેરે નયન કી મેરે નયન મેં જશ કહે દીઓ છબી અવતારી. પ્ર૦ ૫

—*—

## (૬) શ્રી પદ્મપ્રભ જિન સ્તવન

ઘડી ઘડી સાંભરે સાંઈ સલૂના—ઘ૦

પદ્મપ્રભ જિન દિલ સે ન વીસરે, માનું કિયો કછુ ગુન કો દૂના;
દરિસન દેખતહિ સુખ પાઉં, તો બિનું હોત હું ઉના દૂના. ઘ૦ ૧

પ્રભુ ગુન જ્ઞાન ધ્યાન વિધિ રચના, પાન સુપારી કાથા ચૂના;
રાગ ભયો દિલ મેં આયોગેં રહે, છિપાયા ના છાના છૂના. ઘ૦ ૨

પ્રભુગુણ ચિત્ત બાંધ્યો સબસાખે, કુન પઈસે લેઈ ઘર કા ખૂના;
રાગ જગ્યો પ્રભુશું મોહી પ્રગટ, કહો નયા કોઉ કહો જૂના. ઘ૦ ૩

લોકલાજ સે જે ચિત્ત ચોરે, સો તો સહજ વિવેકહિ સૂના;
પ્રભુ ગુણ ધ્યાન વગર ભ્રમ ભૂલ્યા, કરે ક્રિયા સો રાને[૧] રૂના.[૨] ઘ૦ ૪

મેં તો નેહ કિયો તોહિ સાથે, અબ નિવાહ તો તો થેઈ હૂના;
જશ કહે તો વિનુ ઔર ન સેવું, અમિય ખાઈ કૂન ચાવી લૂના. ઘ૦ ૫

—*—

## (૭) શ્રી જિન સ્તવન

ઐસે સ્વામી સુપાર્શ્વ સે દિલ લગા,
દુઃખ ભગા, સુખ જગા જગતારણા; (ટેક)

રાજહંસ કું માનસરોવર, રેવા જલ જ્યું વારણા,[૩]
ખીર સિંધુ જ્યું હરિ કું પ્યારો, જ્ઞાની કું તત્ત્વવિચારણા. ઐસે૦ ૧

મોર કું મેહ, ચકોર કું ચંદા, મધુ[૪] મનમથ[૫] ચિત્તઠારના;
ફૂલ અમૂલ ભમર કું અંબ હી, કોકિલ કું સુખકારના. ઐસે૦ ૨

---

૧. જંગલમાં. ૨. રોવું, પોક મૂકવી. ૩. હાથીને (જેમ). ૪. મધુ (માસ) વસંત અથવા મદિરા. ૫. કામદેવ. ૧૨. પડે. ૧૩. પૂંઠે.

સીતા કું રામ, કામ જ્યું રતિ કું, પંથી કું ઘર બારના;
દાની કું ત્યાગ, યાગ બ્રહ્મન કું, જોગી કું સંજમ ધારના. ઐસે૦ ૩

નંદનવન જ્યું સુર કું વલ્લભ, ન્યાયી કું ન્યાય નિહારના;
ત્યું મેરે મન તું હી સુહાયો, ઓર તો ચિત્તથેં ઉતારના. ઐસે૦ ૪

શ્રી સુપાર્શ્વ દર્શન પર તેરે, કીજે કોડી ઉવારણા;
શ્રી નયવિજય વિબુધ સેવક કું, દિયો સમતારસ પારણા. ઐસે૦ ૫

## (૮) શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે, વદન પૂનમ ચંદ રે;
ભવિક લોક ચકોર નિરખત, લહે પરમાનંદ રે. શ્રી૦ ચં૦ ૧

મહમહે મહિમાએ જશભર, સરસ જસ અરવિંદ રે;
રણઝણે કવિજન ભ્રમર રસિયા, લહે સુખ મકરંદ રે. શ્રી૦ ચં૦ ૨

જસ નામે દોલત અધિક દીપે, ટળે દોહગ[૧] દંદ[૨] રે;
જસ ગુણ કથા ભવ વ્યથા ભાજે, ધ્યાન શિવતરુ કંદ રે. શ્રી૦ ચં૦ ૩

વિપુલ હૃદય વિશાલ ભુજયુગ, ચલિતિ ચાલ ગયંદરુ રે;
અતુલ અતિશય મહિમા મંદિર, પ્રણમત સુરનર વૃંદ રે. શ્રી૦ ચં૦ ૪

હું દાસ ચાકર દેવ તારો, શિષ્ય તુજ ફરજંદ રે;
જસ વિજય વાચક એમ વીનવે, ટાલ મુજ ભવફંદ રે, શ્રી૦ ચં૦ ૫

—————*—————

## (૯) શ્રી સુવિધિ જિન સ્તવન

મેં કીનો નહીં તુમ બિન ઓરશું રાગ—
દિન દિન વાન ચઢત ગુણ તેરો, જ્યું કંચન પરભાગ;
ઓરન મેં હે કષાયકી કાલિમા, સો ક્યું સેવા લાગ. મેં૦ ૧

---

૧. દુર્ભાગ્ય. ૨. દ્વન્દ્વ શીતળ અને ઉષ્ણ, જન્મમરણ આદિ જોડકાં

રાજહંસ તું માનસરોવર, ઓર અશુચિ રુચિ કાગ;
વિષય ભુજંગમ[3] ગરુડ તું કહિયે, ઓર વિષય વિષનાગ. મેં૦ ૨

ઓર દેવ જલ છીલર સરીખે, તું તો સમુદ્ર અથાગ;
તું સુરતરુ જગ વંછિત પૂરન, ઓર તે સુકે સાગ. મેં૦ ૩

તું પુરુષોત્તમ તું હી નિરંજન, તું શંકર વડભાગ;
તું બ્રહ્મા તું બુદ્ધ મહાબલ, તું હી દેવ વીતરાગ. મેં૦ ૪

સુવિધિનાથ તુજ ગુણ ફૂલન કો, મેરો દિલ હૈ બાગ;
જસ કહે ભમર રસિક હોઈ તામેં, લીજે ભક્તિ પરાગ. મેં૦ ૫

---

## શ્રી યશોવિજયજીકૃત

## (૧૦) શ્રી શાંતિનાથ જિન સ્તવન

હમ મગન ભયે પ્રભુ ધ્યાન મેં, ધ્યાન મેં ધ્યાન મેં ધ્યાન મેં –હમ૦
વિસર ગઈ દુવિધા તનમન કી, અચિરા સુત ગુણ ગાન મેં. હમ૦ ૧

હરિ હર બ્રહ્મ પુરંદર કી રિદ્ધિ, આવત નહિ કોઈ માન મેં;
ચિદાનંદ કી મોજ મચી હૈ, સમતા રસ કે પાન મેં. હમ૦ ૨

ઈતને દિન તું નાંહી પિછાન્યો, મેરો જન્મ ગમાયો અજાન મેં;
અબ તો અધિકારી હોઈ બેઠે, પ્રભુ ગુણ અખય ખજાન મેં. હમ૦ ૩

ગઈ દીનતા સબ હી હમારી, પ્રભુ! તુજ સમકિત દાન મેં;
પ્રભુ ગુણ અનુભવ કે રસ આગે, આવત નહિ કોઉ માન મેં. હમ૦ ૪

જિનહિ પાયા તિનહિ છિપાયા, ન કહે કોઉકે કાન મેં;
તાલી લાગી જબ અનુભવ કી, તબ જાને કોઉ સાન મેં. હમ૦ ૫

પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાન મેં;
વાચક યશ કહે મોહ મહા અરિ, જિત લિયો હૈ મેદાન મેં. હમ૦ ૬

---

૩. સાપ

## (૧૧) શ્રી પાર્શ્વ જિન સ્તવન

મેરે સાહેબ તુમ હી હો, પ્રભુ પાસ જિણંદા!
ખિજમતગાર ગરીબ હૂં, મૈં તેરા બંદા. મેરે૦ ૧

મૈં ચકોર કરૂં ચાકરી, જબ તુમ હી ચંદા;
ચક્રવાક મેં હુઈ રહૂં, જબ તુમ હી દિણંદા. મેરે૦ ૨

મધુકર પરિ મૈં રણઝણું, જબ તુમ અરવિંદા;
ભક્તિ કરૂં ખગપતિ[1] પરે, જબ તુમ હી ગોવિંદા. મેરે૦ ૩

તુમ જબ ગર્જિત[2] ઘન ભયે, તબ મૈં શિખિનંદા[3];
તુમ સાયર જબ મૈં તદા, સુરસરિતા[4] અમંદા[5]. મેરે૦ ૪

દૂર કરો દાદા પાસજી! ભવદુઃખ કા ફંદા;
વાચક જશ કહે દાસ કું, દિયો પરમાનંદા. મેરે૦ ૫

---*---

## (૧૨)

સાહિબ સાંભળો રે, સંભવ અરજ હમારી,
ભવોભવ હું ભમ્યો રે, ન લહિ સેવા તુમારી;
નરય નિગોદમાં રે, તિહાં હું બહુ ભવ ભમિયો,
તુમ વિના દુઃખ સહ્યાં રે, અહોનિશ ક્રોધે ધમધમિયો. સા૦ ૧

ઇંદ્રિય વશ પડયો રે, પાલ્યાં વ્રત નવિ સુંસે,
ત્રસ પણ નવિ ગણ્યા રે, થાવર હણિયા હુંશે;
વ્રત ચિત્ત નવિ ધર્યાં રે, બીજું સાચું ન બોલ્યું,
પાપની ગોઠડી રે, તિહાં મેં હઈડલું ખોલ્યું. સા૦ ૨

---

૧. ગરુડ. ૨. ગાજતાં વાદળાં. ૩. મોર. ૪. ગંગા. ૫. વેગવાળી

ચોરી મેં કરી રે, ચઉવિહ અદત્ત ન ટાળ્યું,
શ્રી જિનઆણશું રે, મેં નવિ સંજમ પાળ્યું;
મધુકર તણી પરે રે, શુદ્ધ ન આહાર ગવેખ્યો,
રસન લાલચે રે, નીરસ પિંડ ઉવેખ્યો. સા૦ ૩

નરભવ દોહિલો રે, પામી મોહ વશ પડિયો,
પરસ્ત્રી દેખીને રે, મુજ મન તિહાં જઈ અડિયો;
કામ ન કો સર્યાં રે, પાપે પિંડ મેં ભરિયો,
શુદ્ધ બુદ્ધ નવિ રહી રે, તેણે નવિ આતમ તરિયો. સા૦ ૪

લક્ષ્મીની લાલચે રે, મેં બહુ દીનતા દાખી;
તો પણ નવિ મળી રે, મળી તો નવિ રહી રાખી;
જે જન અભિલખે રે, તે તો તેહથી નાસે,
તૃણ સમ જે ગણે રે, તેહની નિત્ય રહે પાસે. સા૦ ૫

ધન ધન તે નરા રે, એહનો મોહ વિછોડી,
વિષય નિવારીને રે, જેહને ધર્મમાં જોડી;
અભક્ષ્ય તે મેં ભખ્યાં રે, રાત્રિ ભોજન કીધાં,
વ્રત નવિ પાળિયાં રે, જેહવાં મૂળથી લીધાં. સા૦ ૬

અનંત ભવ હું ભમ્યો રે, ભમતાં સાહિબ મળિયો,
તુમ વિના કોણ દિયે રે, બોધિ રયણ મુજ બળિયો;
સંભવ આપજો રે, ચરણકમળ તુમ સેવા,
નય એમ વીનવે રે, સુણજો દેવાધિદેવા. સા૦ ૭

*

(૧૩)

રૂપ અનૂપ નિહાળી, સુમતિ જિન તાહરૂં, હો લાલ સુમતિ૦
છાંડી ચપલ સ્વભાવ, ઠર્યું મન માહરું; હો લાલ ઠર્યું૦
રૂપી સરૂપ ન હોત જો, જગ તુજ દીસતું, હો લાલ જગ૦
તો કુણ ઉપર મન, કહો અમ હીસતું. હો લાલ કહો૦ ૧

હિસ્યા વિણ કિમ શુદ્ધ, સ્વભાવને ઈચ્છતા, હો લાલ સ્વ૦
ઈચ્છા વિણ તુજ ભાવ, પ્રગટ કિમ પ્રીછતા; હો લાલ પ્રગટ૦
પ્રીછયા વિણ કિમ ધ્યાન, દશામાંહી લાવતા, હો લાલ દશા૦
લાવ્યા વિણ રસ સ્વાદ, કહો કિમ પાવતા; હો લાલ કહો૦ ૨

ભક્તિ વિના નવી મુક્તિ, હુવે કોઈ ભક્તને, હો લાલ હુવે૦
રૂપી વિના તો તેહ, હુવે કોઈ વ્યક્તને; હો લાલ હુવે૦
નવણ વિલેપન માળ, પ્રદીપ ને ધુપણા, હો લાલ પ્રદીપ૦
નવ નવ ભૂષણ ભાલ, તિલક ને ખુંપણા હો લાલ તિલક૦ ૩

અમ સત્ પુણ્યને યોગે, તુમે રૂપી થયા, હો લાલ તુમે૦
અમૃત સમાણી વાણી, ધરમની કહી ગયા; હો લાલ ધરમની૦
તેહ આલંબીને જીવ, ઘણાએ બૂઝિયા, હો લાલ ઘણા૦
ભાવિ ભાવન જ્ઞાની, અમો પણ રીઝિયા; હો લાલ અમો૦ ૪

તે માટે તુજ પિંડ, ઘણા ગુણ કારણો, હો લાલ ઘણા૦
સેવ્યો ધ્યાયો હુવે, મહા ભય વારણો; હો લાલ મહા૦
શાંતિવિજય બુધ શિષ્ય, કહે કવિ કાજના, હો લાલ કહે૦
પ્રભુનું પિંડસ્થ ધ્યાન, કરો થઈ એકમના; હો લાલ કરો૦ ૫

———*———

## (૧૪)

મોહન મુજરો લેજો રાજ, તુમ સેવામાં રહેશું,
વામાનંદન જગદાનંદન, જેહ સુધારસ ખાણી;
મુખ મટકે લોચનને લટકે, લોભાણી ઇંદ્રાણી. મોહન૦ ૧

ભવપટ્ટણ ચીહું દિશિ ચારે ગતિ, ચોરાશી લખ ચૌટા;
ક્રોધ માન માયા લોભાદિક, ચોવટીઆ અતિ ખોટા. મોહન૦ ૨

મિથ્યા મેતો કુમતિ પુરોહિત, મદનસેનાને તોરે;
લાંચ લઈ લખ લોક સંતાપે, મોહ કંદર્પને જોરે. મોહન૦ ૩

અનાદિ નિગોદ તે બંધીખાનો, તૃષ્ણા તોપે રાખ્યો;
સંજ્ઞા ચારે ચોકી મેલી, વેદ નપુંસક વાકો. મોહન૦ ૪

ભવસ્થિતિ કર્મ વિવર લઈ નાઠો, પુણ્ય ઉદય પણ વાધ્યો;
સ્થાવર વિકલેંદ્રિયપણું ઓળંગી, પંચેંદ્રિયપણું લાધ્યો. મોહન૦ ૫

માનવભવ આરજકુળ સદ્‌ગુરુ, વિમળબોધ મળ્યો મુજને,
ક્રોધાદિક સહુ શત્રુ વિનાશી, તેણે ઓળખાવ્યો તુજને. મોહન૦ ૬

પાટણમાંહે પરમ દયાળુ, જગત્ વિભૂષણ ભેટયા;
સત્તર બાણું શુભ પરિણામે, કર્મ કઠિન બળ મેટયા. મોહન૦ ૭

સમકિત ગજ ઉપશમ અંબાડી, જ્ઞાન કટક બળ કીધું;
ખિમાવિજય જિન ચરણ રમણ સુખ, રાજ પોતાનું લીધું. મોહન૦ ૮

*

## (૧૫) શ્રી પરમાત્માની સ્તવના

અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રીજિનરાજ નમો;
પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સિધ્યાં સઘળાં કાજ નમો. અ૦ ૧

પ્રભુ પારંગત પરમ મહોદય, અવિનાશી અકલંક નમો;
અજર અમર અદ્‌ભુત અતિશય નિધિ,
પ્રવચન જલધિ મયંક[1] નમો. અ૦ ૨

તિહુયણ ભવિયણ જિન મન વંછિય, પૂરણદેવરસાલ[2] નમો;
લળી લળી પાય નમું હું ભાવે, કર જોડીને ત્રિકાળ નમો. અ૦ ૩

સિદ્ધ બુદ્ધ તું જગ જન સજજન, નયનાનંદન દેવ નમો;
સકલ સુરાસુર નરવર નાયક, સારે અહોનિશ સેવ નમો. અ૦ ૪

તું તીર્થંકર સુખકર સાહિબ, તું નિષ્કારણ બંધુ નમો;
શરણાગત ભવિને હિતવત્સલ, તુંહી કૃપારસ સિંધુ નમો. અ૦ ૫

---

૧. ચંદ્ર. ૨. દેવતરુ. ૩. કલ્પતરુ.

કેવળજ્ઞાનાદર્શે દર્શિત, લોકાલોક સ્વભાવ નમો;
નાશિત સકલ કલંક કલુષગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અ૦ ૬

જગ ચિંતામણિ જગગુરુ, જગહિતકારક જગજનનાથ નમો;
ઘોર અપાર મહોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અ૦ ૭

અશરણ શરણ નીરાગ નિરંજન, નિરુપાધિક જગદીશ નમો;
બોધિ દિયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સૂરીશ નમો. અ૦ ૮

*

## (૧૬) શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

મુજને દાસ ગણીજે રાજ, પાર્શ્વજી! અર્જ સુણીજે,
અવસર આજ પૂરીજે રાજ, પાર્શ્વજી અર્જ સુણીજે. (આંકણી)

વામાનંદન તુ આનંદન, ચંદન શીતલ ભાવે;
દુઃખ નિકંદન ગુણે અભિનંદન, કીજે વંદન ભાવેરાજ. પાર્શ્વજી ૧

તુંહી જ સ્વામી અંતરજામી, મુજ મનનો વિસરામી;
શિવગતિગામી તું નિષ્કામી, બીજા દેવ વિરામી રાજ. પાર્શ્વજી ૨

મૂરતિ તારી મોહનગારી, પ્રાણ થકી પણ પ્યારી;
હું બલિહારી વાર હજારી, મુજને આશ તુમ્હારી રાજ. પાર્શ્વજી ૩

જે એકતારી કરે અતારી (?), લીજે તેહને તારી;
પ્રીતિ વિચારી સેવક સારી, દીજે કેમ વિસારી રાજ. પાર્શ્વજી ૪

વિઘન વિડારી સ્વામી સંભારી, પ્રીતિ ખરી મેં ધારી;
શંક નિવારી ભાવ વધારી, વારી મુજ ચરણાંરી રાજ. પાર્શ્વજી ૫

મિલ નર નારી બહુ પરિવારી, પૂજ રચે તુજ સારી;
દેવચંદ્ર સાહિબ સુખદાઈ, પૂરો આશા હમારી રાજ. પાર્શ્વજી ૬

*

# અન્ય જિન સ્તવનો

## શ્રી બુદ્ધિસાગરજીકૃત સ્તવન

રાજુલ કહે છે શામળા, કેમ પાછા વળિયા;
મુજને મૂકી નાથજી! કોનાથી હળિયા? ... ૧

પશુદયા મનમાં વસી, કેમ મ્હારી ન આણો?
સ્ત્રીને દુઃખી કરી પ્રભુ! હઠ ફોગટ તાણો. ... ૨

લગ્ન ન કરવાં જો હતાં, કેમ અહીં આવ્યા?
પોતાની મરજી વિના, કેમ બીજા લાવ્યા? ... ૩

ઋષભાદિ તીર્થંકરા, ગૃહવાસે વસિયા;
તેનાથી શું તમે જ્ઞાની કે, આવી દૂર ખસિયા! ... ૪

શુકન જોતાં ન આવડયા, કહેવાતા ત્રિજ્ઞાની;
બનવાનું જો એમ હતું, વાત પહેલાં ન જાણી! ... ૫

જાદવકુળની રીતડી, બોલ બોલી ન પાળે;
આરંભી પડતું મૂકે, તે શું અજુવાળે? ... ૬

કાળા કામણગારડા, ભીરુ થઈ શું વળિયા?
હુકમથી પશુઆં દયા, આણ માનત બળિયા. ... ૭

વિરાગી જો મન હતું, કેમ તોરણ આવ્યા?
આઠ ભવોની પ્રીતડી, લેશ મનમાં ના લાવ્યા! ... ૮

મારી દયા કરી નહીં જરા, કેમ અન્યની કરશો?
નિર્દય થઈને વ્હાલમાં, કેમ ઠામે ઠરશો? ... ૯

વિરહ વ્યથાની અગ્નિમાં, બળતી મને મૂકી;
કાળાથી કરી પ્રીતડી, અરે પોતે હું ચૂકી ... ૧૦

જગમાં કોઈ ન કોઈનું, એમ રાજુલ ધારે;
રાગિણી થઈ વૈરાગિણી, મન એમ વિચારે ... ૧૧

સંકેત કરવા પ્યારીને, પ્રાણપતિ અહીં આવ્યા;
હરિણ દયાથી બહુ દયા, પ્રભુ! મુજ પર લાવ્યા. ... ૧૨

ભવનાં લગ્ન નિવારવા, જાન મુક્તિની આણી;
આંખે આંખ મિલાવીને, મને મુક્તિમાં તાણી. ... ૧૩

હું ભોળી સમજી નહીં, સાચી જગમાં અબળા;
નાથે નેહ નિભાવિયો, ધન્ય સ્વામી સબળા. ... ૧૪

ભોગાવલીના જોરથી, ગૃહવાસમાં ફસિયા;
ઋષભાદિક તીર્થંકરા, લલના સંગરસિયા. ... ૧૫

ભોગાવલીના અભાવથી, મારો સંગ ન કીધો;
બ્રહ્મચારી મારા સ્વામીજી, જસ જગમાં લીધો. ... ૧૬

સ્ત્રીને ચેતાવવા આવિયા, સ્વામી ઉપકારી;
આઠ ભવોની પ્રીતડી, પૂરી પાડી સારી. ... ૧૭

હાથોહાથ ન મેળવ્યો, સ્વામી ગુણરાગી;
સ્વામીના એ કૃત્યથી, હું થઈ વૈરાગી. ... ૧૮

ત્રિજ્ઞાનીના કાર્યમાં, કાંઈ આવે ન ખામી;
રાજુલ વૈરાગણ બની, શુદ્ધ ચેતના પામી. ... ૧૯

જૂઠાં સગપણ મોહથી, મોહની એ માયા;
ભ્રાંતિથી જગ જીવડા, નાહક લલચાયા. ... ૨૦

નર કે નારી હું નહિ, પુદ્ગળથી હું ન્યારી;
પુદ્ગળ-કાયા-ખેલમાં, શુદ્ધબુદ્ધતા હારી. ... ૨૧

નામ રૂપથી ભિન્ન હું, એક ચેતન જાતિ;
ક્ષત્રિયાણી વ્યવહારથી, કોઈ મારી ન જ્ઞાતિ. ... ૨૨

અનંત કાળથી આથડી, સંસારમાં હું દુઃખી;
વિષય-વિકારો સેવતાં, કોઈ થાય ન સુખી ... ૨૩

જડ સંગે પરતંત્રતા, મોહવૈરીએ તાણી;
ઉપકારી સાચા પ્રભુ! સત્ય પંથમાં આણી. ... ૨૪

બની વૈરાગણ નેમિની, પાસે ઝટ આવી;
ઉપકારી સ્વામી કર્યા, સંયમ લય લાવી. ... ૨૫

શોભા સતીની મોટકી, જગ રાજુલ પામી;
રહનેમિને બોધથી, થઈ ગુણ વિશ્રામી. ... ૨૬

એક ટેકી થઈ રાજુલે, ભાવસ્વામી કીધા;
અદ્‌ભુત ચારિત્ર ધારીને, જગમાં જસ લીધા. ... ૨૭

સાચી ભક્તિ સ્વામીની, અંતરમાં ઉતારી;
નવરસ-રંગે ઝીલતી, લહે સુખ ખુમારી. ... ૨૮

ચેતન-ચેતનાભાવથી, એક સંગે મળિયા;
ક્ષપકશ્રેણી નિસ્સરણીથી, શિવમંદિર ભળિયા. ... ૨૯

કર્મ કટક સંહારીને, નેમ-રાજુલનારી;
શિવપુરમાં સુખિયા થયા, વંદું વાર હજારી. ... ૩૦

શુદ્ધ ચેતનસંગમાં, શુદ્ધ ચેતના રહેશે;
બુદ્ધિસાગર ભક્તિથી, શાશ્વત સુખ લહેશે. ... ૩૧

*

## શ્રી ઋષભદેવ જિન સ્તવન

મરુદેવીનો નંદ માહરો, સ્વામી સાચો રે;
શિવવધૂની ચાહ કરો તો, એને યાચો રે. મરુદેવીનો ... ૧

કેવલ કાચના કુંપા જેહલો, પિંડ કાચો રે;
સત્ય સરૂપી સાહિબો એહને, રંગ રાચો રે. મ૦ ... ૨

યમરાજના મુખડા ઉપર, દેઈ તમાચો રે;
અમર થઈ ઉદય રત્ન પ્રભુશું, મિલી માચો રે. મ૦ ... ૩

*

- શ્રી યશોવિજયજીકૃત

## ભગવાન મહાવીરનું સ્તવન

ચોવીશ દંડક વારવા, હું વારી લાલ,
ચોવીશમા જિનચંદ રે, હું વારી લાલ.
પ્રગટયો પ્રાણત સ્વર્ગથી, હું૦
ત્રિશલા ઉર સુખકંદ રે. હું૦ ૧

મહાવીરને કરું વંદના, હું૦
પંચમ ગતિને સાધવા, હું૦
પંચમ નાણ વિલાસ રે; હું૦
મહાનિશીથ સિદ્ધાંતમાં, હું૦
પંચમી તપ પ્રકાશ રે. હું૦ ૨

અપરાધી પણ ઉદ્ધર્યો, હું૦
ચંડકોશીઓ સાપ રે, હું૦
યજ્ઞ કરંતા બ્રાહ્મણા, હું૦
સરખા કીધા આપ રે. હું૦ ૩

દેવાનંદા બ્રાહ્મણી, હું૦
રિખભદત્ત વલી વિપ્ર રે; હું૦
બ્યાસી દિવસ સંબંધથી, હું૦
કામિત પૂર્યો ક્ષિપ્ર[1] રે. હું૦ ૪

કર્મરોગને ટાળવા, હું૦
સવિ ઔષધનો જાણ રે; હું૦
આદર્યો મેં આશા ધરી, હું૦
મુજ ઉપર હિત આણ રે. હું૦ ૫

૧. ક્ષિપ્ર–શીઘ્ર, જલદી

શ્રી વિજયસિંહ સૂરીશનો, હું૦
સત્યવિજય પન્યાસ રે; હું૦
શિષ્ય કપૂરવિજય કવિ, હું૦
ચંદકિરણ જસ જાસ રે. હું૦ ૬

પાસ પંચાસરા સાનિધે, હું૦
ખિમા વિજય ગુરુનામ રે; હું૦
જિનવિજય કહે મુજ હજો, હું૦
પંચમી તપ પરિણામ રે. હું૦ ૭

**કળશ**

ઈમ વીર લાયક, વિશ્વનાયક, સિદ્ધદાયક સંસ્તવ્યો,
પંચમી તપ સંસ્તવન ટોડર, ગૂંથી જિન કંઠે ઠવ્યો;
પુણ્ય પાટણ ખેત્રમાંહે, સત્તર ત્રાણું સંવત્સરે,
શ્રીપાર્શ્વજન્મ કલ્યાણ દિવસે, સકળ ભવિ મંગળ કરે.

———*———

શ્રી દેવચંદ્રજીકૃત

## શ્રી વીરપ્રભુનું દિવાળીનું સ્તવન

મારગ દેશક મોક્ષનો રે, કેવળજ્ઞાન નિધાન;
ભાવદયા સાગર પ્રભુ રે, પરઉપકારી પ્રધાનો રે. વીર૦ ૧

વીરપ્રભુ સિદ્ધ થયા રે, સંઘ સકળ આધારો રે:
હવે ઈણ ભારતમાં રે, કોણ કરશે ઉપકારો રે. વીર૦ ૨

નાથ વિહુણું સૈન્ય જ્યું રે, વીર વિહુણો રે સંઘ;
સાધે કોણ આધારથી રે, પરમાનંદ અભંગો રે. વીર૦ ૩

માત વિહુણો બાળ જ્યું રે, અરહો પરહો અથડાય;
વીર વિહુણા જીવડા રે, આકુળવ્યાકુળ થાય રે. વીર૦ ૪

સંશયછેદક વીરનો રે, વિરહ તે કેમ ખમાય;
જે દીઠે સુખ ઊપજે રે, તે વિણ કેમ રહેવાય રે. વીર૦ ૫

નિર્યામક ભવસમુદ્રનો રે, ભવ અટવી સત્થવાહ;
તે પરમેશ્વર નવિ મળે રે, કેમ વાધે ઉત્સાહ રે. વીર૦ ૬

વીર થકાં પર શ્રુત તણો રે, હતો પરમ આધાર;
હવે ઈહાં શ્રુત આધાર છે રે, અહો જિનમુદ્રા સાર રે. વીર૦ ૭

ત્રણ કાળે સવિ જીવને રે, આગમથી આણંદ;
સેવો ધ્યાવો ભવિ જનારે, જિન પડિમા સુખકંદ રે. વીર૦ ૮

ગણધર આચારજ મુનિ રે, સહુને એણી પેરે સિદ્ધ;
ભવ ભવ આગમસંગથી રે, દેવચંદ્ર પદ લીધ રે. વીર૦ ૯

———*———

## શ્રી દિવાળીનું સ્તવન

(ભગવાન મહાવીર સ્તવન)

મારે દિવાળી થઈ આજ, પ્રભુમુખ જોવાને,
સર્યાં સર્યાં રે સેવકનાં કાજ, ભવદુ:ખ ખોવાને;

મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા, ગૌતમ કેવળજ્ઞાન રે,
ધન્ય અમાવાસ્યા ધન્ય દિવાળી, મહાવીર પ્રભુનિર્વાણ. પ્રભુ૦ ૧

ચારિત્ર પાળી નિરમળું રે, ટાળ્યા વિષયકષાય રે;
એવા મુનિને વંદીએ જે, ઉતારે ભવપાર. પ્રભુ૦ ૨

બાકુળ વોહોરી વીરજીએ, તારી ચંદનબાળા રે;
કેવળ લઈને મુગતે પહોંચ્યા, પામ્યા ભવનો પાર. પ્રભુ૦ ૩

એવા મુનિને વંદીએ જે, પંચ જ્ઞાનને ધરતા રે;
સમવસરણે દઈ દેશના પ્રભુ, તાર્યા નર ને નાર. પ્રભુ૦ ૪

ચોવીશમા જિનેશ્વરુ ને, મુક્તિતણા દાતાર રે;
કર જોડી કવિ એમ ભણે, પ્રભુ! દુનિયા ફેરો ટાળ. પ્રભુ૦ ૫

---

શ્રીમદ્ દેવચંદ્રજીકૃત

## સમવસરણનું સ્તવન

આજ ગઈ'તી હું સમવસરણમાં, જિન વચનામૃત પીવા રે;
શ્રી પરમેશ્વર વદનકમલ છબી, નિરખ નિરખ હરખેવા રે.આજ૦ ૧

તિન ભુવનનાયક શુદ્ધાતમ, તત્ત્વામૃતરસ વુઠુ રે;
સકલ ભવિક વસુધાની લાણી, મારું મન પણ તુઠુ રે.આજ૦ ૨

મનમોહન જિનવરજી મુજને, અનુભવ પિયાલો દીધો રે;
પૂરણાનંદ અક્ષય અવિચલરસ, ભક્તિ પવિત્ર થઈ પીધો રે.આજ૦ ૩

જ્ઞાનસુધા લાલીની લહેરે, અનાદિ વિભાવ વિસાર્યો રે;
સમ્યગ્જ્ઞાન સહજ અનુભવરસ, શુચિ નિજ બોધ સમાર્યો રે.આજ૦ ૪

ભોળી સખીઓ એમ શું જોવો, મોહ મગન મત રાચો રે,
દેવચંદ્ર પ્રભુશું એકતાને, મિલવો તે સુખ સાચો રે.આજ૦ ૫

---

## શ્રી શાંતિનાથનો છંદ

સુણો શાંતિ જીણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી,
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ પડશે તંત. || ૧ ||

હું તો ક્રોધ-કષાયે ભરિયો, તું તો સમતારસનો દરિયો,
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવળ કમળાવરિયો. || ૨ ||

હું તો વિષયસુખનો આસો, તેં તો વિષય કીધા નિરાસી,
હું તો કરમ ના ભારે ભરિયો, તુમે સર્વથા દૂર કરિયો. || ૩ ||

હું તો મોહતણે વશ પડિયો, તું તો સબળ મોહને નડિયો,
હું તો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહોંચ્યો. ॥ ૪ ॥

મ્હારે જન્મમરણનો ફેરો, તેં તો તોડયો તેનો દોરો,
મ્હારો પાસો ન મેલે રાગ, પ્રભુ તુમે થયા વીતરાગ. ॥ ૫ ॥

મુને માયાએ મેલી ફાંસી, તુમે નિરબંધ થયા અવિનાશી,
હું તો સમકિતથી રે અધૂરો, તું તો સકળ પદારથે પૂરો. ॥ ૬ ॥

મ્હારે તો તુંહિ જ એક, તહારે મુજ સરીખા અનેક,
હું તો મનથી ન મેલું માન, તુમે માનરહિત ભગવાન. ॥ ૭ ॥

મ્હારું કીધું તે શું થાય, તમે રંક ભણી કરો સ્હાય,
તુમે એક કરો મહેરબાની, મ્હારો મુજરો લેજો માની. ॥ ૮ ॥

એક વાર જો નજરે નિરખો, તો હું થાઉં તુમ ગુણ સરીખો,
જે સેવક તુમ ગુણ ગાશે, તે તુમ સરીખો ગુણી થાશે. ॥ ૯ ॥

ભવોભવ તમારી સેવા, હું તો માગું છું દેવાધિદેવા,|
સાહામું જુઓને સેવક જાણી, એમ ઉદયરત્ન બોલ્યા વાણી.॥૧૦॥ઇતિ॥

---

## વીરહાક

વારસ અહો! મહાવીરના શૂરવીરતા રેલાવજો,
કાયર બનો ના કોઈ દિ', કષ્ટો સદા કંપાવજો;
રે! સિંહનાં સંતાનને, શિયાળ શું કરનાર છે?
મરણાંત સંકટમાં ટકે, તે ટેકના ધરનાર છે. ૧

કાયાતણી દરકાર શી? જો શત્રુવટ સમજાય તો,
કુળવંત કુળવટ ના તજે, શું સિંહ તરણાં ખાય જો?
સર્વજ્ઞની સમજણ ગ્રહે, તે મરણને શાને ગણે?
ક્ષત્રીય જો વીરહાક સુણે, તો ચઢે ઝટ તે રણે. ૨

ખંધક મુનિના શિષ્ય સૌ, ઘાણી વિષે પિલાઈને,
સંકટ સહી સર્વોપરી, પામ્યા પરમ પદ ભાઈ તે;
નિજ અમર આત્માને સ્મરીને, અમરતા વરતા ઘણા,
એ મોક્ષગામી સત્પુરુષના, ચરણમાં હો વંદના? ૩

સંગ્રામ આ શૂરવીરનો, આવ્યો અપૂર્વ દીપાવજો,
કરતા ન પાછી પાની ત્યાં, ગુરુરાજ પડખે ભાવજો;
સમતા, સહનશીલતા, ક્ષમા, ધીરજ, સમાધિ-મરણમાં,
મિત્રો સમાન સહાય કરશે, મન ધરો પ્રભુ ચરણમાં. ૪

કેવળ અસંગ દશા વરો, પ્રતિબંધ સર્વે ટાળજો,
સ્વચ્છંદ છોડી શુદ્ધ ભાવે, સર્વમાં પ્રભુ ભાળજો;
દુશ્મન પ્રમાદ હણી હવે જાગૃત રહો, જાગૃત રહો!
સદ્‌ગુરુશરણે હૃદય રાખી, અભય આનંદિત હો! ૫

*

## શ્રી ગૌતમ સ્વામીનો વિલાપ–૧

### (દોહરા)

વર્ધમાન વચને તદા, શ્રી ગૌતમ ગણધાર,
દેવશર્મ પ્રતિબોધવા, ગયા હતા નિરધાર. ... ૧

પ્રતિબોધી તે વિપ્રને, પાછા વળિયા જાય,
તવ તે શ્રવણે સાંભળે, વીર લહ્યા શિવ ધામ. ... ૨

ધ્રૂસકે પડયો તવ ધ્રાસકો, ઊપજ્યો ખેદ અપાર,
વીર વીર કહી વલવલે, સમરે ગુણ સંભાર. ... ૩

પૂછીશ કોને પ્રશ્ન હું, ભંતે કહી ભગવંત,
ઉત્તર કોણ મુજ આપશે, ગોયમ કહી ગુણવંત. ... ૪

અહો પ્રભુ! આ શું કર્યું, દીનાનાથ દયાળ,
એ અવસર મુજને તમે, ટાળ્યો દૂર કૃપાળ. ... ૫

*

## શ્રી ગૌતમ સ્વામીનો વિલાપ-૨

(રાગ : અપૂર્વ અવસર એવો ક્યારે આવશે)

શાસન સ્વામી સંત સ્નેહી સાહીબા,
અલવેસર વિભુ આત્માના આધાર જો.
આથડતો અહીં મૂકી મુજને એકલો,
માલિક ક્યમ જઈ બેઠા મોક્ષ મોજાર જો.
વિશ્વંભર વિમલાતમ વ્હાલા વીરજી ... વિશ્વં ... ૧

મનમોહન તમે જાણ્યું કેવલ માંગશે,
લાગશે અથવા કેડે એ જેમ બાળ જો.
વલ્લભ તેથી ટાળ્યો મુજને વેગળો,
ભલું કર્યું એ ત્રિભુવન જન પ્રતિપાલ જો ... વિશ્વં ... ૨

અહો! હવે મેં જાણ્યું શ્રી અરિહંતજી,
નિસ્નેહી વીતરાગ હોય નિરાધાર જો.
મોટો છે અપરાધ ઈહા પ્રભુ માહરો,
શ્રુત ઉપયોગ મેં દીધો નહિ તે વાર જો. ... વિશ્વં ... ૩

સ્નેહ થકી સર્યું ધિક્ એક પાક્ષિક સ્નેહને,
એક જ છું મુજ કોઈ નથી સંસાર જો.
સૂરિ મણિક એમ ગૌતમ સમતાભાવમાં,
વરિયા કેવળ જ્ઞાન અંનત ઉધ્ધાર જો.
વિશ્વંભર વિમલાતમ વ્હાલા વીરજી ... વિશ્વં ... ૪

*

## રીસાની આપ મનાવો રે

રીસાની આપ મનાવો રે, બિચ્ચ વસિઠ ન ફેર. રીસાની૦
સૌદા અગમ હૈ પ્રેમ કા રે, પરખ ન બૂઝે કોય;
લે દેવાહી ગમ પડે પ્યારે, ઔર દલાલ ન હોય. રીસાની૦ ૧

દો બાતાં જિય કી કરો રે, મેટો મન કી આંટ;
તન કી તપન બુઝાઈયે પ્યારે, બચનસુધારસ છાંટ. રીસાની૦ ૨

નેક નજર નિહારિયેં રે, ઉજર ન કીજેં નાથ;
તનક નજર મુજરે મિલે પ્યારે, અજરઅમર સુખ સાથ. રીસાની૦ ૩

નિસિ અંધિયારી ઘન ઘટા રે, પાઉં ન વાટકે ફંદ;
કરુણા કરો તો નિરવહુ પ્યારે, દેખૂં તુમ મુખ ચંદ. રીસાની૦ ૪

પ્રેમ જહાં દુવિધા નહીં રે, નહિ ઠકુરાઈત રેજ;
આનંદઘન પ્રભુ આય બિરાજે, આપહી સમતા સેજ. રીસાની૦ ૫

---*---

## અબધૂ આજ સુહાગન નારી

આજ સુહાગન નારી, અબધૂ આજ૦
મેરે નાથ આપ સુધ લીની, કીની નિજ અંગચારી. અબધૂ. ૧

પ્રેમ પ્રતીત રાગરુચિ રંગત, પહિરે જિની સારી;
મહિંદી ભક્તિ રંગ કી રાચી, ભાવ અંજન સુખકારી. અબધૂ. ૨

સહજ સુભાવ ચૂરિયાં પેની, થિરતા કંગન ભારી;
ધ્યાન ઉરવસી ઉર મેં રાખી, પિય ગુન માલ આધારી. અબધૂ. ૩

સુરત સિંદુર ભાંગ રંગરાતી, નિરતે વેની સમારી;
ઊપજી જ્યોત ઉદ્યોત ઘટ ત્રિભુવન, આરસી કેવલકારી. અબધૂ. ૪

ઊપજી ધુનિ અજંપા કી અનહદ, જીત નગારે વારી;
ઝડી સદા આનંદઘન બરખત, બિન મોરે એક તારી. અબધૂ. ૫

---*---

## નિસાની કહાં બતાવું રે

નિસાની કહા બતાવું રે, તેરો અગમ અગોચર રૂપ.
રૂપી કહું તો કછું નહીં રે, બંધે કૈસે અરૂપ;
રૂપારૂપી જો કહું પ્યારે, ઐસે ન સિદ્ધ અનૂપ. નિસાની૦ ૧

શુદ્ધ સનાતન જો કહૂં રે, બંધન મોક્ષ વિચાર;
ન ઘટે સંસારી દશા પ્યારે, પુણ્ય પાપ અવતાર. નિસાની૦ ૨

સિદ્ધ સનાતન જો કહૂં રે, ઊપજે વિનસે કૌન;
ઊપજે વિનસે જો કહૂં રે, નિત્ય અબાધિત ગૌન. નિસાની૦ ૩

સર્વાંગી સબ નય ધની રે, માને સબ પરમાન;
નયવાદી પલ્લો ગ્રહી પ્યારે, કરે લરાઈ ઠાન. નિસાની૦ ૪

અનુભવ અગોચર વસ્તુ હૈ રે, જાનવો એહી રે લાજ;
કહનસુનન કો કછુ નહીં પ્યારે, આનંદઘન મહારાજ. નિસાની૦ ૫

—*—

## આશા ઔરન કી ક્યા કીજે

આશા ઔરન કી ક્યા કીજે, જ્ઞાનસુધારસ પીજે. આશા૦

ભટકે દ્વાર દ્વાર લોકન કે, કૂકર આશા ધારી;
આતમ અનુભવ રસ કે રસિયા, ઊતરે ન કબહુ ખુમારી. આશા૦ ૧

આશા દાસી કે જે જાયા, તે જન જગ કે દાસા;
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા. આશા૦ ૨

મનસા પ્યાલા પ્રેમ મસાલા, બ્રહ્મ અગ્નિ પરજાલી;
તન ભાઠી અવટાઈ પિયે કસ, જાગે અનુભવ લાલી. આશા૦ ૩

અગમ પિયાલા પીયો મતવાલા, ચિન્હી અધ્યાતમ વાસા;
આનંદઘન ચેતન વ્હૈ ખેલે, દેખે લોક તમાસા. આશા૦ ૪

—*—

## કિત જાન મતે હો પ્રાણનાથ !

કિત જાન મતે હો પ્રાણનાથ! ઈત આપ નિહારો ઘર કી સાથ. કિ૦

ઉત માયા કાયા કબ ન જાત, યહુ જડ તુમ ચેતન જગવિખ્યાત;
ઉત કરમભરમ વિષવેલી અંગ, ઈત પરમ નરમ મતિ મેલિ રંગ. કિ૦

ઉત કામ કપટ મદ મોહ માન, ઈત કેવલ અનુભવ અમૃતપાન;
અલિ કહે સમતા ઉત દુ:ખ અનંત, ઈત ખેલે આનંદઘન વસંત. કિ૦

---*---

## મિલાપી આન મિલાવો રે

મિલાપી આન મિલાવો રે, મેરે અનુભવ મિઠડે મિત્ત. મિ૦

ચાતક પીઉ પીઉ રટે રે, પીઉ મિલાવન આન;
જીવ પીવન પીઉ પીઉ કરે પ્યારે, જિઉ નિઉ આન એ આન. મિ૦ ૧

દુ:ખિયારી નિસદિન રહુ રે, ફિરૂં સબ સુધ બુધ ખોય;
તન મન કી કિબહુ લહુ પ્યારે, કિસે દિખાઊં રોય. મિ૦ ૨

નિસિ અંધારી મુહિ* હસે રે, તારે દાંત દિખાય;
ભાદો કાદો મેં કિયો પ્યારે, અસુઅન ધાર વહાય. મિ૦ ૩

ચિત્તચાતક+ પીઉ પીઉ કરે રે, પ્રણમેં દોકર પીસ;
અબલાશું જોરાવરી પ્યારે, એતી ન કીજ રીસ. મિ૦ ૪

આતુર ચાતુરતા નહીં રે, સુનિ સમતા ટુક બાત;
આનંદઘન પ્રભુ આય મિલે પ્યારે, આજ ઘરે હર ભાત. મિ૦ ૫

---*---

* 'મોહે' એવો પાઠ પણ છે.

+ 'ચિત્તચાતક ચિહુદિશિ ફિરે રે' એવો પાઠ પણ છે.

## અબ હમ અમર ભયે, ન મરેંગે

અબ હમ અમર ભયે, ન મરેંગે અ૦
યા કારન મિથ્યાત દિયો તજ, ક્યું કર દેહ ધરેંગે? અ૦ ૧

રાગ દોસ જગબંધ કરત હૈ, ઈનકો નાસ કરેંગે;
મર્યો અનંત કાલતેં પ્રાની, સો હમ કાલ હરેંગે. અ૦ ૨

દેહ વિનાસી હું અવિનાસી, અપની ગતિ પકરેંગે;
નાસી જાસી હમ થિર વાસી, ચોખે વ્હૈ નિખરેંગે. અ૦ ૩

મર્યો અનંતવાર બિનસમજ્યો, અબ સુખ દુ:ખ વિસરેંગે;
આનંદઘન નિપટ નિકટ અક્ષર દો, નહીં સમરે સો મરેંગે. અ૦ ૪

———*———

## પ્રીત કી રીત નહીં હો, પ્રીતમ પ્રીત

પ્રીત કી રીત નહીં હો, પ્રીતમ પ્રીત કી રીત નહીં હો.
મૈં તો અપનો સરવ શ્રૃંગારો, પ્યારે કી ન લઈ હો. પ્રીતમ૦ ૧

મૈં વસ પિય કે પિયસંગ ઔર કે, યા ગતિ કિન સીખઈ,
ઉપગારી જન જાય મનાવો, જો કછુ ભઈ સો ભઈ હો. પ્રીતમ૦ ૨

વિરહાનલ જાલા અતિહિ કઠીન હૈ, મોસેં સહી ન ગઈ;
આનંદઘન યું સઘન ધારા, તબ હી દે પઠઈ હો. પ્રીતમ૦ ૩

———*———

## ચેતન! શુદ્ધાતમકું ધ્યાવો

ચેતન! શુદ્ધાતમકું ધ્યાવો, પરપરચે ધામધૂમ સદાઈ;
નિજ પરચેં સુખ પાવો. ચેતન૦ ૧

નિજ ઘર મેં પ્રભુતા હૈ તેરી, પરસંગ નીચ કહાવો;
પ્રત્યક્ષ રીત લખી તુમ ઐસી, ગહિયે આપ સ્વભાવો. ચેતન૦ ૨

યાવત્ તૃષ્ણા મોહ હૈ તુમકો, તાવત્ મિથ્યાભાવો;
સ્વસંવેદજ્ઞાન લહિ કરવો, છંડો ભ્રમક વિભાવો. ચેતન૦ ૩

સમતા ચેતનપતિકું ઈણવિધ, કહે નિજ ઘર મેં આવો;
આતમ ઉછ સુધારસ પીયે, સુખ આનંદપદ પાવો. ચેતન૦ ૪

---*---

## ચેતન! ઐસા જ્ઞાન વિચારો

ચેતન! ઐસા જ્ઞાન વિચારો, સોઽહં સોઽહં સોઽહં સોઽહં;
સોઽહં અણુ ન બીયાસારો. ચેતન૦ ૧

નિશ્ચય સ્વલક્ષણ અવલંબી, પ્રજ્ઞા છૈની નિહાશે,
ઈહ છૈની મધ્યપાતી દુવિધા, કરે જડ ચેતન ફારો. ચેતન૦ ૨

તસ છૈની કર ગ્રહિયે જો ધન, સો તુમ સોઽહં ધારો;
સોઽહં જાનિ દટો તુમ મોહં, વ્હૈ હૈ સમકો વારો. ચેતન૦ ૩

કુલટા કુટિલ કુબુદ્ધિ કુમતા, છંડો વ્હૈ નિજચારો;
સુખ આનંદપદે તુમ બેસી, સ્વપરકૂં નિસ્તારો. ચેતન૦ ૪

---*---

## દરિસન પ્રાણજીવન મોહે દીજે

દરિસન પ્રાણજીવન મોહે દિજે, બિન દરિસન મોહિ કલ ન પરતુ હૈ
તલક તલક તન છીજે. દરિસન૦ ૧

કહા કહું કછું કહત ન આવત, બિન સેજા ક્યું જીજે;
સોહું ખાઈ સખી કાઉ મનાવો, આપ હી આપ પતીજે. દ૦ ૨

દેઉર દેરાણી સાસુ જેઠાણી, યું હી સબ મિલે ખીજે;
આનંદઘન બિન પ્રાન ન રહે છિન, કોડી જતન જો કીજે. દ૦ ૩

---*---

## શ્યામ! મને નિરાધાર કેમ મૂકી?

નિરાધાર કેમ મૂકી, શ્યામ મને નિરાધાર કેમ મૂકી?
કોઈ નહીં હું કોણ શું બોલું, સહુ આલંબન ચૂકી (ટૂકી) શ્યામ૦ ૧

પ્રાણનાથ! તુમે દૂર પધારયા, મૂકી નેહ નિરાશી;
જાણ જાણના નિત્ય પ્રતિ ગુણ ગાતાં, જનમારો કિમ જાસી? શ્યામ૦ ૨

જેહનો પક્ષ લહીને બોલું, તે મનમાં સુખ આણે;
જેહનો પક્ષ મૂકીને બોલું, તે જનમલગેં ચિત્ત તાણે. શ્યામ૦ ૩

વાત તુમ્હારી મનમાં આવે, કોણ આગલ જઈ બોલું?
લલિત ખલિત ખલ જો તે દેખું, આમ માલ ધન ખોલું. શ્યામ૦ ૪

ઘટેં ઘટેં છો અંતરજામી, મુજમાં કાં નવિ દેખું;
જે દેખું તે નજર ન આવે, ગુણકર વસ્તુ વિશેખું. શ્યામ૦ ૫

અબધેં કેહની વાટડી જોઉં, વિણ અવધેં અતિ ઝૂરૂં;
આનંદઘન પ્રભુ વેગે પધારો, જિમ મન આશા પૂરું. શ્યામ૦ ૬

—————*—————

## યા પુદ્ગલ કા ક્યા વિસવાસા?

યા પુદ્ગલ કા ક્યા વિસવાસા, હૈ સુપને કા વાસા રે. યા પુદ્૦
ચમત્કાર વિજલી દે જૈસા, પાની બીચ પતાસા;
યા દેહી કા ગર્વ ન કરના, જંગલ હોયગા વાસા. યા પુદ્૦ ૧

જૂઠે તન ધન જૂઠે જોબન, જૂઠે હૈં ઘરવાસા;
આનંદઘન કહે સબ હી જૂઠે, સાચા શિવપુરવાસા. યા પુદ્૦ ૨

—————*—————

## અવસર બેહેર બેહેર નહીં આવે

બેહેર બેહેર નહીં આવે અવસર, બેહેરે બેહેર નહીં આવે.
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે. અવ૦ ૧

તન ધન જોબન સબ હી જૂઠા, પ્રાણ પલક મેં જાવે. અવ૦ ૨
તન છૂટે ધન કૌન કામ કો, કાયકું કૃપણ કહાવે. અવ૦ ૩
જાકે દિલ મેં સાચ બસત હે, તાકૂ જૂઠ ન ભાવે. અવ૦ ૪
આનંદઘન પ્રભુ ચલત પંથ મેં, સમરી સમરી ગુણ ગાવે. અવ૦ ૫

—————*—————

## અવધૂ ક્યા માગૂં ગુનહીના

અવધૂ ક્યા માગૂં ગુનહીના, વે ગુનગનન પ્રવીના. ...અવધૂ૦

ગાય ન જાનૂં બજાય ન જાનૂં, ન જાનૂં સુરભેવા;
રીઝ ન જાનૂં રીઝાય ન જાનૂં, ન જાનૂં પદસેવા. ...અવધૂ૦ ૧

વેદ ન જાનૂં કિતાબ ન જાનૂં, જાનૂં ન લક્ષણ છંદા;
તરકવાદ વિવાદ ન જાનું, ન જાનૂં, કવિફંદા. ...અવધૂ૦ ૨

જાપ ન જાનૂં જુવાબ ન જાનૂં, ન જાનૂં કથવાતા;
ભાવ ન જાનૂં ભગતી ન જાનૂં, જાનૂં ન સીરા તાતા. ...અવધૂ૦ ૩

ગ્યાન ન જાનૂં વિગ્યાન ન જાનૂં, ન જાનૂં ભજનામા (પદનામા);
આનંદઘન પ્રભુ કે ઘરદ્વારેં, રટન કરૂં ગુણધામા. ...અવધૂ૦ ૪

—————*—————

## અબ ચલો સંગ હમારે

અબ ચલો સંગ હમારે કાયા,
તો હે બહુત જતન કરી રાખી કાયા.
તો યે કારણ મેં જીવ સંહારે,
બોલે જૂઠ અપારે,
ચોરી કરી પરનારી સેવી,
જૂઠ પરિગ્રહ ધારે.

પટ આભૂષણ સૂંઘા ચુહા,
અશન પાન નિત્ય ન્યારે,
ફેર દીને તોયે ખટરસ સુંદર,
તે સબ મલકર ડારે.
જીવ સુણો યહ રીત અનાદિ,
કહા કહત વારંવારે,
મૈં ન ચલૂંગી તોયે સંગ ચેતન,
પાપ પુન્ય દો લારે.
જિનવર નામસાર ભજ આતમ,
કહા ભરમ સંસારે,
સદ્ગુરુ વચન પ્રતીત ભયે તબ,
આનંદઘન ઉપગારે.

---*---

## મીરાંબાઈનાં ભજનો

હાં રે કોઈ માધવ લ્યો, માધવ લ્યો, વેચંતી વ્રજનારી રે. હાં રે૦
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે લટકે ચાલી રે. હાં રે૦
હાં રે ગોપી ઘેલું શું બોલતી જાય, મટુકીમાં ન સમાય રે. હાં રે૦
નવ માનો તો જુઓ ઉતારી, માંહી જુઓ તો કુંજબિહારી રે. હાં રે૦
વૃંદાવનમાં જાતાં દહાડી, વા'લો ગૌ ચારે છે ગિરધારી રે. હાં રે૦
ગોપી ચાલી વૃંદાવન વાટે, સૌ વ્રજની ગોપીઓ સાથે રે. હાં રે૦
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, જેનાં ચરણકમળ સુખસાગર રે. હાં રે૦

---*---

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો રે;
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે. (ટેક)

મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનનો વાસ;
કપટીથી હરિ દૂર વસે, મારા સંતનકેરી પાસ. ગોવિંદો૦

રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમો વસોને અમારી સાથ. ગોવિંદો૦

મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ. ગોવિંદો૦

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં, જેને સહાય શ્રીવિશ્વનો નાથ. ગોવિંદો૦

સાંઢવાળા સાંઢ શણગારજે રે, જાવું સો સો રે કોશ;
રાણાજીના દેશમાં મારે, જળ રે પીવાનો દોષ. ગોવિંદો૦

ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સર્વ છોડીને મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય. ગોવિંદો૦

સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમ સંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલિયો નિર્દોષ. ગોવિંદો૦

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે, રંગબેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય. ગોવિંદો૦

---*---

પ્રીત પૂરવની રે શું કરું? ઓ રાણાજી, મારી પ્રીત પૂરવની રે શું કરું?
હો મેવાડા રાણા, મનડું લોભાણું તેને શું કરું? ઓ રાણાજી૦

રામજી ભજું તો મારું હૈયું ઠંડું થાય;
ભોજનિયાં ન ભાવે, નયને નિંદલડી ન આય. ઓ રાણાજી૦

કંઠે માળા દોવડી, મારે શીળવરત શણગાર;
કેમ કરી વીસરું રામને? મારા ભવભવનો ભરથાર. ઓ રાણાજી૦

પેઈઆ બાસંક[1] ભેજિયા ને દિયા મીરાંને હાથ;
હાર ગળામાં નાખિયો ને મહેલ ભયો ઉજાસ. ઓ રાણાજી૦

---

૧. કાળો નાગ ૨. મેહરમ-કૃપાળુ

વિખના પ્યાલા ભેજિયા ને દો મીરાંને હાથ;
કરી ચરણામૃત પી ગયાં, મારા રામતણે વિશ્વાસ. ઓ રાણાજી૦

વિખના પ્યાલા પી ગયાં ને ભજન કરે રાઠોડ;
તારી મારી નહિ મરું, મને રાખણવાળો ઓર. ઓ રાણાજી૦

રાઠોડાંની દીકરી ને સીસોદાંને સાથ;
લઈ જાતી વૈકુંઠડે, મારી પ્રથમ ના માની બાત. ઓ રાણાજી૦

મીરાં દાસી રામ કી ને રામ ગરીબનિવાજ;
મીરાં કી લજ્યા રાખજો, મારી બાંહે ગ્રહ્યાની લાજ. ઓ રાણાજી૦

———*———

જલદી ખબર લેના મેહરમ[2] મેરી. (ટેક)
જલ વિના મીન મરે એક છિનમેં,
એવે અમૃત પીઓ તોય ઝેરી ઝેરી. જલદી૦

બોત દિનોં કા બિછોહ ઘડા હૈ,
અબ તો રાખો નેડી નેડી. જલદી૦

ચકોર કો ધ્યાન લગો ચંદવાસું,
નટવા કો ધ્યાન લગો ડોરી ડોરી. જલદી૦

સંત કો ધ્યાન લગ્યો રામ પ્યારે,
મૂરખ કો ધ્યાન મેરી મેરી. જલદી૦

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
તુમ પર સૂરત મેરી ઠેરી ઠેરી. જલદી૦

———*———

પ્રભુજી, મન માને જબ તાર. (ટેક)
નદિયાં ગહિરે નાવ પુરાને, અબ કૈસે ઊતરું પાર? પ્રભુજી૦
વેદ પુરાનાં સબ કુછ દેખે, અંત ન લાગે પાર. પ્રભુજી૦
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, નામ નિરંતર સાર. પ્રભુજી૦

———*———

દવ તો લાગેલ ડુંગર મેં, કહોને વ્હાલા, હવે કેમ કરીએ?
કેમ તે કરીએ? અમે કેમ કરીએ? દવ તો લાગેલ ડુંગર મેં ...(ટેક)

હાલવા જઈએ તો વહાલા હાલી ન શકીએ,
બેસી રહીએ તો અમે બળી મરીએ રે. કહોને૦

આ રે વસ્તીએ નથી ઠેકાણું રે વહાલા
પર વસ્તીની પાંખે અમે ફરીએ રે. કહોને૦

સંસારસાગર ભરિયોરે વહાલા,
બાંઈ ઝાલો નીકર બૂડી મરીએ રે. કહોને૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર હેરી,
ગુરુજી તારો તો અમે તરીએ રે. કહોને૦

———*———

વહારું મારા વીરા રે સંગ ન કરીએ નીચનો રે જી!
નીચપણું નિશ્ચે નરકે લઈ જાય. (ટેક)

આકડિયાનાં દૂધ રે, અતિ ઘણાં ઊજળાં રે જી;
તેને પીધે તરત મૃત્યુ થાય. વહારું૦

ગરવી ગાયનાં દૂધ રે, અતિ ઘણાં મીઠડાં રે જી!
સાકર ભેળે સ્વાદ અદકેરો થાય. વહારું૦

બાવળને કંટાળો રે, દીસે અળખામણો રે જી;
છાંયે બેસે અંગ ને વસ્ત્ર ઉઝરડાય. વહારું૦

આંબલિયાની છાયા રે, દીસે રળિયામણી રે જી;
તેને સેવે ફળની પ્રાપ્તિ થાય. વહારું૦
ગુરુને પ્રતાપે રે, મીરાંબાઈ બોલિયાં રે જી;
રાખો અમને સંતના ચરણની માંહ્ય. વહારું૦

---*---

મારું મનડું વીંધાણું રાણા, ચિતડું ચોરાણું, રાણા, શું રે કરું?
શું રે કરું? વિષ પીધે ના મરું, હો રાણા, શું રે કરું? મારું૦
નિંદા કરે છે મારી, નગરીના લોક રાણા;
તારી શિખામણ હવે, મારે મન ફોક, રાણા, શું રે કરું૦
ભરી બજારમાંથી હાથી હાલ્યો જાયે રાણા;
શ્વાન ભસે છે તેમાં હાથીને શું થાયે, રાણા, શું રે કરું૦
ભૂલી રે ભૂલી હું તો ઘરનાં રે કામ રાણા;
ભોજન ન ભાવે, નયણે નીંદ છે હરામ, રાણા, શું રે કરું૦
બાઈ મીરાં કે પ્રભુ, ગિરિધર નાગર વા'લા,
પ્રભુજીને ભજીને હું તો થઈ ગઈ ન્યાલ, રાણા, શું રે કરું૦

---*---

અબ તો મેરા રામનામ દૂસરા ન કોઈ. (ટેક)
માતા છોડી પિતા છોડે છોડે સગા ભાઈ,
સાધુ સંગ બેઠબેઠ લોકલાજ ખોઈ. અબ૦
સંત દેખ દોડ આઈ જગત દેખ રોઈ,
પ્રેમ-આંસુ ડાર ડાર અમરબેલ બોઈ. અબ૦
મારગ મેં તારણ મીલે સંત રામ દોઈ,
સંત, સદા શિર ઉપર રામ હૃદય હોઈ અબ૦
અંત મેં સે તંત કાઢયો પીછે રહી સોઈ,
રાણે મેલ્યા વિશના પ્યાલા, પીને મસ્ત હોઈ અબ૦

અબ તો બાત ફૈલ ગઈ, જાણે સબ કોઈ,
દાસી મીરાં લાલ ગિરિધર, હોની હો સો હોઈ. અબ૦

---*---

ઘેલાં અમે ભલે થયાં રે, બાઈ મેરા ઘેલામાં ગુણ લાધ્યો. (ટેક)
આટલા દિવસ હરિ જાણ્યા વિનાનું, મન માયામાં બાંધ્યું;
ભવસાગરમાં ભૂલાં પડયાં ત્યારે, મારગ મળિયા સાધુ. ઘેલાં૦

ઘેલાં તો અમે હરિનાં ઘેલાં, નિર્ગુણ કીધાં નાથે;
પૂર્વ જન્મની પ્રીત હતી, ત્યારે હરિએ ઝાલ્યાં હાથે. ઘેલાં૦

ઘેલાંની વાતો ઘેલાં જાણે, તે દુનિયા શું જાણે?
જે રસ તો દેવતાને દુર્લભ, તે રસ ઘેલાં માણે. ઘેલાં૦

ઘેલાં મટી અમે ડાહ્યાં ન થઈએ, ને સંતનાં શરણાં લીધાં;
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, કારજ સઘળાં સીધ્યાં. ઘેલાં૦

---*---

કરના ફકીરી તબ ક્યા દિલગીરી?
સદા મગન મેં રહેના જી. (ટેક)

કોઈ દિન ગાડી ને કોઈ દિન બંગલા,
કોઈ દિન જંગલ બસના જી. કરના૦

કોઈ દિન હસ્તી ને કોઈ દિન ઘોડા,
કોઈ દિન પાઉં ચલના જી. કરના૦

કોઈ દિન ખાજાં ને કોઈ દિન લાડું,
કોઈ દિન ફાકમફાકા જી. કરના૦

કોઈ દિન ઢોલિયા, કોઈ દિન તલાઈ,
કોઈ દિન ભોંય પે લોટના જી. કરના૦

મીરાં કે પ્રભુ ગિરધરના ગુણ,
કછુ આંચ પડે સો સહના જી. કરના૦

---*---

પ્રભુ વિના બીજે ક્યાંયે સુખ નથી,
સુખ છે તમારા શરણમાં,
એ મારા ગુરુએ કહ્યું કરણમાં. હો શામળિયાજી!
જપતપ તીરથ મારી મારે ચારે પદારથ,
એ સૌ આપના છે ચરણમાં. હો શામળિયાજી!
પ્રેમ કરીને હૃદય-મંદિરે પધારો, વ્હાલા!
ન જોશો જાત કુણ વરણમાં. હો શામળિયાજી!
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ, વ્હાલા!
આડે આવજો મારા મરણમાં. હો શામળિયાજી!

—————*—————

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા;
મુખડાની માયા લાગી રે. (ટેક)
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું રે. મોહન પ્યારા૦
સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે. મોહન પ્યારા૦
સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેર શીદ જઈએ રે? મોહન પ્યારા૦
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભે[1] ટાળ્યો રે, મોહન પ્યારા૦
મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી;
હવે હું તો બડભાગી[2] રે. મોહન પ્યારા૦

—————*—————

૧. ભય. ૨. મહાભાગ્યવાન.

પ્યારે દરસન દીજ્યો આય, તુમ બિન રહ્યો ન જાય;
જળ બિન કમલ ચંદ બિન રજની, ઐસે તુમ દેખ્યા બિન સજની.[1]
આકુળ વ્યાકુળ ફિરૈ રૈન દિન, બિરહ કલેજો ખાય;
દિવસ ન ભૂખ નીંદ નહીં રેના, મુખસૂં કહત ન આવે બૈના.[2]
કહા કહૂં? કુછ કહત ન આવૈ મિલકર તપત બુઝાય;
ક્યું તરસાવો અંતરજામી? આય મિલો કિરપા કર સ્વામી;
મીરાં દાસી જનમજનમ કી, પડી તુમ્હારે પાય.

*

હાં રે હરિ વસે હરિના જનમાં;
હાં રે તમે શું કરશો જઈ વનમાં રે? હરિ૦

ભેખ ધરીને તમે શીદ ભટકો છો?
પ્રભુ નથી વન કે અરણ્યમાં રે. હરિ૦

કાશી જાવો ને તમે ગંગાજી ન્હાવો;
પ્રભુ નથી પાણી-પવનમાં રે. હરિ૦

જોગ કરો ને ભલે જગન કરાવો;
પ્રભુ નથી હોમહવનમાં રે. હરિ૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર;
હરિ વસે હરિજનમાં રે. હરિ૦

*

રામ રાખે તેમ રહિયે, ઓધવજી રામ રાખે તેમ રહિયે!
આપણે ચિઠ્ઠીના ચાકર છૈયે. ઓધવજી૦

કોઈ દિન પેરણ હારન ચીર, તો કોઈ દિન સાદા રહિયે. ઓધવજી૦
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, તો કોઈ દિન ભૂખ્યા રહિયે. ઓધવજી૦

---

૧. સખી. ૨. વચન, વેણ.

કોઈ દિન રહેવાને બાગબગીચા, તો કોઈ દિન જંગલ રહિયે. ઓધવજી૦
કોઈ દિન સૂવાને ગાદીતકિયા, તો કોઈ દિન ભોંય સૂઈ રહિયે. ઓધવજી૦
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ, સુખદુઃખ સૌ સહી રહિયે. ઓધવજી૦

*

અખંડ વરને વરી સાહેલી, હું તો અખંડ વરને વરી. (ટેક)
ભવસાગરમાં મહાદુઃખ પામી, લખચોરાસી ફરી. સાહેલી૦
સંસાર સર્વે ભયંકર કાળો, તે દેખી થરથરી. સાહેલી૦
કુટુંબ સહોદર સ્વાર્થી સર્વે, પ્રપંચને પરહરી. સાહેલી૦
જનમ ધરીને સંતાપ વેઠયા, ઘરનો તે ધંધો કરી. સાહેલી૦
સંતસંગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણે ઠરી. સાહેલી૦
સદ્ગુરુની પૂરણ કૃપાથી, ભવસાગર હું તરી. સાહેલી૦
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સંતોના ચરણે પડી. સાહેલી૦

*

તુમરે કારણ સબ સુખ છોડયા, અબ મોહિ ક્યું તરસાવૌ હૌ;
બિરહ-બિથા લાગી ઉર અંતર, સો તુમ આય બુઝાવૌ[1] હૌ.
અબ છોડત નહિ બણૈ પ્રભુજી, હંસકર તુરત બુલાવૌ[2] હૌ;
મીરાં દાસી જનમ-જનમ કી, અંગ સે અંગ લગાવૌ[3] હૌ.

*

સત્સંગનો રસ ચાખ, પ્રાણી તું તો સત્સંગનો રસ ચાખ.
પ્રથમ લાગે તીખો ને કડવો, પછી આંબા કેરી શાખ. પ્રાણી૦
આરે કાયાનો ગર્વ ન કીજે, અંતે થવાની છે ખાખ. પ્રાણી૦
હસ્તી ને ઘોડા, માલ ખજાના, કાંઈ ન આવે સાથ. પ્રાણી૦
સત્સંગથી બે ઘડીમાં મુક્તિ, વેદ પૂરે છે સાખ. પ્રાણી૦
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિચરણે ચિત્ત રાખ. પ્રાણી૦

*

૧. શાંત કરો. ૨. બોલાવો. ૩. લગાવો.

મોહે લાગી લટક ગુરુ-ચરનન કી.
ચરન બિના મુઝે કુછ નહિ ભાવે, જૂઠી માયા સબ સપનન કી.
ભવસાગર સબ સૂખ ગયા હૈ, ફિકર નહીં મોહે તરનન કી.
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,× ઊલટ ભઈ મોરે નયનન કી.

---*---

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને, દેવળ જૂનું તો થયું. (ધ્રુવ)

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે;
પડી ગયા દાંત, માંયલી રેખું તો રહી. મારો૦

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે;
ઊડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું. મારો૦

બાઈ મીરાં કે પ્રભુ, ગિરિધરના ગુણ;
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં મારો૦

---*---

ઝેર તો પીધાં છે જાણી જાણી, મેવાડા રાણા!
ઝેર તો પીધાં છે જાણી જાણી. મેવાડા૦

કોયલ ને કાગ રાણા! એક જ વર્ણા રે;
કડવી લાગે છે કાગવાણી. મેવાડા૦

ઝેરના કટોરા જ્યારે રાણાજી મોકલે રે;
તેનાં બનાવ્યાં દૂધપાણી. મેવાડા૦

સાધુનો સંગ મીરાં છોડી દિયો રે;
તમને ગણીશું પટરાણી. મેવાડા૦

બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ,
મને રે મળ્યા સારંગપાણી. મેવાડા૦

---*---

× પાઠાંતર : આસ વહી ગુરુસરનન કી.

દીવડા વિના રે અંધારું, મંદિરિયામાં—
ખળભામાં દેવળ, ઊભી રહી થાંભલી રે:
ત્રારું વિના નહિ ઝીલે ભારું રે. મંદિરિયામાં૦
હાથમાં વાટકડી ને ઘરોઘર ઘૂમતી રે,
કોઈ તો આલો જે ઉધારું. મંદિરિયામાં૦
ઊઠી ગયો વાણિયો ને પડી રહી હાટડી રે,
જમડા કરે છે ધિંગાણું. મંદિરિયામાં૦
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
આવતા જમડાને પાછા વાળું. મંદિરિયામાં૦

*

હેલી, મ્હાંસ્યુ હરિ બિન રહ્યો ન જાય,
સાસુ લડે, નણંદ મ્હારી ખીજૈ, દેવર રહ્યો રિસાય;
પહેરો બિઠાયો, ચૌકી મેહેલી, તાલો હીયો જડાય. હેલી૦
પૂરવ જનમ કી પ્રીત પુરાણી, સો ક્યું છોડી જાય?
મીરાં કે પ્રભુ ગિરિધર કે બિન, ઔર ન આવે હાય. હેલી૦

*

રાણાજી! મ્હાંને યા બદનામી લાગે મીઠી.
કોઈ નિંદો કોઈ બિંદો, મૈં ચલૂંગી ચાલ અનૂઠી;
સાંકડી ગલી મેં ગુરુજી મિલિયા, ક્યું કર ફિરું અપૂઠી?
સદ્ગુરુજી સૂં બાતાં કરતાં, દુરજન લોગાંને દીઠી;
યોં મન મેરો હરિ મેં બસિયો, જૈસે સંગ મજીઠી;
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, દુરજન જલો જ્યૂં અંગીઠી.

*

પ્રલાપો પ્રેમીના દિલના, સનમ જાણે ધણી જાણે;
તુંહી તુંહી નાદ ઘાયલના, ઘવાયા હોય તે જાણે.

વિલાપો જાનકીજીના, બુઝે શું લોક લંકાના?
પિછાને કોઈ હનુમાના, ખરેખર રામજી જાણે.

મીરાંનાં પ્રેમ આંસુને, કઠિણ રાણોજી શું જાણે?
બનેલું ઘેલું એ જાણે, ખરું શ્રી સંતજી જાણે.

---*---

## દેવ દુર્લભ ઘેલછા (મીરાં)

અમે ઘેલાં થયાં બાઈ રે, ઘેલામાં ગુણમાં ગુણ છે લાધ્યું,
આગે તો અમે કાંઈ નવ જાણતાં, મન માયામાં બાંધ્યું,
ભવસાગરમાં ભૂલા પડિયાં, મારગે મળિયા સાધુ રે...
ઘેલામાં ગુણ છે લાધ્યું...

ઘેલાં તો અમે પ્રભુનાં ઘેલાં, દુરજનિયાં શું જાણે?
જે રસ દેવદેવીને દુર્લભ, તે રસ ઘેલા માણે રે...
ઘેલામાં ગુણ છે લાધ્યું...

ઘેલાં તો અમને પ્રભુએ કીધાં, નિરમલ કીધાં નાથે.
પૂર્વજન્મની પ્રીતડી રે, પ્રભુએ ઝીલ્યા હાથ રે...
ઘેલામાં ગુણ છે લાધ્યું...

ઘેલાં ઘેલાં તમે શું કહો, ઘેલાં ઘેલાંનું કરશે,
સુખનું કે'તાં દુઃખ જ લાગે, તે નર ક્યાંથી તરશે રે...
ઘેલામાં ગુણ છે લાધ્યું...

ઘેલાં તો અમે કાંઈ નવ જાણતાં, સાધુ શરણાં લીધાં,
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ, સમજે કારજ સીધાં રે...
ઘેલામાં ગુણ છે લાધ્યું...

---*---

## અન્ય પદો

એક જ દે ચિનગારી મહાનલ! એક જ દે ચિનગારી. ટેક૦

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી;
જામગરીમાં તણખો ન પડયો, ન ફળી મહેનત મારી. મહા૦

ચાંદો પ્રગટયો સૂરજ પ્રગટયો, પ્રગટી આભ અટારી;
ના પ્રગટી એક સગડી મારી, વાતવિપદની ભારી. મહા૦

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ! હું અધિક ન માગું, માગું એક ચિનગારી. મહા૦

---*---

જીવનજ્યોત જગાવો, પ્રભુ હે! જીવન જ્યોત જગાવો;
ટચુકડી આ આંગળીઓમાં, ઝાઝું જોર જમાવો;
આ નાનકડા પગને વેગે(૨) રમતાં જગત બનાવો—
અમને સંચરતાં શિખવાડો—સંચરતાં૦ પ્રભુ હે! ૧

વણ દીવે અંધારે જોવા, આંખે તેજ ભરાવો;
વણ જહાજે દરિયાને તરવા(૨) બળ બાહુમાં આવો—
અમને ઝળહળતાં શિખવાડો—ઝળહળતાં૦ પ્રભુ હે! ૨

ઊગતાં અમ મનનાં ફૂલડાંને, રસથી સભર બનાવો;
જીવનના રંગો ત્યાં ભરવા(૨) પીંછી તમારી હલાવો—
અમને મઘમઘતાં શિખવાડો—મઘમઘતાં૦ પ્રભુ હે! ૩

ઉરની સાંકલડી શેરીના, પંથ વિશાળ રચાવો;
હૈયાના નાના ઝરણાને(૨) સાગર જેવું બનાવો—
અમને ગરજંતાં શિખવાડો—ગરજંતાં૦ પ્રભુ હે! ૪

અમ જીવનની વાદળી નાની, આભ વિષે જ ઉડાવો;
સ્નેહ-શકિત-બલિદાન-નીરથી,(૨) ભરચક ધાર ઝરાવો—
અમને સ્થળ-સ્થળમાં વરસાવો—સ્થળ૦ પ્રભુ હે! ૫

---*---

મારી નાડ તમારે હાથે, હરિ સંભાળજો રે,
પ્યારા! પોતાનો જાણીને, પ્રભુપદ પાળજો રે. મારી૦

પથ્યાપથ્ય નથી સમજાતું, દિલ સદૈવ રહે ઊભરાતું;
મને હશે શું થાતું નાથ! નિહાળજો રે. મારી૦

અનાદિ આપ વૈદ્ય છો સાચા, કોઈ ઉપાય વિષે નહિ કાચા;
દિવસ રહ્યા છે ટાંચા, વેળા વાળજો રે. મારી૦

વિશ્વેશ્વર! શું હજુ વિસારો, બાજી હાથ છતાં કેમ હારો?
મહા મુંઝારો મારો, નટવર ટાળજો રે. મારી૦

'કેશવ-હરિ' મારું શું થાશે? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે?
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે. મારી૦

—*—

ઈચ્છું નિશદિન એવું દેવ! ઈચ્છું નિશદિન એવું;
સદાય તુજને સેવું દેવ! ઈચ્છું નિશદિન એવું. ટેક૦

અજાણતાં પણ મારા કરથી, શ્રેય સર્વનું થાઓ;
તન-મન-ધન-સાધન સહુ મારાં, એ પંથે યોજાઓ. દેવ૦

અર્પણ યોગ્ય સ્થળે કરું એવી પ્રેમદશા પ્રગટાવો;
યાચકતાની અધમ દશા ટળી, ઉદાર ગુણ ઉભરાવો. દેવ૦

પાપપંથમાં પગ મુજ ન પડે, એ સમજણ પ્રભુ આવો;
સુખમાં પણ વીસરું નહિ તુજને, એ અધિકાર જમાવો. દેવ૦

કામ-ક્રોધ-મદ-લોભ લૂંટારા, લીએ ન મુજને લૂંટી;
અંતસમે મને અકામ મરણે, કાળ ન મારે કૂટી. દેવ૦

મૃગજળ જેવા વિવિધ વિષયમાં, મન લલચાય ન મારું;
શરણાગત આ 'સંતશિષ્ય'ને તારક શરણું તારું. દેવ૦

—*—

—દૂર કાં પ્રભુ! દોડ તું, મારે રમત રમવી નથી;
આ નયનબંધન છોડ તું, મારે રમત રમવી નથી. ટેક૦

પ્યાસુ પરમ-રસનો સદા, શોધું પરમ-રસ રૂપને;
અનુભવ મને અવળો થયો, એવી રમત રમવી નથી. હાં૦ દૂર૦ ૧

—બાંધી નયન બંધન મને, મૂક્યો વિષમ મેદાનમાં;
અદૃશ્ય થઈ અળગા રહ્યા, એવી રમત રમવી નથી.
ભારે વિષમ પથ ભટકવું, બહુ નયનને બાંધી કરી,
આવી અકારી રમતને, મારે હવે રમવી નથી. હાં૦ દૂર૦ ૨

—અથડાવું છે ક્યાં લગી, બાંધી નયનનાં બંધનો;
આરો ન આવે તો પછી, એવી રમત રમવી નથી.
તું 'આવ આવ' અવાજ કરતો, એ તરફ આવી શકું;
વિણ લક્ષ્ય અથડાવા તણી, મારે રમત રમવી નથી. હાં૦ દૂર૦ ૩

—તું આવીને ઉત્સાહ દે, કાં ફેંક કિરણ પ્રકાશનાં;
આ લક્ષ્ય વિણ રખડી મર્યાની, રમતને રમવી નથી.
હે તાત! તાપ અમાપ આ, તપવી રહ્યા છે ત્રિવિધના;
એ તાપ માંહે તપી મર્યાની, આ રમત રમવી નથી. હાં૦ દૂર૦ ૪

—નથી સહન કરી શકતો પ્રભુ તારા! વિરહની વેદના;
હે દેવ! તુજ દરશન વિના, મારે રમત રમવી નથી.
નથી સમજ પડતી શ્રીહરિ, કઈ જાતની આ રમત છે;
ગભરાય છે ગાત્રો બધાં, મારે રમત રમવી નથી. હાં૦ દૂર૦ ૫

—હોયે રમત ઘડી બે ઘડી, બહુ તો દિવસ બે-ચારની;
આ તો અનંતા યુગ ગયા, એવી રમત રમવી નથી.
ત્રિભુવનપતિ તુજ નામના, થાક્યો કરી કરી સાદને;
સુણતા નથી કેમ 'સંતશિષ્ય'ને આ રમત રમવી નથી. હાં૦ દૂર૦ ૬

———*———

પ્રભુનું નામ રસાયણ સેવે, પણ જો પથ્ય પળાય નહિ;
તો તેનું ફળ લેશ ન પામે, ભવ રોગો કદી જાય નહિ. ટેક૦
—પહેલું પથ્ય અસત્ય ન વદવું, નિંદા કોઈની થાય નહિ;
નિજ વખાણ કરવાં નહિ સુણવાં, વ્યસન કશુંય કરાય નહિ. ૧
—જીવ સકલ આતમ સમ જાણી, દિલ કોઈનું દુભવાય નહિ;
પરધન પથ્થર સમાન ગણીને, મન અભિલાષ ધરાય નહિ. ૨
—દંભ દર્પ કે દુર્જનતાથી, અંતર અભડાવાય નહિ;
પરનારી માતા સમ લેખી, કદી કુદૃષ્ટિ કરાય નહિ. ૩
હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક, એહ ભરોસો જાય નહિ;
જે પ્રભુ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહિ. ૪
—શકિત છતાં પરમારથ સ્થળથી, પાછાં પગલાં ભરાય નહિ;
સ્વાર્થતણા પણ કામ વિષે, કદી અધર્મને અચરાય નહિ. ૫
કર્યું કરું છું ભજન આટલું, જ્યાં ત્યાં વાત કરાય નહિ;
હું મોટો મુજને સહુ પૂજે, એ અભિમાન ધરાય નહિ. ૬
—નામતણા અતુલિત મહિમાને, વ્યર્થ વખાણ મનાય નહિ ;
કપટ દગા છળ પ્રપંચ માયા, અંત સુધી અદરાય નહિ. ૭
જનસેવા તે પ્રભુની સેવા, એહ સમજ વિસરાય નહિ;
ઊંચ-નીચનો ભેદ પ્રભુના મારગડામાં થાય નહિ. ૮
—નામ રસાયણ સેવે સમજી, કષ્ટ થકી કદી કા'ય નહિ;
એ પથ્યોનું પાલન કરતાં, મરતાં સુધી ડરાય નહિ. ૯
પથ્ય રસાયણ બન્ને સેવે, માયામાં લલચાય નહિ;
તો 'હરિદાસ' તણા સ્વામીને, મળતાં વાર જરાય નહિ. ૧૦

—*—

ખોલો ખોલો (૨) ખોલો દયામય! મંગલ મંદિર ખોલો. ટેક૦
જીવનવન અતિ વેગે વટાવ્યું (૨) દ્વારે ઊભો શિશુ ભોળો. દયા૦
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો (૨) શિશુને ઉરમાં લ્યો લ્યો. દયા૦
નામ મધુર તવ રટ્યો નિરંતર (૨) શિશુસહ પ્રેમે બોલો. દયા૦
દિવ્ય તૃષાતુર આવ્યો બાલક (૨) પ્રેમે અમીરસ ઢોળો. દયા૦

—*—

—પ્રભો! અન્તર્યામી! જીવન જીવના દીનશરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિતકરણા;
પ્રભા કીર્તિ કાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું વંદુ છું વિમલ પ્રભુ સ્વામી જગતના. ૧

—સહુ અદ્‌ભુતોમાં, તુજ સ્વરૂપ અદ્‌ભુત નીરખું,
મહાજ્યોતિ જેવું નયન શશી ને સૂર્ય સરખું;
વસે બ્રહ્માણ્ડોમાં, અમ ઉર વિષે વાત વસતો,
તું આઘેમાં આઘે, પણ સમીપમાં નિત્ય હસતો. ૨

—અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ! પરમ તેજે તું લઈ જા;
મહા મૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું હીણો હું છું તો, તુજ દરસના દાન દઈ જા. ૩

—પિતા પેલો આઘે, જગત વીંટતો સાગર રહે,
અને વેગે પાણી, સકળ નદીનાં તે ગમ વહે;
વહો એવી નિત્યે, મુજ જીવનની સર્વ ઝરણી,
દયાના પુણ્યોના, તુજ પ્રભુ મહાસાગર ભણી. ૪

—*—

## આજની ઘડી તે રળિયામણી

આજની ઘડી તે રળિયામણી,
હે મારો વાલોજી આવ્યાની વધામણી,
હો જીરે આજની ઘડી તે રળિયામણી.

જીરે તરિયા તોરણ તો બંધાવિયા,
હે મારા વાલાજીને મોતીડે વધાવિયા,
હો જીરે આજની ઘડી તે રળિયામણી.

જીરે લીલુડા વાંસ વઢાવિયે,
હે મારા વાલાજીનો મંડપ રચાવિયે,
હો જીરે આજની ઘડી તે રળિયામણી.

પૂરો પૂરો સોહાગણ સાથિયો,
હે વાલો આવે મલપતો હાથિયો,
હો જીરે આજની ઘડી તે રળિયાંમણી.

જીરે જમુનાનાં જળ મંગાવીએ,
હે મારા વાલાજીના ચરણ પખાળીએ,
હો જીરે આજની ઘડી તે રળિયામણી.

સહુ સખીઓ મળીને વધાવીએ,
હે મારા વાલાજીના મંગળ ગવરાવીએ,
હો જીરે આજની ઘડી તે રળિયામણી.

જીરે તન મન ધન ઓવારીએ,
હે મારા વાલાજીની આરતી ઉતારીએ,
હો જીરે આજની ઘડી તે રળિયામણી.

જીરે રસ વધ્યો છે અતિ મીઠડો,
હે મહેતા નરસૈંયાનો સ્વામી દીઠડો,
હો જીરે આજની ઘડી રળિયામણી.

———*———

રામસભામાં અમે રમવાને ગ્યા'તા,
પસલી ભરીને રસ પીધો
હરિનો રસ પૂરણ પીધો
પહેલો પિયાલો મારા સદ્ગુરુએ પાયો
બીજે પિયાલે રંગની રેલી.

ત્રીજો પિયાલો મારા રોમે રોમે વ્યાપ્યો,
ચોથે પિયાલે થઈ છું ઘેલી,
રસબસ એકરૂપ થઈ રસિયા સાથે
વાત ન સૂઝે બીજી વાટે,

મોટા જોગેશ્વર જેને સ્વપ્ને ન આવે,
તે મારા મંદિરિયામાં મહાલે.
અખંડ હેવાતણ મારા સદ્ગુરુએ દીધાં,
અખંડ સૌભાગી અમને કીધાં.

ભલે મળ્યા મહેતા નરસિંહના સ્વામી,
દાસી પરમ સુખ પામી.
હરિનો રસ પૂરણ પીધો.

---

રાત રહે જ્યાહરે પાછલી ખટઘડી,
સાધુ પુરુષને સૂઈ ન રહેવું,
નિંદ્રાને પરહરિ સમરવા શ્રી હરિ,
એક તું એક તું એમ કહેવું.

જોગિયા હોય તેણે જોગ સંભાળવા,
ભોગિયા હોય તેણે ભોગ તજવા,
વેદિયા હોય તેણે વેદ વિચારવા,
વૈષ્ણવ હોય તેણે કૃષ્ણ ભજવા.

સુકવિ હોય તેણે સદ્ગ્રંથ બાંધવા;
દાતાર હોય તેણે દાન કરવાં,
પતિવ્રતા નારીએ કંથને પૂછવું,
કંથ કહે તે તો ચિત્ત ધરવું.

આપણે આપણા ધર્મ સંભાળવા,
કર્મનો મર્મ લેવો વિચારી,
નરસૈંયાના સ્વામિને સ્નેહથી સમરતાં,
ફરી નવ અવતરે નરને નારી...
...હે રાત રહે જ્યાહરે

———*———

## જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહીં

જ્યાં લગી આતમાતત્ત્વ ચીન્યો નહીં,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષા દેહ તારો એમ એળે ગયો,
માવઠાની જેમ વૃષ્ટિ વૂઠી.

શું થયું સ્નાન, પૂજા ને સેવા થકી,
શું થયું ઘેર રહી દાન દીધે,
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે,
શું થયું વાળ લોચન કીધે.

શું થયું તપ ને તીરથ કીધાં થકી,
શું થયું માળ ગ્રહી નામ લીધે.

શું થયું તિલક ને તુલસી ધાર્યાં થકી,
શું થયું ગંગજલ પાન કીધે.

શું થયું વેદ વ્યાકરણ વાણી વદ્યે,
શું થયું રાગ ને રંગ જાણ્યે.

શું થયું ખટ્ દરશન સેવ્યા થકી,
શું થયું વરણના ભેદ આણ્યે.
એ છે પ્રપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના,
રત્નચિંતામણિ જન્મ ખોયો.

---*---

## સંગત સંતન કી કર લે

સંગત સંતન કી કર લે, જનમ કા સાર્થક કછુ કર લે.
ઉત્તમ દેહી નર પાયા પ્રાણી, ઈસકા હિત કછુ કર લે;
સદ્ગુરુ શરણ જાકે બાબા, જનમમરણ દૂર કર લે. સંગત૦

કહાંસે આવે કહાંકુ જાવે, યે કુછ માલૂમ કર લે;
દો દિન કી જિંદગાની યારો, હુંશિયાર હો કર ચલ લે. સંગત૦

કૌન કિસીકે જોરુ લડકે, કોન કિસીકે સાલે;
જબ લગ પલ્લોં મેં પૈસા ભાઈ, તબ લગ મીઠા બોલે. સંગત૦

કહત કબીરા સૂનો ભાઈ સાધો, બાર બાર નહીં આના;
અપના હિત કછુ કર લે ભઈયા, આખર અકેલા જાના. સંગત૦

---*---

## જગત મેં કૈસા નાતા!

મન ફૂલા ફૂલા ફિરે જગત મેં, કૈસા નાતા રે.
માતા કહે યેહ પૂત હમારો, બહેન કહે વીરો મેરો;
ભાઈ કહે યેહ ભૂજા હમારી, નારી કહે નર નેહા રે.

પેટ પકડ કે માતા રોયે, બાંહ પકડ કર ભાઈ;
લપટઝપટ કર સ્રિયાં રોયે, હંસ એકલા જાઈ.

ચાર ગજી ચડ ગજી મંગાયો, ચડયો કાષ્ટ કી ઘોડી;
ચારો કોંને આગ લગા દી, ફૂંક દિયો જૈસે હોરી.

હાડ જરે જુએ લાકડી ઔર કેસે જરે જુએ ઘાંસા;
સોને જૈસી જરી ગઈ કાયા, કૌઉ ન આયો પાસા રે.

જબ તક જીયે માતા રોયે, બહેન રોયે દશ માસા;
તેરા દિવસ તક સ્ત્રિયાં રોયે, ફિર કરે ઘરવાસા રે.

ઘર કી સ્ત્રી ઢુંઢન લાગી, ઢુંઢ ફિરી ચંહુ દિશા રે;
કહેત કબીર સૂનો ભાઈ સાધુ, જૂઠી જગ કી આશા રે.

* * *

## વૈરાગ્યપ્રેરક કાવ્યો

સત્સંગનો રસ ચાખ પ્રાણી, તું તો સત્સંગનો રસ ચાખ. ટેક૦
પ્રથમ લાગશે કડવો ને તીખો, પછી આંબા કેરી સાખ;

સત્સંગથી દો ઘડીમાં મુક્તિ, શાસ્ત્ર પૂરે એની સાખ. પ્રાણી તું૦
આ રે કાયાનો ગરવ ન કીજે, અંતે થાવાની છે રાખ. પ્રાણી તું૦
હસ્તિ ને ઘોડા માલ ખજાનો, કોઈ ન આવે તારી સાથ. પ્રાણી તું૦
કાચી રે કાયા કોટડી જેવી, ઢળતાં ન લાગે વાર. પ્રાણી તું૦
કાચો રે કૂંપો જળે ભર્યો રે, ગળતાં ફૂટી જાય પાર. પ્રાણી તું૦
કહત કબીરા સુનો ભાઈ સાધુ, એ છે મુક્તિનો દ્વાર. પ્રાણી તું૦

* * *

## મન ઉપદેશ

ભૂલ્યો મન ભમરા તું, ભમ્યો દિવસ ને રાત,
માયાનાં બાંધેલ પ્રાણીઓ, સમજ્યો નહિ શુદ્ધ વાત; ભૂલ્યો૦

કુંભ કાચો ને કાયા રે કાચી, જોઈને કરો રે જતન,
વણસતાં તો વાર લાગે નહીં, રાખો એ રૂડું રતન. ભૂલ્યો૦

કેનાં રે છોરુ, કેનાં રે વાંછરુ, કેનાં રે માય ને બાપ,
અંતકાળે તો જાવું રે એકલા, સાથે તો પુન્ય ને પાપ; ભૂલ્યો૦

જેના ઘરે તો નોબત વાજતી, રૂડા રૂડા છત્રીશ રાગ,
ખંડેર થઈ તે ખાલી રે પડિયા, કાળા ઊડે છે કાગ; ભૂલ્યો૦

જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાં ને હેઠ,
મોટા મોટા તો મરીને ચાલીઆ, લાખો લખપતિ શેઠ; ભૂલ્યો૦

ઊલટી નદી, પૂર ઊતરી, જાવું છે પેલે પાર,
આગળ નીર નહિ મળે માનવડા, જોઈએ તે લેજે હાર; ભૂલ્યો૦

સત્કર્મ સદ્વસ્તુ વહોરજો, સદ્ગુરુ સમરણ સાથ,
કબીરદાસ, જુહારી નિસાર્યા, લેખું સાહેબને હાથ; ભૂલ્યો૦

———*———

સમજણ વિના રે સુખ નહીં તુજને રે,
વસ્તુ ગતિ કેમ કરી ઓળખાય;
આપમાં દિશે છે રે આપણો આતમા રે,
તેણે કાંઈ જીવપણું નવ જાય.... સમજણ૦

રવિ રવિ કરતાં રે રજની નહીં મટે,
અંધારું તો ઊગ્યા પૂંઠે જાય;
નિજ રવિ ઊગે રે નિજ ગુરુ જ્ઞાનનો રે,
થનાર જે હોય તે સહજે થાય.... સમજણ૦

જળ જળ કરતાં રે તૃષ્ણા નવ ટળે,
ભોજન કહેતાં ન ભાંગે ભૂખ;
પ્રેમરસ પીતાં રે તૃષ્ણા તુરત ટળે,
એમ મહાજ્ઞાની બોલે છે મૂર્ખ.... સમજણ૦

પારસમણિ વિના રે જે પથરા મળે,
તેણે કાંઈ કંચન તે નવ થાય;
સમજણ વિના રે જે સાધન કરે,
તેણે કાંઈ જીવપણું નવ જાય.... સમજણ૦

દશ મણ અગ્નિ રે લખિયે કાગળે,
એ લઈ રૂમાં જો અલપાય;
એની ઉષ્ણતાએ રૂ નથી દાઝતું,
રતિ એક સામે પ્રલય જ થાય.... સમજણ૦

જીવપણું મટે રે અનહદ ચિંતવે,
એ તો પાણી રહિત છે રે વિચાર;
જે નર સમજ્યાં રે ત્યાં શમ્યા રે,
કહે અખો ઊતર્યા તે ભવપાર.... સમજણ૦

---*---

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા,
કરમાં માળા આલી રે, મૂરખ જ્યારે સૂતો મરવા... અંતે૦

નાનપણે ઘર ધંધામાં ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય,
ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, એ અગ્નિ કેમ ઓલવાય;
જીતી બાજી હાર્યો રે, પત્થરને નાવે બેઠો તરવા... અંતે૦

અંત સમય છાપ તિલક બનાવે, ભૂલી ગયો જ્યારે ભાન,
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વિમાન;
ગુરુજ્ઞાન ન આવ્યું રે, બુદ્ધિ તારી ગઈ ચરવા... અંતે૦

જીવતી નારીને જેવી પુરુષની આશા, એમ હરિ ભજે ફળ થાય,
વૃદ્ધા નારીને નહિ પુત્રની આશા, એનો એળે જન્મ વહી જાય;
હરિને બેઠો ઠગવા રે, એંસી વર્ષે વર-વરવા... અંતે૦

વીશ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભય જાય,
હરિ સધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજન રાય;
દાસ ધીરો કહે છે રે, મંડયા ચોરાશી ફરવા.... અંતે૦

---

## હું દીન માનવ

હું દીન માનવ સાધનહીન છું, આવ્યો છું તુમ ચરણે;
અધમ તણા ઉદ્ધારક ગુરુજી, રાખી લ્યોને શરણે.
હું દીન માનવ૦ ૧

ના જાણું હું રીતિ નીતિ, વિવેક પણ ના જાણું;
બે હાથે મસ્તક ઝુકાવું, એટલું તો હું જાણું.
હું દીન માનવ૦ ૨

સ્તુતિ કરું છું મૂક બનીને, આંસુડાં સમજાવે;
અંતર્ધ્વનિ નીકળ્યો રડવામાં, સ્વીકારી લ્યો એ ભાવે.
હું દીન માનવ૦ ૩

અંતર વ્યાપી બહુ વ્યાકુળતા, તાલાવેલી તાનમાં;
પુનિત મૂર્તિ સદ્‌ગુરુજીની ઝંખું નિશદિન મનમાં.
હું દીન માનવ૦ ૪

---

## વિનતી માહરી આજ

વિનંતી માહરી આજ પરભાતની,
નાથ! અંતરમહીં આપ ધરજો;
આજની જિંદગી રાત સૂતા લગી,
ચિત્તડે ચરણની પ્રીત ભરજો. વિનતી૦ ૧

રહેવું સંસારમાં મનુષ્ય અવતારમાં,
જળ અને કમળની જેમ રાખો;
પાળું મુજ ધર્મને કરું સૌ કર્મને,
ફળ તણી આશથી દૂર રાખો. વિનતી૦ ૨

સુખી રહું સુખમાં, સુખી રહું દુ:ખમાં,
સુખ ને દુ:ખના ભેદ ટાળો;
પાંખમાં રાખીને દુ:ખડાં કાપીને,
જાણ અજાણનાં પાપ ટાળો. વિનતી૦ ૩

ન્હાવું સત્સંગમાં, રાચું એ રંગમાં,
અંગમાં ભક્તિનાં પૂર ભરજો;
ઇચ્છું કલ્યાણ હું મિત્ર-દુશ્મન તણું,
જગતનું નાથ! કલ્યાણ કરજો. વિનતી૦ ૪

આંખ છે આંધળી, તુજશું ના ઢળી,
તે છતાં હે પ્રભો! લક્ષ લેજો;
દોડતા આવીને પુનિત સંભાળીને,
અંતમાં દર્શને બાપ રહેજો. વિનતી૦ ૫

*

## વ્હાલા મારા હૈયામાં રહેજે

વ્હાલા મારા હૈયામાં રહેજે, ભૂલું ત્યાં તું ટોકતો રહેજે.
માયાનો છે કાદવ એવો, પગ તો ખૂંચી જાય;
હિંમત મારી કામ ન આવે, તું પકડજે બાંહ્ય. વ્હાલા૦ ૧

મરકટ જેવું મન અમારું, જ્યાં ત્યાં કૂદકા ખાય;
મોહ મદિરા ઉપર પીધો ને પાપે પ્રવૃત્ત થાય. વ્હાલા૦ ૨

દેવું પતાવવા આવ્યા જગમાં, દેવું વધતું જાય;
છૂટવાનો એક આરો હવે, તો તું છોડે છુટાય. વ્હાલા૦ ૩

પુનિતનું આ દર્દ, હવે તો મુખે કહ્યું ન જાય;
સોંપી મેં તો તારા ચરણમાં, થાવાનું હોય તે થાય. વ્હાલા૦ ૪

---*---

પરમ કૃપાળુ દીનદયાળુ, જીવનના આધાર પ્રભુજી;
સચરાચર જગદીશ્વર ઈશ્વર, ઘટઘટમાં વસનાર પ્રભુજી. ૧

ઊર્મિઓ શુભ જાગે મારી, ભ્રમણાઓ સહુ ભાંગે મારી;
માયાનું આ ઝેર ઉતારો, અમૃતના સીંચનાર પ્રભુજી. ૨

અંધારું અંતર ઓરડીએ, પલ પલમાંહી પાપે પડીએ,
ભક્તિની જ્યોતિ પ્રગટાવો, પ્રકાશના કરનાર પ્રભુજી. ૩

જોગીશ્વર નવ જાણે ભેદો, ગુણલાં ગાતાં થાકે વેદો;
પામર ક્યાંથી જાણે પુનિત, ગુણગુણના ભંડાર પ્રભુજી. ૪

---*---

ચેતે તો ચેતાવું તુંને રે, પામર પ્રાણી ચેતે તો...
તારે હાથે વપરાશે, તેટલું જ તારું થાશે;
બીજું તો બીજાને જાશે રે... પામર૦ ૧

સજી ઘરબાર સારું તું કહે છે મારું મારું;
તેમાં નથી કશું તારું રે... પામર૦ ૨

માખીએ મધપૂડું કીધું, ન ખાધું ન ખાવા દીધું;
લૂંટનારે લૂંટી લીધું રે.... પામર૦ ૩

ખંખેરીને હાથ ખાલી, ઓચિંતું જાવું છે ચાલી;
કરે માથાફોડ ઠાલી રે... પામર૦ ૪

સાહુકારમાં સવાયો, લખપતિમાં લેખાયો;
કહે સાચું શું કમાયો રે... પામર૦ ૫

કમાયો તું માલ કેવો, આવી તારી સાથે એવો;
અવેજ તપાસ તેવો રે... પામર૦ ૬

હજી હાથમાં છે બાજી, કર તું પ્રભુને રાજી;
મૂડી તારી થાશે તાજી રે... પામર૦ ૭

હાથમાંથી બાજી જશે, પછીથી પસ્તાવો થાશે;
કશું ન કરી શકશે રે... પામર૦ ૮

હાથમાંથી ધન ખોયું, ધૂળથી કપાળ ધોયું;
જાણપાણું તારું જોયું રે... પામર૦ ૯

મનનો વિચાર તારો, મનમાં રહી જનારો;
વળતી ન આવે વારો રે... પામર૦ ૧૦

નીકળ્યો શરીરમાંથી, પછી તું માલિક નથી;
કહે દલપત કથી રે... પામર૦ ૧૧

---*---

જાય છે જગત ચાલ્યું રે હો જીવ જોને,
જોને તું પાટણ જેવાં, સારાં હતાં શહેર કેવાં!
આજ તો ઉજ્જડ જેવાં રે......હો જીવ જોને૦ ૧

વળી સિદ્ધપુર વાળો, મોટો જોને રુદ્રમાળો;
રહ્યો નથી તે રૂપાળો રે......હો જીવ જોને૦ ૨

રૂડા રૂડા રાણીજાયા, મેળવી અથાગ માયા;
કાળે તેની પાડી કાયા રે......હો જીવ જોને૦ ૩

છત્રે જેની છાયા થતી, રૂડી જેની રિદ્ધિ હતી;
ક્યાં ગયા એ કરોડપતિ રે......હો જીવ જોને૦ ૪

જરી જોયા જરી થાતા, હાકેમ હજારો હતા;
તેના તો નવ લાગ્યા પતા રે......હો જીવ જોને૦ ૫

કોઈ તો કહે તે કેવા, આભના આધાર જેવા;
ઊડી ગયા એવા એવા રે......હો જીવ જોને૦ ૬

જુવાનીમાં જતાં જોઈ, રાખી શક્યા નહીં કોઈ;
રહ્યા સર્વે સગા રોઈ રે......હો જીવ જોને૦ ૭

હાજર હજારો રહેતા, ખમા ખમા બહુ કહેતા;
વિશ્વમાંથી ગયા વહેતા રે......હો જીવ જોને૦ ૮

મૂઆ જન જેની સાથે રે, હેતેથી પોતાને હાથે;
મરણ ન મટયું માથે રે......હો જીવ જોને૦ ૯

જશ લીધો શત્રુ જીતી, નવનિધિ મેળવી લીધી;
તેની વેળા ગઈ વીતી રે......હો જીવ જોને૦ ૧૦

જગતમાં ખૂબ જામ્યો, નથી વેરને વિરામ્યો;
કોઈ તે મરણ પામ્યો રે......હો જીવ જોને૦ ૧૧

નેક નામદાર નામે, ઠર્યા થઈ સ્મશાન ઠામે;
દીઠા શ્રી દલપતરામે રે......હો જીવ જોને૦ ૧૨

*

મને મળ્યા ગુરુવર જ્ઞાની રે, મારી સફળ થઈ જિન્દગાની;
શ્રીમદ્ દેવ-સ્વરૂપે દીઠા, લઘુરાજ પ્રભુ લાગ્યા મીઠા;
આત્મિક જ્યોતિ પિછાની રે, મારી સફળ થઈ જિન્દગાની.

ભાગ્યોદય થયો મારો આજે, ચોંટી ચિત્તવૃત્તિ ગુરુરાજે;
ખરી કરી મેં કમાણી રે, મારી સફળ થઈ જિન્દગાની.

દુસ્તર ભવસાગર તરવાનો, દિલમાં લેશ નહિ ડરવાનો;
મળ્યા સુજાણ સુકાની રે, મારી સફળ થઈ જિન્દગાની.

મન, વચન, કાયા લખે લગાડું, ભક્તિસુધારસ ચાખું ચખાડું;
ભક્તિ શિવ-કર જાણી રે, મારી સફળ થઈ જિન્દગાની.

*

પ્રેમનો પંથ છે ન્યારો,
સરવ થકી પ્રેમનો પંથ છે ન્યારો.
જે જાણશે તે શિશ સાટે માણશે એમાં નથી ઉધારો;
પ્રેમ અમલ આવ્યો એની આંખમાં, ઊતરે નહીં ઉતાર્યો. સરવ૰ ૧
આઠે પહોર રહે આનંદમાં, પ્રેમરસનો પીનારો;
વ્હાલા વિના તેને લૂખૂં લાગે, સંસારસાગર ખારો. સરવ૰ ૨
પ્રેમરસ કથ્યામાં ન આવે, જાણે જાણનહારો;
પ્રીતમ પ્રેમીજન મળે તો, આતમરામ અમારો. સરવ૰ ૩

---*---

વ્હાલા લાગો છો વિશ્વાધાર રે, સગપણ તમ સાથે;
મેં તો સર્વે મેલ્યો સંસાર રે, સગપણ તમ સાથે. ૧
મારા મનમાં વસ્યા છો આવી શ્યામ રે, સગપણ તમ સાથે;
તમારે કાજ તજ્યું ધનધામ રે, સગપણ તમ સાથે. ૨
મારું મનડું લોભાયું તમ પાસ રે, સગપણ તમ સાથે,
મને નથી બીજાની આશ રે, સગપણ તમ સાથે. ૩
મારે માથે ધણી છો તમ એક રે, સગપણ તમ સાથે;
મારી અખંડ નિભાવજો ટેક રે, સગપણ તમ સાથે. ૪
મેં તો દેહ ધર્યો છે તમ કાજ રે, સગપણ તમ સાથે;
તુંને જોઈ મોહી છું ગુરુરાજ રે, સગપણ તમ સાથે. ૫
હું તો હેતે વેચાણી તમ હાથ રે, સગપણ તમ સાથે;
બ્રહ્માનંદના વ્હાલા શ્રી નાથ રે, સગપણ તમ સાથે. ૬

---*---

મારે આવ્યો અલૌકિક દાવ રે, કોઈ મને શું કહેશે?
માથા સાટે વર્યા મેં તો નાથ, કોઈ મને શું કરશે? ૧

હવે બળે છે જગમાં બલાય રે, કોઈ મને શું કહેશે?
મેં તો ભેટયા છે ભૂદરરાય રે, કોઈ મને શું કહેશે? ૨

અતિ આનંદ થયો છે મારે અંગ રે, કોઈ મને શું કહેશે?
લાગ્યો રસિયાજીનો રંગ રે, કોઈ મને શું કહેશે? ૩

થઈ જગમાં અલૌકિક જીત રે, કોઈ મને શું કહેશે?
લાગી પૂરણ સલુણા સાથે પ્રીત રે, કોઈ મને શું કહેશે? ૪

હવે થયો સંસારડો ઝેર રે, કોઈ મને શું કહેશે?
બ્રહ્માનંદને વ્હાલે કીધી મહેર રે, કોઈ મને શું કહેશે? ૫

*

એવી મહાપદ કેરી વાત, **સંત** કોઈ જાણે રે;
જેને મળ્યા સદ્‌ગુરુ રે સુજાણ, સોઈ પિછાણે રે. એવી૦ ૧

દિન ઊગે ભૂલ્યો ભગવાન, પછી કેમ જાશે રે;
આડી રેણ અંધારી રાત, ઘણા રડવડશે રે. એવી૦ ૨

એવા તન મન ને વળી ધન રે, ગુરુજીને ધરીએ રે;
એવો અવર દુજો નહીં હોય રે, ફોગટ ફેરો ફરીએ રે. એવી૦ ૩

આવ્યો ભજન કરવાનો સમવાદ રે, ભજન કરી તરવું રે;
એવા કરજો સંતોના રૂડા સંગ, અસત્ય પરહરવું રે. એવી૦ ૪

એવા સંત સ્વરૂપી જહાજ રે, તેમાં કોઈ બેસે રે;
તે તો તરી ઊતરે ભવપાર, જેમલ એમ કહે છે રે. એવી૦ ૫

*

હૈયાના ફૂટયા, હરિ સંગ હેતે ન કીધું;
લખ ચોરાશી કેરું લુગડું માથે માગી લીધું રે. હૈયાના૦ ૧

પેટને અરથે પાપ કરતાં, પાછું ફરી નવ જોયું;
ચાર દિવસના જીવતર સારું, મન માયામાં મોહ્યું. હૈયાના૦ ૨

જન્મ મરણ દુ:ખ ગર્ભવાસનું, તે નવ શકીઓ ટાળી;
માતા પિતા યુવતી સુત સંગે, વિસાર્યા વનમાળી રે. હૈયાના૦ ૩

આળસ ને અજ્ઞાન અતિશયે, કામ બગાડયું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી, મન કહ્યું તું મારું. હૈયાના૦ ૪

———*———

અંધેરી દુનિયા ભજન બિના કૈસે તરિયે?
પહાડ તોડ એક પત્થર લાયે, વાકી મૂરત બનાએ;
જાકે ઉપર પાવ ધરીએ, વાકી પૂજા કરીએ. અં૦ ૧

સવાશેર કા પિંડ બનાવે, કે દેવી કું ઘર પાવે;
વા દેવી કછુ ખાય ન પીવે, આપ હી મિલ મિલ ખાવે. અં૦ ૨

જીતો બાપકુ કછુ ન દેવે, મુવેકુ લડવા દઈએ;
મૂઠ મૂઠ ચાવલ આગે ધરિએ, પિંડવા કગવા ખાઈએ. અં૦ ૩

બાંશ બરેલી કહે લાલદાસ, સાચી કથની થઈએ;
સાચા બોલા ભૂખે મરે, જૂઠા લડવા ખાઈએ. અં૦ ૪

———*———

અમે આવ્યા તમારે આશરે અલબેલાજી;
હવે શું કરીએ જઈ સાસરે અલબેલાજી. ૧

મને ફેરી ફર્યાનું ફળ અહીં જ મળ્યું અલબેલાજી;
મારા મન ગમતું મુજને મળ્યું અલબેલાજી. ૨

આ હીરલો લાધ્યો હાથમાં અલબેલાજી;
તમે સદાએ રહેજો સાથમાં અલબેલાજી. ૩

મોહનના સ્વામી છો ધણી અલબેલાજી;
હું તો દાસી છું રે તમ તણી અલબેલાજી. ૪

———*———

## યોગી એકીલા રે!

યોગી એકીલા રે! નહિ જેને સંગ કોઈ,
શિષ્ય તે સાચા રે! તેની સોઈ નવ જોઈ. યોગી૦ ૧

એકલો વાસ વસે જંગલમાં, અખંડ આઠે જામ,
ભેગા થાય કે સળગી ઊઠે છે, વેંચવું છે કશું દામ?
સિદ્ધાંત એ જાણે રે! વસે જોગી સહુ ખોઈ. યોગી૦ ૨

ઘૂઘરો એક હશે બાંધેલો, અવાજ તેનો નવ થાય,
દસ વીસ જો મળી બેસે તો ઘોંઘાટથી માર ખાય,
સુખ ન શમણે રે! કર્યું કાર્યું નાખે ધોઈ. યોગી૦ ૩

એ સિદ્ધાંત સમજીને સાચો, એકલો રહે યોગીરાજ,
કર્મયોગે વસતિમાં વસવું, તોપણ એકલો રાજે રાજ,
સુખ સૌ એકે રે! ઝાઝે મૂઆ છે રોઈ. યોગી૦ ૪

પરિચય ને ધનસંગ્રહ નહિ જો, તો એકલો રે'વાય,
નહીં તો વગર બોલાવી વળગશે, અહીંથી તહીં બલાય,
બાપુ એકીલા રે! શાણા સુખી હોય. યોગી૦ ૫

---

## દિલડું ડોલે નહિ રે!

હાં રે! દિલડું ડોલે નહિ રે! ડોલે નહિ,
બીજી વૃત્તિ અંતરની ના બોલે રે! દિલડું૦

હાં રે! ઘણા શૂરા તો જગતમાં ગણાયે,
હાં રે! તે તો કાળના ચક્રમાં તણાયે,
હાં રે! શૂરા પૂરા તો સંત જણાયે રે. દિલડું૦ ૧

હાં રે! ત્રિગુણરૂપી શબ્દબાણ છૂટે,
હાં રે! દુર્જન દુઃખ દઈ તન લૂંટે,
હાં રે! ત્યારે તાર પરબ્રહ્મશું ન તૂટે રે. દિલડું૦ ૨

હાં રે! સર્વ જાતાં તે શોક નવ થાયે,
હાં રે! ઘણા લાભે તે નવ હરખાયે,
હાં રે! સંતચિત્ત પ્રભુની ના પલાયે રે! દિલડું૦ ૩

હાં રે! સંતભક્તિને મોરચે મળ્યા,
હાં રે! શબ્દ ગોળાથી જરા નવ ચળ્યા,
હાં રે! એ તો બ્રહ્મદશામાં ભળ્યા રે! દિલડું૦ ૪

હાં રે! કાયર હતા તે કંપવા લાગ્યા,
હાં રે! કાચા મનવાળા પાછા ભાગ્યા,
હાં રે! શૂરા સંતો તો રહે છે જાગ્યા રે! દિલડું૦ ૫

હાં રે! એ તો કોઈની નવ રાખે આશ,
હાં રે! દુર્જનથી એકાંતે રહે વાસ,
હાં રે! બાપાલાલ પ્રભુનો છે દાસ રે! દિલડું૦ ૬

---*---

## જગત મેં ખબર નહીં પલ કી

જગત મેં ખબર નહીં પલ કી;
સુકૃત કર લે, પ્રભુનામ સમર લે, કોન જાને કલ કી? જગત૦ ૧

જબ લગ હંસા બસે કાયા મેં, તબ લગ દેહ મંગલ કી;
હંસ દેહી છાંડ ચલા જબ, તબ માટી જંગલ કી. જગત૦ ૨

તારામંડળ રવિ ચંદ્રમા, સબહિ ચલાચલકી;
દિન ચાર કે ચમત્કાર મેં, બીજલી જાય ચમકી. જગત૦ ૩

માતા પિતા સુત કુટુંબ કબીલે, દુનિયા મતલબ કી;
કાયા માયા નાર સ્નેહી, અંતે રહી અલગી. જગત૦ ૪

કુડ કપટ કર માયા જોડી, કરે બાતાં છલકી;
પાપ કી પોટ ધરે શિર ઉપર, કૈસે હોય હલકી? જગત૦ ૫

જગત કી આશ છોડકર, અબ યાદ રખ રબ કી;
ચોરાશી કો ફેરો મિટે, રહે ન ભય જમ કી. જગત૦ ૬

---*---

## સાચા પ્રભુની પ્રાપ્તિ

અબ મેં સાચો સાહિબ પાયો,
યાકી સેવન કરત હું યાકું મુજ મન પ્રેમ સુહાયો. અબ૦ ૧

ઠાકુર ઔર ન હોવે અપનો, જો દીજે ઘર માયો;
સંપત્તિ અપની ખિનુ મેં દેવે, વે તો દિલ મેં ધ્યાયો. અબ૦ ૨
ઓરન કી જન કરત ચાકરી, દૂર દેશ થાય ઘાસે;
અંતરયામી ધ્યાનેં દીસે, વે તો અપને પાસે. અબ૦ ૩

ઓર કબહું કોઉ કારન કોપ્યો, બહુત ઉપાય ન તૂસે;
ચિદાનંદ મેં મગન રહતુ હે, વે તો કબહું ન રૂસે. અબ૦ ૪

ઓરન કી ચિંતા ચિતિ ન મિટે, સબ દિન ધંધે જાવે;
થિરતા ગુન પૂરન સુખ ખેલે, વે તો અપને ભાવે. અબ૦ ૫

પરાધીન હે ભોગ ઓર કો, તાતેં હોત વિયોગી;
સદા સિદ્ધ સમ શુદ્ધ વિલાસી, વે તો નિજ ગુન ભોગી. અબ૦ ૬

જ્યોં જાનો ત્યોં જગજન જાનો, મેં તો સેવક ઉનકો;
પક્ષપાત તો પર સૂં હોવે, રાગ ધરત હું ગુનકો. અબ૦ ૭

ભાવ એક હે સબ જ્ઞાની કો, મૂરખ ભેદ ન પાવે;
અપનો સાહિબ જો પહિચાને, સો જસ લીલા પાવે. અબ૦ ૮

---*---

## આપ સ્વભાવ મેં રે

આપ સ્વભાવ મેં રે, અવધૂ સદા મગન મેં રહના;
જગત જીવ હૈ કર્માધીના, અચરિજ કછુઅ ન લીના. આપ૦ ૧

તુમ નહીં કેરા, કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા?
તેરા હૈ સો તેરી પાસે, અવર સબે અનેરા. આપ૦ ૨

વપુ વિનાશી તું અવિનાશી, અબ હૈ ઈનકો વિલાસી;
વપુ સંગ જબ દૂર નિકાસી, !બ તુમ શિવ કા વાસી. આપ૦ ૩

રાગ ને રીસા દોય ખવીસા, યે તુમ દુ:ખ કા દીસા;
જબ તુમ ઉનકો દૂર કરીસા, તબ તુમ જગ કા ઈસા. આપ૦ ૪

પર કી આશા સદા નિરાશા, યે હૈ જગ જન પાસા;
તે કાટન કો કરો અભ્યાસા, લહો સદા સુખવાસા. આપ૦ ૫

કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુવા અપભ્રાજી;
કબહીક જગ મેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગલ કી બાજી. આપ૦ ૬

શુદ્ધ ઉપયોગ ને સમતા ધારી, જ્ઞાન ધ્યાન મનેહારી;
કર્મ કલંક કો દૂર નિવારી, જીવ વરે શિવનારી. આપ૦ ૭

—————*—————

## ભલે દુશ્મન બને દુનિયા

(ગઝલ)

ભલે દુશ્મન બને દુનિયા, તમે ના કોપશો બાપુ;
અમીમય આંખ-ક્યારીમાં, અમલ ના રોપશો બાપુ. ૧

તમારી જ્યાં દયાદૃષ્ટિ, સદા ત્યાં છે અમીવૃષ્ટિ;
બને સ્નેહી સકલ સૃષ્ટિ, સદા હ્રદયે વસો બાપુ. ૨

અમારા દોષ ના જોશો, દયાળુ દુર્ગુણો ધોશો;
અમે તો આપના છોરુ, સુબુદ્ધિ આપશો બાપુ. ૩

ખપી જવું પ્રેમમાં તારા, સમર્પણ એ અમે કહીએ;
દફન થવું શેરીમાં તારી, અમારું સ્વર્ગ એ કહીએ. ૪

દરશ તારું, શ્રવણ તારું, અને તુંમાં જ ગુમ થાવું;
પરમ પ્રજ્ઞાન ને મુક્તિ, ધરમ એને અમે કહીએ. ૫

સફર તારી ગલીમાં તે, શહનશાહી અમે કહીએ;
રહેવું ચિંત્વને તારા, પરાભક્તિ અમે કહીએ. ૬

તુંમાં છે જે, તું છે જેમાં, પછી શું શોધવું તેને?
ખબર નહિ તે જ ગફલત છે, અગર અજ્ઞાન તે કહીએ. ૭

ચરણ ચૂમતાં કપાવ્યું શિર, સનમના પ્રેમને ખાતર;
સમર્પણ એ અમે કહીએ, પરાભક્તિ જ એ કહીએ. ૮

દીવાનું ઘેલું તુજ પ્રેમી, ત્વદર્પિત પ્રાણ તન મન ધન;
ગુલામી કાયમી તારી, સનમનો રાહ એ કહીએ. ૯

*

## અંતસમયની ભાવના

પ્રભુ આટલું મને આપજે, આયુષ્યની છેલ્લી ઘડી;
ના રહે મુજને કોઈ બંધન, માયા તણું છેલ્લી ઘડી. ૧

મરણપથારી પાસ સ્વજનો, ને સંબંધી હો ભલે;
જોયા કરે આ દેહને પણ, ચિત્ત મારું નવ ચલે. ૨

મારી નજર મીઠી ફરે, માગે ક્ષમા સહુ જીવની;
પ્રભુ આપજે માફી મને, નાનીમોટી મુજ ભૂલની. ૩

સહેવાય ના મારા થકી, એવી પીડા કદી ઊપડે;
તો દોડીને હાજર થજે તું, તેજ સ્વરૂપી મુખડે. ૪

છેલ્લી કસોટી આકરી, પ્રભુ મૂંઝવે સહુને ઘણી;
કૃપા કરીને તારજે, મને ભક્ત જન તારો ગણી. ૫

દઈ દાન ભક્તિનું તેં કહ્યું, રહેજે હવે નિર્ભય બની;
આપ્યું વચન છે તેં મને, તો પાળજે પ્રભુ હેતથી. ૬

દિવસ ત્રણ બાકી રહે, ભગવાન ત્યારે આપજે;
દેહત્યાગના સમયનું ને, દિનનું તું જ્ઞાન મને. ૭

જેથી મંગળ હેતુએ હું, લીન થઈને કરી શકું;
ચિંતન રૂડું ને ધ્યાન ઊંડું, દિવ્ય જ્યોતિ સ્વરૂપનું. ૮

શરીર બહુ નિર્બળ બને ને, શ્વાસ છેલ્લો સંચરે;
વેળા એવી તું આપજે, ના હોય અગવડ કોઈને. ૯

પ્રભુ આટલું મને આપજે તું, આયુની છેલ્લી પળે;
શાંતિ સમતા સ્થિરતા, મને આવીને સહેજે મળે. ૧૦

*

## પ્રભુ! એવું માગું છું

ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ, પ્રભુ એવું માગું છું,
રહે ચરણકમળમાં ધ્યાન, પ્રભુ એવું માગું છું. ૧

તારું મુખડું પ્રભુજી હું જોયા કરું,
રાતદહાડો ભજન તારાં બોલ્યા કરું,
રહે અંતસમય તારું ધ્યાન, પ્રભુ એવું માગું છું. ૨

મારી આશા નિરાશા કરજે નહિ,
મારા અવગુણ હૈયામાં ધરજે નહિ,
શ્વાસે શ્વાસે રહે તારું નામ, પ્રભુ એવું માગું છું. ૩

મારાં પાપ ને તાપ સમાવી દેજે,
તારા ભક્તોને શરણમાં રાખી લેજે,
આવી દેજે દરશન દાન, પ્રભુ એવું માગું છું. ૪

*

## જબ પ્રાન તન સે નિકલે

ઈતના તો કર હો સ્વામી,
જબ પ્રાણ તન સે નિકલે;
તેરા નામ પ્રભુજી મેરે,
હર બાર મુખ સેં નિકલે.
ઈસ દુનિયા કી કુછ યાદ ન હો,
તુમ નૈનન મેં મેરે સાથ રહો;
બંધન કટ જાય સબહી મેરે
જબ પ્રાણ તન સે નિકલે.
મૈં લોભ મોહ સે બચ જાઊં,
ઔર ભવસાગર સે તર જાઊં;
હો તેરી દયા કી એક નજર,
જબ પ્રાણ તન સે નિકલે.

*

## સાંભરે ત્યારે

મૂકું પગ મહેલમાં જ્યારે,
સ્મરણ સ્મશાનનું ત્યારે;
મૂકું પગ પુષ્પશૈયામાં,
ચિતા પણ સાંભરે ત્યારે. ૧
ધરું તન શાલ દુશાલા,
કફન પણ સાંભરે ત્યારે;
સુણું સંગીત સ્વજનનું,
રૂદન પણ સાંભરે ત્યારે. ૨
ચડું સુખપાલમાં જ્યારે,
નનામી સાંભરે ત્યારે;
જમું મિષ્ટાન ફળ જ્યારે,
મરણ પિંડ સાંભરે ત્યારે. ૩

*

હરિ આમ છેટા છેટા ન રહીએ,
કો'ક દી' તો ભક્તોના થોડા થઈએ. ૧

નયણાં દીધાં પણ દર્શન ન દીધાં,
ઊંચે રે ગગનને ખોરડે બેસી બેસણાં રે કીધાં,
સમજુને ઝાઝું શું કહીએ. ૨

મનનું મંદિર મેં તો એવું રે સજાવ્યું,
આંસુનાં ફૂલડાંનું બિછાનું બિછાવ્યું;
તનનો તંબુરો ઘૂંટી ગાઉં રે. ૩

---*---

## ચિદાનંદરૂપો શિવોઽહં

મનોબુદ્ધિ અહંકાર ચિત્તાનિ નાઽહં,
ન ચ શ્રોત્ર જીવ્હે ન ચ ઘ્રાણનેત્રે;
ન વ્યોમ ભૂમિર્ન તેજો ન વાયુ:,
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં. ૧

ન વા પ્રાણ સંજ્ઞો ન વૈ પંચ વાયુ:,
ન વા સપ્ત ધાતુ ર્ન વા પંચ કોશ:;
ન વાગ્પાણી પાદૌ ન ચોપસ્થ પાયુ:,
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં. ૨

ન મે રાગદ્વૈષો ન મે લોભ મોહૌ,
મદો નૈવ મે નૈવ માત્સર્યભાવ:;
ન ધર્મો ન ચાર્થો ન કામો ન મોક્ષ:;
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં. ૩

ન પુણ્યં ન પાપં ન સૌખ્યં ન દુ:ખં,
ન મંત્રો ન તીર્થો ન વેદો ન યજ્ઞ:;
અહં ભોજનં નૈવ ભોજ્યં ન ભોક્તા,
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં. ૪

ન મૃત્યુ ન શંકા ન મે જાતિભેદ:,
પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ;
ન બંધુર્ન મિત્રં ન ગુરુ નૈવ શિષ્યં,
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં. ૫

અહં નિર્વિકલ્પો નિરાકારરૂપો,
વિભુ વ્યાપ્ત સર્વત્ર સર્વેન્દ્રીયાણાં;
સદા મે સમત્વં ન મુક્તિર્ન બંધ:;
ચિદાનંદરૂપો શિવોઽહં શિવોઽહં. ૬

*

## તારા દિલડાને પૂછી જોજે

તારા દિલડાને પૂછી જોજે રે, કોણ છે કોનું?
તારા મનડાને પૂછી જોજે રે, કોણ છે કોનું? ૧

પિતા કહે પુત્ર મારો, જાણે આકાશે તારો;
ઊગ્યો એ તો ખરવાનો રે, કોણ છે કોનું? ૨

બેની કહે વીરો મારો, જાણે અમૂલ્ય હીરો;
હીરો એ તો ઝેરે ભર્યો રે, કોણ છે કોનું? ૩

પત્ની કહે પતિ મારો, જાણે એ પ્રેમી દરિયો;
દરિયો એ તો ખારો ભર્યો રે, કોણ છે કોનું? ૪

નિશ્ચયથી આત્મા મારો, તે તો સદ્‌ગુરુએ જોયો;
'ઓગે' જોયો જાણ્યો અનુભવ્યો રે, એવો આત્મા છે મારો. ૫

*

શ્રીમદ્ શ્રી ગુરુરાજનો, લહ્યો માર્ગ મેં આય;
લૂંટાવું નહિ લોકથી, જીવન આપ પસાય.
જિન શુદ્ધાતમ નિમિત્તશું, પામી જે નિજ જ્ઞાન;
તિન સંજીવન મૂર્તિકું, માને ગુરુ ભગવાન.

*

દેખો યારોં અજબ તમાસા, ફિર વખત નહીં આને કા;
રામનામ કા લેનાદેના, હાટ ભર્યા સબ સંતોં કા. ટેક.

સદ્ગુરુ મેરા મોદી પુરાના, ભર્યા કિરાણા જ્ઞાનોં કા;
સોદા કર લો રોકડ પાયો, નહીં નહીં કામ ઉધારા કા. દેખો.૦

ભક્તિ જ્ઞાન વૈરાગ્ય ઉઘાડી, થઈ લ્યો જીવન મુક્તિ કા;
ખોલ દયા કોઈ લે લો યારો, યે સોદા નહીં મિલને કા. દેખો.૦

પ્રેમતરાજુ તોલો યારો, ભુરા પારડા ભક્તિકા;
મન ભર તોલે પૂરા સાંઈ, સચ્ચા તોલ ગુરુ ઘટ કા. દેખો.૦

મેરા નરહર નાથ ગુસાંઈ, બનિયા સાહેબની ગુનકા;
હમાલ મહીપતિ ખડા પસરે, પલ્લા યારો લેને કા. દેખો.૦

*

## કાયા અને જીવનો સંવાદ

કાયા જીવને કહે છે રે, ઓ પ્રાણપતિ!
લાડ તો લડાવ્યા સારા, કદી ન કર્યા ટુંકારા;
આજ તો રિસાણા પ્યારા રે. ઓ પ્રાણપતિ૦

ભેળા બેસીને જમાડી, બાગબગીચા ને વાડી;
ફેરવી બેસાડી ગાડી રે. ઓ પ્રાણપતિ૦

અત્તર ફૂલેલ ચોળી, કેસર કસુંબા ઘોળી;
રમ્યા રંગ રસ રોળી રે. ઓ પ્રાણપતિ૦

શણગાર તો સજાવી, આભૂષણોને પહેરાવી;
મોજ મુજને કરાવી રે. ઓ પ્રાણપતિ૦
રોજ તો હરીને રહેતા, પાણી સાટે દૂધ દેતા;
આજે મૌન ધારી બેઠા રે. ઓ પ્રાણપતિ૦
સજ્જનની એવી રીતિ, જેની સાથે કરે પ્રીતિ;
વગડે ન મૂકે રોતી રે. ઓ પ્રાણપતિ૦
કરું છું હું કાલાવાલા, મુજને ન મૂકો, વ્હાલા!
સાથે રાખોને છોગાળા રે. ઓ પ્રાણપતિ૦

---*---

## જીવ કાયાને ઉત્તર આપે છે

જીવ કાયાને સુણાવે રે, ઓ કાયા ભોળી! —ટેક
કાયા તું કામણગારી, પાસમાં પડયો હું તારી;
પ્રભુને મૂક્યા વિસારી રે. ઓ કાયા૦
તારી સાથે પ્રીતિ કરી, જરી ન હું બેઠો ઠરી;
પાપની મેં પોટ ભરી રે. ઓ કાયા૦
ઘણી વાર સમજાવી, હઠીલી ન સાન આવી;
મુજને દીધો ડુબાવી રે. ઓ કાયા૦
નીતિનો પ્રવાહ તોડયો, અનીતિનો પંથ જોડયો;
સજ્જનનો સંગ છોડયો રે. ઓ કાયા૦
સદ્‌ગુણને નિવાર્યા, દુર્ગુણને વધાર્યા;
કથન ન કાન ધાર્યા રે. ઓ કાયા૦
આતમા હું ચિદાનંદી, કાયા તું દીસે છે ગંદી;
તારી સંગે રહ્યો મંદી રે. ઓ કાયા૦

સોબતે અસર આવે, લસણનો સંગ થાવે;
કસ્તૂરી સુગંધ જાવે રે. ઓ કાયા૦

બગડયો હું તારી સંગે, રમ્યો પરરામા રંગે;
કુડાં કૃત્ય કીધાં અંગે રે. ઓ કાયા૦

પારકી થાપણ રાખી, આળ ઓર શિર નાખી;
જૂઠી મેં તો પૂરી સાખી રે. ઓ કાયા૦

પ્રાણ પીંજરામાં પ્યારી, રહ્યો છું કરાર ધારી;
કાયા ના'વે કોઈ લ્હારી રે. ઓ કાયા૦

મારો છેડો છોડો કાયા, કારમી લગાડો માયા;
તારાથી ભોળા ઠગાયા રે. ઓ કાયા૦

કાયાની માયાને છોડી, શુકરાજ ગયા ઊડી;
પ્રાણ પીંજરાને તોડી રે. ઓ કાયા૦

અનીતિનાં કાંમ તમે, સદા તજી પ્રભુ ભજો;
શામળાની શીખ સજો રે. ઓ કાયા૦

---*---

અમે મહેમાન દુનિયાના, તમે મહેમાન દુનિયાના;
સહુ મહેમાન દુનિયાના, છીએ મહેમાન દુનિયાના. ૧

અહીં ઘડી પહોર કે દિન માસ, કે બહુ વર્ષ રહેવાના;
છતાં ક્યારે જશું નક્કી, નહીં એ સાફ કહેવાના. ૨

બરાબર બાજરી ખૂટે, ઊઠીને તૂર્ત જાવાના;
સંબંધી રોકશે તોયે, પછી ના પલક રહેવાના. ૩

પ્રભુની મહેર ત્યાં સુધી, અમો આ ખેલ જોવાના;
નિહાળી વ્યામ તો એની, બઢો આનંદ લેવાના. ૪

જમા કીધું જશું મેલી, નથી કાંઈ સાથ લેવાના;
નથી માલેક તો અંતે, અમો ફૂટી બદામોના. ૫

નથી તો કાંઈ લાવેલા, ન કાંઈ લેઈ જાવાના;
પ્રભુજીના પરોણાને, કશી વાતે કમીના ના. ૬
ભલે વ્હાલા ઊડી જાએ, અમે ન લેશ રોવાના;
અમો પણ એ જ મારગમાં, છીએ આખર જાવાના. ૭

---

ત્યાગ ના ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાય જી;
અંતર ઊંડી ઈચ્છા રહે, તે કેમ કરીને તજાય જી. ૧
વેશ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેશ આછો બન્યો, માંહી મોહ ભરપૂર જી. ૨
કામ ક્રોધ લોભ મોહનું, જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાય જી. ૩
ઉષ્ણ રતે અવનિ વિષે, બીજ ન દીસે બહાર જી;
ધન વરસે વન પાંગરે, ઇંદ્રી વિષય આકાર જી. ૪
ચમક દેખીને લોહ ચળે, ઇંદ્રી વિષય સંજોગ જી;
અણભેટે અભાવ છે, ભેટે ભોગવશે ભોગ જી. ૫
ઉપર તજે ને અંતર્ ભજે, એમ ન સરે અરથ જી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનરથ જી. ૬
ભ્રષ્ટ થયો ભોગ જોગથી, જેમ બગડ્યું દૂધ જી;
ગયું ઘૃત મહી માખણ થકી, આપે થયું અશુદ્ધ જી. ૭
પળમાં જોગી રે ભોગી પળમાં, પળમાં ગ્રહ્યો રે ત્યાગ જી;
નિષ્કુળાનંદ એ નરનો, વણસમજ્યો વૈરાગ્ય જી. ૮

---

માથે કોપી રહ્યો છે કાળ રે, ઊંઘ તને કેમ આવે?
પાણી પહેલાં બાંધી લેને પાળ રે, ઊંઘ તને કેમ આવે?

નથી એકેય ઘડીનો નિર્ધાર રે, ઊંઘ તને કેમ આવે?
આ તો સપના જેવો સંસાર રે, ઊંઘ તને કેમ આવે?
અલ્યા! એળે ખોયો અવતાર રે, ઊંઘ તને કેમ આવે?
તારે માથે છે જમનો માર રે, ઊંઘ તને કેમ આવે?
તારા મનનું ધાર્યું થશે ધૂળ રે, ઊંઘ તને કેમ આવે?
ચાર તોલા છે મણમાં ભૂલ રે, ઊંઘ તને કેમ આવે?
કરી આવ્યો છે ગર્ભમાં કોલ રે, ઊંઘ તને કેમ આવે?
થોલ આવેલું થાય છે કથોલ રે, ઊંઘ તને કેમ આવે?
જોતાં જોતાં આયુષ તૂટી જાય રે, ઊંઘ તને કેમ આવે?
તારા ડહાપણમાં લાગી લાય રે, ઊંઘ તને કેમ આવે?
કાંઠે આવેલું ડૂબશે જહાજ રે, ઊંઘ તને કેમ આવે?
તારે કાજે કહે છે ઋષિરાજ રે, ઊંઘ તને કેમ આવે?

*

પરમેશ્વર ઔર પરમ ગુરુ, દોનોં એક સમાન;
સુંદર કહત વિશેષ પદ, ગુરુતેં પાવે જ્ઞાન. ૧

પરમેશ્વર મેં ગુરુ બસે, પરમેશ્વર ગુરુ માંહી;
સુંદર દોઉ પરસ્પર, ભિન્ન ભાવ કછુ નાંહી. ૨

સર્વજ્ઞ-જ્ઞાન વ્યાપક સકળ, ઘટ ધારે, ગુરુદેવ;
સબ ઘટકો ઉપદેશ હૈ, સુંદર પાવે મેવ. ૩

તન મન ઇંદ્રિય વશકરણ, ઐસા સદ્‌ગુરુ શૂર;
શંક ન આને જગત કી, હરિ સો સદા હજુર. ૪

દ્વંદ્વરહિત નિર્મળ સદા, સુખ દુ:ખ એક સમાન;
ભેદાભેદ ન દેખિયે, સદ્‌ગુરુ ચતુર સમાન. ૫

સમદૃષ્ટિ શીતળ સદા, અદ્‌ભુત જાકી ચાલ;
ઐસા સદ્‌ગુરુ કિજિએ, પલ મેં કરે નિહાલ. ૬

મનસા વાચા કર્મણા, સબહીસેં નિર્દોષ;
ક્ષમા દયા જિનકે હૃદય, લિયે સત્ય સંતોષ. ૭

ભાનુ ઉદય જ્યું હોત હૈ, રજનિ-તમ કા નાશ;
સુખદાયી શીતળ સદા, જાકે હૃદય પ્રકાશ. ૮

સદ્‌ગુરુ પ્રગટે જગત મેં, માનહું પૂરણ ચંદ્ર;
ઘટમાંહીં ઘટસે પૃથક્, લીપત ન કોઉ દ્વંદ્વ. ૯

સદ્‌ગુરુ સુધા સમુદ્ર હૈ, સુધા મહીં હૈ નૈન;
નખ-શિખ સુધા સમાન હૈ, સુધા સો બરખે બૈન. ૧૦

સદ્‌ગુરુ બ્રહ્મસ્વરૂપ હૈ, રૂપ ધારે ઘટ માંહીં;
જિનકે શબ્દ અનુપ હૈ, સુનત સંશય સબ જાહી. ૧૧

ઉર મેં જ્ઞાનપ્રકાશ હોત, કછુ લગે ન બાર;
અંધકાર મિટ જાઈ, કોટી સૂરજ ઉજિયાર. ૧૨

દાદુ સદ્‌ગુરુ કે ચરણ, અધિક અરુણ અરવિંદ;
દુ:ખ હરત તારણ તરણ, મુક્ત કરણ સુખકંદ. ૧૩

નમસ્કાર સુંદર કહત, નિશદિન વારંવાર;
સદા રહો મમ શિરપેં, સદ્‌ગુરુ ચરણ તુમાર. ૧૪

---*---

## શ્રીમદ્ સદ્‌ગુરુ વિરહ પદો

વાસના ક્યાં લગી રહીશ તું વળગી,
  કૃપા કરી થાને તું તો હવે અળગી. વાસના ક્યાં લગી૦ ૧

સ્વરૂપની ભ્રાંતિ કરી ભમાવે, ઊંચનીચ યોનિમાં જન્મ ધરાવે;
  ઝાડ પહાડ થઈ ઘણો કાળ ગમાવે; વાસના ક્યાં લગી૦ ૨

ત્હારે જોગે મલિન થયું મન મારું, રહે વશમાં નહિ અદ્યાપિ યારું;
  શ્રવણ કરી મનન કરે જે સારું. વાસના ક્યાં લગી૦ ૩

મોટા મોટા યોદ્ધા જીત્યા તેં રણમાં, શૂરા પૂરા ડહાપણ ગુણ લક્ષણમાં;
તેને તેં તો ક્ષોભ પમાડયા ક્ષણમાં. વાસના ક્યાં લગી૦ ૪

ઉપમા આપું તુજને આવી, જરૂર છે જીવતી ડાકણ જેવી;
પ્રાણીનાં કાળજાં કાપે એવી. વાસના ક્યાં લગી૦ ૫

પલકમાં બ્રહ્મસદન જઈ બેસે, પલકમાં પાતાળમાં જઈ પેસે;
વ્યાપી રહી દેહમાં સૂક્ષ્મ વેશે. વાસના ક્યાં લગી૦ ૬

શ્રીમદ્ સદ્ગુરુ રહુ કર જોડી, છબીલી ખ્યાલ હમારો છોડી;
કહે એમ આનંદઘન રણછોડ. વાસના ક્યાં લગી૦ ૭

---*---

નૈન હીનકો રાહ દીખા પ્રભુ,
પગ પગ ઠોકર ખાઉં મૈં.

તુમારી નંગરિયાં કી કઠિન ડગરિયા,
ચલત ચલત ગીર જાઉં મૈં પ્રભુ—નૈન હીનકો—

ચહું ઓર મેરે ઘોર અંધેરા,
ભૂલ ન જાઉં દ્વાર તેરા.

એકબાર પ્રભુ હાથ પકડ લો,
મન કા દીપ જલાઉં મૈં પ્રભુ—નૈન હીનકો—

---*---

અબ કી ટેક હમારી
લાજ રાખો ગિરધારી.

જૈસી લાજ રાખી અર્જુન કી, ભારત યુદ્ધ મંજકારી,
સારથી હોકે રથ કો હાંક્યો, ચક્ર સુદર્શન ધારી,
ભક્તન કી ટેક ન ટારી..અબ કી ટેક હમારી.

જૈસી લાજ રાખી દ્રૌપદી કી, હોનન દિની ઉધારી,
ખેંચમ ખેંચમ હો ભુજ થાક્યો, દુઃશાસન-પચિહારી.
ચીર બઢાયો મુરારી...અબ કી ટેક હમારી.
સૂરદાસ કી લાજ રાખો, અબ કો હૈ રખવારી,
રાધે રાધે શ્રીવર પ્યારો, શ્રી વૃષપાન દુલારી,
શરણ તક આયો તિહારી..અબ કી ટેક હમારી.

―――*―――

હેત ભર્યું હૈયું અમીરસથી ઊછળે.
પણ નવજાણું અર્પું કઈ આશીષ જો;
સહુ ઉર સરખી સુખદ વસંત છવાઈ રહી,
પમરે પદ્મપરાગ મધુર ચહુદિશ જો ...હેત ભર્યું૰
શી મનહર ફૂલવાડી આ ફાલી રહી,
કુંજ નિકુંજની મંજરીઓ મલકાય જો;
ગુંજે ભૃંગ અનંત બની મધુમસ્ત જ્યાં,
રમણીય છાઈ લીલી શીળી છાય જો ...હેત ભર્યું૰
સ્નેહ સમાધિ રસમાં સહુ ચકચૂર છે,
પદ્મ ચૂમે ચાહી મન નેહ મધુર જો;
ભાસે વિશ્વ રમંતું રસના અંકમાં,
દસ દિશ રસીલું રેલ્યું એ રસપૂર જો ...હેત ભર્યું૰

એ અમીરસનો સહુને સરખો વારસો,
એ જ તત્ત્વ વિલસે સહુ ઘટના પાર જો;
સહુ સરખી જાતી ન અધિક કે ન્યૂન કો,
સહુમાં સરખો એ ચેતન સંચાર જો ...હેત ભર્યું૰

જે હુંમાં તે સહુમાં, સહુ નું હું વિષે,
પ્રતિ આત્માનો એવો દિવ્ય અભેદ જો;
એ અનુભવમાં ઊંડું સુખ સમજાય છે,
સહજ થતો અંતર ગ્રંથિનો છેદ જો ...હેત ભર્યું૰

આ ઉર ઊછળતો રસ ક્યાં રે જઈ,
વિશ્વપાત્ર ન્હાનકડું ત્યાં ન સમાય જો;
વિશ્વ થકી મમ સ્વરૂપ અનંત ઉદાર છે,
હું વિણ અવર ન સ્થળમાં એ સ્થિર થાય જો ...હેત ભર્યું૦

અથવા મુજ સાથે જે હૈયું મેળવે,
ત્યાં જઈ ઢોળું આ સાગરની ધાર જો;
ગ્રાહક હો તો એ અમીઝરણ ઝીલજો,
એ ભાવે નિવસેં આત્મયી સહચાર જો...હેત ભર્યું૦...

---

અમારે અને જગત વચ્ચે, હજારો કોસ અંતર છે,
જહાંનાં ને અમારા રાહ, ન્યારા એ સદંતર છે;
બની ઘેલું જગત આખું, ફનામાં જે ફસાયું છે,
અરે એ ફંદથી મારું; જીગર ન્યારું નિરંતર છે.

કદી ગુલ સર્વ જે ચુંબો, અમો ત્યાં ભાળતા કાંટા,
તમારાં શોખનાં સદનો, અમોને ભૂતના ભડકા.
અરે આ દિલ ઘડાયું છે, નિરાળાં 'રાજ–તત્ત્વો'થી,
નથી કંઈ મેળ લેતું એ, તમારા શોખની સાથે.

ભરી વસ્તી તમારીમાં, ભમું છું હું પડી ભૂલો,
મને સૌ પૂતળાં ભાસે, નિયમ બળથી ધકેલાતાં;
તમારા હાસ્યમાં ભાળું, ઊંડા કો' શોકની છાયા,
કરુણા રસ નાટકો કંઈ કંઈ, પ્રતિપળ ચશ્મમાં ચડતા.

વિલાસો વૈભવો જગના, અમે જ્યાં ઝીલવા જઈએ,
ફરી બેસી ખરા રૂપે, પૂરો નિર્વેદ પ્રકટાવે;
તમારામાં અમે ભળીએ, હવે એ આશા ખોટી છે,
અમોને જે ન રુચ્યું તે, ભલા! કેવી રીતે ગ્રહીએ?

પ્રભુનાં બાળ સૌ છીએ, પ્રીતિ તમ સર્વમાં મોર,
પરંતુ જે ગમે તેમને, રુચે અમને ન તે જરીએ;
પ્રીતિ તમને અમારામાં, હશે તો આવીને મળજો,
ભલે દિન આજનો પ્યારા, તમારી મસ્તીમાં રમજો.

---*---

યહ ભક્તિ મેં જો મજા થા મુઝે માલૂમ ન થા,
મેરે પ્રારબ્ધ મેં લિખા થા મુઝે માલૂમ ન થા.

જંજાલ માયા કી નિશદિન લગતી થી ગલે,
વો તો સબ છૂટ ગઈ બલા ...મુઝે૦

વૃત્તિ શાંત હુઈ, દિલ કો સંતોષ હુઆ,
અહમ્-મમ ભાવ સે છૂટા ...મુઝે૦

જિસકો ઢૂંઢતા, ફિરતા થા જીવરૂપ હોકે,
સોમેં શિવરૂપ દિખાયા ...મુઝે૦

બિના સદ્ભાગ્ય સે, ચીઝ વો મિલતી નહીં,
ગુરુ કરુણા સે પાયા ...મુઝે૦

---*---

મૂરખો ગાડી દેખી મલકાવે
ઉંમર તારી રેલ તણી પેરે જાવે

૧. સંસારરૂપી સડક બનીને રાગદ્વેષ દોય પાટા,
દેહ ડબાને પલપલ પૈડાં કાપે છે આયખાના આંટા.

૨. કર્મ એંજિન ને કષાય અગ્નિ વિષય વારિમાંહીં ભર્યું,
તૃષ્ણા ભૂંગળું આગળ કરીને ચારે ગતિમાંહી ફર્યું.

૩. પ્રેમરૂપી તો આંકડા વલગાડયા ડબેડબા જોડયા ભાઈ,
પૂરવ ભવની ખર્ચી લઈને, ચેતન બેસાડયો ગાડી માંહીં.

૪. કોઈએ ટિકિટ લીધી નરક તિર્યંચની, કોઈએ લીધી મનુષ્યદેવા,
કોઈએ ટિકિટ લીધી સિદ્ધગતિની, પામવા અમૃતરસ મેવા.

૫. ઘડિયે ઘડિયે ઘડિયાળાં વાગે, રાતદિન એમ વહી જાય;
બોલે સીટી ને ચાલે અગનગાડી, માસમાસના માઈલ આવે.

૬. આયુષ્યરૂપી આવ્યું સ્ટેશન, હંસલો હાલું હાલું થાવે.
પાપે ભરી પાકેટ લઈ જાતાં, કાલ કોટવાલ પકડી જાવે.

૭. લાખચોરાશી જીવાયોનિમાં, જીવડો ફરી ફરી આવે,
સદ્‌ગુરુનો જો ધર્મ આરાધે, તો નિર્ગ્રંથ સુખ પાવે.

———*———

## ડૂબા મૈં જા રહા હૂં કર પાર નૈયા મેરી

૧. ભવસિંધુ હય અપારા, જિસકા ન પાર પાયા,
હેરત મેં આ રહા હૂં ...કર પાર નૈયા મેરી.

૨. મદ ક્રોધ લોભ માયા, તોફાન શિર પે આયા,
ચક્કર મૈં ખા રહા હૂં ...કર પાર નૈયા મેરી.

૩. મિથ્યાત અંધેર છાયા, રસ્તા મેરા ભુલાયા,
ઊલટ મેં જા રહા હૂં ...કર પાર નૈયા મેરી.

૪. પરમાદ ચોર આયા, પરુષાર્થ ધન ચોરાયા,
આલસ મેં આ રહા હૂં ...કર પાર નૈયા મેરી.

૫. તારન તરન તુંહીં હો, ભવદુ:ખ હરન તુંહીં હો,
નિશ્ચે મેં લા રહા હૂં ...કર પાર નૈયા મેરી.

૬. ન્યાયત હય મજે દારા, ટુક દિજીએ મેં સારા,
મેં શિર ઝૂકા રહા હૂં ...કર પાર નૈયા મેરી.

———*———

૧. લઈ અવતાર માનવનો, ભલું તેં શું કર્યું પરનું?
કર્યાં શું સુકૃતો સાચાં, પ્રભુ તે પૂછશે તુજને.

૨. પરણ્યો તું કેટલી લાડી? હતી કૈં મોટરો ગાડી?
વખારો કેટલી કાઢી? નહીં ત્યાં એમ પુછાશે.

૩. પથ્થરના ડુંગરો ફોડયા, જૂનાં ઘર કેટલાં તોડયાં?
ગટર ઘર કેટલાં ખોલ્યાં, નહીં ત્યાં એમ પુછાશે.

૪. થયો સર રાવ બહાદુર કે, થયો જે. પી. ગવર્નર કે?
મળી કેવી'ક મોટાઈ? નહીં ત્યાં એમ પુછાશે.

૫. હતો તું વાણીઓ વીસો? દસો કે અન્ય જાતિનો?
વરણ કે ન્યાતના ભેદો, નહીં ત્યાં એમ પુછાશે.

૬. પતે કે સોગઠે રમતો? ગળે શું હાર તું ધરતો?
હવા ખાવા જતો કે ના? નહીં ત્યાં એમ પુછાશે.

૭. હતો તું કાજી કે પાજી? જમ્યો મિષ્ટાન્ન કે ભાજી?
હતો તું રંક કે રાજા? નહીં ત્યાં એમ પુછાશે.

૮. તમાસા નાટકો જોયાં? જુગારે દામને ખોયાં?
કપાળે ધૂળથી ધોયાં, નહીં ત્યાં એમ પુછાશે.

૯. નિયમ વ્રત પાળીઆ શેના? કર્યાં દુ:ખ દૂર તે કેનાં?
કરી શી સેવ સંતોની, પ્રભુ તે પૂછશે તુજને.

૧૦. કયા પરમાર્થ તેં કીધા? ગુણીજનથી ગુણો લીધા?
સુપાત્રે દાન શું દીધાં? પ્રભુ તે પૂછશે તુજને.

૧૧. કહે કોની પીડા ભાંગી? ક્ષમા નિજ પાપની માંગી?
થયો જિન નામનો રાગી? પ્રભુ તે પૂછશે તુજને.

૧૨. સ્મરણમાં તે સકલ લાવી, જઈ ત્યાં તે રજૂ કરતાં,
ચુકાદો સર્વનો દેશે, તપાસી તુજ સહુ ખાતાં.

૧૩. અસૂયા ભાવ છોડીને, સકલ જગ મૈત્રી જોડીને,
ગુરુનો ધર્મ આરાધ્યો, પ્રભુ તે પૂછશે તુજને.

---

જે કોઈ સદ્‌ગુરુ શરણે જાય, તેના સંશય દૂર પળાય.
કામ-ક્રોધ-મદ-મોહ-મત્સર, આશ-તૃષ્ણા લય થાય,
અતિશયિતાદિક દોષ વિષયના, ઉરમાં નવ દેખાય.... ૧

તેથી દૃઢ વૈરાગ્ય ઊપજે સત્યાસત્ય જણાય,
શમદમ-ઉપરતિ સહન-શક્તિથી, દૃઢ વિશ્વાસ બંધાય... ૨

સમાધાન સ્વરૂપમાં જાણી, ઈચ્છા અતિશય થાય,
વાક્ય વિચાર નિરંતર કરતાં, બ્રહ્મરૂપ દર્શાય... ૩

અજ્ઞપણું તત્કાળ આળસે, નિત્યાનંદ જમાય,
માયિક ભેદ બુદ્ધિ મેલીને, નિજપદ માંહે સમાય... ૪

સમરસ વ્યાપક સચ્ચિદાનંદ, રૂપ થઈ વિલસાય,
મનોહર મરણતણો ભય લાગે, જીવન મુક્ત કહેવાય... ૫

---

કર પ્રભુ સંઘાતે દૃઢ પ્રીતડી રે, મરી જાવું મેલીને ધનમાલ,
અંતે કાળે સગું નહિ કોઈનું રે
સંસ્કારે સંબંધી સર્વ મળ્યાં રે, એ છે જૂઠી માયા કેરી જાળ.

મારું મારું કરીને ધન મેળવ્યું રે, તેમાં તારું નહીં તલભાર,
સુખ સંસારનું સ્વપના જેવું રે, તેને જાતાં ન લાગે વાર.

માટે સેવજે તુ સાચા સંતને રે, તારા ટળશે ત્રિવિધના તાપ,
અતિ મોટા પુરુષને આશરે રે, બળે પૂર્વજન્મનાં પાપ.

એવું સમજીને ભજ ભગવાનને રે, સુખકારી સદા ઘનશ્યામ,
દેવાનંદનો વ્હાલો દુ:ખ કાપશે રે, મન વાંછિત પૂરણ કામ.

---

દાવ છે દાવ છે દાવ છે રે, નર ચેતી લે ચેતવાનો દાવ છે,
નિશ્ચે નિશાનનો ઠરાવ છે રે. ...નર ચેતી લે૦

દેહ જુદાં પણ સોહં સરવમાં, સરખે નગારે ઘાવ છે રે.
...નર ચેતી લે૦

નામ રૂપ કચરો દૂર કરીને, અસ્તિ-ભાતિ પ્રિયતાનો ભાવ છે રે.
...નર ચેતી લે૦

નાથ કહે ગુરુ રાજકૃપાથી, મારે તો મારો પ્રભાવ છે રે.
...નર ચેતી લે૦

---*---

એક છે એક છે એક છે રે દૃષ્ટા સાક્ષી સરવમાં એક છે,
મૂઢ મતિમાં અનેક છે રે. દૃષ્ટા સાક્ષી૦

વણખા મસાલોને દિવા અનેક છે, વન્દીમાં સૌનો વિવેક છે,
નામ રૂપ મિથ્યા માયા તણો રે, જેને સ્વરૂપનું ટેક છે રે.
દૃષ્ટા સાક્ષી૦

નાથ કહે તે જે જન સમજે, તેના કરમની રેખ છે રે.
દૃષ્ટા સાક્ષી૦

---*---

લગની તો સદ્‌ગુરુ શું લાગી, જે તન મન ધન આશા ત્યાગી.

સાંભળ વારત કહું સાહેલી,
કીધાં રે મેં તો બલિયાજી બેલી;
માથું રે પહેલું પાશંગમાં મેલી. ...લગની૦

સુગુરુ વિના બીજો જો ધારું,
તેથી તો જીવિત બગડે છે મારું;
જીતી બાજી હાથે શું હારું? ...લગની૦

સદ્‌ગુરુ વિના બીજા જો વરિયે,
ગજે ચઢી ખચ્ચર કેમ ચઢિયે?
એવું જીવ્યાથી ભલું જો મરિયે. ...લગની૦

ન ડરે એ તો લોકતણી લાજે,
કે શિર ઉપર રાજેશ્વર ગાજે;
દેહ ધર્યો પરમારથ કાજે. ...લગની૦

મર્યાદા મેં તો લોકતણી મેટી,
પ્હેરી રે મેં તો પ્રેમતણી પેટી;
શ્રી લઘુરાજના સ્વામીને ભેટી. ...લગની૦

---*---

જીવનની આ પળ અણમોલ, તારા અંતર પટને ખોલ,
એક વાર તો પ્રેમેથી બોલ, સહજાત્મ સ્વરૂપે પરમગુરુ,
સહજાત્મસ્વરૂપ પરમગુરુ સહજાત્મ...

શાસ્ત્રો કહે છે વગાડી ઢોલ, મરતાં પહેલાં બાંધી તોડ,
એક વાર તો પ્રેમથી બોલ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ...

ઈશ્વર કેરી આ માયાને, તું પોતાની માને છે.
તારા દિલમાં જામેલી એ, ભ્રાંતિ તુજને બાંધે છે,
ભલે કમાઈ લે લાખ કરોડ, ખોટી તારી દોડાદોડ.
એક વાર તો પ્રેમેથી બોલ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ...

ઘર મારાથી ના છૂટે, એ ખોટું તારું બહાનું છે,
બાપદાદા જ્યાં વસી ગયા, એ એક મુસાફિરખાનું છે,
રાગદ્વેષના બંધન છોડ પુણ્ય તણું ભાતુ (નાતુ) તું જોડ,
એક વાર તો પ્રેમેથી બોલ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ...

ભૂલ થયેલી સુધારી લે એજ ખરો આદિ માનવ છે,
હારી બાજી જીતી લે એમાં ત્હારું ડહાપણ છે.

આપી આવ્યો પ્રભુને કોલ ભક્તિરસમાં હૈયું ઝબોળ;
એક વાર તો પ્રેમેથી બોલ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ...

સત્સંગના સંગીત મહીં તું હરિના ગુણલાં ગાતો જા,
અવસર આવ્યો ફરી ન આવે, સાચો માનવ બનતો (થાતો) જા.

એક વાર તો પ્રેમથી બોલ, સહજાત્મસ્વરૂપ પરમગુરુ...

---*---

૧. આતમ ઔર પરમાત્મા, અલગ રહે બહુ કાલ,
સુંદર મેલા કર દિયા, સદ્ગુરુ મિલા દલાલ.

૨. ભેદી લિયા સાથ મેં વસ્તુ દિયા બતાય,
કોટિ જનમ કા પંથ થા, પલમાં દિયા છુડાઈ.

૩. ચાર ખાણ મેં ભટકતા, કબહું ન લાગત પાર,
સો તો ફેરા મિટ ગયા, સદ્ગુરુ કે ઉપકાર.

૪. મન મારન કી ઔષધિ, સદ્ગુરુ દેત દિખાય,
ઇચ્છિત પરમાનંદ કો, સો સદ્ગુરુ શરણે જાય.

૫. ગુરુ બિન જ્ઞાન ન ઊપજે, ગુરુ બિન મિલે ન ભેદ,
ગુરુ બિન સંશયના મિટે, જય જય જય શ્રી ગુરુદેવ.

૬. તુલસી જગત મેં આય કે, કરી લિજે દો કામ,
દેને કો ટુકડા ભલા લેને કો હરિનામ.

૭. કબીર કહે કમાલકું દો બાતેં લિખ લે,
કર સાહેબની બંદગી ભૂખા કો કુછ દે.

૮. લેને કો હરિનામ હૈ દેને કો અન્નદાન,
તરને કો આધીનતા, બૂડને કો અભિમાન.

૯. મુફ્ત મનુષ તન પાય કે, જોન ભજન ગુરુરાજ,
સો પીછે પછતાયેંગે, બહુત ઘિસેંગે હાથ.

૧૦. સતિયા સત નવ છોડિયે, સત છોડયે પત જાય,
સનકી બાંધી લક્ષ્મી, ફિર મિલેગી આય.

---*---

અબ સૌંપ દિયા ઈસ જીવન કો,
ભગવાન તુમ્હારે ચરણોં મેં;
મૈં હૂં શરણાગત પ્રભુ તેરા,
રહો ધ્યાન તુમ્હારે ચરણોં મેં.

મેરા નિશ્ચય એક હી વહી,
મૈં તુમ ચરણોં કા પુજારી બનું;
અર્પણ કર દૂં દુનિયાભર કા;
સબ પ્યાર તુમ્હારે ચરણોં મેં.

મેં જગ મેં રહૂં તો ઐસે રહૂં,
જ્યું જલ મેં કમલ કા ફૂલ;
હૈ મન વચન કાયા હૃદય અર્પણ,
ભગવાન તુમ્હારે ચરણોં મેં.હ્મ

જહાં તક સંસાર મેં ભ્રમણ કરું,
તુજ ચરણોં મેં જીવન કો ધરું;
તુમ સ્વામી મેરા, મૈં સેવક તેરા,
ધરું ધ્યાન તુમ્હારે ચરણોં મેં.

મૈં નિર્ભય હૂં તુમ્હારે ચરણોં મેં,
આનંદ મંગલ હૈ જીવન મેં,
રિદ્ધિસિદ્ધિ ઔર સંપત્તિ સબ,
મિલ ગઈ હૈ પ્રભુ તુજ ચરણો મેં.

મેરી ઈચ્છા બસ એક પ્રભુ;
એક બાર તુઝે મિલ જાઊં મૈં;

ઈસ સેવક કી એક રગરગ કા,
હો તાર તુમ્હારે હાથોં મેં.

---

હું ડગલે ડગલે દંભ કરૂ
મને દુનિયા માને ધર્માત્મા પણ શું ભર્યું મારા મનડામાં
એક વાર જુઓને પરમાત્મા ......... હું ડગલે. ૧.

હું સ્વાંગધરૂછું સેવકનો
પણ સેવા કરતાં શરમાવું છું
શનમાન મળે છે ફોગટમાં લેવામાં ના હું અચકાવું
હું ડગેલે.........૨

હું ઢોંગ ધરૂછું ધર્મીનો પણ ધર્મ ન વસ્યો મારા હૈયામાં
બેહાલ ફરતી ભલે દુનિયા મારે સુવુ સુખની સૈયામાં
હું ડગલે ......... ૩.

હું દાન દઉંછું દોલતનું એ દોલત ક્યાંથી લાવુંછું
લાચાર જનોને લુંટુંછું તોયે દાતા કહેવાવું છું.
હું ડગલે ......... ૪

હું વેશ લઉં વૈરાગીનો ને વંદન સહુના પામુંછું.
પચરંગી પીછા ઓઢીને હું સાચી જાત છુંપાવુંછું.
હું ડગલે ......... ૫

---

મહાપ્રભુશ્રી રાજચંદ્ર પ્રગટ પુરુષોત્તમરાય,
ક્ષમા યાચું હું મહાપર્વ પર મેં કર્યા દોષ ઘણાય.
આજ સુધીના બધા દોષની કરો કૃપા કરી માફ,
હવે પછી પણ કોઈ ન થાઓ, સદા રહો દિલ સાફ.

દોષ સર્વના માફ કરી હું હળવો થાઉં આજ,
સર્વે પ્રાણી પાસે માગું છું માફી હું મહારાજ.

સહજ સ્વભાવ ભણી નજર રહો મુજ આપ હૃદયમાં આવો,
પર પ્રત્યે તજી રાગદ્વેષ લ્યો સર્વ મોક્ષનો લ્હાવો.

———*———

ૐ

## શ્રીમદ્ સદ્ગુરવે નમો નમ:

અહો! અહો! શ્રી સદ્ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર.

શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ, દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.

ષટ્ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ;
મ્યાન થકી તરવારવત્, એ ઉપકાર અમાપ.

જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.

પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીનાં ચરણમાં, હો વંદન અગણિત.

———*———

## પ્રણિપાત સ્તુતિ

હે પરમકૃપાળુ દેવ!

જન્મ, જરા, મરણાદિ સર્વ દુ:ખોનો અત્યંત ક્ષય કરનારો એવો વીતરાગ પુરુષનો મૂળ માર્ગ આપ શ્રીમદે અનંત કૃપા કરી મને આપ્યો, તે અનંત ઉપકારનો પ્રતિઉપકાર વાળવા હું સર્વથા અસમર્થ છું. વળી આપ શ્રીમત્ કંઈ પણ લેવાને સર્વથા નિ:સ્પૃહ છો, જેથી હું મન, વચન, કાયાની એકાગ્રતાથી આપનાં ચરણારવિન્દમાં નમસ્કાર કરું છું.

આપની પરમભક્તિ અને વીતરાગપુરુષના મૂળધર્મની ઉપાસના મારા હૃદયને વિષે ભવપર્યંત અખંડ જાગ્રત રહો એટલું માગું છું તે સફળ થાઓ.

ૐ શાંતિ: શાંતિ: શાંતિ:

**શ્રીમદ્ રાજચંદ્ર** (પત્રાંક ૪૧૭)

# કક્કાવારી પ્રમાણે પદોની સૂચિ


| પદ | પૃષ્ઠ |
|---|---|
| અખંડ ઘરને વરી સાહેલી ... | ૩૯૨ |
| અખિલ બ્રહ્માંડમાં સાર ... | ૨૦૭ |
| અચપલ રોગ રહિત ... | ૯૪ |
| અજિત અજિત જિન ... | ૨૫૩ |
| અજિત જિણંદશું પ્રીતડી ... | ૨૫૨ |
| અજિત દેવ મુજ વાહાલાં ... | ૩૫૭ |
| અજીતવીર્ય જિન વિચરતા રે | ૩૪૯ |
| અતિ આનંદકારી ... | ૧૯૪ |
| અતિ રૂડી રે અતિ રૂડી ... | ૩૩૩ |
| અનંત અનંત ભાવભેદથી ... | ૪ |
| અનંત ચોવીશી જિન નમું ... | ૨૧ |
| અનંત જિણંદ અવધારીએ ... | ૨૮૧ |
| અનંત જિણંદશું ... | ૨૮૦ |
| અનંતવીરજ જિનરાજનો ... | ૩૩૦ |
| અપૂર્વ અવસર એવો ... | ૪૭ |
| અબ કી ટેક હમારી ... | ૪૩૧ |
| અબ ચલો સંગ હમારે ... | ૩૮૩ |
| અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ... | ૫ |
| અબ તો મેરા રામનામ ... | ૩૮૮ |
| અબ મેં સાચો સાહિબ ... | ૪૧૮ |
| અબ સૌંપ દિયા ... | ૪૪૧ |
| અબ હમ અમર ભયે ... | ૩૮૦ |
| અભિનંદન જિન ... | ૨૫૬ |
| અમને અંત સમય ... | ૨૨૫ |
| અમારે અને જગત વચ્ચે ... | ૪૩૩ |
| અમે આવ્યા તમારે ... | ૪૧૫ |
| અમે ઘેલાં થયા બાઈ રે ... | ૩૯૫ |
| અમે મહેમાન દુનિયાના ... | ૪૨૭ |
| અરજ સુણો એક ... | ૨૬૭ |
| અરનાથ અવિનાશી ... | ૨૯૪ |
| અરિજન દરિશન દીજીયેજી... | ૩૪૮ |
| અરિહંત નમો ભગવંત ... | ૩૬૫ |
| અર્કપ્રભા સમ બોધ ... | ૯૫ |
| અવધૂ કયા માગું ... | ૩૮૩ |
| અષ્ટભવાંતર વાલહી ... | ૩૦૩ |
| અહો! અહો! ઉપકાર ... | ૨૩૦ |
| અહો! અહો! શ્રી સદ્‌ગુરુ ... | ૪૪૩ |
| અહો! અહો! શ્રી સદ્‌ગુરુ કરુણાસિંધુ ... | ૧૯ |
| અહો! રાજચંદ્ર દેવ ... | ૧૭૭ |
| અહો! શી શાંતરસ ... | ૨૩૪ |
| અહો! શ્રી સત્પુરૂષ કે ... | ૩ |
| અહો! સત્પુરુષનાં વચાનમૃત | ૧ |
| અંગૂઠે સૌ તીરથ વસતાં ... | ૨૪૧ |
| અંતે સંતને તેડાવે ... | ૪૦૭ |
| અંધેરી દુનિયા ભજન ... | ૪૧૫ |
| આ ભવ ને ભવોભવ મહીં... | ૧૨૧ |
| આ સંસાર અપાર ... | ૨૦૧ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| આજ ગઈ'તી હું ... | ૩૭૩ |
| આજ ગુરુરાજને ગાઈએ ... | ૨૧૦ |
| આજની ઘડી તે રળિયામણી | ૪૦૧ |
| આજ દેવદિવાળીનો ... | ૧૭૮ |
| આજ નમિ જિનરાજને ... | ૩૦૨ |
| આજ મને ઉછરંગ અનુપમ.. | ૮૦ |
| આજ મારા સભામંડપમાં ... | ૧૮૯ |
| આજ સફળ દિન મુજ ... | ૩૫૦ |
| આજ સુહાગન નારી ... | ૩૭૭ |
| આતમ ઔર પરમાત્મા ... | ૪૪૦ |
| આતમ સાખે ધર્મ જે ... | ૧૯૯ |
| આત્મપ્રદેશ રંગ થલ અનોપમ | ૩૨૨ |
| આત્માર્થે કરીને ખામણા ... | ૧૨૦ |
| આપ વિના અકળાવે ... | ૨૧૩ |
| આપ સ્વભાવ મેં રે ... | ૪૧૮ |
| આપ્ત પુરુષ ગુરુરાજ ... | ૧૦૫ |
| આવ્યું આવ્યું અનુપમ ... | ૧૭૯ |
| આશા ઔરન કી ... | ૩૭૮ |
| ઇચ્છું નિશદિન એવું દેવ ... | ૩૯૭ |
| ઇચ્છે છે જે જોગીજન ... | ૮૬ |
| ઈતના તો કર હો ... | ૪૨૨ |
| (ઋ માટે "ર"માં જુઓ) | |
| એ અડ દિઠ્ઠી કહી ... | ૯૬ |
| એક છે એક છે એક છે ... | ૪૩૮ |
| એક જ દે ચિનગારી ... | ૩૯૬ |
| એવી મહાપદ કેરી ... | ૪૧૪ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| ઐસે સ્વામી સુપાર્શ્વ સે ... | ૩૫૯ |
| ઓથ હમારે હે ગુરુ ... | ૨૪૩ |
| કડવાં ફળ છે ક્રોધનાં ... | ૧૪૯ |
| કર પ્રભુ સંઘાતે ... | ૪૩૭ |
| કરના ફકીરી તબ ... | ૩૮૯ |
| કરીને અમને અનાથ ... | ૨૨૮ |
| કરો સાચા રંગ ... | ૩૪૩ |
| કલ્યાણનું મંદિર અને ... | ૧૬૫ |
| કહા કિયો તુમે ... | ૩૫૨ |
| કહો કહાં ઢૂંઢૂંજી ... | ૨૨૩ |
| કહો કૃપાળુ રે ... | ૨૨૦ |
| કાયા જીવને કહે છે ... | ૪૨૫ |
| કાલ અનંત ભમ્યો ... | ૨૬ |
| કાં રથ વાળો હો ... | ૩૦૬ |
| કિત જાન મતે હો ... | ૩૭૯ |
| કીચસૌ કનક જાકૈ ... | ૨૪૮ |
| કીધાં હશે કુકર્મ દેહે ... | ૧૨૧ |
| કુંથુ જિણંદ કરુણા ... | ૨૯૧ |
| કૃપાળુ દેવને વંદી ... | ૨૪૮ |
| કૌન ઉતારે પાર ... | ૨૩ |
| કૌન સુધારત કાજ ... | ૨૨૧ |
| ક્યું જાણું ક્યું બની ... | ૨૫૬ |
| ક્ષમાપનાના પત્રો ... | ૧૨૩ |
| ખોલો ખોલો (૨) ખોલો ... | ૪૦૦ |
| ગાઓ ગાઓ મુમુક્ષુ ... | ૨૩૮ |
| ગિરુઆ રે ગુણ તુમ ... | ૩૧૬ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| ગુરુ ઘેર આવ્યા તે ... | ૧૮૬ |
| ગુરુરાજ આનંદ ધામે ... | ૨૧૪ |
| ગોવિંદો પ્રાણ અમારો ... | ૩૮૪ |
| ગ્રંથારંભ પ્રસંગ રંગ ... | ૬૨ |
| ઘેલાં અમે ભલે થયાં રે ... | ૩૮૯ |
| ચઉ કષાય પાતાલ કળશ ... | ૩૫૩ |
| ચરમ જિણેસર વિગત ... | ૩૧૨ |
| ચંદ્રપ્રભ જિન સાહેબા ... | ૨૬૪ |
| ચંદ્રબાહુજિન સેવના ... | ૩૩૮ |
| ચંદ્રયશાજિન રાજીઓ ... | ૩૪૮ |
| ચાલો રે સખી સદ્‌ગુરુ ... | ૧૮૪ |
| ચિંતવ પદ પરમાતમ | ૧૦૦/૧૦૧ |
| ચેતન! ઐસા જ્ઞાન ... | ૩૮૧ |
| ચેતન! શુદ્ધાતમકું ... | ૩૮૦ |
| ચેતે તો ચેતાવું ... | ૪૧૦ |
| ચોવીશ દંડક વારવા ... | ૩૭૦ |
| ચોવીશે જિનગુણ ગાઈએ ... | ૩૧૫ |
| છ પદનો પત્ર ... | ૧૨ |
| જગત દિવાકર જગત ... | ૨૮૭ |
| જગતારક પ્રભુ વીનવું ... | ૩૨૬ |
| જગત મેં ખબર નહીં ... | ૪૧૭ |
| જગત દિવાકર શ્રી નમીશ્વર... | ૩૪૪ |
| જડ ને ચૈતન્ય બન્ને ... | ૬ |
| જડભાવે જડ પરિણમે ... | ૮૨ |
| જન્મ મરણનાં દુઃખ તણો ... | ૨૧૯ |
| જન્મ્યા કળિકાળ કેવળી ... | ૧૯૫ |
| જય જગત ત્રાતા ... | ૧૭૬ |
| જય જય આરતી ... | ૫૫ |
| જય દેવ, જય દેવ ... | ૫૬ |
| જલદી ખબર લેના ... | ૩૮૬ |
| જળહળ જ્યોતિસ્વરૂપ તું ... | ૬૩ |
| જાગી જો જીવ તું ... | ૨૦૦ |
| જાય છે જગત ચાલ્યું ... | ૪૧૧ |
| જિનવર કહે છે જ્ઞાન ... | ૮૩ |
| જિનશાસનના જ્યોતિર્ધર ... | ૧૮૦ |
| જિમ પ્રીતિ ચંદ્ર ચકોરને ... | ૩૩૨ |
| જિમ મધુકર મન માલતી રે | ૩૩૧ |
| જીવ કાયાને સુણાવે ... | ૪૨૬ |
| જીવન જ્યોત જગાવો ... | ૩૯૬ |
| જીવનની આ પળ અણમોલ | ૪૩૯ |
| જૂનું તો થયું રે દેવળ ... | ૩૯૩ |
| જે કોઈ સદ્‌ગુરુ શરણે ... | ૪૩૭ |
| જે સ્વરૂપ સમજ્યા વિના ... | ૩૪ |
| જો હોય પૂર્વ ભણેલ ... | ૮૩ |
| જ્યાં જ્યાં નજર મારી ... | ૨૩૧ |
| જ્યાં લગી આતમા ... | ૪૦૩ |
| ઝૂકાવ્યું ભક્તિમાં જેણે ... | ૨૧૦ |
| ઝેર તો પીધાં છે જાણી જાણી | ૩૯૩ |
| તપોપધ્યાને રવિરૂપ થાય ... | ૭૨ |
| તાર હો તાર પ્રભુ ... | ૩૧૪ |
| તારા દિલડાને પૂછી ... | ૪૨૪ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| તારાં દર્શન માત્રથી દેવ ... | ૨૧૮ |
| તીન ભુવન ચૂડારતન ... | ૪ |
| તુંને સંસારસુખ કેમ સાંભરે... | ૨૪૫ |
| તુમરે કારણ સબ ... | ૩૯૨ |
| તુમે બહુમૈત્રી રે ... | ૨૭૧ |
| તુમે લક્ષણ જોજો ... | ૧૫૦ |
| તોરણથી રથ ફેરી ... | ૩૦૫ |
| ત્યાગ ના ટકે રે ... | ૪૨૮ |
| ત્રીજી દષ્ટિ બલા કહીજી ... | ૯૧ |
| ત્રીસ વરસ સુખી ... | ૨૩૨ |
| થાશું પ્રેમ બન્યો છે ... | ૨૮૪ |
| દવ તો લાગેલ ડુંગર મેં ... | ૩૮૭ |
| દયાળુ દીનાનાથ ... | ૧૭૬ |
| દરિસન પ્રાણજીવન ... | ૩૮૧ |
| દર્શન તારા દષ્ટિમાં ... | ૯૦ |
| દર્શન દ્યો ગુરુરાજ ... | ૨૧૩ |
| દાવ છે દાવ છે ... | ૪૩૮ |
| દીઠો દરિશણ શ્રી પ્રભુજીનો ... | ૩૩૭ |
| દીઠો સુવિધિ જિણંદ ... | ૨૬૬ |
| દીપાવે જે મુગટમણિનાં ... | ૧૫૭ |
| દીવડા વિના રે અંધારું ... | ૩૯૪ |
| દીવો રે દીવો પ્રભુ | ૫૬/૫૭ |
| દુર્લભ ભવ લહી ... | ૩૧૬ |
| દુઃખ ટળિયાં મુખ દીઠે ... | ૩૫૩ |
| દુઃખ દોહગ દૂરે ... | ૨૭૬ |
| દષ્ટિ આઠમી સાર ... | ૯૫ |
| દષ્ટિ થિરા માંહે દર્શન ... | ૯૩ |
| દેખો યારોં અજબ ... | ૪૨૫ |
| દેવ કૃપાળુ દેવ ... | ૨૦૦ |
| દેવ વિશાલ, જિણંદની ... | ૩૩૨ |
| દેવરાયનો નંદ ... | ૩૪૭ |
| દૂર કાં પ્રભુ ... | ૩૯૮ |
| ધન્ય ગુરુરાજ! ... | ૧૮૮ |
| ધન્ય તું ધન્ય તું ... | ૩૨૪ |
| ધન્ય દિન વેલા ... | ૨૮૮ |
| ધન્યે રે દિવસ આ અહો ... | ૯૭ |
| ધન્ય રે દિવસ આ અહો, જાગી રે ... | ૮૫ |
| ધંન્ય તે ભૂમિ વવાણિયા ... | ૨૦૮ |
| ધરમનાથ તુજ સરીખો ... | ૩૪૨ |
| ધર્મ જગનાથનો ... | ૨૮૨ |
| ધર્મ જિનેસર ગાઉં ... | ૨૮૨ |
| ધર્મ તત્ત્વ જો પૂછ્યું મને ... | ૬૯ |
| ધાર તરવારની સોહ્યલી ... | ૨૭૮ |
| ધ્રુવપદ રામી હો સ્વામી ... | ૩૦૮ |
| નમિ નમિ નમિ નમિ વીનવું | ૩૩૬ |
| નાભિનંદનનાથ, વિશ્વવંદન ... | ૬૩ |
| નાથ તેરે દર્શન કી ... | ૨૦૨ |
| નાથ હું જેવો તેવો પણ ... | ૨૧૯ |
| નિરાધાર કેમ મૂકી ... | ૩૮૨ |
| નિસાની કહાં બતાવું રે ... | ૩૭૮ |
| નીરખીને નવયૌવના ... | ૬૨ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| નૃપ ગજસેન જસોદા ... | ૩૪૨ |
| નેમિ જિણેસર નિજ ... | ૩૦૫ |
| નૈન હીન કો રાહ દીખા ... | ૪૩૧ |
| પતિ પરમકૃપાળુ મારા ... | ૧૯૭ |
| પતિત જન પાવની ... | ૩૪ |
| પદ્મપ્રભ જિન જઈ અલગા... | ૨૬૧ |
| પદ્મપ્રભ જિન તુજ-મુજ ... | ૨૬૦ |
| પદ્મપ્રભ જિન દિલ સે ... | ૩૫૯ |
| પદ્મપ્રભ જિન સાંભળો ... | ૩૨૬ |
| પરકમ્મા કરીને લાગું પાય ... | ૧૮૩ |
| પરમ કૃપાળુ દીન દયાળુ ... | ૪૧૦ |
| પરમ કૃપાળુ દેવ ... | ૫૮ |
| પરમેશ્વર ઔર પરમ ગુરુ ... | ૪૨૯ |
| પરિપૂર્ણ જ્ઞાને ... | ૬૫ |
| પંથ પરમપદ બોધ્યો ... | ૮૪ |
| પંથડો નિહાળું રે ... | ૨૫૨ |
| પૂજના તો કીજે રે ... | ૨૭૩ |
| પ્યારે દરસન દીજ્યો ... | ૩૯૧ |
| પ્રણમું ચરણ પરમ ... | ૩૧૮ |
| પ્રણિપાત સ્તુતિ ... | ૪૪૪ |
| પ્રથમ નમું ગુરુરાજને ... | ૨૧ |
| પ્રભુ આટલું મને ... | ૪૨૦ |
| પ્રભુ! તેરે નયન કી ... | ૩૫૮ |
| પ્રભુ વિના બીજે ક્યાંય ... | ૩૯૦ |
| પ્રભુજી, મન માને જબ ... | ૩૮૭ |
| પ્રભુનું નામ રસાયણ સેવે ... | ૩૯૯ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| પ્રભુજીશું બાંધી પ્રીતડી ... | ૨૫૯ |
| પ્રભુજીશું લાગી હો ... | ૨૭૪ |
| પ્રભો! અન્તર્યામી ... | ૪૦૦ |
| પ્રલાપો પ્રેમીના દિલના ... | ૩૯૫ |
| પ્રીત કી રીત નહીં હો ... | ૩૮૦ |
| પ્રીત પૂરવની રે ... | ૩૮૫ |
| પ્રેમનો પંથ છે ન્યારો ... | ૪૧૩ |
| બહિરાત્મ ભાવે હે પ્રભુ ... | ૧૦૯ |
| બહુ પુણ્ય કેરા પુંજથી ... | ૬૧ |
| બાહુજિણંદ દયામયી ... | ૩૧૯ |
| બાળપણે આપણ ... | ૨૫૧ |
| બિના નયન પાવે નહીં ... | ૬૦ |
| બીજાં સાધન બહુ કર્યાં ... | ૮૨ |
| બેહેર બેહેર નહીં ... | ૩૮૨ |
| ભક્તિ કરતાં છૂટે ... | ૪૨૧ |
| ભલે દુશ્મન બને ... | ૪૧૯ |
| ભવસિંધુ હય અપારા ... | ૪૩૫ |
| ભિન્ન ભિન્ન મત દેખીએ ... | ૭૮ |
| ભુજંગદેવ ભાવે ભજો ... | ૩૩૯ |
| ભૂલો ભલે બીજું બધું ... | ૨૨૦ |
| ભૂલ્યો મન ભમરા તું ... | ૪૦૫ |
| મન ફૂલા ફૂલા ફિરે ... | ૪૦૪ |
| મનડું કિમહિ ન બાજે ... | ૨૮૯ |
| મનમંદિર આવો રે ... | ૨૪૫ |
| મને મળિયા શ્રી ... | ૧૮૧ |
| મને મળ્યા ગુરુવર ... | ૪૧૨ |

| પદ | પૃષ્ઠ | પદ | પૃષ્ઠ |
|---|---|---|---|
| મનોબુદ્ધિ અહંકાર | ... ૪૨૩ | મૂળ મારગ સાંભળો | ... ૫૧ |
| મરુદેવીનો નંદ | ... ૩૬૯ | મૂંગા વાચા પામતા | ... ૧૭૪ |
| મલકતું મુખ પ્રભુશ્રીનું | ... ૨૪૨ | મેરે સાહેબ તુમ હી હો | ... ૩૬૨ |
| મલ્લિ જિણેસર | ... ૩૪૯ | મેં કીનો નહીં તુમ | ... ૩૬૦ |
| મહાદેવ્યા: કુક્ષિરત્નં | ૧૬/૫૨ | મોતી તણી માળા ગળામાં | ... ૬૬ |
| મહાપ્રભુશ્રી રાજચંદ્ર | ... ૪૪૨ | મોરા સ્વામી | ... ૩૩૧ |
| મહાભદ્ર જિનરાજ | ... ૩૪૬ | મોહે લાગી લટક | ... ૩૯૩ |
| મંદિરના શિખરે | ... ૨૦૯ | મોહન મુજરો લેજો | ... ૩૬૪ |
| મંદિરે પધારો સ્વામી | ... ૨૨૬ | મોહિનીભાવ વિચાર | ... ૭૦ |
| માથે કોપી રહ્યો છે | ... ૪૨૮ | યમનિયમ સંજમ | ... ૯ |
| મારગ દેશક મોક્ષનો | ... ૩૭૧ | યહ ભક્તિ મેં જો | ... ૪૩૪ |
| મારગ સાચા મિલ ગયા | ... ૮૧ | યા પુદ્‌ગલ કા કયા | ... ૩૮૨ |
| મારી નાડ તમારે હાથે | ... ૩૯૭ | યોગદષ્ટિ ચોથી કહીજી | ... ૩૯૧ |
| મારું મનડું વીંધાણું | ... ૩૮૮ | યોગી એકીલા રે! | ... ૪૧૬ |
| મારે આવ્યો અલૌકિક | ... ૪૧૩ | રાણાજી! મ્હાંને યા | ... ૩૯૪ |
| મારે દિવાળી થઈ | ... ૩૭૨ | રાજ હૃદયમાં રમજો | ... ૨૧૧ |
| મારે માથે રાજ ધણી | ... ૨૦૩ | રાજુલ કહે છે શામળા | ... ૩૬૭ |
| મિલાપી આન મિલાવો | ... ૩૭૯ | રાત રહે જ્યાહરે | ... ૪૦૨ |
| મુખડાની માયા લાગી | ... ૩૯૦ | રામ રાખે તેમ રહિયે | ... ૩૯૧ |
| મુજ અરજ સુણો | ... ૨૯૨ | રામસભામાં અમે | ... ૪૦૨ |
| મુજ મન પંકજ | ... ૩૫૨ | રીસાની આપ મનાવો | ... ૩૭૫ |
| મુજને દાસ ગણીજે | ... ૩૬૬ | રૂપ અનૂપ નિહાળી | ... ૩૬૩ |
| મુનિસુવ્રત જિનરાય | ... ૨૯૮ | ઋષભ જિણંદશું | ... ૨૫૦ |
| મુનિસુવ્રત જિન વંદતાં | ... ૨૯૯ | ઋષભ જિનરાજ મુજ | ... ૩૫૪ |
| મૂકું પગ મહેલમાં | ... ૪૨૨ | ઋષભ જિનંદા | ... ૩૧૮ |
| મૂરખો ગાડી દેખી | ... ૪૩૪ | ઋષભ જિનેશ્વર પ્રીતમ | ... ૨૪૯ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| ઋષભદેવ હિતકારી | ... ૩૫૬ |
| રે જીવ! માન ન | ... ૧૪૯ |
| રે મૂર્ખ કોઈ લાગતામાં | ... ૨૪૪ |
| લઈ અવતાર માનવનો | ... ૪૩૬ |
| લગની તો સદ્‌ગુરુ | ... ૪૩૮ |
| લઘુ વયથી અદ્‌ભુત | ... ૭૭ |
| લઘુરાજ પ્રભુ મહારાજ | ... ૨૩૬ |
| લાખ લાખ દીવડાની | ... ૧૮૫ |
| લોક પુરુષસંસ્થાને કહ્યો | ... ૭૮ |
| વંદો પાંચો પરમગુરુ | ... ૨૩ |
| વંદો વંદો રે | ... ૩૫૧ |
| વર્ધમાન વચને તદા | ... ૩૭૫ |
| વહારું મારા વીરા રે | ... ૩૮૭ |
| વીર જિનેશ્વર પરમેશ્વર | ... ૩૧૩ |
| વામાનંદન જિનવર | ... ૩૧૦ |
| વામાનંદન હો પ્રાણ | ... ૩૧૧ |
| વારસ અહો! મહાવીરના | ... ૩૭૪ |
| વાસના ક્યાં લગી રહીશ | ... ૪૩૦ |
| વાસુપૂજ્ય જિન | ... ૨૭૨ |
| વાસુપૂજ્ય જિન વાહલા | ... ૩૩૭ |
| વિદ્યુતલક્ષ્મી–ભાવનાઓ | ... ૭૨ |
| વિનંતી માહરી આજ | ... ૪૦૮ |
| વિમલજિન, વિમલતા | ... ૨૭૬ |
| વિમલજિનંદશું | ... ૨૭૮ |
| વિમળનાથ મુજ મન વસે | ... ૩૩૯ |
| વિરહો નહિ રે ખમાય | ... ૨૧૮ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| વિહરમાન ભગવાન | ... ૩૩૪ |
| વીતરાગી! તારી માયા | ... ૨૨૫ |
| વીરજીને ચરણે લાગું | ૨૨/૩૧૧ |
| વીરસેન જગદીશ | ... ૩૪૫ |
| વ્હાલા મારા હૈયામાં | ... ૪૦૯ |
| વ્હાલા લાગો છો | ... ૪૧૩ |
| શા સ્મરીએ ઉપકાર | ... ૨૩૯ |
| શાસન સ્વામી સંત | ... ૩૭૬ |
| શાંતિ જિન, એક મુજ | ... ૨૮૬ |
| શાંતિ કે સાગર અરુ | ... ૬૫ |
| શિવગતિ જિનવરદેવ | ... ૩૪૦ |
| શિવ સુખ કારણ ઉપદિશી | ... ૮૯ |
| શ્રી સુંદર દિવ્ય | ... ૨૩૭ |
| શીતલ જનપતિ પ્રભુતા | ... ૨૬૯ |
| શીતલ જનપતિ લલિત | ... ૨૬૮ |
| શીતલજિન તું મુજ | ... ૩૩૩ |
| શુભ શીતળતામય છાંય | ... ૫૯ |
| શું શરણ અજ્ઞાની જનોનું | ... ૨૪૪ |
| શ્રી અનંત જિન સેવિયે રે | ... ૩૪૦ |
| શ્રી અનંત જિનશું | ... ૨૮૦ |
| શ્રી અરજિન ભવજલનો | ... ૨૯૩ |
| શ્રી ચંદ્રપ્રભ જિનપદ-સેવા | ... ૨૬૩ |
| શ્રી ચંદ્રપ્રભ જિનરાજ રાજે | ... ૩૬૦ |
| શ્રી દેવદિવાળી પર્વનો | ... ૧૯૯ |
| શ્રી નમિજિનની સેવા | ... ૩૦૧ |
| શ્રી પદ્મપ્રભ જિન | ... ૨૬૦ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| શ્રીમદ્ શ્રી ગુરુરાજનો | ... ૪૨૫ |
| શ્રીમદ્ સદ્ગુરુ રે | ... ૨૨૨ |
| શ્રીમદ્ સદ્ગુરુ સેવો | ... ૨૦૩ |
| શ્રી રાજચંદ્ર કૃપાળુ | ... ૫૮ |
| શ્રી રાજચંદ્ર શી ઝળહળ | ... ૨૧૧ |
| શ્રી ઋષભાનન વંદિયે | ... ૩૨૭ |
| શ્રી શીતલજિન ભેટિયે | ... ૨૭૦ |
| શ્રી શ્રેયાંસજિન | ... ૨૭૦ |
| શ્રી સહજાત્મ સ્વરૂપ છો | ... ૧૯૧ |
| શ્રી સહજાત્મ સ્વરૂપજી | ... ૨૦૬ |
| શ્રી સહજાત્મ સ્વરૂપજી | ... ૨૨૪ |
| શ્રી સીમંધર જિનવર | ... ૩૧૭ |
| શ્રી સુપાર્શ્વ જિનરાજ | ... ૨૬૨ |
| શ્રી સુપાર્શ્વ જિનરાજનો રે | ... ૩૨૮ |
| શ્રી સુપાસ જિન | ... ૨૬૨ |
| શ્રી સુબાહિજન અંતરજામી | ... ૩૨૧ |
| શ્રેયાંસ જિન સુણો | ... ૨૭૨ |
| શ્રેયાંસ જિનેશ્વર દાતાજી | ... ૩૩૫ |
| ષટ દરિસણ | ... ૩૦૦ |
| સત્સંગનો રસ ચાખ | ... ૪૦૫ |
| સદ્ગુરુ પદમેં | ... ૨૦ |
| સદ્ગુરુ શ્રોત્રિય | ... ૩૨ |
| સદ્ગુરુના ઉપદેશથી | ... ૮૬ |
| સમકિત દાતા | ... ૨૫૫ |
| સમકિતનું મૂલ | ... ૧૫૦ |
| સમજણ વિના રે સુખ | ... ૪૦૬ |
| સમગ્રે સંસારે | ... ૧૭૩ |
| સમવસરણ બેસી | ... ૨૯૦ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| સર્વસ્વ હમારા અર્પણ | ... ૨૩૩ |
| સહજગુણ આગરો | ... ૩૦૯ |
| સહજાત્મસ્વરૂપ, ટાળો | ... ૧૭૫ |
| સહજાત્મસ્વરૂપ પરમ ગુરુ | ... ૬ |
| સહજાત્મસ્વરૂપ સુણો | ... ૧૯૨ |
| સંકટ સહી સમભાવ | ... ૧૯૦ |
| સંગત સંતન કી કર | ... ૪૦૪ |
| સંભવ જિન જબ | ... ૩૫૭ |
| સંસારમાં મન અરે | ... ૬૪ |
| સાચો સ્વામી સુજાત | ... ૩૨૩ |
| સાધુચરિત ગુરુ | ... ૨૧૫ |
| સામાયિક પાઠ | ... ૨૬ |
| સાહિબ બાહુ જિણેસર | ... ૩૨૦ |
| સાહિબ સાંભળો રે | ... ૩૬૨ |
| સાહેલાં હે કુંથુ જિનેશ્વર | ... ૨૯૧ |
| સાહ્યબી સુખદ હોય | ... ૬૭ |
| સિદ્ધ શ્રી પરમાતમા | ... ૧૩૦ |
| સુખદાયક સાહિબ સાંભળો | ... ૩૪૬ |
| સુગુરુ નિત્ય સાંભરે | ... ૨૧૭ |
| સુગુરુ સુણી ઉપદેશ | ... ૨૯૬ |
| સુણવા યોગ્ય સુસંતની | ... ૨૧૦ |
| સુણો શાન્તિ જિણંદ | ... ૩૭૩ |
| સુમતિચરણકજ | ... ૨૫૭ |
| સુમતિનાથ ગુણશું | ... ૨૫૮ |
| સુમતિનાથ દાતાર | ... ૩૨૪ |
| સુવિધિ જિણેસર | ... ૨૬૫ |
| સેનાનંદન સાહિબ સાચો | ... ૩૨૧ |
| સેમુખ મુખ પ્રભુને | ... ૩૨૮ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| સેવક કિમ | ... ૨૯૫ |
| સેવો ઈશ્વર દેવ | ... ૩૪૧ |
| સેવો ભવિયાં વિમલ | ... ૨૭૭ |
| સૌ પ્રાણી આ સંસારના | ... ૧૫૨ |
| સ્વામી તુમે કાંઈ | ... ૨૭૪ |
| સ્વામી સુજાત સુહાયા | ... ૩૨૨ |
| હતી દીનતાઈ ત્યારે | ... ૭૧ |
| હમ મગન ભયે | ... ૩૬૧ |
| હરિ આમ છેટા | ... ૪૨૩ |
| હાં રે કોઈ માધવ લ્યો | ... ૩૮૪ |
| હાં રે! દિલડું ડોલે | ... ૪૧૬ |
| હાં રે મારે ધર્મ જિણંદશું | ... ૨૮૫ |
| હાં રે મારે સજની | ... ૧૮૩ |

| પદ | પૃષ્ઠ |
|---|---|
| હાં રે હરિ વસે | ... ૩૯૧ |
| હું ડગલે ડગલે | ... ૪૪૨ |
| હું દીન માનવ | ... ૪૦૮ |
| હું તો પ્રભુ વારિ છું | ... ૩૫૦ |
| હે કૃપાળુ પ્રભુ | ... ૧૯૮ |
| હે દીનવત્સલ રાજ! | ... ૨૨૭ |
| હે નાથ, ભૂલી હું | ... ૧૨૮ |
| હે પ્રભુ, હે પ્રભુ | ... ૭ |
| હે ભગવાન! હું બહુ | ... ૧૦ |
| હેત ભર્યું હૈયું | ... ૪૩૨ |
| હેલી, મ્હાંસ્યુ હરિ | ... ૩૯૪ |
| હૈયાના ફૂટયા | ... ૪૧૪ |
| હો પ્રભુ મુજ પ્યારા | ... ૨૯૯ |
| હોત આસવા પરિસવા | ... ૮૧ |